

વિશ્વોદ્ધારક

# શ્રી મહાવીર ભાગ ૧

રમન

સંસ્કૃતિ રક્ષક સસ્તું સાહિત્ય કાર્યાલય, વડોદરા

ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ ટ્રસ્ટ સ્થાપિત
સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય મંડળ
પ્રથમ શ્રેણી-પુષ્પ નવમું

# વિશ્વોદ્ધારક શ્રી મહાવીર

## ભાગ ૧લો

: લેખક :
મફતલાલ સંઘવી

સોલ એજન્ટસ :—
સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય કાર્યાલય
મહાજન ગલી—વડોદરા


આવૃત્તિ ૧લી મૂલ્ય ૩ રૂપિયા માર્ચ ૧૯૪૯
પ્રત ૧૬૨૫

સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન છે.

: પ્રકાશકો :
શશિકાન્ત એન્ડ કું.
ચશ્માવાળા, વડોદરા

મુદ્રક : મુદ્રણસ્થાન :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઇલેકટ્રીક પ્રિં. પ્રેસ
મોદીખાના રોડ–વડોદરા
તા. ૨૦–૩–૪૯

# સમર્પણ




સ્વ. વડીલ બંધુ

શ્રી ચીમનલાલ સંઘવીને

આંખ વિના અંધારૂં રે........

ના, ના, ખરી વાત એમ નથી....

તમારે એમ દુઃખી થવાની જરૂર નથી



તમારી આંખોની કોઇ પણ ફરિયાદો માટે અમે તમારી સેવામાં હાજર છીએ.

આઠ વર્ષ જર્મનીમાં તાલીમ પામેલા અને ૪૦ વર્ષના ચશ્માના કામના અનુભવી,

અમારે ત્યાં આંખના ખાસ ડોક્ટર કાળજીપૂર્વક જોઇતા ચશ્માના નંબર મફત કાઢી આપે છે.

અનુભવી કારીગરો પાસે જાત દેખરેખ નીચે નંબરવાળા કાચ તૈયાર કરાવી કેળવાએલા સ્ટાફ મારફત કામ ખૂબ સુંદર અને સફાઇદાર કરવામાં આવે છે.

—શશિકાન્ત કું. ચશ્માવાલા

રાવપુરા વડોદરા

# બે બોલ

✻

મારું આ પ્રથમ જ પુસ્તક છે. તેને બને તેટલું ઐતિહાસિક બનાવવાના પ્રયાસો કર્યા છે જ્યાં ઐતિહાસિક પ્રમાણો નથી મળ્યાં ત્યાં પરાપૂર્વના સંબંધ સાથે વાસ્તવિકતાનું ભાન રાખીને ચરિત્ર નિરુપણ કર્યું છે.

પુસ્તક લખાયાને ચાર વર્ષ થયાં, તે સમયની મારી વય પણ ત્રેવીસની જ; એટલે ક્યાંય ભાવ કે ભાષાની મંદતા જણાય તો ગુણગ્રાહી વાચકગણ દરગુજર કરશે.

પીવાય તેટલો તેજ–જળ પી, પુનઃ તે માનવજાતને ચરણે વહાવવાની મુજ જીવન ઝંખનામાંની આ પ્રથમ ગ્રંથ આકાર ધારણ કરે છે.

ચરિત્રનું વસ્તુ ( matter ) મેળવવામાં તેમજ આવશ્યક સૂચના કરવા બદલ કાર્યાલયના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ત્રિભુવનદાસ લહેરચંદ શાહનો આ પ્રસંગે આભાર માનું છું. તદુપરાંત જે જે ગ્રન્થોમાંથી મેં ચરિત્રને યોગ્ય વસ્તુ મેળવી છે, તે તે ગ્રન્થના લેખકોનો પણ હું આભારી છું.

મહાવીરરત્ન ઝંખતા જગતના નર નારે ! પારખીને મૂલવજો મૂલ સુવર્ણ કથીરનાં !

લી.

મફતલાલ સંઘવી

જય વિશ્વજનની

# વિજ્ઞપ્તિ

( अ ) બાળ શ્રેણી માટે—માસિક ૩૨ થી ૪૦ પૃષ્ઠો ભરાય તેવી નાની પુસ્તિકાઓ ( Tracts ) ઊભી કરવી છે; તથા આ ઉપયોગી શ્રેણી ( લાંબી તથા ટૂંકી વાર્તાઓ, કથાઓ જ્ઞાનામૃતો, નિબંધો, જીવન ચરિત્રો, ગૃહોપયોગી હુન્નર કળાના લેખો ઇ. ઇ. ) માટે કોઇને કોઇ પ્રકારનું મૌલિક સાહિત્ય, સરળ ભાષામાં લખી આપે તેવા લેખકોએ નીચેના સરનામે પોતપોતાની શરતો સાથે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

( आ ) પોતાની પાસે પડેલી લેખિત સામગ્રી, આમ જનતાને ઉપયોગી નીવડવાની ગણત્રીએ કોઇને છપાવવી હોય તેમણે પોતાની શરતો અમને જણાવવી.

( इ ) જેમણે પોતાના કબજાનાં કે માલેકીનાં, પુસ્તકો, ગ્રંથો ( તૈયાર છાપેલાં કે હસ્તલિખિત ) સારી હાલતમાં કે જરા દુરસ્તી કર્યે વપરાસમાં લઈ શકાય તેવાં કાઢી નાખવાં હોય તો અમે, વિના કિંમતે, ઉઠાવી જવાનું ખર્ચ કરીને લઇ જવા તૈયાર છીએ. કોઇ બીજી શરત કરવી હોય તો ખુશીથી કરી શકાશે.

તા. ૧૫–૩–૪૯

સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય મંડળ
રાવપુરા, મહાજનગલી, વડોદરા

# આ પુસ્તક વિષે કંઈક

શ્રી મહાવીર ભગવાનની જીવનરેખા આલેખતા અનેક ગ્રંથો બહાર પડયા છે, અમારા આ ગ્રંથની વિશિષ્ટતાઓ નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાન પ્રાપ્તિ પછી તેમણે ત્રીસ વર્ષ જીવન ગાળ્યું છે તેનો ખ્યાલ અત્યાર સુધી બિલકુલ નહીં–અથવા નહિવત જેવો જ જણાવાયો છે જ્યારે તે અમે ઠીકઠીક રીતે સંક્ષિપ્તમાં આપ્યો છે.

(૨) તેમના એક શિષ્યાભાસ ગોશાલકે તેજોલેશ્યા મૂકવાથી તેમને દાહજ્વર સાથે લોહીખંડ થયો હતો અને તેના નિવારણ માટે તેમણે રેવતી શ્રાવિકાને ત્યાંથી સિંહમુનિદ્વારા બિજોરાપાક મંગાવીને વાપર્યો હતો. છતાં કેટલાક લેખકોએ દ્વિઅર્થી ભાવાર્થવાળા શબ્દોના ગૂઢ ઊંડાણમાં ન ઊતરી શ્રી મહાવીરને માંસાહારી ઠરાવીને જગતમાં જે કોલાહલ મચાવી મૂકયો છે તેની સત્યાસત્યતા પુરવાર કરવા શ્રી આગમસૂત્રોના અને વનસ્પતિ શાસ્ત્રના મૂળ પાઠ સાથે રજુ કરવા ખાસ ઇચ્છા હતી. તે લેખક મહાશયને જણાવતાં તેમણે ખૂબ પ્રયાસ કરી સફળતા મેળવી છે એમ અમારૂં માનવું થાય છે અને તેની પ્રતીતિ વાચકને પણ થશે એમ ધારીએ છીએ.

(૩) પ્રભુશ્રીના વિહારક્ષેત્રમાં જે અનેક સ્થળો આવે છે તેનાં સ્થળનિર્દેશ અને સ્પષ્ટિકરણ પણ યથાશક્તિ આપ્યાં છે.

(૪) એક સામાન્ય માન્યતા એમ પ્રવર્તી રહી છે કે શ્રી મહાવીર પ્રભુએ ભારતની માત્ર ઉત્તર અને પુર્વમાંજ વિહાર લંબાવ્યો હતો અન્યત્ર નહીં. તે ભ્રમ આ હકીકતથી દૂર થઈ જશે કે, ઠેઠ પશ્ચિમમાં આવેલ સિંધદેશના નૃપતિ ઉદાયનને શ્રી મહાવીરના સ્વહસ્તેજ દીક્ષા લેવાનું મન થએલ તે અર્હન શ્રી મહાવીરે જ્ઞાનબળથી જાણતાં, ચાતુર્માસ પાસે આવતું હોવાથી તાબડતોબ ત્યાં જઈ કાર્ય પતાવી દીધું ને ભર ઉનાળાના બાળી નાંખતાં તાપમાં પણ, મરૂધર (મારવાડ)

જેવો દેશ ચીરીને સપરિવાર પાછા ફર્યા હતા, અને તેમના કેટલાયે શિષ્યો વિહારમાં વેઠવી પડતી મુશ્કેલીથી ત્રાસી પણ ગયા હતા.

(૫) લેખક મહાશયની નિરૂપમા શૈલી, અત્યાર સુધીના અમારાં પ્રકાશનોથી ભિન્ન પડી, આમજનતાને સમજવી કાંઇક કઠિન લાગે તેવી કેટલેક દરજ્જે છે છતાં જેમ બને તેમ તેને સરળ બનાવવા પ્રયત્ન કર્યો છે. સાથે સાથે અનેક ઝીણી ઝીણી બાબતોમાં સુધારો વધારો કર્યો છે.

(૬) શ્રી મહાવીર પ્રભુનું ત્રિરંગી ચિત્ર જે આ પુસ્તકના આરંભમાં આપ્યું છે તેના બ્લોક અમને શ્રી જૈનધર્મ પ્રકાશક સમિતિ—અમદાવાદ, તરફથી ઉપયોગ માટે મળ્યા હતા. તેમના આ સૌજન્ય માટે આભાર માનવા રજા લઈએ છીએ.

(૭) શ્રી મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ—મધ્યમાઅપાપાનગરીના સ્થાન નિર્ણય કરવા અમારૂં અપ્રગટ—પ્રગટ સાહિત્ય નિહાળી લઇ તથા સૂચનાઓ વધાવી લઇ લેખક મહાશયે જે પ્રયાસ કર્યો છે તે માટે તેમને ધન્યવાદ આપીએ છીએ.

ધાર્યા સમયે અમારે પ્રકાશનો આપવાં રહે છે. ઉપરાંત હજુ સંસ્થા શિશુવયમાં છે જેથી સમય તથા સામગ્રીની કોતાણી રહે છે એટલે શ્રી મહાવીર ભગવાનના વિહારક્ષેત્રનું સંશોધન કરી નકશા સાથે ભૌગોલિક સ્થાનો દર્શાવવાની તેમજ શ્રી મહાવીર જીવનચરિત્ર ગ્રંથ અન્ય વિદ્વાનો સુદ્ધાંને ઉપયોગી થાય તેવી પદ્ધતિએ પ્રગટ કરવાની ઇચ્છા અટકાવી રાખવી પડે છે. પરંતુ યથોચિત સંયોગો પ્રાપ્ત થતાં આમજનતાની સેવામાં જરૂર તે રજુ કરીશું. દરમ્યાન સર્વે વિદ્વાનો અને આ બાબતમાં રસ ધરાવતા પ્રજાજનો તે માટે સલાહ-સૂચનો અમને પાઠવતા રહેશે એવી નમ્ર વિનંતિ છે.

સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય કાર્યાલય<br>રાવપુરા—વડોદરા.

સેવક<br>ત્રિભુવનદાસ લહેરચંદ શાહ<br>મેનેજીંગ ટ્રસ્ટી

# વાંચકો પ્રત્યે

આ સંસ્થા તરફથી શરૂ થયેલી ગ્રંથાવલીનું બીજા વર્ષનું આ ત્રીજું પુસ્તક છે અને સળંગ પ્રકાશન તરીકે નવમું પુસ્તક છે.

કાગળના વધતા જતા ભાવો—છાપખાનાની અનિયમિતતા—કામદારોની હડતાલો—એ બધી મુસીબતો વચ્ચે દર બબ્બે મહીને પુસ્તક બહાર પાડવાનું મુશ્કેલ બની જાય છે, છતાં પણ જેમ બને તેમ કામને પહોંચી વળવાની તજવીજ ચાલુ છે.

દરમ્યાન ગ્રાહકો તરફથી આ પુસ્તકોને સારો આવકાર મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં વસતા ગુજરાતીઓ પણ ગ્રંથાવલીનાં પુસ્તકો તરફ ઠીક ઠીક આકર્ષાતા જાય છે, તેમજ પરદેશમાં પણ આ ગ્રંથાવલીનાં પુસ્તકો જતાં થયાં છે.

આપણે આ પુસ્તકો વડોદરામાં છપાય છે. તેનું બાઈન્ડીંગ અમદાવાદમાં થાય છે. વડોદરામાં જોઈએ તેવું સારૂં બાઈન્ડીંગ થઈ શકતું જ નથી એવો અનુભવ થયો છે. આવે વખતે છપાએલા ફરમાઓ અમદાવાદ મોકલવા પડે છે. તેમાં બુકીંગની હાડમારીથી ત્રાસી જવાય છે. ગુડઝનું બુકીંગ તો બંધ છેજ પણ પાર્સલનું પણ કેટલીક વખત બંધ હોય છે. આવી અનેક પ્રકારની હાડમારીઓ છે. જેકેટો પણ અમદાવાદમાં છપાય છે. તે ધારેલે સમયે તૈયાર ન થઈ શકવાથી પણ કેટલીક મુસીબતો રહ્યા કરે છેજ. આ બધી મુસીબતોમાં પણ અમે ઝંપલાવ્યું છે અને એને પહોંચી વળવાનો અમારો નિર્ધાર છેજ. પરંતુ એ બધું ગ્રાહકોની ધીરજ અને પ્રોત્સાહન ઉપર અવલંબે છે.

દરેકે દરેક ગ્રાહક પોતાથી વધુ નહિં તો એક એક ગ્રાહક આ ગ્રંથાવલી માટે મેળવી આપે એમ ઇચ્છીએ છીએ.

આ ગ્રંથમાલાના ગ્રાહકોને જે જે પુસ્તકો અપાય છે તે પડતર કિંમતેજ અપાય છે. તેમાં બીલકુલ નફો લેવાતોજ નથી. કારણ સંસ્થાનો ઉદ્દેશ જ્ઞાન પ્રચારનો અને સંસ્કૃતિનો રક્ષક હોઇને એક ધાર્મિક સંસ્થાની રીતેજ આ સંસ્થા ચાલી રહી છે.

આજે વેરવીખેર થયેલા વિચારોની ઐકયતા—સમાજની તૂટી પડેલી ઇમારતો—ધર્મ અને સંસ્કારનો થતો લોપ—અને જાણે કે માનવતા પરવારી ગઈ હોય એવે સમયે—એવા આ કાળમાં—આ સંસ્થા લોકોમાં—પ્રજામાં કંઇક ઉત્સાહ અને મનુષ્યમાં ઊંડે ઊંડે રહેલી—સુપ્ત અવસ્થામાં પડેલી માનવતાને જગાડવા માટે અને આપણી સંસ્કૃતિને આજની દૃષ્ટિએ ઘટાવીને જૂના અને નવા વિચારોને મેળ ખવડાવવો એ માટે જ આ મંડળે કમર કસી છે અને સદ્ભાગ્યે શરૂઆતથી જ એને સારા ટ્રસ્ટીઓની ઓથ મળી ગઈ છે.

દેખીતી રીતે આ પુસ્તકો જૈન ધર્મને લગતાં લાગે તેવાં છે. પરંતુ જૈનધર્મને અમે તો વિશાળ સ્વરૂપમાં લઇ જવા માંગીએ છીએ. જૈનધર્મનું મુખ્ય ધ્યેય એ સર્વ ધર્મનો નિચોડ છે અને જૈનધર્મની સાંકડી દૃષ્ટિથી આ પુસ્તકો લખાએલાં નથી જ. પરંતુ સાચી વસ્તુ-સ્થિતિ શું છે અને કયાં કયાં આપણા આદર્શ રત્નો છૂપાઇ—દબાઈ બેઠેલાં છે તેની સુવાસ—તેનો પ્રકાશ ફેલાવીને તેમાંથી કંઇક તત્ત્વ આપણે ગ્રહણ કરતા થઈ જઇએ તે માટે આ પુસ્તકો ઉત્તમ પ્રકારનાં દૃષ્ટાંતો પૂરાં પાડે છે.

દરેક દરેક ઘરમાં આ શ્રેણીનો એક એક સેટ હોવો જોઇએ એમ અમે માનીએ છીએ. ઘરની શોભામાત્ર રાચરચીલાંથી નથી હોતી પણ જ્ઞાન—સાધનોથી દીપે છે. એ આજના યુગના માનવીઓ જલ્દી સમજી લ્યે અને તેને અમલમાં મૂકે એવી આશા રાખીએ છીએ.

પ્રથમ વર્ષના ૧લા પુસ્તક બુદ્ધિધન અભયકુમારની બીજી આવૃતિ છપાવવી પડી છે એ આ મંડળની લોકપ્રિયતા બતાવે છે અને દરેક

પુસ્તકોની નવી નવી આવૃત્તિઓ આવી રીતે બહાર પાડવી પડે એવી સ્થિતિ ઊભી થાય એ ગુજરાતી સમાજ માટે ગૌરવભર્યું ગણાય.

ગુજરાતી પ્રજાને આજે પૈસાની ભૂખ છે તે કરતાં જ્ઞાનની ભૂખ છે—જરૂર છે. પરંતુ આજે ચારે બાજુ વેરવિખેર સાહિત્યનો ઢગલો પડયો છે અને જુદા જુદા વિચારોમાં સમાજ ઘેરાઇ ગએલો છે. એવે વખતે એણે પોતાની દૃષ્ટિ સ્થિર કરવાની જરૂર છે. વળી બધા વિચાર પ્રવાહોનો, બધા ધર્મોનો વાદ કર્યા કરવો તે કરતાં પોતાના અંતરના આત્માને ઓળખતાં થઇશું તોજ તે ધર્મનો સાચો અર્થ મળી રહેશે અને તોજ સાચું જ્ઞાન મળી રહેશે.

આ પુસ્તકો એ માર્ગે વાળવા માટે પગથીઆં રૂપે છે અને આજની ઉન્નત પ્રજાએ પોતાની સામેનાં આ પગથીઆં ચડીને દીવાદાંડીએ પહોંચવાનું છે અને જૂના તથા નવા વિચારોની ઐકયતા જમાવીને સાચી સંસ્કૃતિ કે જે માનવતાને ઊંચે લઇ જનારી છે—તેને અનુસરવાનું છે અને એમ કરીને સમાજને સ્થિર બનાવી તેના પાયામાં જ્ઞાનામૃત સીંચી ગૌરવવંતો અને પ્રભાવશાળી બનાવવાનો છે.

ગુજરાતી પ્રજા આજે જીવનનાં દરેક ક્ષેત્રમાં મોખરે રહી છે એની સુવાસ દેશના અન્ય ભાગો ઉપર પ્રસરી રહી છે. એનું મુખ્ય કારણ એની આત્મસંશોધનની બુદ્ધિ છે અને એ બુદ્ધિને પ્રભાવેજ તે આજ હજારો વર્ષોથી **નિરામિષાહારી** રહીને પોતાનું સ્થાન ઊંચું રાખી રહી છે.

એતો સાવ સાચી વાત છે કે "અન્ન તેવા ઓડકાર" માંસાહારી પ્રજા ગમે તેટલી શક્તિશાળી ભલે દેખાતી હોય, પણ એ શક્તિ સ્થૂળજ રહેવાની અને સ્થૂળશકિત એટલે પશુબળ. ત્યારે આપણી પ્રજા જે ઊંચું સ્થાન ભોગવતી રહી છે તે આ બધા વિશેષ ગુણને આભારી છે પણ સાથે સાથે આપણે આપણા સમાજમાં ઐકયતા અને પરસ્પર મૈત્રીના ગુણોને ભુલતા જઇશું-જેમ આજે ભૂલી રહ્યા છીએ—તો માંસાહારી પ્રજા કરતાં પણ આપણે નીચે ઊતરી જઇશું અને આપણું સ્થાન ભૂંસાતું જશે.

આજે ઘણી વખત અનુભવ થાય છે કે માંસાહાર કરનારી પ્રજા માંસાહાર ન કરનારી પ્રજા કરતાં વધુ દયાવાન અનુભવાય છે. કારણ કે માંસાહારી પ્રજા તો મનુષ્ય શિવાયના જીવોની હિંસા કરીને જીવે છે જ્યારે આપણે માંસાહાર ન કરતાં હોવા છતાં પણ, બીજા માણસની વૃત્તિઓને–શક્તિઓને એવી કુંઠિત કરી મૂકીએ છીએ અને એને અપંગ બનાવી મૂકીએ છીએઃ આ અપવાદો આપણે ભૂસી નાંખવાજ રહ્યા.

આપણે આપણો પ્રભાવ ત્યારેજ પાડી શકીશું કે જ્યારે આપણે જગડૂશાહ અને ભામાશાહ જેવા ઉદાર હૃદયના બનીશું અને જગત માત્ર જીવ પ્રત્યે ઉદારતા રાખી–બીજાના સુખે સુખી અને બીજાના દુખે દુઃખી થતા શીખીશુ, ત્યારેજ આપણા સાચા સંસ્કાર દીપી ઊઠશે અને ત્યારેજ આપણે સાચી શાંતિ અનુભવી શકીશું.

આ પુસ્તકો મનુષ્યને પોતાના સંસ્કારોને ઉત્તમ રીતે કેળવવાની અને એની ભાવનાઓને જાગૃત કરીને એને સાચું મનુષ્યપણું પ્રાપ્ત થાય એ હેતુથીજ પ્રગટ કરવામાં આવે છે. અને અમે માનીએ છીએ કે આટલા બધા બોધપાઠનાં પ્રકરણોમાંથી જો એક શબ્દ કે વાકયને પણ મનુષ્ય અનુસરતો થઇ જશે તો અમારો પ્રયાસ સફળ થયો જણાશે.

...પણ જ્ઞાન એ ખરૂં જ્ઞાન નથી જ્યાં સુધી એ આચરણમાં ન મૂકાતું હોય, એટલેજ જ્ઞાનિઓએ કહ્યું છે કે "જાણો અને આચરો" ૧ લા ભાગનું કામ અમે માથે લીધું છે, ૨ જા ભાગનું કામ વાચકોએ પૂરૂં કરવાનું છે.

યાદ રાખો કે પૈસા કરતા સંસ્કારની કિંમત સેંકડો ગણી વધારે છે. જ્ઞાન વગરનું ધન કુંભારના હીરા જેવું છે. અરે એ ધનજ મનુષ્યને નીચી ગતીએ લઇ જાય છે.

કાન્તિલાલ શાહ (ઘોડનદીકર)
કાર્યાલય–મંત્રી

# અનુક્રમણિકા

## ભાગ ૧ લો

### ખંડ ૧ લો


| પ્રકરણ | | પાનું |
|---|---|---|
| ૧ લું | નયસારનું સંસાર ભ્રમણ ... ... | ૧ |
| | મુનિરાજનો ઉપદેશ ... ... ... | ૫ |
| ૨ જું | વિશ્વભૂતિ ... ... ... ... | ૧૫ |
| | ત્રિપૃષ્ટ વાસુદેવ ... ... ... | ૨૬ |
| ૩ જું | પ્રિય મિત્ર ... ... ... ... | ૩૭ |
| | નંદન રાજા... ... ... ... | ૪૦ |


### ખંડ ૨ જો


| પ્રકરણ | | |
|---|---|---|
| ૧ લું | રાજકુમાર મહાવીર ... ... ... | ૪૭ |
| ૨ જું | રાજકુમાર મહાવીર ... ... ... | ૬૩ |
| ૩ જું | માતા પિતાનું સ્વર્ગ ગમન ... ... | ૮૦ |
| ૪ થું | મહામુનિ શ્રી મહાવીર ... ... | ૯૫ |
| | અતિશયોનું સ્વરૂપ ... ... ... | ૧૦૬ |
| ૫ મું | વિહારનાં ચોમાસાં ... ... ... | ૧૧૫ |
| ૬ ઠું | ... ... ... ... ... | ૧૩૮ |
| ૭ મું | ... ... ... ... ... | ૧૬૨ |
| | પારણું અને વિહાર ... ... ... | ૧૬૬ |
| | કેવળજ્ઞાન ... ... ... ... | ૧૮૮ |

## તમારે ભારતનો સાચો ઇતિહાસ જાણવો છે ?

## તો વાંચો

ડો. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ કૃત "પ્રાચીન ભારત વર્ષ (પાંચ ભાગમાં) તેમજ આ ગ્રંથોનું અંગ્રેજી ભાષાંતર પણ થયું છે તે Ancient History of India (in 4 vols.)

ક્રાઉન આઠ પેજી કદનાં લગભગ ૨૦૦૦ પાનાંનું વાંચન, ઉપરાંત આર્ટપેપર ઉપર છાપેલાં સોએક ચીત્રો તેમજ પ્રાચીન ૧૦૫ સિક્કાઓની પ્લેટો અને ૪૦ નકશાઓ પણ છે.

| કિંમત ગુજરાતી ભા. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | |
|---|---|---|---|---|---|---|
| રૂ. | ૫) | ૭ાા | ૬ાા | ૬) | ૫) | =૩૦/ |

| અંગ્રેજી Vol. | I | II | III | IV | |
|---|---|---|---|---|---|
| Rs. | 7 | 10 | 9 | 9 | =35/ |

એકી સાથે આખો સેટ લેનારને ગુજરાતી સેટના રૂ. ૨૭) અંગ્રેજી સેટના રૂ. ૩૩)


પ્રાપ્તિસ્થાન—

સંસ્કૃતિ રક્ષક સાહિત્ય મંડળ

(ટી. એલ. ટ્રસ્ટ વિભાગ)

રાવપુરા; વડોદરા

# भगवान् महावीरस्वामी



कल्याणपादपारामं, श्रुतगङ्गाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं, वन्दे श्रीज्ञातनन्दनम् ॥

श्री जैनधर्म सत्यप्रकाशक समितिना सौजन्यथी.

# વિશ્વોધ્ધારક શ્રી મહાવીર

ભાગ ૧ લો

*

## ગ્રાહક મહાશયોને જણાવવાનું કે

આ બીજા વર્ષનાં પ્રથમનાં ચાર પુસ્તકો, આઠને બદલે પાંચ માસમાં (ફાગણ વદ ૦)) ) સુધીમાં એટલે કે ત્રણ માસ વહેલાં બહાર પાડયાં છે, કારણ કે કાર્યાલયના મુખ્ય સંચાલકોને મંડળના કાર્ય માટે તેટલો વખત બહાર ગામ જવું છે.

વિશ્વોદ્ધારક શ્રી મહાવીર બીજો ભાગ બહાર પડી જતાં બાકી બે પુસ્તકો રહેશે તેમાંનું એક પર્યુષણ સમયે અને છેલ્લું દિવાળીના અરસામાં આવશે. માટે કોઈ સભ્યોએ ઉતાવળ નહીં કરવા વિનંતિ છે.

*

# વિશ્વોદ્ધારક શ્રી મહાવીર

★

## ખંડ પહેલો

★

## પ્રકરણ પહેલું

### ભવ પહેલો : નયસાર

**સારઃ—નયસારનું સંસાર ભ્રમણ; કાષ્ટ માટે જંગલમાં જવું; ભોજનની તૈયારી; સાધુ મહારાજોનું આગમન; ખીલતું સમ્યકત્વ; મુનિરાજનો ઉપદેશ; સુપાત્રદાનની મહત્તા, દાનના પ્રકાર, વિશુદ્ધ ભાવનાનું ફળ, વિગેરે વિશ્વોદ્ધારકના નયસાર તરીકેના આ પ્રથમ ભવમાં આપ વાંચશો. અનપેક્ષ દાનનું અમોઘ ફળ ભલભલા વિચારકને સુવિચારની તક આપે તેવું જ છે.**

**નયસારનું સંસારભ્રમણ**:—જન્મ પરંપરાનું ફરતું તેજસ્વી ચક્ર—સ્વર્ગપતિ ઇન્દ્ર અને રંક ભિક્ષુક, ઉભયને એની અલક્ષ્ય ગતિને ગતિમાન બનાવતાં રજકણો રૂપજ લેખવે છે. રંક અને રાય ઉભય મૃત્યુની આંખમાં સમાન છે. મૃત્યુની પાંખ વિશ્વથીએ મોટી અને પવન વિહીન પ્રદેશો પર ગમન કરનારી છે. એનો પ્રભાવ ઘણાયને આકરો અને થોડાક દ્વન્દ્વ વિમુક્ત આત્માઓને શિતળ લાગે છે.

વિશ્વોદ્ધારકનો ઝબુકતો આત્મ તારો નિયોજીત એવા મૂળ પંથને પામ્યો ન હતો. ભમતાં અનેક જડ આવરણો એવી ગતિને રોધીને બેઠાં હતાં. છતાંય મૃત્યુ—કે જે એક જન્મની સંધ્યા અને બીજાનું પ્રભાત છે—તે પળે ઉમળકાભેર વિદાય લે તો આત્મા એના ઊઘડતા બીજા પ્રભાતે જરૂર એના ગત જન્મકૃત ઉમળકાને યોગ્ય અમી-કર્ણિકાઓ પામી શકે.

વિશ્વોદ્ધારકની પ્રગટ થનારી સંપુર્ણ જ્યોતિનું પ્રથમ જીવન પ્રભાત તેજ નયસારનો પ્રથમ ભવ; ઉલ્લાસભેર આથમતા આત્મનાટકની સુમંગલ કલા મંડાણ તિથિ. વિશ્વ-નયનમાં જ્ઞાનામૃત આંજનાર અખંડ જ્ઞાન-પ્રદીપનું હીર-રંગી શાશ્વત રશ્મિ નયસારમાં જ ઝળકેલું, અજબ છે મઝા! એક જન્મની આસપાસના જન્મોની કથા વર્ણવવામાં અને સાંભળવામાં.

નયસાર પૃથ્વી પ્રતિષ્ઠાન—નગરનો મુખ્ય અધિકારી, શત્રુમર્દન તેનો સમ્રાટ; મહાવપ્રવિજયમાં આવેલી જયન્તી નગરીનો તે ભૂપાળ. અખંડ ધારે વર્ષતી તેની આજ્ઞાને તેના સર્વ અધિકારીઓ શિરોમાન્ય ગણતા.

તેનું રાજ્ય મોટું અને સમૃદ્ધ હતું. સર્વ પ્રકારનો સુખ વૈભવ તે ઇચ્છા માત્રથી મેળવી શકતો. છતાં તેને એક દિવસ વિચાર થયો. મારા રાજ્યમાં જોઇએ તેટલા પ્રમાણમાં જોઇતા સારા રથ નથી અને તરત જ સારા કાષ્ઠના સુંદર રથ બનાવવાનો તેણે મક્કમ વિચાર કર્યો.

તે વિચાર તેણે કાસદ મારફત પ્રતિષ્ઠાનપુર નગરમાં અધિકાર ચલાવતા નયસારને જણાવ્યો; નયસાર તૈયાર થયો. ઉત્તમ પ્રકારનાં ઓજારો અને કાર્યકરોને લઈ તે તે નગરથી થોડેક દૂર આવેલ મહા અટવીમાં ગયો.

અટવી અતિગહન અને અલંઘ્ય હતી. ગગનગામી તેનાં વૃક્ષો. વાદળ

ગતિને રોધતાં ઊભાં હતાં. હિંસ્ર પ્રાણીઓની કર્ણવેધી ત્રાડો શૂરવીરનાં હૈયાં હલાવી નાખે તેવી હતી. પ્રકાશનું એકાદું કિરણ પણ ત્યાં ભાગ્યેજ જોવા મળતું. પંથવિહોણા વિકટ કાનનમાં નયસારે તેના કુશળ કાર્યકરો સાથે પડાવ નાખ્યો. વૃક્ષો ધડાધડ પડવા લાગ્યાં. પશુ પક્ષીઓ પ્રાણભયે ચોપાસ ભાગવાં લાગ્યાં. ગહન સંસાર અટવીમાં માર્ગ કરનાર આજે વિકટ કાનનમાં પંથ પાડવા લાગ્યો. ભાવિ ભાવનું શુભ મંડાણ અનંત કાળ પહેલાંજ શરૂ થઇ જાય છે. વૃક્ષો કાપતાં મધ્યાન્હ લગભગ થઇ ગયો હતો: ઉપરથી વર્ષતો સૂર્યનો પ્રચંડ તાપ કાર્યકરોના કપાળ પર પ્રસ્વેદ રૂપે જામ્યો હતો. કામમાં કુશળતા બતાવતા કાર્યકરો હવે થાકયા હતા. તેમના શ્વાસની ધમણ જોરથી ચાલતી હતી.

ત્યાંજ નયસારે આજ્ઞા કરી. હમણાં કામ બંધ કરો. ભોજનની તૈયારી કરો. એ ચાર કાર્યકરો ભોજન તૈયાર કરવા મંડયા. થોડીજ વારમાં ભોજન તૈયાર થયું. સર્વે નયસારની આજ્ઞાની રાહ જોતા બેઠા.

મધ્યાન્હના અતિ તાપથી વિહ્વળ બનેલા અને સતત કાર્યના શ્રમથી ક્ષુધિત બનેલા કાર્યકરો ભોજન માટે અતિ આકળા થઈ રહ્યા, હતાં છતા યે તેમનો અધિપતિ શાંત અને સ્વસ્થ હતો. તેના ભાલપર કોઇ મહાન ભાવ નભ–ચન્દ્રિકાની જેમ તરી રહ્યો હતો;

તે ભાવ એ હતો કે–" હું જમું તે પહેલાં કોઇ મહા પવિત્ર આત્માને આ તૈયાર થએલા ભોજનનું વિરાગ ભાવે દાન કરૂં. ' ભીષણ અટવીના ભયંકર વાતાવરણમાં આ કેવો ઉજ્જવળ ભાવ છે. એ ભાવનાં ઊર્મિ તેજ પળે તે કાનન ચોપાસ તરવા લાગ્યાં. ઊર્મિમાં નયસારના આત્માનો પ્રતિઘોષ ગાજવા લાગ્યો એ પ્રતિઘોષની સળંગ શબ્દાવલિનો પ્રતાપ કેટલો સમજવો ?

યોગ્ય આત્મસાધકની તપાસમાં દૃષ્ટિ દોડાવતા નયસારની નજરે

તેજ પળે કેટલાક ભવ્ય સાધુઓ પડયા. નયસારનું હૃદય તેમને જોતાંજ નાચવા લાગ્યું. તેમના ચરણ ચુંમવાની તેની આકાંક્ષા ગતિમાન બની. તે દોડતો તેમની સામે ગયો. નત મસ્તકે તેમનાં આશિર્કુસુમો ઝીલ્યાં; તે બોલ્યો. "ઓ પ્રતિભાસંપન્ન દેવતાઓ, આપ અહીં કયાંથી ? અલંઘ્ય આ અટવીમાં ચરણ સ્થાપવાની કેમ જરૂર પડી ?"

"હે ભવ્ય ? સાંભળ, અમારી વાત, અમે સાધક છીએ. આત્મ સાધના એ અમારો પરમ આર્ષધર્મ છે. અનેક ગ્રામ—નગરોમાં વિચરતા અમે, એક વણઝારની સાથે અહીંથી દૂરના પ્રદેશમાં થોભ્યા હતા. કારણ કે વણઝારા સર્વ માર્ગના ભોમિયા હોય છે. ભોજનવેળા થતાં અમે પાસેના ગામમાં ભિક્ષાર્થે ગયેલા. ત્યાં અમોને વિસારી વણઝારો એની વણઝાર સાથે આગળ નીકળી ગયો. અમોને ગામમાં ભિક્ષા ન મળી. અમે તુરતજ મુકામપર આવ્યા. આવીને તપાસ કરતા જણાયું કે વણઝાર ઊપડી ગઇ છે. અમે તે વણઝારની પાછળ વિહાર આદર્યો. છતાંયે સાચો પન્થ ન પામી શકયા. સૂર્યના પ્રચંડ તાપમાં ઝીલતા, કર્મ રજને દૂર કરતાં અમે ચાલ્યાજ કર્યું. અને અત્યારે તારી સમીપ આવી ઊભા છીએ. બોલ ! તારે શું કહેવું છે ?"

"ગુરૂદેવ ! ભોજન તૈયાર છે. તે લઇ મારાપર અમીદૃષ્ટિ પાડો અને મને પાવન કરો. આ અટવીમાં આપનાં દર્શન મને વિધિના કોઇ અકલ્પ્ય સંકેતનું દર્શન કરાવી જાય છે. મારો આત્મા આપના દર્શને અનેરા આનંદમાં ગરક થઈ રહ્યો છે."

સાધુ મહારાજને પ્રસન્ન વદને અન્ન વહોરાવી નયસાર તેના સેવકો સાથે જમવા બેઠો. સાધુઓ દૂર જઇ પોતાનું સ્થાન પ્રમાર્જી આહાર લેવા બેઠા. અન્ન આરોગતા નયસારના અંતરમાં એકજ વિચાર રમતો હતો "ભાવેલી ભાવના તરત સફળ થઇ મારૂં દારિદ્ર ફીટી ગયું. મારૂં અંધારૂં શમી જશે. મારૂં કલ્યાણ થશે."

જમી પરવારી નયસાર નગર તરફ જવા તૈયાર થયો. કાર્યકરોએ કાષ્ઠનાં મોટાં ગાડાં ભરી લીધાં. તેમને સીધા જયન્તી નગરીમાં જવાનો તેણે હુકમ કર્યો. તે વારે આહાર વાપરી ઊભા થયેલા મુનિ મહારાજોને નમ્રભાવે વિનવતો નયસાર બોલ્યો, " નાથ ! મળ્યા છો તો કંઇક આપતા જાઓ, રંકનું દારિદ્ર હણતા જાઓ. આંગણે આવ્યા છો તો પાવન કરતા જાઓ. "

**મુનિરાજનો ઉપદેશ :**–" સાંભળ, હે ભવ્ય ? સાચા ધર્મનું સ્વરૂપ તું ધ્યાનમાં રાખજે, આ સંસાર અસાર છે; અસુંદર છે. તેની પાર સુંદરતાનો ભાનુ પ્રકાશે છે. એ ભાનુનાં મુકત, રમ્ય કિરણો સંસારની સળગતી સગડીમાં જળતા આત્માઓને સત્પંથ બતાવી સુંદરતાનાં શાશ્વત પંથે દોરી જાયછે,એ કીરણો અમારા અંતરમાં અમે હોંસપૂર્વકસંગ્રહીએ છીએ. જેનું હૃદયતલ વિશુદ્ધ હોય છે, તેને તે કીરણો આવી મળે છે. એ મેળવવાની ઝંખના આજે તારામાં જાગી છે. તો તું પણ મેળવતો જા. નિર્મુક્ત આત્માની અમોઘ શક્તીનો પ્રકાશ ચોપાસ વેરનાર અરિહંતને ઓળખતો જા. એમના પ્રરૂપેલા પંચ નમસ્કાર મંત્રને હૃદયમાં સાથે લેતો જા. એ નમસ્કાર મહામંત્રનું વિરાગ ભાવે તું નિશદિન રટણ કરજે. નિશદિન ન કરી શકે તો દીવસમાં એક ઘડી પણ નિરાંત ચીત્તે તેને તારા હૈયામાં ખીલવજે, અમે સાધુ છીએ. અમારા નાથ તે અરિહંત છે. અમે તને સમજાવ્યો તેજ સાચો ધર્મ છે. એ ધર્મ વડે તું તને ઓળખી શકીશ. અને પોતાની જાતને ઓળખનાર આ સંસારથી પર રમતા પ્રકાશ–પિતાના પરમ તેજને પામી શકે છે. "

" પૂજ્ય દેવ ? આપ ઉપદેશોના ધર્મના અર્કરૂપ પંચ નમસ્કાર મંત્રનું હું સ્વપ્નેય વિસ્મરણ નહી કરૂં. સાચા દેવ–ગુરૂ અને ધર્મની હું નિત્ય બનતી સેવા કરીશ. " ઊઘડું–ઊઘડું થતું સમ્યકત્વ-રશ્મિ

ઊઘડી ગયું. નયસાર એક મહાન ધર્મ–પિતા થવાના પોતાના અગમ ભાવિની લિપિ વાંચી ગયો. પવિત્ર સાધુઓને સાચો નગર માર્ગ બતાવી તે તેના પંથે પડ્યો.

**સુપાત્ર દાનની મહત્તા :** સુપાત્ર દાનની મહત્તા અજબ છે. આપનાર અને લેનાર ઉભયની પાત્રાપાત્રતા ઉપરજ દાનના ફળની મહત્તા અવલંબેલી છે. જો આપનાર અને લેનાર ઉભય-ઐહીક ફળની અભિલાષા ત્યાગી, કોઇ મહા ફળની આશાએ દાનની આપ લે કરનાર હોય તો એક સામાન્ય પ્રકારનું દાન પણ ઉભયની મહેચ્છાને તુરતજ ખીલવે છે.

નયસારે એવાજ પ્રકારનું દાન કર્યું હતું. ભર જંગલમાં જ્યોતિર્વંત આત્માને અન્ન વહોરાવવાની અજબ ભાવના ભાવી હતી. એ ભાવના વડે એ એના અંતરને સતેજ કરવા માગતો હતો. ભાવનાને બહાને ઐહિક ઉપભોગમાં ફસાવાની તેની લેશ પણ ઇચ્છા ન હતી. અને નિષ્કામ તેની ભાવના તુરતજ ફળીભૂત થઇ. યોગ્ય આત્માઓ તેને ઉજાળવા આવી પહોંચ્યા. અન્ન વહોરાવી તે કૃતાર્થ બન્યો. બદલામાં તેણે મહાધર્મનો પરમ માર્ગ જાણી લીધો.

**દાનના પ્રકાર :**–દાન અનેક પ્રકારના હોય છે. સુપાત્ર દાન, અભયદાન, અનુકંપા દાન; ઉચિતદાન, કીર્તિદાન વિ. વિ. તેમાં સૌથી વિશેષ મહત્વ અનુકંપાદાન અને સુપાત્ર દાનનું છે. જ્યારે ઉચિતદાન અને કીર્તિદાન એ માનવીને ઐહિક ઉપભોગ પૂરતાંજ લાભપ્રદ નીવડે છે. પરંતુ બાકી અભયદાન અને સુપાત્રદાન આત્માને વિશેષ પ્રકાશવાનો માર્ગ મોકળો કરી આપે છે. તેમાંય અભયદાન અર્થાત અસહાય–મૂંગા પ્રાણીઓને અભય આપવું એતો સકળ ધર્મોનો પ્રથમ મૌલિક સિદ્ધાન્ત છે. જૈનધર્મની અહિંસાધર્મની દિગંતવ્યાપી કીર્તિપ્રભા અભયદાનના પ્રતાપે જ છે. સુપાત્રે દાન આપવાથી ઉભયની સુપાત્ર-

તાનો અલૌકિક સુમેળ થાય છે અને તેને પરિણામે આપનાર, લેનાર પાસેથી અમુલ્ય ભાવ–દ્રવ્ય મેળવી લે છે. પાત્રાપાત્રનો લેશ પણ વિચાર કર્યા સિવાય કેવળ બાહ્ય દર્શન વડે આર્દ્ર બની દાન આપનાર, માનવી–ધર્મનો મહા અપરાધી ઠરે છે કારણકે તેવા દાન વડે તે દંભીઓને પોષવાનું અયુકત કાર્યજ કરે છે. દંભીઓ જ્યારે પોષાય છે, ત્યારે ધર્મનું મૌલિક સાતત્ય ઢંકાવા માંડે છે. અને પરિણામે ધર્મને અતિશય ભાર સહન કરવો પડે છે. દાન આપતાં પહેલાં લેનારની યોગ્યાયોગ્યતાનો વિચાર કરવો તેજ શ્રેષ્ઠ અને શ્રેયસ્કર માર્ગ છે.

સમ્યકત્વની સુરભિ વાસિત નયસારનું હૃદય ધીમે ધીમે પંચ નમસ્કાર રટણ વડે વિશુદ્ધ બનવા લાગ્યું. ધર્મ પ્રતિના તેવા સંસ્કારો દૃઢ બનવા લાગ્યા. અરિહંતની શુકલ વિચાર સરણી તેના અંતરમાં અંશરૂપે હસવા માંડી. દિગંતપર દૃષ્ટિ ફેંકતી તેની નયન કીકીઓ મનો-સામ્રાજ્યને તેજોમય બનાવી ગહન આત્મપ્રદેશ પર સ્થંભવા લાગી. પરમ જ્ઞાન–પુંજનો એક શ્વેત કણ તેનામાં ઝગમગવા લાગ્યો.

પકવ વયે સુદેવ--સુગુરૂ અને સધ્ધધર્મનું એક મનથી સ્મરણ કરતો નયસાર* એની ગતિને ઉર્ધ્વ બનાવવા લાગ્યો અંતે અરિહંતનું સ્મરણ સાથમાં લઇ તે **બીજે ભવે** સૌધર્મ દેવલોકમાં એક પલ્યો-પમના× આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થયો.

---

* નયસારને ઘણા ગ્રન્થોમાં બલાવિક તરીકે પણ વર્ણવવામાં આવ્યો છે.

× એક પલ્યોપમ એટલે એક યોજન પ્રમાણ લાંબા--પહોળા અને ઊંચા પલ્યમાં ( ઘડામાં ) ઠાંસી ઠાસીને વાળ ભરવામાં આવે, ને સો સો વર્ષે તેમાંથી એક વાળ કાઢતાં પલ્ય જ્યારે ખાલી થાય ત્યારે એક પલ્યોપમ કાળ થયો કહેવાય.

## ભવ ત્રીજો : મરીચિ

**સારઃ–સ્વર્ગમાંથી ચ્યવી તૃતીયભવમાં પ્રવેશવું. પ્રથમ પ્રભુના ઉપદેશે પલળવું. સંયમ માર્ગ સ્વીકારવો. તે માર્ગની અલંઘ્યતા. નવો માર્ગ સ્થાપવો ચક્રવર્તી પિતાનું નમન. કુલમદ–મદના પ્રકાર–અને પરિણામ. કપિલને ખોટો ઉપદેશ અને તેનું પારણામ. આ ભવમાં એકંદર રીતે સાધુ અને તાપસનો સાચો ભેદ વાંચવા મળશે.**

**ચ્યવનઃ**–આયુષ્ય ગમે તેટલું દીર્ઘ હોય, છતાં ભોગવનારને તે અલ્પ જ જણાય છે. જેમ વૈભવ વધારે, તેમ આયુષ્યની આકાંક્ષા વધારે. સ્વર્ગીય ઉપભોગમાં રાચતા દેવોને કોટાકોટિ સાગરોપમને પલ્યોપમનાં આયુષ્ય કયારે ક્ષીણ થાય છે, તેની ખબરેય નથી પડતી.

એક પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી, નયસારનો સ્વર્ગવાસી આત્મા રમતો રમતો આ ભૂમિતલ પર ઊતરી આવ્યો. વિનીતા નગરીના અધિપતિ શ્રી ઋષભદેવ મહારાજાના ચક્રધર યુવરાજશ્રી ભરતદેવના સોહામણા ભવનમાં તે આત્મા પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું મરીચિ એવું મંગલ નામ રાખવામાં આવ્યું.

**ઉપદેશઃ**–કાળે કરી શ્રી ઋષભદેવે યુવરાજને રાજ્યાધિકાર ભળાવી દીક્ષા લીધી અને તપશકિત ખીલવી. અનુક્રમે સંપૂર્ણ જ્ઞાની બની ભગવાન થયા. ત્યાર બાદ ભગવાન શ્રી ઋષભદેવ આ પૃથ્વીપર વિહરી રહ્યા હતા. એક સમયે પોતાના સદ્‌ભાગ્યે મરીચિને પિતામહનો ઉપદેશ સાંભળવા મળ્યો. ઉપદેશમાં ઝરતા આત્મ સૌન્દર્ય વડે અંજાયેલો મરીચિ સાધુ બનવા તૈયાર થયો. જ્ઞાની પિતામહના પ્રતાપને પોતામાં પ્રગટાવવાની તેને ભાવના થઇ. સન્મૂલક સુખની

શોધમાં આખીયે જીંદગી ગાળવાની તેની અંતરેચ્છાને પાર પાડવા તે તૈયાર થયો.

**સંયમ માર્ગ**:-જીવનમાં જ છુપાયેલા જીવન મણિને શોધી કાઢવા મરીચિએ અંદર ડૂબકી મારી. બહારની દુનિયાને ભૂલી જઇ, આંતર ક્ષેત્રે વિહરવાની-પ્રભુશ્રી ઋષભદેવ પાસે પ્રતિજ્ઞા લીધી. તે સાધુ બન્યો. શરીરને શરીરીની શોધમાં ઉપયોગી કરવાનો તેણે નિશ્ચય કર્યો. એક પવિત્ર સાધુને છાજતી ઢબે તે વર્તવા લાગ્યો. હલન-ચલનમાં પણ જયણાધર્મ પાળવા લાગ્યો. મન, વચન અને કાયાની પ્રત્યેક ક્રિયામાં-અન્ય પ્રાણીનાં મન, વચન કે શરીરને લેશમાત્ર હિંસા કે આઘાત ન પહોંચે તેમ સંભાળપૂર્વક જીવનસાગરના ગુપ્ત પ્રદેશોમાં તે તરવા લાગ્યો. શરીરના શરીર ધર્મને આત્મધર્મની મોંઘી કેળવણી આપવા લાગ્યો. જડ પર ચેતનનું પ્રભુત્વ કેમ સ્થપાય તેની વિચારણામાં તે દિવસો ગાળવા મંડયો. શરીરમાં રહેલા વાત-પિત્ત અને કફને સપ્રમાણ બનાવી, તે એક યોગીની જેમ અહિંસક જીવન વહેવરાવવા માંડયો. અનેક અંતરંગ શત્રુઓ તેના આત્માના ખીલતા ચારિત્રરંગની ભભકને સહવા અશકત બની તેનાથી દૂર ભાગવા લાગ્યા.

**અલંઘ્ય ક્ષેત્ર**:-ગરમ ગ્રીષ્મ રૂતુ હતી. ઉપરથી એકધારો તાપ ઝરતો હતો. અંગ શેકતી ઉષ્ણતા ચોપાસ તરવરતી હતી. ઉષ્ણ-ઝાળમાં ગરમ વાયુ ઝીલતો હતો. પરમજ્ઞાની શ્રી આદિનાથ પ્રભુ અંગવેધી તે ઉષ્ણ ધારા પર પ્રશાંત ચિત્તે ચાલ્યા જતા હતા. તેમની આસપાસ તેજ રમતું હતું. તેમના અનેક શિષ્યો તેમને પગલે પગલે પગ માંડી આગળ વધતા હતા. તે શિષ્યોમાં મરીચિ સાધુ પણ હતો. આંખો આંજતા સૂર્યના પ્રકાશમાં અનેક તપસ્વી સાધુઓ અડગ ગિરિવરની જેમ હસતા ચાલ્યા જતા હતા. "અહા ! આવું અલંઘ્ય સાધુક્ષેત્ર ? આવા તાપમાં પણ હસતાં હસતાં ચાલ્યા જવાનું ? તૃષા મને તરફડાવી રહી છે. ચોપાસ

તરવરતો અગ્નિ મારાં અંગ શેકી રહ્યો છે. શે પમાશે પાર, આ સાધુ ક્ષેત્રનો મારાથી ? કેવા વિરલ હશે આ અલંઘ્ય ક્ષેત્રના કૃષિકારો –સાધકો? તેમને મારા અગણિત વંદન હો ! મારાથી કોટિ ઉપાયે આ માર્ગે આગળ વધાય તેમ છેજ નહિ." પથરાયલા રેતીકણોપર પગ મૂકતાં ચમકતો મરીચિ સહસા બોલી ઊઠયો. અને સાચેજ સાધક અવસ્થા મહા ગંભીર સિંધુમાં ઝંપલાવી તેમાંથી રત્નોની મુઠ્ઠી ભરી વણભીંજયા બહાર આવવા જેવી છે.

**નવો માર્ગ:**–મરીચિએ તરત નવો પન્થ કાઢયો. સાધુધર્મથી વિપરીત વિચારો અને ચિન્હો તેણે તેમાં દાખલ કર્યાં. સાધુઓ–મન –વચન–કાયાના ત્રણ દંડથી રહિત હોય છે, ત્યારે તેણે તેવા પ્રકારના દંડથી યુકત હોવાનું સૂચન કરતો ત્રિદંડ રાખ્યો. સાધુઓ મસ્તકના કેશનો લોચ કરવાથી અને સર્વ ઇન્દ્રિયોના નિગ્રહથી મુંડન સહિત હોય છે, ત્યારે તેણે સાધુવેશથી વિલક્ષણ એવી શિખા શિરપર કાયમ રાખી. સાધુઓ ત્રિવિધ–ત્રિવિધે સૂક્ષ્મ–બાદર પ્રમુખભેદથી, જીવદયાના પાલક થઇ સંયમ પાળે છે, ત્યારે તેણે સ્થૂલ હિંસાની યુકતતા સ્વીકારી. સાધુઓ સર્વ પ્રકારે ત્યાગી હોય છે, ત્યારે તેણે પોતાના માર્ગની નિશાની નિમિત્તે સુવર્ણની જનોઇ જેટલો પરિગ્રહ રાખ્યો, સાધુઓ, ભગવંતે બતાવેલ સમગ્ર શીલરૂપ જળના પ્રક્ષાલનથી કર્મ–મેલને ધોઇ નાંખનાર હોવાથી સદા સુગંધથી અભિરામ હોય છે, ત્યારે તેણે પોતાની દુર્ગંધ ટાળવા નિમિત્તે ગંધ, ચંદનાદિકનો યોગ્ય પરિગ્રહ રાખ્યો. તપસ્વી સાધુઓ મોહરહિત અને કારણ વિના ઉપાનહના પરિભોગથી મુકત હોય છે, ત્યારે પોતે મહામોહથી પરાભૂત થયેલ હોવાથી શરીરની રક્ષા કાજે છત્ર અને ઉપાનહની જરૂર સ્વીકૃત કરી. મહાનુભાવ મુનિઓ જીર્ણ–શ્વેત કુત્સિત–અલ્પ અને મલિન વસ્ત્રો ધારે છે, અને પોતે ગાઢ કષાયથી કલુષિત બુદ્ધિવાળો હોવાથી ધાતુથી રકત થયેલાં વસ્ત્રો જરૂરી માન્યાં. સાધુઓ બહુ જંતુઓથી વ્યાપ્ત

એવો જળ આરંભ ઇચ્છતા નથી, ત્યારે તેણે સંસારને અનુસરનાર તરીકે પરિમિત જળ પાન, સ્નાનાદિકની વૃત્તિ આદરી. સાધુના ઉત્કૃષ્ટ ધર્મને ત્યાગી, તાપસના સામાન્ય ધર્મનો તે નેતા બન્યો, છતાં યે પોતામાં રહેલા એ જન્મ પહેલાંના સુસંસ્કારના સુપ્રતાપે તેણે ઉત્કૃષ્ટ સાધુ ધર્મના મૂલ્યાંકન તો લેશમાત્ર ઊણા આંકયા નહીં.

**પ્રશંસા, પ્રણામ અને મદ**:—મરીચિ નવા **વેશે** પ્રભુશ્રી ઋષભદેવની સાથે વિચરવા લાગ્યો. એકદા પ્રભુશ્રી વિનીતા નગરીમાં પધાર્યા. ચક્રવર્તી ભરત પરમ પૂજ્ય પિતાને વાંદવા ચાલ્યો દેવરચિત દિવ્ય દ્યુતિમંત આસનપર બિરાજતા તીર્થપિતા શ્રી ઋષભદેવ અખંડ ધારે સદ્ધર્મનો બોધ આપી રહ્યા હતા. પિતાના જ્ઞાનપ્રકાશની પવિત્રતામાં મુગ્ધ બનેલ ચક્રવર્તી ભરત પ્રભુને પૂછવા લાગ્યો, " ભગવન ! આ સભામાં આપ સમાન થનાર કોઇ તીર્થંકર હશે ? " તેજકિરણાલંકૃત તીર્થ પિતા બોલ્યા. " રાજન ! આ સભામાં ત્રિદંડી મરીચિ કે જે તારો પુત્ર છે, તે આ અવસર્પિણી કાળમાં ચોવીસમા શ્રી મહાવીર તીર્થંકર રૂપે પ્રકાશમાન થશે. એટલુંજ નહીં, કિન્તુ તીર્થંકર થતાં પહેલાં આ ભારત વર્ષમાં ત્રિપૃષ્ઠ નામે અતુલ પરાક્રમી વાસુદેવ થશે: અને તે પછી પશ્ચિમ મહાવિદેહમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશે."

પ્રભુની સત્ય વાણી સાંભળી ભરત ચક્રવર્તી, તુરતજ સભામાં બેઠેલા પોતાના પુત્ર અને હાલમાં ત્રિદંડીના વેશે વિચરતા મરીચિ તાપસને નમસ્કાર કરવા ઊભો થયો. તાપસની પાસે જઇ તે બોલ્યો, " મરીચિ ! નમસ્કાર તમારા ભાવિ તીર્થંકર પદને. નહિ કે આજે અપનાવેલા પરિવ્રાજકના નવા વેશને. તમે તીર્થંકર થવાના છો માટે તમને ધન્ય છે. તમારી વાસુદેવ પદવી પણ તમારા થનારા ઉદયમાં અગત્યનો ભાગ ભજવશેજ, ચક્રવર્તીપણું પણ તમોને તમારા ભાવિના ધર્મચક્રની પ્રાપ્તિમાં જરૂર લાભદાયક જ નીવડશે. "

મરીચિ વિચારમાં લીન બન્યો. પોતાની એક એક અવસ્થા માટે

તેને અતિ ગર્વ થયો. તે સ્વગત બડબડવા લાગ્યો. "હું પહેલો વાસુદેવ થઇશ. મૂકાનગરીમાં ચક્રવર્તી બનીશ. અને હુંજ ચરમ તીર્થપતિ બનીશ, આહા ! મારૂ કુટુંબ કેટલું બધું ઉત્તમ; હું પ્રથમ વાસુદેવ થઇશ, મારા પિતા પ્રથમ ચક્રવર્તી છે અને મારા દાદા પ્રથમ તીર્થંકર છે. ઓહ ? મારૂં કુળ ઉત્તમ છે." આમ કુળમદ વડે અધીરો બનેલો મરીચિ ઊંડેઊંડે એના ધ્યેયને વિસરી મદના મનગમતા મોહક તરંગમાં ફસાઇ ગયો. વિચારોના ઉદ્‌ભવતા એકજ જાતના ક્રમિક તરંગોએ તેને તેના સાધ્યથી દૂર ફેંકી દીધો. તેનું અને તેના સાધ્યનું અંતર વધી ગયું. લાંબી મજલની ખેડ તેના લલાટે લખાઇ ગઇ.

મદના પ્રકાર :—जाति लाभ कुलैश्वर्य बल रूप तप श्रुतैः ।
कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ॥ १ ॥

જે માણસ પોતાની જાતિ–લાભ–કુળઐશ્વર્ય–બળ–રૂપ – તપ અને વિદ્યાનો મદ કરે છે, યા ઉકત આઠ પ્રકારમાંના એકાદ ગુણનો પણ મદ કરે છે, તેને તે મદ પ્રમાણે તે તે ઉત્તમ ગુણોની, પછીના એક જન્મમાં ખોટ સહન કરવીજ પડે છે. ઉકત આઠેય પ્રકારના મદથી નિર્મુકત આત્માજ સાધુતાની સરાણ પર ચકાસાઇને સાંગોપાંગ પાર ઊતરે છે. માનવી પોતાને મળેલા એકાદ ઉત્તમ ગુણને પોતાનામાંજ ખીલવવાને બદલે જ્યારે તેનો ભર બજારે ખોટો પ્રચાર કરે છે, ત્યારે તે ગુણ પોતેજ તેના ધારકની અવદશાના કારણરૂપ નીવડે છે. આ આઠે પ્રકારના મદ વડે અસમતોલ બનેલી ધરાની ધુરાજ મહારાજ્યોને ઉથલપાથલ કરે છે. આપણામાં કહેવત છે કે, "ગર્વ રાજા રાવણનોય ચાલ્યો નથી." તેજ પ્રમાણે મરીચિ પરિવ્રાજકે કરેલો પોતાના ઉત્તમ કુળનો મદ પણ તેને પછીના એકાદ જન્મમાં અવશ્ય નડશે જ.

**માંદગી અને વિચાર**:–પ્રભુ શ્રી ઋષભદેવના નિર્વાણ બાદ મરીચિ શ્રી પ્રભુના અન્ય સાધુઓ સાથે વિચરવા લાગ્યો. એકદા તે માંદા

પડયો.માંદગી વધી ગઇ.બીજા સાધુઓને તેણે સહાયની યાચનાકરી.કિન્તુ તે સાધુ પંથથી નિરાળો હોઇ સાધુઓએ પોતાની **ધર્મ-નીત** પ્રમાણે તેના સામું પણ ન જોયું. મરીચિ આથી ચીડાઇ ગયો. તેણે વિચાર કર્યો. " શું આ સાધુઓ પોતાને પવિત્ર અને અહિંસક કહાવે છે? મોટા વ્રતધારીના નામે જગતમાં પૂજાય છે? પ્રભુશ્રી ઋષભદેવના જ અમે સર્વ શિષ્યો છીએ તો પછી તેમણે મને મદદ કેમ ન આપી ?" ખરે ? વિવેકભ્રષ્ટનો વિનિપાત જાન્હવી જેવો જ ગણાય ? સાધુધર્મના પવિત્ર આસન પરથી ગબડનાર, આજે સાધુ-ઓને નિંદવા લાગ્યો. એટલા માટે શાસ્ત્રકારો દબાણ કરે છે કે "તમારા મૂળ ધર્મના ધોરી માર્ગોપર અશ્વો દોડાવો."

મરીચિ કર્મયોગે સાજો થયો. પોતાની આપત્તિમાં સહાયરૂપ બને, એવા એક શિષ્યની તેણે જરૂર જણાઇ. તરત કપિલ નામે એક રાજપુત્ર તેને આવી મળ્યો. તેણે મરીચિ પાસે ધર્મબોધની ભિક્ષા માગી. મરીચિએ તેને દાદાનો સાચો અને સમ્યકત્વ ધર્મ સમજાવ્યો. ગબડતાં ગબડતાંયે એક વખત ઊભા થઇ ફરી ચાલવાની કેટલી મહોચ્ચ ભાવના ? એ ભાવનામાંજ ઉદ્ધારનું બીજ છુપાયું છે જેમ આત્માનું સાચું ખમીર, ખારા ઉદધિમાં છુપાયેલા અમોલ ચિંતામણી રત્ન છે તેમ. કપિલે મરીચિને પ્રશ્ન કર્યો, " મને સમજાવો છો તે ધર્મ આપ કેમ નથી પાળતા ? કારણકે મને તે આકરો અને અલંઘ્ય લાગે છે. " મૂળ ભાવનો પરચો બતાવતો મરીચિ સહજ રીતે બોલ્યો. " ત્યારે મને પણ તમારોજ ધર્મ સ્વીકૃત હો ? " એમ બોલી કપિલે મરીચિ પાસે મરીચિનોજ ધર્મ અંગીકાર કર્યો. મરીચિએ કપિલને તે ધર્મની દીક્ષા આપતાં વિચાર કર્યો કે, " મારો ધર્મ પણ નિષ્પ્રાણ તો નથીજ માટે મારા ધર્મનો વેલો પણ ભલે ફાલે. " કાપલ મરી-ચિનો સાચો શિષ્ય બન્યો.

કપિલને ધર્મવ્રતની પ્રતિજ્ઞા આપતાં માત્ર મનમાં કરેલો વિચાર

પણ મરીચિને એના ઉન્માર્ગ ગમન સાથે બીજાને ઉન્માર્ગે દોરવાના મહા પાતકરૂપ નીવડયો. અટવીમાં આથડતો એક યાત્રિક પોતાને "સાચો પંથ કયો છે?" એમ પૂછવા આવનાર એક નિર્દોષને પણ "હું આથડું છું અને એ પણ ભલે આથડે." એ વિચારસર પોતાનીજ સાથે રખડાવે અને પરિણામે અનંત ભ્રમણ બાદ તેમને ઉભયને સાચો માર્ગ જડે તેમ, આ ઉભય ગુરુ–શિષ્યને પણ ભ્રમણનો ભાર શિર પર વહોરવો પડયો.

સ્વધર્મના ધોરી માર્ગને ત્યાગી અન્ય માર્ગની ગલીકુંચીઓમાં ફરવા બદલનું પ્રાયશ્ચિત કર્યા સિવાય મરીચિ મૃત્યુ પામ્યો. બ્રહ્મ દેવલોકમાં દસ સાગરોપમનો* આયુષ્યવાળો દેવ બન્યો. કપિલ પણ મૃત્યુ પામ્યો. **ચોથા ભવે** બ્રહ્મલોકમાં દેવ- પણે ઉત્પન્ન થયો.

પવિત્ર ધર્મની પ્રભામય છાયાને ત્યાગી, અન્ય ધર્મને સ્વીકારવા બદલ, અન્ય ધર્મનો ઉપદેશ આપવા બદલ, અને ઉત્તમ કુળના મદને જગવવા બદલ, મરીચિ આ ભવે પોતાના ભવોની મર્યાદા ટૂંકી કરી નાખવામાં કંઇક ઝાંખો પડયો. એનો ખીલતો પ્રકાશ ગતિમાં મંદ પડયો. પારણામે ગમનનું ક્ષેત્ર લાંબુ બન્યું. છતાંયે જળતી જવાળામાં પવનની એકાદ ફૂંકની જેમ એના અંતરમાં અરિહંત–સાધુ અને ધર્મ પ્રત્યેનો એક વખત પ્રગટેલો આદર ધીમું ધીમું અજવાળું ફેંકી હસતો હતો.

★

* એક સાગરોપમ એટલે દસ કોટાકોટિ પલ્યોપમ. દસ સાગરોપમ એટલે તેથી દસ ગણું; અને એક પલ્યોપમનો હિસાબ આગળ પૃ. ૭ ઉપર આપી દીધો છે. તે ઉપરથી દસ સાગરોપમની સાચી ગણત્રી નીકળી શકે તેમ છે.

## પ્રકરણ બીજું

★

# સોળમો ભવ—વિશ્વભૂતિ

**સાર:—ભવપરંપરા. વિશ્વભૂતિની પ્રતિભા; કાકી મદનલેખાનો કોપ—આક્રમણ, સંસાર પ્રત્યે ઊપજેલો તિરસ્કાર. દીક્ષા. પિત્રાઇ પણ યુવરાજ વિશાખાનંદની મશ્કરી. ગામ પ્રત્યે ઠલવાયલ કોપ; બાંધેલું નિયાણું.* તેનું ફળ, શક્તિનો ચઢતો જુવાળ; વિ. વિ. વિશ્વોદ્ધારકના સોળમા ભવમાં વાંચશો. તેમાંયે તપનો પ્રભાવ વાંચકને અતિ વિસ્મયજનક લાગશે.**

**ભવ પરંપરા:**—બ્રહ્મ દેવલોકમાં દૈવી ભોગો ભોગવી રહેલા પ્રથમ ભવના નયસારને સંસારમાં જવાનું થયું, **પાંચમાં** જન્મે તે બ્રાહ્મણપુત્ર કહેવાયો. કૌશિક તેનું નામ. કોલ્લાક તેનું ગામ. આછાં આવરણો વડે દબાતા અને ઊંચા થતા આત્મ પ્રકાશ સહ, તે જન્મના **છઠ્ઠા ભવે** ભાવ ખીલવવા ગયો. ત્યાં તે પુષ્પમિત્ર તરીકે ઓળખાયો. બ્રાહ્મણ કુળનો તે નબીરો સ્થૂણા ગામમાં જન્મ પામેલો. કૌશિક નામે તે એંશી લાખ પૂર્વ વર્ષ જીવ્યો× પુષ્પમિત્ર તરીકે સત્તર લાખ પૂર્વવર્ષ

---

* પ્રતિજ્ઞા, સપથ.

× પૂર્વ—૮૪૦૦૦૦૦ના આંકને તેટલા જ આંકે ગુણતાં જે આવે (એટલે ૮૪૦૦૦૦૦ × ૮૪૦૦૦૦૦) તે એક પૂર્વ અને તેવા ચોર્યાસી લાખ પૂર્વ.

આકરાં તપ કરી તે ધરાપરથી **સાતમા ભવે** સ્વર્ગના ઉર્ધ્વ પ્રદેશમાં ઉચકાયો.સૌધર્મ દેવલોકમાં તે દેવ બન્યો. ત્યાંથી પાછું તેને સંસારમાં આવવું પડયું. સ્વર્ગના ભોગો આત્મભોગીના પરિમિત દેખાતી સ્થિતિના યોગને પણ બાધક નીવડે છે. **આઠમા** જન્મે તે ચૈત્યગામમાં અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ બન્યો. મળતાં બ્રહ્મ-ખોળિયાં તેના આત્માને વધારે ઓજસ્વી ન બનાવવા છતાં યે તેને પવિત્ર તો રાખતાંજ હતાં. આત્માના ગહન ભાવોને તે ઝીલવા છતાંયે તેના આત્મત્વને આવરણરૂપ તો નહોતાંજ બનતાં. અને તેથીજ આત્મત્વને વિશેષ ખીલવવા માટે ક્ષત્રિય કે ક્ષત્રિયોચિત ખોળિયાની જરૂર રહે છે. અને આપણા પ્રથમ ભવના પવિત્ર નયસારનો સાચો વિકાસ આમ :ક્ષાત્રદેહનેજ આભારી લેખવાશે. **નવમે ભવે** તે ઇશાન દેવ-લોકમાં દેવ બન્યો. દૈવી શકિતનો માલિક કદાપિ ( કાળે ) આત્મ-લક્ષ્મીનો સ્વામી નજ બની શકે. જેથી તેને પાછું **દશમા ભવે** ત્યાંથી મંદિરસંનિવેશ નામે ગામમાં અગ્નિભૂતિ નામે બ્રાહ્મણરૂપે જન્મવું પડયું. અહીં આયુષ્યના ૫૬ લાખ પૂર્વવર્ષ સંપૂર્ણ કરી (તેનો જીવ) **અગીઆરમે ભવે** સનતકુમાર દેવલોકમાં મધ્યમ સ્થિતિનો દેવ થયો. સનતકુમાર દેવલોકથી. નીકળી,આપણા **બારમા ભવે** પ્રથમ ભવના નયસારનો આત્મા શ્વેતાંબિકા નગરીમાં વસતા બ્રાહ્મણને ઘેર ભારદ્વાજ નામે પુત્રપણે ઉપજ્યો. અંતમાં પરિવ્રાજક મતની દીક્ષા લઇ ૪૪ લાખ પૂર્વ--વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી **તેરમા ભવે** તે માહેન્દ્ર દેવલોકમાં દેવતારૂપે જન્મ્યો.

માહેન્દ્ર દેવલોકથી નીકળ્યા બાદ નયસારને અનેક ભવોમાં કે જે ગણવામાં અતિ સામાન્ય ગણાય-ભમવું પડયું. જેની ગણત્રી કરવી પણ મુશ્કેલ ( કામ ) છે. કારણ કે આત્મા જ્યારે પંચેંદ્રિય શરીરીમાંથી વનસ્પતિકાય-ત્રસકાય આદિમાં એના કર્મવશાત્ પ્રવેશ કરે છે ત્યારે તેનું જીવનચક્ર સતત ગતિમાન બની પળે પળે તેને નૂતન સ્વરૂપમાં મૂકે

છે અને તે પળે-પળે બદલાતાં જીવન-સ્વરૂપો નેજ અનંતભવો કહે છે. તે ભવોની ગણના કઇ રીતે કરી શકાય ?

**ચૌદમા** મુખ્ય ભવમાં નયસારનો આત્મા રાજગૃહી નગરમાં સ્થાવર નામે બ્રાહ્મણ થયો, તેણે ચોત્રીશ લાખ પૂર્વ વર્ષથી યે અધિક વર્ષ ગૃહસ્થાશ્રમમાં વીતાવ્યાં. બાદ પરિવ્રાજક ધર્મની દીક્ષા લીધી. આયુષ્ય પૂર્ણ થયે બ્રહ્મલોકમાં દેવ થયો. દેવલોકની દૈવી જડ પ્રભામાં તેનો દ્યુતિ પામવા અધીર બનતો સંસ્કારી આત્મા અકળાવા લાગ્યો. પરિણામે આ **પંદરમા** મુખ્ય ભવમાં તેણે આવનારા ભવને આત્મ--વિકાસને યોગ્ય આકારની ભવ્યતા સમર્પી દીધી અને **સોળમા** ભવે તે ક્ષત્રિય રાજકુમાર બન્યો.

**વિશ્વભૂતિની પ્રતિભા**:-રાજગૃહી નગરીનો રાજા વિશ્વનંદી. તેને મદનલેખા નામે મહિષી. તેમના યુવરાજનું નામ વિશાખાનંદી. મહારાજા વિશ્વનંદીને વિશાખાભૂતિ નામે અનુજ બંધુ હતો. તેની પત્નીનું નામ ધારિણી. પુત્રનું નામ **વિશ્વભૂતિ.** ઉત્થાન-પતનની અનેક ભવ કેડીઓ વટાવી, જીવન-મૌક્તિકની પકવતા ખીલવવા સારૂ ક્ષત્રિય દેહ-છીપ પામનાર, નયસાર. તે જ આ વિશ્વભૂતિ.

વિશ્વભૂતિ સોહામણો રાજકુમાર હતો. મજબૂત અને ઘાટીલું તેનું શરીર હતું. ઉષાના કસુંબી પાલવની કોર પર હસતા ભાસ્કર જેવું પ્રતાપી તેનું વદન હતું. શક્તિ અને શૃંગારના દૂત-યૌવને સમય વીતતાં વિશ્વભૂતિના નિર્દોષ કાન્તિમાન અંતરમાં પગલાં પાડયાં. વિશ્વભૂતિનું સૌન્દર્ય ફાલ્યાફૂલ્યા ગુલાબને શરમાવી દે તેવું ખીલી ઊઠયું. તે સૌન્દર્યની મધ્યમાં તેની પ્રભા ફૂલહારમાં ઝળકતા રત્નની જેમ ઝળકવા લાગી.

વિશ્વભૂતિ ક્રીડાઘેલો મદઝર બન્યો. નગર બહારના પુષ્પકરંડક નામે સુંદર ઉદ્યાનમાં તે અનેક રમણીઓ સાથે આનંદપૂર્વક રહેવા

લાગ્યો. વિશ્વભૂતિનો સુખ–વૈભવ પરાકાષ્ઠાએ પહોંચ્યો. અનેક ઇર્ષાળુ-ઓની આંખમાં તે કણાની માફક ખૂંચવા લાગ્યો.

એક દિવસ મદનલેખાની * દાસીઓ તે ઉદ્યાને ગઇ. પટરાણીએ મંગાવેલા પુષ્પો લેવા અંદર પેઠી. પણ ત્યાં જ દ્વારપાળે તેમને હાંકી કાઢી, દ્વાર બંધ કર્યાં. પાછી ફરતી દાસીઓએ રાણીના વ્હાલસોયા કુમાર વિશાખાનંદીને ઉદ્યાન બહાર ફરતો જોયો, તેમને તપાસ કરતાં માલૂમ પડ્યું કે, " ઉદ્યાનની અંદર કુમાર વિશ્વભૂતિ સપરિવાર ગળાડૂબ વૈભવમાં વાસો રહેલ છે. તેથી વિશાખાનંદીથી અંદર જઇ શકાતું નથી." દાસીઓનો સ્વભાવ (?) જાણો જ છો ને? દાસીઓ દોડતી દોડતી પટરાણી પાસે આવી. મીઠું–મરચું ભભરાવી બધું ઊંધું ચતું સમજાવ્યું. " કે આપ પટરાણી અને મહારાજાનાં આપ માનીતાં અને આપના જ કુમાર વિશાખાનંદી. તેમને માટે ગ્રીષ્મનો આનંદ નહિ ? ઉદ્યાન પણ બંધ ? જ્યારે વિશ્વભૂતિ–મહારાજાના લઘુબંધુનો પુત્ર, વળી નાના ભાઇ તો મહારાજાની કૃપા પર જીવતા ગણાય તેનો જ પુત્ર, આપના લાડીલા કુમારને ઉદ્યાનમાં દાખલ થવા ય ન દે ? " " કેટલું અજાયબ, મહારાણીશ્રીજી ? હવે વધારે શું કહીએ ? જ્યારે અમે તમારાં મોકલ્યાં, બગીચામાં દાખલ થવા જતાં હતાં, ત્યાં જ વિશ્વભૂતિના સેવકોએ અપમાન કરી અમને હકાલી મૂકયાં. " કહો ? અમે આપનાં મોકલ્યાં ગયેલાં, ત્યારે અમારૂં અપમાન થયું. અમારૂં અપમાન તે આપના હુકમના અપમાન બરોબર નહિ કે ? " મહારાણીનું મગજ ધીરે ધીરે તપવા લાગ્યું. દાસીઓના બનાવટી વાક્યો રાણીના ભીતરને કોરી ખાવા લાગ્યાં. રાણીને તપ્યાં જાણી, " પોતાનું તીર વાગી ગયું " એમ ધારતી દાસીઓ તુરત ત્યાંથી છટકી ગઇ.

રાણીનો ક્રોધાગ્નિ પૂર જોસમાં ભભૂકવા લાગ્યો. એ તાપના તેજે

* મદનલેખાને કેટલાક ગ્રન્થોમાં પ્રિયંગુ નામે ઓળખવામાં આવી છે.

નૃપતિ વિશ્વનંદી રાણીના ભવનમાં આકર્ષાઇ આવ્યો. ક્રોધાગ્નિમાં જળતી પટરાણીનું અંતર વાંચવા તેણે પ્રયાસ કર્યો. તો તેની નજરે 'ઇર્ષા' અને 'અહં' એ બે શબ્દો જ પડ્યા. છતાં યે રાણીના ક્રોધને શમાવવો જ જોઇએ એમ વિચારી ભૂપાળ વિશ્વનંદીએ રાણીને પૂછ્યું, "કેમ, એકાએક આ શું થયું ?" "તમે છતાં મારા પુત્રનું અપમાન કરનાર તમારા ભાઇનો પુત્ર, તમારી ગેરહાજરીમાં મારૂં શું નહિ બગાડે ?" ઠીક. રાજા સમજી ગયો કે, કોઇ દાસીએ રાણીના અંતરમાં અસૂયાનાં મૂળ ઊંડાં નાખ્યાં છે. તે મૂળને બહાર કાઢી ભસ્મ કરવા માટે, મારે પણ પ્રપંચ રમવો જ જોઇએ. એક વખત રાણીના મનનું સમાધાન કરવું જ જોઇએ.

**આક્રમણ**:—રાણીના ભવનમાંથી બહાર નીકળી રાજાએ તુરત જ યુદ્ધની ભંભા વજડાવી. એ ભંભાના ગંભીર ઘોષથી અનેક શૂર-સૈનિકો રાજમેદાનમાં દોડી આવ્યા. લોહીભીનો રાજકુમાર વિશ્વભૂતિ પણ ઉદ્યાનક્રીડાને પડતી મૂકી તરત જ રાજમેદાનમાં આવ્યો. મોહનો માયાવી પ્રતાપ તેના સાચા પ્રતાપ આગળ ઝાંખો પડી ગયો. મેદાનમાં આવી તેણે વડીલ પિતાને નમસ્કાર કર્યા. ભંભા વજડાવવાનું કારણ પૂછ્યું. તેને જણાવવામાં આવ્યું કે,-ઉદ્ધત બનેલા આપણા તાબેદાર રાજા પુરુષસિંહની સાન ઠેકાણે લાવવા ભંભા વજડાવવામાં આવી હતી, અને રાજા વિશ્વનંદી પોતે તે પુરુષસિંહને પડકારવા જાય છે. શબ્દો સાંભળતાં જ વિશ્વભૂતિ રાતોચોળ થઇ ગયો. વડીલ પિતા વિશ્વનંદીને કહ્યું, "હું પોતે જ જઇશ, **પુરુષસિંહને** ધૂળ ચાટતો કરવા માટે."

મોટા સૈન્ય સાથે તેણે પુરુષસિંહના દેશ પ્રતિ પ્રયાણ આદર્યું. શક્તિના અજબ થનગનાટમાં તે જોતજોતામાં પુરુષસિંહના મુખ્ય નગર દ્વારે જઇ ઊભો. સમ્રાટ્‌ના સૈન્યને આવ્યું જાણી, પુરુષસિંહ તો સર્વ સ્થિતિથી અજ્ઞાત હોઇ રાજ્યના પ્રધાન પુરુષો સાથે તેને વધાવવા

ગયો. નગરને વિવિધરંગી ધ્વજા–પતાકા વડે શણગારવાને તેણે રાજ્ય-કર્મચારીઓને આદેશ આપ્યો. શાહી દબદબાપૂર્વક તેણે વિશ્વભૂતિનું સ્વાગત કર્યું.

વિશ્વભૂતિ વિચારલીન બન્યો. સૈન્ય સાથે તે સ્વદેશ ભણી પાછો વળ્યો. વડીલ પિતાનો યુદ્ધ આદેશ તેને બનાવટી જણાયો, છતાં યે ક્ષત્રિય રાજકુમારોને તે બદલ લેશ પણ હર્ષ–શોક થતો જ નથી. ધીમી ચાલે તે આખા સૈન્ય સાથે રાજગૃહીના પાદરે આવ્યો. પાસેના પુષ્પકરંડક ઉદ્યાનમાં તડકો ગાળી નગરમાં પ્રવેશવાનો તેણે વિચાર કર્યો. તુરત જ તે ઉદ્યાન તરફ વળ્યો.

**તિરસ્કાર:**—ઉદ્યાન આજે તેનું ન હતું. ઉદ્યાનમાંથી તેને દૂર કરવા માટે જ નૃપતિ વિશ્વનંદીએ 'પુરુષસિંહ પરના આક્રમણનો આખો યે બનાવટી નકશો તૈયાર કરી તેના હાથમાં ધર્યો હતો. વડીલ આજ્ઞા એજ ક્ષત્રિયોનો ધર્મ હોય છે. કિન્તુ વિશ્વભૂતિ એથી યે વિશેષ હતો. પોતાના જેવો બંધુપુત્ર હયાત છતાં, વડીલ પિતા જરાવસ્થામાં રણાંગણે જાય તે તેને ન ગમ્યું અને તે પોતે જ પુરુષસિંહના દેશ પર સૈન્ય સાથે ચઢી ગયો. ત્યાં જતાં જ તેને વડીલ પિતાના બનાવટી યુદ્ધ–આદેશની ગંધ આવી છતાં યે તે ન જ ઝંખવાયો. આજે તે યુદ્ધમાંથી પાછો ફર્યો હતો. હરખાતા હૈયે તે ઉદ્યાન તરફ જઇ રહ્યો હતો. ઉદ્યાનના મુખ્ય દ્વાર પર જતાં જ તેને પડકારવામાં આવ્યો. "ખબરદાર ? મહારાજાના યુવરાજકુમાર વિશાખાનંદી અંદર છે." વિશ્વને ચપટીમાં ચોળી નાંખવાની તાકાત ધરાવતો રણવીર વિશ્વભૂતિ ચીડાયો. મુષ્ટિ–પ્રહાર તેણે ઊંચકયો, પણ બીજી જ પળે તે સ્થંભી ગયો. વડીલપિતાની રાજ્યપ્રભા તેના માર્ગમાં આવી, અને ઊંચકેલા મુષ્ટિપ્રહાર વડે તેણે કોઠાના એક વૃક્ષ પર ઘા કર્યો. ફળો તમામ ખરી પડયાં. જમીનનો તેટલો ભાગ કોઠાંવડે ઢંકાઇ ગયો. અને કોઠાં સામે તાકી રહેલા દ્વારપાળને ઉદ્દેશીને તે બોલ્યો, "જેમ આ ફળોને વૃક્ષ

પરથી ધરા પર ખેરવી નાખ્યાં, તેમ તમારાં સર્વેનાં શિર-ફળોને દેહ-પાદપ પરથી ખેરવી નાખત. પણ...વડીલ પિતાની શરમ મને તેમ કરતાં વારી રહી છે."

વિશ્વભૂતિ ઉદ્યાન તરફથી પાછો વળ્યો. સંસાર તેને પ્રપંચમય જણાયો. પોતાને દૂર કરવા માટે જ આખા યુદ્ધનો નકશો તૈયાર કરનાર વડીલ પિતા પર તેને દયા વછૂટી. મદનલેખાના પુત્ર પ્રત્યેના ખોટા મોહ પ્રત્યે તેને તિરસ્કાર છૂટચો. અને નિર્બળ વિશાખાનંદી પર તેણે ભાઇ તરીકેનો ભ્રાતૃભાવ વર્ષાવ્યો.

**દીક્ષાઃ**—અંતરમાં તેણે એક ડૂબકી મારી. સંસારની સપાટી પર તરતી વિચિત્રતા તેની નજરે ચઢી. તે ગૂંચવાયો. સ્નેહીઓના સ્નેહમાં સમાયેલો ઘાતક સ્વાર્થ તેને તેમનાથી દૂરને દૂર ખેંચી જવા લાગ્યો. માથાને વશ સમ્રાટપદ તેને કડવું લાગ્યું. અનેક જન્મોની ધર્મ વિષેની આછી-પાતળી સ્મૃતિ તેના ડહોળાયેલા અંતરમાં વાદળ ઓથે ટમકતા તારલા રૂપે ટમકવા લાગી. સ્વાર્થી સંસારથી વિરક્ત બનવાની તેની ભાવના ગતિમાન બની. આત્માને કોઇ મહા સુંદર ધામ પ્રતિ લઇ જવાની તેને મહેચ્છા થઇ. તે મહેચ્છાને ખીલવવા માટે તેણે આર્ય-સંભૂત નામે સ્થવિર પાસે દીક્ષા લીધી. તે પંચ મહાવ્રતનો પાલક બન્યો. સ્નેહીઓની અનેક પ્રકારની સ્નેહ-યાચનાથી પર બની તે દૃઢ વ્રતધારી બન્યો.

સાધુ જીવનમાં તે આકરા તપના તાપમાં મિથ્યાત્વને તપવવા લાગ્યો. કર્મના વિષમ પડલને તપનાં તેજસ્વી કિરણો વડે તે વિદારવા લાગ્યો. વિવિધ પ્રકારની આકરી તપશ્ચર્યા વડે, જડ દેહનો ચેતન પરનો તેનો પ્રભાવ ઘટવા લાગ્યો. તેનું શરીર હાડપિંજરમય બની ગયું. તેમાંથી તેના શુદ્ધ બનતા આત્માનો નિર્મળ પ્રકાશ તેને હસવા લાગ્યો. જો કે અનેક જનો તેની તપશ્ચર્યાની ચૌટે-ચોકે પ્રશંસા કરવા લાગ્યા હતા.

**વિશાખાનંદીની મશ્કરી, ગાય પ્રત્યે કોપઃ**—મુનિ વિશ્વભૂતિ એક ગામથી બીજે ગામ ફરતાં ફરતાં એકદા મથુરા નગરીમાં આવ્યા, તે સમયે યુવરાજ વિશાખાનંદી પણ મથુરામાં હતો. મથુરાના રાજાની કુમારી સાથે તેનું લગ્ન થવાનું હોઇ, તે સપ્તાહ પહેલાં મથુરામાં આવ્યો હતો. તેની સાથે તેના અટકચાળા અનેક લક્ષ્મી–મિત્રો પણ હતા. તે મિત્રોની સાથે તે એક છાવણીમાં રહેતો હતો.

એક માસના ઉપવાસી મુનિ વિશ્વભૂતિ એકદા વિશાખાનંદીની છાવણી પાસેથી પસાર થયા. માસના ઉપવાસને અંતે આજે તે આહાર લેવા જઇ રહ્યા હતા. તેવામાં તેમને પોતાની છાવણી પાસેથી પસાર થતા જોઈ વિશાખાનંદીના સેવકોએ ઓળખી કાઢ્યા. તેઓ બૂમો પાડવા માંડયા કેઃ " આ જાય, કુમાર વિશ્વભૂતિ. " વિશ્વભૂતિનું નામ સાંભળતાં જ છાવણીમાં રહેલ વિશાખાનંદી બહાર નીકળ્યો. તેવામાં તપ વડે ક્ષીણ થયેલી કાયાવાળા આગળ જતા મુનિ વિશ્વભૂતિ એક ગાયની હડફેટમાં આવ્યા. ગાયે તેમને વગાડયું. તે જોતાં જ છાવણી બહાર ઊભેલ વિશાખાનંદી અવસર આવ્યો જાણી બોલ્યો, " કેમ ? કયાં ગયું તમારૂં મસ્તક મોડવાનું જોર ? " વિશાખાનંદીની મર્મવેધી મશ્કરી તપસ્વી મુનિના હાડોહાડમાં પેસી ગઇ. તેમણે બીજી જ ક્ષણે ગાયને શિંગડાથી ઝાલી. જોરથી ભમાવીને તેને આકાશમાં ઉછાળી મૂકી, અને તે બોલ્યા, " દુર્બળ પણ સિંહ–હરિણોથી ગાંજ્યો ન જ જાય ? "

**બાંધેલું નિયાણું**:—મુનિ વિશ્વભૂતિ આગળ વધ્યા. તેમને વિચાર આવ્યો કે, આ જડ વિશાખાનંદી હજી મારો કેડો છોડતો નથી. સાધુ પણ તેને મન છોકરાં બરાબર સમજાય છે 'નહિ ? મારે તેની સાન ઠેકાણે લાવવી જોઇએ જ. એવા વિચારે તે જ વખતે તેમણે એક આકરી પ્રતિજ્ઞા કરી. " જો મારા તપ સંયમ અને બ્રહ્મચર્યનો થોડો પણ પ્રભાવ હોય તો હું આવતા ભવમાં અપરિમિત શક્તિશાળી થાઉં, અને વિશાખાનંદીની ઐશ્વર્યઘેલી બુદ્ધિને ઠેકાણે લાવું. "

અહાહા ? કેટલી ભયંકર ભૂલ. એક તપસ્વી આત્માનો કેવો ગજબ ક્રોધ ? સાચે જ, સાગર માઝા મૂકતો નથી ત્યાં સુધી તે પ્રશાંત કહેવાય છે. જ્યારે માઝા મૂકે છે ત્યારે તે પ્રલયની પ્રતિમૂર્તિ સમાન બની જાય છે. મુનિ વિશ્વભૂતિ પણ જ્યાં સુધી પ્રશાંત રહ્યા, ત્યાં સુધી સાચી જ સમતા ધારી. જ્યારે ભભૂકયા ત્યારે પ્રલયાગ્નિની પણ સ્પર્ધારૂપ નીવડયા. અનેક પગથિયાં વટાવી ઉન્નત મુક્તિ-શિખરે પહોંચવાનો તેમનો કોડ-પ્રતિજ્ઞાની આંધીમાં અટવાઇ ગયો.

**તપઃતેજઃ**—તપ, મુનિ વિશ્વભૂતિનું અમોલ શસ્ત્ર હતું. તપ દરમ્યાન ખોરાક લેવાય નહિ. પાણી પણ પ્રમાણમાં ઓછું. પરિણામે અન્ન-જળ પર નભતા જડ શરીરને ઘસારો પહોંચે. જેમ જેમ જડની જડ ઘસાવા માંડે, તેમ તેમ ત્યાં ચેતનનો વાસ થાય. વધતો જતો ચેતનનો પ્રભાવ જીવનની પ્રત્યેક ક્રિયામાં પરિણમે. મનમાં પણ તેના પડઘા પડવા માંડે. જડ-દેહ લાચાર બને. ચેતનની આધીનતા સ્વીકારે. ચેતનમય તપનો વિજય થાય. જડની સર્વોપરિતા નાબૂદ થાય. તપ આદરી તેને સાંગોપાંગ પાર ઉતારનાર આત્માઓ દુનિયામાં થોડા જ હોય છે. એકાદ એકાસણું * કે ઉપવાસ × તે પણ તપ ગણાય. કિન્તુ આખું યે જીવન ઉગ્ર તપશ્ચર્યામાં ગાળનાર અખંડ તપસ્વી ગણાય. જીવનમાં તપને ભેટી-મુક્તિને ભેટવાની શુભ ભાવના રાખનાર, આ ધરતી તલે ઓછા જ હોય છે. મુનિ વિશ્વભૂતિની તપ કરવાની ભાવના અતિ ઉજ્જવળ હતી. છતાં યે ઉષ્ણ ક્ષત્રિય ખમીરમાં તરતો અધિકતમ સ્વમાનનો પ્રકાશ પ્રસંગે ઝળકી ઊઠયો. તરવા મથતા તપસ્વીના નિર્લેપ તપ-તેજને તેના ઊંટા ઊડયા. તપોદ્‌ભૂત સળંગ તેજોર્મિઓ

* એકાસણું:—એટલે એક આસને બેસી એક વાર ભોજન લેવું તે, પાણી ગરમજ વાપરવું પડે.

× ઉપવાસ:—આહારનો ત્યાગ કરી આત્મા સમીપ ઉર-ભાવ વાળવા તે. એક ઉપવાસ હાલ ચોવીસ કલાકનો થાય છે, તે સમયે છત્રીસ કલાકનો થતો હતો.

એકલ વિકલ બની ગઇ.. તપવડે મુક્તિને ભેટવાની ભાવના અધપાંગરી બની રહી. છતાંયે આત્માને કસાવાની એક શુભ તક તો મળી જ ગણાય.

તપના પ્રભાવે માનવી સૃષ્ટિ પર સ્વર્ગને ઉતારી શકે છે. અને સૃષ્ટિથી ઉર્ધ્વ પ્રદેશમાં વિચરી શકે છે ઐહિક સ્વાર્થ કાજે તપના પ્રભાવનો ઉપયોગ કરતો નિર્બળ આત્મા આલમમાં જડતા જ ખીલવે છે. જે ધ્યેયને નજર સામે રાખી, પ્રયાણ આદરવામાં આવ્યું હોય, તે ધ્યેયને ગમે તે ભોગે પામવાની ,સાચી હિંમત કરનાર આત્મા જ આત્મ–અર્કની ઉજ્વળતાને બધે બહુલાવી શકે છે. કિન્તુ સળંગ જીવન તપશ્ચર્યામાં તો બહુ થોડા જ આત્માઓ વિજયી નીવડયા છે. વિશ્વામિત્ર જેવા રાજર્ષિનું તપ પણ મેનકા વડે ભેદાયું હતું. સાચી કસોટીજ વસ્તુના મૂળ મૂલ્યને પ્રકાશમાં લાવે છે. છતાં યે કસોટીની આગમાંથી વસ્તુ જેટલે અંશે પસાર થઇ સાચી સાબીત થાય, તેટલો પણ તે લાભ તો મેળવે જ.

મુનિ વિશ્વભૂતિ ભૌતિક સુખ–વૈભવથી પર બન્યા હતા. તેમણે રાજ્યલક્ષ્મી છાંડી હતી. સંસારની અસારતાનો પાઠ તેમણે સગી આંખે વાંચ્યો હતો. તેઓ સંસારત્યાગી બન્યા હતા. અનેક જન્મ પહેલાં રોપાયેલા સત્કર્મના બીજને જ્ઞાનનીર પાઈ ઉછેરવા ઉત્સુક થયા હતા. ચન્દ્રની ખીલતી રૂપેરી કળાની જેમ, તેમના ઉર-બાગે જ્ઞાનકુસુમનો ધીમો પણ નૈસર્ગિક વિકાસ થઇ રહ્યો હતો. તે જ્ઞાનકુસુમ આજે મંદ ધ્વનિ ઝીલવાને સશક્ત બન્યું હતું ક્રોધ જનિત પ્રતિજ્ઞાના પ્રચંડ વાયુએ તે કુસુમ કળીને કંઇક ઝાંખી બનાવી, તેને ખીલવવાના વધુ પ્રયાસને આવકારી લીધો.

**મૃત્યુઃ**-ભવો પોતપોતાના ભાવ ભજવી રહ્યા છે. જ્યારે માનવીને જીવન તે એક ભવરૂપ લાગે અને તે જીવનને પૂરૂં કરવા બીજા અનેક

ભવો કરવા પડશે એમ ખાત્રી થાય. ત્યારે જ તે જીવન વિષે સાચી દરકાર રાખતાં શીખે. મુનિ વિશ્વભૂતિ જાણતા હતા કે, " મારો આ ભવ, તે મારા થયેલા અને થનારા અનેક ભવોમાંનો એક ભવ છે. થયેલા ભવો વડે મેં આ ભવને આવો આકાર આપ્યો છે, કિન્તુ આ ભવે એવા ભાવ ભાવું કે આવનારા ભાવો મારા પોતાના ભાવો પ્રમાણે જ વર્તે. " એમની એ ભાવના થોડે અંશે ફળી ગણાય. શુભ ભાવના ભાવવી તે આત્માનો ધર્મ છે પણ તે ભાવના ક્રિયામાં છતી કરવી તે શરીરનો ધર્મ છે. ભાવના જેટલે અંશે ફળે તેટલો જ લાભ.

સદોષ પ્રતિજ્ઞાના ફૂંકાતા પવન વડે ઘેરાયેલ આત્મ પ્રકાશ અંતે મુનિ વિશ્વભૂતિના નશ્વર દેહને ત્યાગી એનો **સતરમો** દાવ રમવા માટે શુક્ર દેવલોકની શુભ મણિમય મહેલાતમાં ચાલ્યો ગયો. ત્યાં તે દેવ બન્યો.

વિશ્વભૂતિના સોળમા ભવમાં, પ્રથમ ભવના નયસારનો આત્મા, એના વચલા ભવો કરતાં વિશેષ પ્રગતિમાં આવ્યો ગણાય કારણ કે અત્યાર સુધી નયસારના આત્માએ સાચી ભાગવતી દીક્ષાને સાંગોપાંગ ઉતરી જ ન હતી. મરીચિના ભવમાં પણ તેણે લીધેલી ભાગવતી દીક્ષાનો અશુભ ચારિત્ર-મોહનીયકર્મના ઉદય વડે ત્યાગ કરેલો. * તે પછીના ભવોમાં પણ તેણે ત્રિદંડી-પરિવ્રાજક-ધર્મનોજ સ્વીકાર કરેલો. આ ભવમાં જ તેણે સાચી ભાગવતી દીક્ષાનો સ્વીકાર કરી, જૈન દર્શનમાં ખરી રીતે પ્રરૂપેલું સાચું જ્ઞાન મેળવેલું. જે જ્ઞાન તેને ભાવિના આવનારા જ્ઞાનને આમંત્રનાર તરીકે ઉપયોગી નીવડયું છે.

★

* ચારિત્ર-મોહનીયકર્મ એટલે જીવનમાં ખીલતી ચારિત્ર કળાને ઢાંકતું, અશુભ વિચારરૂપ મોહનું વાદળ. જે વાદળને વિખેરવા માટે સંયમ એજ અમોલ ઔષધ છે.

# અઢારમો ભવ : ત્રિપૃષ્ટ વાસુદેવ

**સાર :–રિપુપ્રતિશત્રુ રાજાની મનોકામના. પુત્રી સાથે પરણવું. ત્રિપૃષ્ટનો જન્મ. અશ્વગ્રીવની ચિંતા. નિમિત્તજ્ઞોને બોલાવવા. ચંડવેગનું પોતનપુર જવું. શાલિ ક્ષેત્રમાં સિંહનો ઉપદ્રવ. ત્રિપૃષ્ટે કરેલો અશ્વગ્રીવનો ઘાત. ત્રિપૃષ્ટનું વાસુદેવ તરીકે જાહેર થવું. શ્રી શ્રેયાંસ પ્રભુનો ઉપદેશ. શય્યાપાલકનો આજ્ઞા ભંગ. વાસુદેવનું અસમાધિમય મૃત્યુ. વિ વિ. [ આ અઢારમો ભવ કાવ્ય શાસ્ત્રના સકલ રસોની મર્યાદા સાચવતો વાંચકોને અવશ્ય પ્રેરણાદાયી નીવડશે. ]**

**રિપુપ્રતિશત્રુ રાજાની મનોકામના :**–આ આપણો દેશ તે ભરતખંડ તેમાં પોતનપુર નામે આબાદ નગર હતું. કલાપ્રિય રિપુપ્રતિશત્રુ રાજા તેનો સ્વામી હતો. ભદ્રા નામે તેને મહિષી હતી. અચલ તેમનો ગુણસંપન્ન પાટવી કુમાર હતો. પછીથી તેમને ત્યાં કુમારીનો જન્મ થયો. કલામય નાજુક તેના અવયવો જોઇને રાજવીએ તેનું ‘ મૃગા ’ નામ પાડયું. અંગાંગ વિકસતાં ‘ મૃગા ’ ને બદલે તે મૃગાવતી બની. સોળ સત્તરની વયે તેની જીવનવાટિકાનાં અવનવાં પુષ્પો સુવિકસિત બન્યાં. ગુલાબવર્ણું તેનું શરીર મ્હેક–મ્હેક થવા લાગ્યું. રૂપની તેની અતિશયતા વધવા માંડી. અન્ય મહાસતીઓની જેમ તે પણ કસોટીમાં મુકાઇ. તેના પિતા અને ભૂપતિ રિપુપ્રતિશત્રુ રાજાની માનસિક તુલા અસમતોલ બની. એક પલ્લે ‘ પિતૃપદ ’ને બીજે પલ્લે ‘ પતિપદ ’ રાજવી છેવટે હાર્યો. પ્રજાનો પિતા મટી તે ‘ પ્રજાપતિ ’ તરીકે જાહેર થયો.

**પુત્રી સાથે પરણવું :**—ડગલે ડગલે વિવેકમાં આગળ વધતો

ગમે તેવો માનવી, જ્યારે પોતાનું વિવેક નયન ગૂમાવી બેસે છે, ત્યારે તે એક અન્ધ માનવીથી પણ બૂરી હાલતમાં ફસાય છે. સંસારમાં તેનું સ્થાન નહિંવત્ બની જાય છે. તેનું આખું ય જીવન સંતાપમાંજ વ્યતીત જાય છે કરેલી ભૂલ તેને સેંકડો વીંછીઓના ડંખની માફક અવારનવાર વેદના ઉપજાવી જાય છે. છતાં માનવી પહેલાં વિચાર કરતો નથી. તેજ બતાવી આપે છે કે, કર્મસત્તા આગળ માનવી માત્ર પામર છે. નહિતર રિપુપ્રતિશત્રુ રાજાને પોતાનીજ પુત્રીના પતિ બનવાનો ગજબ બનાવ કઇ રીતે બનવા પામત. પરંતુ અકળ છે ગતિ કર્મની! છતાં જોઇ જોઇને ચાલનાર માટે આવી ભૂલો થવાનો સંભવ ઓછો રહે છે. પરિણામના ખ્યાલ સાથે નિજના મન્તવ્યને અમલમાં મૂકનાર માટે પણ બનતાં સુધી આવો અવસર નથીજ આવતો.

**ત્રિપૃષ્ટનો જન્મ:**–મૃગાવતી મહિષી બની. ભૂપતિના સ્નેહમાં ભૂલતાં તેના દિવસો વ્યતીત થવા લાગ્યા. વિકસ્વર જમા–થયેલ તેના ચારુ અંગો માતૃપદની સયોગ્યતાને પ્રમાણરૂપ બન્યા. એક રાત્રે તેમણે સાત મહાસ્વપ્નો જોયાં* એ સાત સ્વપ્નની દિવ્યકૃતિઓ પાછળ ઝળકતો-વિશ્વભૂતિ મુનિનો મહાશુક્ર દેવલોકમાં આનંદ માણતો દિવ્યાત્મા તેમના ગર્ભમાં પુત્રપણે પ્રવેશ પામ્યો. આવેલાં અનુપમ સાત સ્વપ્નો ગર્ભસ્થ પુત્રના વાસુદેવપણાનાં સૂચક હતાં. એક અજવાળી રાતે પ્રજાપતિ રાજાના ભવનમાં અજવાળાં પથરાયાં. તેમને સમાચાર મળ્યા કે, પૃષ્ટ પર ત્રણ અસ્થિના બંધવાળા તેજસ્વી પુત્ર રત્નનો તેમને ત્યાં જન્મ થયો છે. રાજા આનંદિત થયા. પુત્ર જન્મે દરેકને થતાં આનંદનું મૂળ નિજના વંશના ટકાવને અવલંબેલું હોવા ઉપરાંત દુનિયાની સુવ્યવસ્થાને જીવંતપણે રહેતી જોવામાં સમાયલું છે.

* વાસુદેવની માતા વાસુદેવ ગર્ભમાં આવતાં સાત સ્વપ્નો નિહાળે છે. ચક્રવર્તીની માતા ચૌદ મહાસ્વપ્નો અવલોકે છે.

**અશ્વગ્રીવની ચિંતા** :–રત્નપુર નામે નગર; ત્યાંનો મહાપ્રતાપી સમ્રાટ્ અશ્વગ્રીવ; ભરતક્ષેત્રના ત્રિખંડના તે સ્વામી–એટલે પ્રતિવાસુદેવ જેટલો તેનો દરજ્જો હતો. સર્વ ખંડીઆ રાજા તેને પગલે ચાલતા. પ્રજાપતિ રાજા પણ તેનો ખંડીઓ હતો. એક દિવસ તેને વિચાર થયો, મારૂં બળ અતૂલ છે; છતાં અતૂલ બલી એવા મારી સામે મારા જ કોઇ ખંડીઆ રાજાનો પુત્ર જાગૃત ન થાય તેની શી ખાત્રી ! ભાવિના ગર્ભમાં નજર નાખવા સારૂં, તેણે તે શાસ્ત્રના પારંગત વિદ્વાનો ( નિમિતજ્ઞો ) ને આમંત્ર્યા, અને પોતાનું ભાવિ વાંચવાનું તેમને ફરમાવ્યું. સર્વેએ એક સાથે વિચાર કરી ઉત્તર વાળ્યો, 'હે રાજા ! તમારા ચંડવેગ નામના દૂતનો જે પરાભવ કરશે, અને પશ્ચિમ દિશાના અંત પર રહેલા સિંહના ઉપદ્રવ જે નિવારશે તે તમારો પરાભવ કરશે ' ઉત્તર સાંભળી રાજા મ્લાનવદન બની ગયો. ગૌરવાન્વિત તેનું મસ્તક નીચું ઢળ્યું.

**ચંડવેગનું પોતનપુર જવું** :—ચિંતા ભારે, નત રાજવી અશ્વગ્રીવને રાજભવને દ્વારપાળ ખબર લાવ્યો. ' પશ્ચિમ દેશની પ્રજા ત્યાં અચાનક આવી ચઢેલા સિંહના ઉપદ્રવથી હેરાનપરેશાન થઇ રહી છે. ' રાજા ચમકયો. તેને નિમિત્ત યાદ આવ્યું. તેની નજર સામે તેને કાળનાં દર્શન થયાં. સિંહ જે જે પ્રદેશમાં તોફાન મચાવતો હોય તે તે પ્રદેશને ડાંગરનું વાવેતર કરી, રોકી લેવાનું તેણે કડક ફરમાન કાઢયું. તદુપરાંત તે પ્રદેશના રક્ષણ સારૂ તેણે પોતાના સોળ હજાર ખંડીઆ રાજાઓને અનુક્રમે હાજર રહેવાનું સૂચવ્યું. અને તેઓ શાલિ ક્ષેત્રની રક્ષા કરવા લાગ્યા. તે અરસામાં અશ્વગ્રીવ મહારાજાને પ્રજાપતિ રાજાના બન્ને ય પુત્રોની અમર્યાદિત શક્તિના જાસુસો મારફત સમાચાર મળ્યા. તેના સમર્થન સારૂં તેણે ચંડવેગ દૂતને રસાલા સહિત પોતનપુર તરફ રવાના કર્યો. નગરના ઉદ્યાનમાં દૂત થોભ્યો. રાજાએ તેનું યોગ્ય સન્માન કર્યું. પછી દૂતે પ્રજાપતિ રાજાને કહેવાના બે ચાર

વચનો કહ્યાં, કે જે સાંભળવાથી તેના સ્વાતંત્ર્યપ્રિય ઉભય રાજકુમારો ઉશ્કેરાઇ ગયા અને દૂતને અવધ્ય જાણીને જ તેને જીવતો જતો કર્યો. દૂત રત્નપુર—નગરે પાછો ફર્યો. ભૂપાળને તેણે બનેલી બીનાનું યથા-મતિ બયાન કર્યું. સમ્રાટ્ વહેમાયો. તેને પ્રતિપળે પોતાના ભાવિ વિષે ચિંતા થવા લાગી. વાસુદેવ—જન્મની ગંધ આવવા લાગી કેમકે શાસ્ત્રોકત નિયમ છે કે જ્યારે—જ્યારે પ્રતિવાસુદેવના શાસનકાળ દરમ્યાન વાસુદેવનો જન્મ થાય છે, ત્યારે ત્યારે વાસુદેવના જ હાથે તેનું મોત થાય છે. જે રીતે શ્રી કૃષ્ણ વાસુદેવના હાથે પ્રતિવાસુદેવ જરાસંધનું મૃત્યુ નીપજયું હતું.

**શાલિક્ષેત્રમાં સિંહનો ઉપદ્રવ** :–પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને શાલિક્ષેત્ર યાદ આવ્યું, સિંહનો ઉપદ્રવ તેની નજર સામે જાગ્રત થયો. તેણે બીજા સુભટ મારફત પ્રજાપતિ રાજાને તેના કુમારો સહિત શાલિક્ષેત્રના રક્ષણનું શાહી ફરમાન મોકલાવ્યું. ફરમાન સાંભળી કુમારોનું ક્ષાત્ર લોહી ઊકળ્યું. અચલ અને ત્રિપૃષ્ટ બન્ને બંધુઓ ક્ષેત્રના રક્ષણ કાજે તૈયાર થયા. તેમણે પ્રયાણ આદર્યું. ટૂંક સમયમાં ધાર્યા સ્થળે આવી ગયા. સૂર્યની ગરમીમાં સિંહ ગુફામાં રહેતો, કારણ કે તેના શરીરની ગરમી વિશેષ હોવાથી તે તાપમાં બહાર ન નીકળતો. રાત પડી. મેઘનાદે ગર્જતો કેસરી બહાર આવ્યો. તેણે આસપાસ નજર કરી. ભક્ષ કાજે હાથી કે કોઇ પ્રાણી ન જણાયું. અત્યાર સુધીના જે જે ખંડીઆ રાજા રક્ષણ કરવા આવતા તેઓ સિંહ સામે હાથી આદિ પ્રાણીનો ભક્ષ મૂકીને જ તેને શાન્ત કરતા. ત્રિપૃષ્ટને પોતાની શકિત ઉપર વિશ્વાસ હોવાથી તેણે એવું નહિ કરેલુ. સિંહ છંછેડાયો. ગગન ચીરતી એક ત્રાડ નાંખી, ત્રાડને આવકારતો અણ-નમ વીર ત્રિપૃષ્ટ ઝડપભેર સિંહની સામે ગયો. તેનો વડીલ ભ્રાતા અચલ એક સ્થાને શાન્ત બેસી રહ્યો, કારણ કે સિંહ એકલો અને નિઃશસ્ત્ર હતો. સિંહને જોઇ–યુદ્ધનીતિના પારગામી ત્રિપૃષ્ટકુમારે રથનો ત્યાગ

કર્યો; ભાલા, બરછી ને તીરકામઠાં વેગળાં મૂકયાં. તે કાળમાં માનવી માત્ર નીતિની મર્યાદામાં જ જીવતો. એક પશુ સામે પણ તે માનવતાપૂર્વક વર્તતો. એકલાની સાથે એકજ માનવી ઝૂઝતો. પ્રતિપક્ષી પાસે જે જે શસ્ત્રો હોય, તે તે શસ્ત્રો સિવાયનાં તે એક બાજુ મૂકી દેતો. યુદ્ધમાં જ્યાં સુધી નીતિ જળવાઇ ત્યાં સુધી માનવતા નિર્ભર રહી. કુરુક્ષેત્રના મેદાનપર સામસામે ઝઘડતા પાંડવ–કૌરવ બંધુઓની સેના રાત્રે એક સાથે ભોજન લેતી. અને પ્રભાતે જ્યારે યુદ્ધનો શંખનાદ થતો, ત્યારેજ '**હરહર મહાદેવ**' ની કે તેમના ઇષ્ટ દેવના નામની જયગર્જના સાથે એકમેકના પ્રતિસ્પર્ધી બનતા. આજે એવું કશું રહ્યું નથી અને તુરતમાં સમાપ્ત થયેલા બીજા વિશ્વવિગ્રહને પરિણામે દુનિયાની તમામ રાષ્ટ્રોની માનવતા નિષ્પ્રાણ બની ગઇ હોવાનું સાબિત થયું છે. તેના પ્રમાણ તરીકે મળી આવેલા પરમાણુ–બૉંબનો અમેરિકનોએ અંગ્રેજોની અનુમતિથી જાપાનના એક પ્રાચીન નગર પર કરેલો હૂમલો સર્વવિદિત છે. અનીતિથી યુદ્ધ જીતવું એટલે આલમની નૈતિક મનોદશા પર પ્રચંડ ઘાત કરવો. એક તરાપે કેસરી ત્રિપૃષ્ટકુમાર સામે ધસ્યો. છલંગ મારી કુમારે તેને દાવ ચૂકવ્યો અને બીજીજ પળે બહુ જ સંભાળપૂર્વક તેના બે હોઠ પકડી–ઊભો ને ઊભો કાપડના એક ટૂકડાની જેમ તેને ચીરી નાંખ્યો. દૂર ઊભેલો માનવ સમુદાય 'જયજયકાર' સાથે તેને નમી પડયો. આ સિંહ, તે મુનિકાળના વિશ્વભૂતિના ઓરમાન ભાઇ વિશાખાનંદીનો જીવ હતો. વિશ્વભૂતિએ અંતિમ કાળે કરેલ પ્રતિજ્ઞા ફળી. પણ સાથે–સાથે સમયના ગર્ભમાં એકમેક પ્રત્યેના વમનસ્યની પરંપરા મૂકતી ગઇ.

**ત્રિપૃષ્ટે કરેલો અશ્વગ્રીવનો ઘાતઃ**—સિંહનાશના સમાચારે અશ્વગ્રીવની ચિંતા દ્વિગુણ બની. તે રાતદિવસ બેચેન રહેવા લાગ્યો. પકવ વયે ત્રિપૃષ્ટકુમારનાં વિધિયુકત લગ્ન થયાં. રાણીનું નામ સ્વયંપ્રભા. દક્ષિણે આવેલા વૈતાઢ્યગિરિ ઉપર રહેતા રથનુપુરચક્રવાલ નામે

નગરના વિદ્યાધારીઓના રાજા જ્વલનજટીની તે એકની એક પુત્રી હતી. તેના રૂપ–સૌન્દર્યના ખ્યાને અશ્વગ્રીવને તેજ કુમારી સાથે પરણવાનું દિલ થયું. પરન્તુ ત્રિપૃષ્ટકુમારની તેજસ્વીતા સમીપ તેનું કંઇ ન ચાલ્યું અને તે વિશેષ રોષે ભરાણો. જન્મ જન્માંતરે કરેલાં સુકૃતનાં ફળ માનવી ભોગવે જ છે. સોળમા ભવે વિશ્વભૂતિ કુમાર મુનિપણામાંથી ચળ્યા હતા, એટલે કે એક ક્ષણ કાજે પણ ક્રોધના ગુલામ બન્યા હતા, છતાં જ્યારે તેમને પછીના ભવમાં દેવપણું, અને તે પછી અર્ધચક્રીપણું-વાસુદેવપણું સંપ્રાપ્ત થયું એ કર્મની જ બલિહારી છે *

ત્રિપૃષ્ટકુમારને નમાવવાનો કોઇ માર્ગ ન મળતાં, છેવટે પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે તેમની સામે યુદ્ધની તૈયારી કરી. સામે પક્ષે પ્રજાપતિ રાજા તેના અચલ અને ત્રિપૃષ્ટ કુમારો તથા જ્વલનજટી વિદ્યાધારી પણ તૈયારી કરવા લાગ્યા. જ્ઞાનીઓ કહે છે કે, ' સદા વર્તમાનમાં જીવો ' એ વસ્તુ યથાર્થ છે. જ્યારે અશ્વગ્રીવે ભાવિ જાણ્યું ત્યારે જ તે આ દશામાં મૂકાણો નહિતર તેના જીવનનો પ્રવાહ સરળ અને સુખમય મટીને દુ:ખમય કઇ રીતે થાત ?

યોગ્ય મુહૂર્તે ડંકા નિશાન ગગડયાં. અશ્વગ્રીવ અને પ્રજાપતિ રાજાનાં લશ્કરો રથાવર્તપર્વત પાસે સામસામાં આવ્યાં. ભાવિને મિથ્યા બનાવવા માગતો પ્રતિવાસુદેવ પોતાના સૈન્યને ઉશ્કેરવા લાગ્યો. લીલી ધરા થોડીવારમાં લાલ બની ગઇ. આકાશે તીરોના એકધારો પ્રવાહ ચાલુ થયો. શંખનાદે ડુંગર કંપવા લાગ્યા હાથીઓની સૂંઢમાં

* મન, વચન કે ક્રિયાથી, સૃષ્ટિના વ્યાપક પરમાણુઓમાં અવસ્થિત પ્રાણી સમુદાયના અંતર–સરવર જળે જે પ્રકારનાં આંદોલનો જગાવીએ, તે જ પ્રકારે તે આંદોલનો આપણા પન્થમાં પ્રતિકૃતિ રૂપે ખડાં થાય. કર્મ હોય ત્યાં–સુધી જન્મ લેવો પડે. કર્મ ખરી જતાં આનંદમાં એકાકાર બનાય.

અશ્વો સહિત માનવો ફૂલની જેમ કરમાવા લાગ્યા. ભાલાની અણીએ ભોડાં ચમકવા લાગ્યાં. અશ્વગ્રીવના સૈન્યબળ સામે પ્રજાપતિનું લશ્કર ઝાંખુ પડવા લાગ્યું. ચક્રાકારે ઘૂમતાં અશ્વગ્રીવના સૈન્યની ગતિને પ્રતિપક્ષના સૈનિકો ન ખાળી શકયા. 'હવે યુદ્ધ જામ્યું છે.' માનીને ત્રિપૃષ્ટકુમાર રથે ચઢયા. તેજ સમયે તેમના પ્રતાપી કરકમલમાં શાર્ઙ્ગ ધનુષ્ય કૌમોદકી નામે ગદા પાંચજન્ય નામે શંખ (*) કૌસ્તુભ નામે મણિ, નંદક નામે ખડ્ગ અને દિવ્યગંધાનું લેપયુક્ત વનમાળા આકર્ષાઇ આવ્યાં. રથને મેદાનના મધ્યમાં લેવાની તેમણે સારથીને આજ્ઞા કરી. મેદાનની મધ્યમાં આવીને તેમણે શંખ ફૂંકયો. શંખનાદે શત્રુપક્ષના સનિકો ધ્રૂજવા લાગ્યા. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ મૂંઝાયો. તેણે એક પછી એક શસ્ત્રો ત્રિપૃષ્ટ પર અજમાવવા માંડયાં, પણ બધું ફોક. છેવટે છેલ્લા ઉપાય તરીકે ચક્રનું તેણે સ્મરણ કર્યું. તેને હાથમાં લીધું, ફેરવ્યું અને સરરરાટ કરતું થનાર વાસુદેવ પર છોડયું. ચક્રથી ત્રિપૃષ્ટને પગે કંઇક ઇજા થઇ, પણ તે તરફ લક્ષ ન આપતાં તેમણે ચક્રને બમણા વેગપૂર્વક પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ તરફ છોડયું. આત્માના અનર્ગળ તેજ સ્વરૂપ પરમાણુઓના સંકલિત બળમાંથી ઉદ્ભુત થયેલું તે ચક્ર; અશ્વગ્રીવની પૂંઠે પડયું. છેવટે તેનું શિર છેદીને તે શાન્ત બન્યું. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન વપરાયલા પરમાણુ બોંબનું પરિણામ, આખરમાં આવું ન આવે એ જોવું રહ્યું ? પ્રતિવાસુદેવનો વાસુદેવને સ્વહસ્તે નાશ થયો.

તે પછી દક્ષિણ ભરતાર્દ્ધને સાધી વાસુદેવ ત્રિપૃષ્ટ સ્વનગરે પાછા વળ્યા. વાસુદેવનું તેજ ત્રિખંડ જેટલું જ હોય. ષટ્ખંડની જીત કાજે ચક્રવર્તી જ જન્મે છે. ત્રિપૃષ્ટ વાસુદેવ તરીકે જાહેર થયા. પ્રજાએ તેમને વાસુદેવ તરીકે આવકાર્યા.

**શ્રી શ્રેયાંસ પ્રભુનો ઉપદેશ:**—વાસુદેવ આનંદમાં કાળ નિર્ગમે છે. કર્મનાં ફળ ચાખતાં નવીન કર્મોનો સંચય કરે છે, તે સમયે તુરતના

જ કેવળજ્ઞાની શ્રી શ્રેયાંસનાથ પ્રભુ વિહરતા પોતનપુર નગરના ઉદ્યાનમાં આવે છે; ત્યાં દેવતાઓ તેમના માટે સમવસરણ રચે છે. "નમસ્તીર્થાય" કહીને પ્રભુ તેના ઉપર પૂર્વાભિમુખ બેસીને દેશના દે છે. પ્રભુના આગમનના શુભ સમાચારો નગરપાલકો વાસુદેવને જણાવે છે, સમાચાર સાંભળતાં રાજા ઊભો થઇને પ્રભુની દિશામાં ત્રણ વંદના કરે છે. ધન્ય આત્મા-વાદળ ઓથે રવિની જેમ-છૂપો છતાં પ્રકાશ્યા સિવાય રહેતો નથી. નગરપાલકોને સમાચારના બદલામાં સોનૈયા આપીને વિદાય કરે છે અને પોતે ગાજતે વાજતે પ્રભુનો ઉપદેશ સાંભળવા જાય છે. પ્રભુની પ્રકાશરંગી, શાંત પ્રતિમાને પ્રણમીને તે યોગ્યાસને બેસે છે.

શ્રોતાગણની પ્રેરક શાંતિ વચ્ચે પ્રભુના ઉપદેશનું દિવ્યામૃતજળ તરી રહ્યું છે. અગ્યારમા પ્રભુએ અમૃત-વાણી ઉચ્ચારી: 'હે ભવ્ય જીવો!' જે કાળે જે મળે તેનો ઉચ્ચ પ્રકારે ઉપયોગ આદરવો ઘટે. મળેલાં જીવનનો ઉચ્ચ પ્રકારનો ઉપયોગ, તમારા અનંત ભવોને સંક્ષેપશે. અહિંસા, સંયમ ને તપનો પ્રભાવ ખીલવવા માટે, સર્વની સાથે સ્નેહ ને સમતાપૂર્વક વર્તજો. જે પ્રકારનું અન્ય પ્રત્યેનું તમારૂં વર્તન હશે, તે તમને તેજ પ્રકારે પૂજશે. માટે વર્તનમાં મૃદુતા અવશ્ય અવધારજો. કર્મમેલને સાફ કરવા તપની ઉષ્ણધરા પર ચાલતાં ખંચકાશો તો કામ નહિ ચાલે? આ સંસારમાં સર્વ જીવો કર્મોર્મિઓના પ્રભાવેજ ઉર્ધ્વ અધો અને તિર્યગ્દિશામાં રમી રહ્યા છે. "અસારમાંથી મુક્તિ" એજ સર્વ શાસ્ત્રોનો સાર સમજજો. સારતત્ત્વને ઓળખતા થશો ત્યારે જ તમે આત્માના સારભૂત તત્ત્વોનું યથાર્થ મૂલ્ય સમજી શકશો. લેશપણ પ્રમાદ ન કરશો. વિકથાથી દૂર રહેજો. સદાએ શુકલધ્યાનમાં રહેવાની પેરવી કરતા રહેજો." શબ્દે શબ્દે ઝરતા આનંદ

---

* पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजय (ગીતા અ. ૧ લો શ્લોક ૧૪)
(આ ફુટનોટ પૃ. ૩૨ ની છે.)

બિન્દુઓએ અનેક શ્રોતાજનોને ભીંજવ્યા. કેટલાય જનો જિનધર્મના સાચા ઉપાસક બન્યા. ત્રિપૃષ્ટ વાસુદેવનું અંતર પણ આ વાણીથી પલળ્યું. ઉપદેશ પૂરો થયે પોતાના માણસો સાથે તે પાછો ફર્યો.

**શય્યાપાલકનો આજ્ઞાભંગ:**—શ્રી કૃષ્ણ વાસુદેવની જેમ ત્રિપૃષ્ટ વાસુદેવને પણ બત્રીસ હજાર સ્ત્રીઓ હતી. તેમાં સ્નેહપ્રભા પટ્ટરાણીપદે હતી. ત્રિપૃષ્ટનો સ્નેહપ્રભા તરફનો પ્રેમ અતિશય હતો. ઘણો સમય તે તેની સાથે આનંદ કરતો. તેનાથી તેને સૂર્ય—ચંદ્ર જેવા બે તેજસ્વી કુમારોની પ્રાપ્તિ થઇ.

વાસુદેવને સંગીતનો શોખ હતો. તે વિષયના નિષ્ણાત અનેક ગાયકો તેના રાજભવનને સંગીતમય વાતાવરણથી તર-બતર રાખતા હતા. તેની સંગીતપ્રિયતાના આકર્ષણે બે સંગીત વિશારદો તેની રાજ-સભામાં આવ્યા. આવીને તેમણે સિતારના તાર છોડયા. કિન્નરોને પણ શરમાવે તેવું સંગીત સાંભળી રાજાએ તેમને સારો પુરસ્કાર આપવાની શરતે રોકી લીધા. એક ખુશનુમા રાતે રાજાએ ઉક્ત સંગીતકારોને સંગીતના સૂર રેલાવવાનું કહ્યું. રંગભુવનને મધ્ય ભાગે વાસુદેવ સૂતા હતા. સંગીતકારો વીણાના તારે–તારે હૃદય તંત્રીને કંપાવી નાખે તેવા ઉચ્ચ પ્રકારનું સંગીત રેલાવી રહ્યા હતા. સૂરના ઘેનમાં વાસુદેવ નિદ્રાદેવીના ખોળે ઢળ્યા. તેમનો એવો કડક હુકમ હતો કે મારી નિંદ્રામાં ખલેલ ન પહોંચે તે સારૂ મને સૂઇ ગયેલો જાણ્યા બાદ કોઇએ લેશપણ અવાજ આ રંગભવનમાં કરવો નહિ. સંગીતના લોભે રાજાના શય્યા-પાલે સંગીત ચાલુ રખાવ્યું. પ્રભાત સુધી તે પ્રમાણેજ ચાલુ રહ્યું. પ્રભાતે રાજવી જાગ્યો. જાગતાંજ તે ગરમ થયો. મારા હુકમનો અના-દર ! તમે કોની આજ્ઞાથી સંગીત ચાલુ રાખ્યું ? સંગીત વિશારદોપર તે ત્રાડૂક્યો. તેમણે જેવી હતી તેવી હકીકત બ્યાન કરી. શૈય્યાપાલ ગભરાયો, તેણે માફી માગી. વાસુદેવે તે ન માન્યું. સંગીતના શોખીન તે શૈય્યાપાલને તેણે કડક શિક્ષા ફરમાવી. તારી શ્રોતાસક્તિના દંડ તરીકે તારા કાનમાં તપાવેલું સીસું રેડવામાં આવશે. વાસુદેવની આજ્ઞાનો ભંગ

કોણ કરી શકે ! શૈય્યાપાલ શિક્ષા ભોગવતો મરણ પામ્યો. વાસુદેવે મહા પાપ કર્યું. કાળની કિતાબે તેમનું તે પાપ નોંધાયું. તેનો જવાબ કાળ તેમની પાસે માગે તે બીલકુલ વ્યાજબી હતું. અને એક દિવસે જવાબ આપવાનું તેમના માટે કાળે તેજ સમયે નક્કી કરી લીધું.

**વાસુદેવનું અસમાધિમય મૃત્યુ:**—કાળનો પ્રવાહ અવિરત ગતિએ વહે છે. તે વૃદ્ધ છતાં સદા યુવાન જ રહે છે. * બાલ્ય, યૌવન ને જરા એ ત્રણેય સ્થિતિઓથી તે પર છે. તેમાં જે જે આવે તેને તે ત્રણેય સ્થિતિઓમાંથી પસાર થવું પડે છે. ત્રિપૃષ્ટ વાસુદેવ પણ જરાવસ્થાને જીર્ણ–શીર્ણ કાંઠે આવી ઊભા હતા. આત્માના પૂર્ણોદય આડે, આ જન્મે પણ તેમણે અનેક દિવાલો ઊભી કરી હતી. કરેલા અશુભ કર્મોનું સ્મરણ તેમને જંપવા દેતું નહતું. તેઓ વાસુદેવ હતા. ૩૨ હજાર યૌવન રૂપસંપન્ન રમાઓના સ્વામી હતા. છતાં આજે તેમને હાથે કરેલા હૈયે વાગતાં હતાં. તેમાંથી કોઈ અનુભવી વૈદ્ય પણ તેમને મુક્ત ન કરી શકયો. અને વાસુદેવ ભવનું આયુષ્ય પૂર્ણ થયે પલકમાં તેઓ અન્ય આલમમાં વિદાય થયા. કર્મોના અવનત પ્રવાહે તેમને નરકના નીચા પ્રદેશના સાતમા ભવનમાં દાખલ કર્યા. તે નરકભવનનું નામ અપ્રતિષ્ઠાન **ઓગણીસમો ભવ** તેમને ત્યાં ગાળવો પડયો. વાસુદેવ હો કે ચક્રવર્તી–કર્મ કોઈને ય છોડતું નથી. ×

આ ભરતક્ષેત્રે આ ચોવીસીમાં નીચે પ્રમાણે નવ વાસુદેવો ઉત્પન્ન થયા છે.

એવો નિયમ હોય છે કે ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળભદ્ર થાય છે વળી દરેક પોતાના નંબર પ્રમાણે સમકાલીનપણે

---

* 'Time is ever old yet new' Rabindranath Tagore.

× Man has no fate except past deeds. ( Light of Asia )

વર્તે છે. દરેક બળભદ્ર તે તે વાસુદેવનો ભાઇ કે નજીકનો પિત્રાઇ હોય છે તેમજ પ્રતિવાસુદેવનું મરણ વાસુદેવના હાથે જ થાય છે.

( ૧ ) ત્રિપૃષ્ટ વાસુદેવ; અગ્યારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ પ્રભુના સમયમાં.

( ૨ ) દ્વિપૃષ્ટ વાસુદેવ; બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામીના સમય દરમ્યાન.

( ૩ ) શ્રી સ્વયંભૂ; તેરમા તીર્થપતિ વિમલનાથ સ્વામીના વખતમાં.

( ૪ ) પુરુષોત્તમ વાસુદેવ; ચૌદમા અનંતનાથ પ્રભુના સમયમાં.

( ૫ ) પુરુષસિંહ; પંદરમા ધર્મનાથ સ્વામીના વખતમાં.

( ૬ ) પુંડરિક નામે વાસુદેવ; અઢારમા અરનાથ પ્રભુના વખતમાં.

( ૭ ) શ્રી દત્ત નામે વાસુદેવ; ઓગણીસમા મલ્લીનાથ પ્રભુના સમયમાં.

( ૮ ) લક્ષ્મણ વાસુદેવ; વીસમા મુનિસુવ્રત પ્રભુના સમયમાં.

( ૯ ) શ્રી કૃષ્ણ વાસુદેવ; બાવીસમા શ્રી નેમિનાથ પ્રભુના વખતમાં.

## પ્રકરણ ત્રીજું

## ત્રેવીસમો ભવ : પ્રિયમિત્ર

**સારઃ—ભવભ્રમણ, જન્મ, ચક્રવર્તીત્વ સ્થાપવું. નગરમાં પોટ્ટિલાચાર્યનું શુભાગમન, ઉપદેશ શ્રવણ. ચારિત્રધર્મ અંગિકાર કરવો. સમાધિમય, દેહવિલય વગેરે આ ત્રેવીસમા ભવમાં ખાસ મુદ્દાઓ છે.**

**ભવભ્રમણ:** નરકના સાતમા ભવનનો નિવાસકાળ સમાપ્ત થતાં, **વીસમા જીવન**–સોપાને આત્માનું ભવ્યાભવ્યત્વ સિંહના ખોળિયે ઢળ્યું. વીસમા ભવમાં અનેકવિધ અંતરાયોનું ધુમ્મસ ઉડાડી, નરકના ચોથા ભવને **એકવીસમું** પગથિયું દેહ ટેકવવા મળ્યું. ભવભ્રમણા તે આનું નામ ! એક જીવને રંક, બીજા જીવને રાય એકવીસમો ભવ પૂર્ણ થતાં **બાવીસમું** જીવન–સોપાન અનેકવિધ જન્માંતરો બાદ–રાજકુમારની પાટે મળ્યું. વિમલકુમાર નામે તેઓ ઓળખાવા લાગ્યા. પ્રિયમિત્ર તેમના પિતા, વિમલાદેવી માતા. કુમાર લાયક થતાં નૃપતિએ તેને રાજ્યતખ્ત પર બેસાડ્યો અને પોતે અલક્ષ્ય શોધની દિશામાં ચાલી નીકળ્યા. વિમલકુમાર રાજા થયો. અહિંસાનો અમરધ્વનિ * તેની

---

* Do to others, which ye would have do to you. Do unto others as you would be **done** by. Kill not, cause no death. ( ભગવાન બુદ્ધ )

રગે રગમાં સ્ફુરવા લાગ્યો. પ્રાણીમાત્રના રક્ષણને તે પોતાની જવાબદારી સમજીને વર્તવા લાગ્યો. તેના આ ભવ્ય ભાવપ્રકાશની જ્યોત દૂર-દૂરના તિમિરલીંપ્યા તેના જીવન સોપાનોને અજવાળવા લાગી. તે એકદમ સરળ સ્વભાવી બન્યો, અને ઉત્તરકાળમાં ઉજળા સાધુત્વનો સ્વીકાર કર્યો. એક માસના અનશનને * અંતે તેમનું જીર્ણ કલેવર ઢળી પડ્યું.

**જન્મઃ**—અનશનને અંતે વછૂટેલો તિમિરવેરી આત્મા-મુકાપુરીના રાજભવનને શયનમંદિરે-ધારિણીદેવીના ગર્ભમાં સ્થાન પામ્યો. તે જ સમયે રાણીએ ચૌદ સુંદર સ્વપ્નો જોયાં. જે મહાદેવી ચૌદ મહા સ્વપ્નો જોવા પામે, × તેને આંગણે અવશ્યમેવ રત્ન સ્વરૂપ ચક્રવર્તી કુમાર યા પતિતપાવન પરમેશ્વરત્વનો અંશ પ્રગટ થાય. પૂર્ણ માસે માતાએ પુત્ર રત્નનો જન્મ આપ્યો. પિતાએ તેનો જન્મમહોત્સવ કર્યો અને પ્રિયમિત્ર નામ પાડયું, પકવ વયે રાજા આત્માના અનંત પ્રકાશની ગલીઓની શોધમાં નીકળ્યા, કુમારને રાજ્યકારભાર સોંપ્યો.

**ચક્રવર્તીપણું સ્થાપવું**:—રાજ્યાસન પર આરૂઢ થતાં વેંત જ પ્રિયમિત્ર રાજાને ચૌદ મહારત્નો + આવી મળ્યાં, ઉક્ત મહારત્નો ચક્રવર્તીના આત્મપ્રકાશે તેની હૂંફમાં જ રહી શકે છે, અન્ય કોઈ પદવીધારીને ચૌદેય મહા રત્નો નથી સાંપડતાં રત્નો સાંપડયા બાદ રાજા

---

* અનશન એટલે સર્વ પ્રકારના ભોજ્ય પદાર્થોનો ત્યાગ કરીને આત્માના સર્વવ્યાપી પ્રકાશના અવલંબને શરીરને ટકે ત્યાં સુધી ટકાવવું તે; જ્યારે આપઘાત એટલે અકાળે જીવનનો અંત આણવો. (આ પ્રમાણે અનશન અને આપઘાતનો તફાવત સમજવો)

× પૃ. ૨૭ ટી. નં. * જુઓ.

+ ૧૪ રત્નોનાં નામ:—સેનાપતિ-ગાથાપતિ-પુરોહિત-અશ્વ-વાર્ધકિ-ગજ-સ્ત્રી-છત્ર-ચક્ર-ચર્મ-મણિ-કાકિણી-ખડ્ગ અને દંડ.

વિજય યાત્રાએ નીકળ્યો. ષટ્ખંડ પૃથ્વીના મુખ્ય મુખ્ય રાજવિઓને તેણે પોતાની આણ નીચે આણ્યા. વિજયયાત્રાને સમયે તે અશ્વ પર આરૂઢ થતો, ચક્રનો પ્રકાશ ત્રણે ય લોકમાં તેના ચક્રવર્તીત્વનો ઘોષ જગવતો. આજનો આ ચક્રવર્તી, જીવનનાં બે-ચાર પગથિયાં ટપી જવાતાં, ત્રણે ય લોકના ચક્રવર્તીત્વને બદલે–ઉચ્ચ, નીચ ને મધ્યમની બનેલી દુનિયાનાં માનસ પર આત્મસ્વામીત્વનાં અજબ જાદુ જમાવશે! ધીમે-ધીમે સર્વ ખંડોમાં તેની આણ વર્તાવા લાગી. એકી અવાજે તે ચક્રવર્તી જાહેર થયો.

**પોટિલાચાર્યનું શુભાગમન:**—ચંદન કોર્યા ભવનને બારણે ચક્રવર્તી ઊભા હતા. રાજભવન ભવ્ય અને ઊંચો હતો. ચક્રવર્તી મુકા-નગરીની લીલી–પીળી બજારોમાં નયન દોડાવતા હતા. રમતી–રમતી તેમની આંખો નગરના મુખ્ય ઉદ્યાનમાં જઇ ઠરી. ત્યાં લોકોની ઠઠ જામી હતી, છતાં વાતાવરણ શાંત અને સંયમરસભીનું હતું. ચક્રવર્તીએ ખબર કઢાવી, 'ત્યાં શું છે?' સમાચાર મળ્યા, 'શાંત સાધુ મહા-રાજને પૂજવા લોકો એકત્ર થયા છે.' રસાલા સહિત પ્રિયમિત્ર ચક્ર-વર્તી આચાર્યદેવના વંદને ચાલ્યો. ચક્રવર્તીની સર્વ સમૃદ્ધિઓ કરતાં, તેને તે નિર્મોહી સાધુજનમાં કંઇક વિશેષ જણાયું; અન્યથા ખટ્ખંડનો સ્વામી એક માનવીને ચરણે પડે? આચાર્યદેવને વંદી તે યથાસ્થાને ગોઠવાઇ ગયો.

**ઉપદેશ શ્રવણ:**—પોટિલાચાર્યે ઉપદેશ–ધારા બહાવી. 'દેહના મોહે આત્માની વિશ્વવ્યાપી પ્રતિમાથી વંચિત રહેનો માનવી સ્વયં નિજનો શત્રુ બને છે. મળેલા દેહને વિશ્વના દેહધર્મોમાં વહેતો કરી આત્માના પ્રકાશ વડે, નિર્મળ જ્ઞાનની નજીક બેસવાના પ્રયાસો નહિ આદરતો જીવ, મળેલા જીવનઝરણને અરણ્ય પન્થે વાળી મૂકે છે. આત્મધર્મ સમજવા જિનધર્મના સાર વચનો અંગીકાર કરો. શ્રદ્ધા વડે ગુરુ–દેવને જ્ઞાનને પૂજતા બનો. તમે જેમને તમારાં માનો છો એ

આખર સુધી તમારા નહિ રહે. દેહની વધુ પડતી મમતાને મસળી નાખો, આત્મા વડે આત્માની વધુ સમીપતર થાઓ. મન-વચન ને શરીરને સત્કાર્ય-પન્થે વાળી, આત્માના અજવાળાં પામો. મળેલો મનુષ્યભવ વૃથા ન ગમાવો."

**ચારિત્રધર્મ અંગીકાર કરવો:**—ચક્રવર્તી ઉપદેશ રંગે રંગાયા. તેમની આત્મપ્રતિભા સાંસારિક સ્થૂલ ઉપભોગથી પર બનવાને તેમને પ્રેરવા લાગી. તે જ ક્ષણે તેમણે રાજ્યપાટ પાટવી કુમારને સોંપ્યું, ને પોતે આચાર્ય પાસે દીક્ષા લીધી; આત્માના આત્મેશ્વરની શોધનો કપરો, છતાં કલ્યાણરંગી માર્ગ સ્વીકાર્યો. ચારિત્રમાં તેઓ દૃઢ બન્યા, ઉગ્રપણે તપવડે શરીરને તપાવવા લાગ્યા. છેવટે શરીર હાર્યું, આત્માનો પ્રકાશ નિર્મલ બનવા લાગ્યો. શરીર પડતાં શુક્ર દેવલોકે તેઓ દેવતા બન્યા. તે તેમનો **ચોવીસમો** જીવનસ્થંભ.

## પચીસમો ભવ : નંદન રાજા

**સાર:—જન્મ, રાજ્યારોહણ. દીક્ષા. ધ્યાનના પ્રકાર. વીશસ્થાપક પદની આરાધના, તેનું સ્વરૂપ. તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરવું. ભવોની ભવ્યતા. આ ભવમાં ઘણી ઘણી સુંદર વાતોના તાણાવાણા જરકસી જામાની જેમ ગુંથાયલા જોઇ શકશો.**

**જન્મ:**—દેવલોકનાં દિવ્ય સુખ-વૈભવ ભોગવી ત્યાંનું આયુષ્ય પૂરૂં કરી અનુપમ આત્મસ્વામીનો આત્મ-તારલો. છત્રાનગરીની રાજરાણી ભદ્રાના કુક્ષીમાં પુત્ર તરીકે પ્રવેશ્યો. પૂરા માસે જિતશત્રુ રાજાને આંગણે પુત્ર જન્મ થયો. ભદ્રા રાણી ઘણો હર્ષ પામી. બાલ્યકાળ

ખેલમાં પૂરો થતાં કુમાર યુવાન બન્યા. રાજાએ તેમને ક્ષત્રિયકુમારને છાજતી સર્વ કળાઓમાં નિપુણ બનાવ્યા.

**રાજ્યારોહણ**:—તે સમયમાં રાજ્યારોહણ સમયે પ્રત્યેક નાગરિક પોતાનો નિર્બંધ-અભિપ્રાય આપતો, 'કે રાજ્યની લગામ પકડવાની યોગ્યતા આરૂઢ થનાર કુમારમાં છે કે નહિ.' અને પ્રજાજનોની સંપૂર્ણ સમ્મતિ બાદ રાજ્યાભિષેક વિધિ થતો; નંદનકુમારને આજ રીત પ્રમાણે રાજ્યાભિષેક કરવામાં આવ્યો. જિતશત્રુ રાજાને કુમારની સર્વ પ્રકારની રાજકાજ સંભાળવાની તીવ્રતાનો ખ્યાલ આવી જતાં તેમણે આત્મસાધનાનો શુભ માર્ગ સ્વીકાર્યો. નંદનરાજા ન્યાયપૂર્વક રાજકાજ સંભાળવા લાગ્યા. તેમના અંતરમાં પ્રજાના ઉત્કર્ષની જેવી નિર્મળ ભાવના હતી, તે જ પ્રકારની નિર્મળ ભાવના પ્રજાજનો પોતાના રાજવી તરફ દર્શાવતા હતા. રાજાપ્રજાનો સંબંધ અતૂટ અને અવિચ્છિન્ન હતો. કારણ કે રાજાને પ્રજાને ભોગે તિજોરીઓ ભરવી નહોતી, અને પ્રજાને રાજ્યના અહિતનું એક પણ કારણ ઊભું કરવાનું સ્વપ્ને પણ યાદ આવતું નહોતું. રાજા જે બોલતો તે પ્રજા એકી અવાજે ઝીલી લેતી, પ્રજાના અવાજને રાજા સદા સન્માનતો. એક-બીજાને લૂંટવાની અમાનુષી ભાવનાના કાદવ ખરડયા પન્થથી ઊંચે, સમભાવ ને સ્નેહના પ્રસંગે સ્વહિત બલિદાન માગી લેતા—પન્થે ચાલ્યા જનારા માનવસમુદાયમાં કોઇ કાળે વેર-ઝેરનાં પૂર પ્રસરતાં જ નથી.

**દીક્ષા**:—ઘણા સમય સુધી નંદનરાજાએ રાજવીપદ ધારી રાખ્યું. પણ તે પદની આસપાસ છવાયલી આછી તિમિર-લકીરોને દૂર કરવાનું સામર્થ્ય તેમને પોતાના રાજા તરીકેના પ્રભાવમાં ન દેખાયું, અને તેમણે-ઉચ્ચ આધ્યત્મ-સામ્રાજ્યના ભૂપાળ બનવા માટે-દીક્ષા અંગીકાર કરી. સંયમ ને તપના બાંધ્યા પ્રશાન્ત રસ્તે તેઓ વિચરવા લાગ્યા. સૂર્ય-કિરણથી યે નાજુક અહિંસાની દોર પર તેમણે મુકિતપુરીનો-રાજ્યમાર્ગ બાંધ્યો. ગામ, નગર ને જંગલમાં તેઓ નિર્ભયપણે

ફરવા લાગ્યા. પ્રતિપળે તેમનું મુખારવિંદ–" શિવમસ્તુ સર્વજગતઃ"ની સર્વોચ્ચ નિર્મલ ભાવનાથી ઝળકતું રહેતું. તેમની આસપાસ અશુભનું લેશ ધ્યાન ન પડયું, તેઓ પોતે અશુભ ધ્યાનથી ઘણે ઊંચે ઊડતા રહેતા.

**ધ્યાનના પ્રકાર**:—ધ્યાનના ચાર પ્રકાર. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન ને શુકલધ્યાન. તેમાં પ્રથમનાં બે અહિતકર અને અશુભ છે. આર્તધ્યાન * આત્માની સંયમ શિલાને ડગમગતી કરી મૂકે છે, રૌદ્રધ્યાન અહિંસાના વિશ્વવ્યાપી શાન્ત પારાવારમાં કાંકરો નાંખી અશાંતિની ઊર્મિઓ પેદા કરે છે. જ્યારે ધર્મધ્યાન સત્યપન્થથી ગબડતા માનવીને આંગળી ઝાલી બચાવી રાખે છે, અને શુકલધ્યાન તે માનવશરીરની અંદર અને આસપાસ એકજ નિર્મલ જ્ઞાનપ્રકાશનું અખંડ ઝરણું જન્માવે છે. ધ્યાન એટલે ધ્યાવું તે. ધર્મને ધ્યાવીએ તે ધર્મધ્યાન. રુદ્ર સ્વરૂપમાં રમતા થઈએ તે રૌદ્રધ્યાન. સર્વોચ્ચ ને શુભ્રવર્ણ ધ્યાન શુકલ ધ્યાન છે. પ્રતિપળે અખિલાનંદે તરતો ભવ્યાત્મા તે ધ્યાયને ઉત્તુંગ શિખરે જઈ શકે છે. નંદનમુનિ સદા ઉકત શુકલધ્યાનમાં વર્તતા. તેમની દષ્ટિ સદા નાસિકાગ્રે સ્થિર રહેતી. તેમની ચાલમાંથી અહિંસાનો રસ ઝરતો. બોલતા ત્યારે આત્માનંદના અજવાળાં ફેલાતાં. ક્રમશઃ તેઓ તપમાં આગળ વધ્યા. વીશ સ્થાનક પદનું આરાધન કર્યું. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) **અરિહંતપદ**--એટલે શ્રી અરિહંત ભગવંતની સર્વ પ્રકારે નિર્મળ ચિત્તપૂર્વક ભકિત કરવી, તેમજ સર્વકાળમાં તેમના સ્વરૂપમાં રમમાણ રહેવું. આ પહેલું પદ. એક એક પદે પગ ટેકવતાં આત્માની અમૃત– પોયણીઓ ઊઘડતી થાય.

(૨) **સિદ્ધપદ**—સકલ કર્મના ક્ષયના અંતે સિદ્ધ બનેલા પરમા-

* શોક દર્શાવતું; દ્વેષ વૈર દર્શાવતું.

ત્માનું સર્વ પ્રકારે ધ્યાન ધરવું, તેઓ જે પદને પામ્યા હોય તે પદને યોગ્ય નિજના આત્માને ઘડવો.

(૩) **પ્રવચન પદ**—જીનાજ્ઞાપાલક ચતુર્વિધ સંઘનું બહુમાન કરવું. માનવતાની સેવામાં આત્માનો માનવ્ય પ્રકાશ ખીલવવો.

(૪) **આચાર્ય પદ**–આચાર્યના છત્રીસ ગુણોએ યુકત * આચાર્ય મહારાજની ભાવપૂર્વક ભક્તિ કરવી. પોતાને અલ્પ સમજી શ્રેષ્ઠ પુરુષોની સેવાવડે નિજને ધન્ય બનાવવો.

(૫) **સ્થવિર પદ**—અસદ્ માર્ગસ્થિત જનોને સત્માર્ગમાં સ્થિત કરે–સ્થાપે તે સ્થવિર, તેમની ભકિત, બહુમાન કરવું તે.

(૬) **ઉપાધ્યાય પદ**—નિરંતર સમતાપૂર્વક વર્તતા તેમજ સાધુ સમુદાયને સૂત્રાર્થનું દાન આપતા ઉપાધ્યાય મહારાજની ભકિત આત્મામાં સમતાનાં ઝરણાં પ્રગટાવે છે.

(૪) **સાધુપદ**—સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્રનું પાલન કરે તે સાધુ. તેમની ભકિતના યોગે આત્મામાં તેમની જેમ દિવ્ય જ્ઞાનનો ભાસ્કર ઝળકતો થાય.

(૮) **જ્ઞાનપદ**—સર્વજ્ઞપ્રણીત જ્ઞાનની સેવા કરવી, જેથી જ્ઞાનાવરણીય કર્મ ( જ્ઞાનના દિવ્ય પ્રકાશને અવરોધતું બળ )નો નાશ થાય.

(૯) **દર્શનપદ**—શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મમાં જાગૃત

* આચાર્યના છત્રીસ ગુણો–પાંચ ઇન્દ્રિયોના વિષયોને રોકવી તે પાંચ ગુણો. નવ પ્રકારની બ્રહ્મચર્યની સીમામાં વર્તવું તે નવ ગુણો. ચાર કષાયથી મુકત રહેવું તે ચાર ગુણો. પાંચ મહાવ્રતનું પાલન કરવું. પાંચ પ્રકારના આચાર પાળવામાં યુક્ત રહેવું. પાંચ સમિતિને ત્રણ ગુપ્તિને ધારવું. આ પ્રમાણે ૫ + ૯ + ૪ + ૫ + ૫ + ૫ + ૩; કુલ છત્રીસ ગુણો આચાર્યના.

રહેવું; તેમ કરવાથી આત્માને સ્થિતિ મળે, અને મુક્તિમાર્ગ સરળ બને.

(૧૦) **વિનય પદ**—સર્વ ગુણોનું મૂલ વિનય છે, તેથી આત્માને સીધો રસ્તો જડે.

(૧૧) **ચારિત્ર પદ**—સમતા રસમાં ઝીલવાથી તેમ જ દિવસ-રાત દરમ્યાન થતાં પાપથી પ્રત્યાક્રમણ કરવાથી આ પદના આત્મ-કુંડમાં ઝીલીને નિર્મળ બનાય.

(૧૨) **બ્રહ્મચર્ય પદ**—બ્રહ્મચર્ય એટલે શીલ, આ પદની સેવા વડે આત્માની સાહજિક શકિત ખીલે.

(૧૩) **શુભધ્યાન પદ**—કર્મરૂપ કાષ્ટને બાળવા માટે આ ધ્યાન-પદ અગ્નિ સમાન છે જે આગળ જણાવાઇ ગયું છે.

૧૪) **તપપદ**—કર્મના રજકણોને તપાવી આત્માથી વેગળા કરવામાં તપ મહા સમર્થ નીવડે છે, જે આગળ કહેવાઇ ગયું છે.

(૧૫) **સુપાત્રદાન પદ**—અભયદાન સર્વોત્કૃષ્ટ ગણાય. દાન વડે આત્માનો વ્યાપક ધર્મ ખીલે, તેના પ્રકારનું વર્ણન આગળ થઇ ગયું છે.

(૧૬) **વૈયાવૃત્ય પદ**—અંદર-બહારના 'અહં' 'સ્વાર્થ'ને નિર્મૂળ કરવા આ પદનું આરાધન કરાય.

(૧૭) **સમાધિ ઉત્થાન પદ**—સર્વ કાળે સમભાવમાં રહેવું, આત્માની આસપાસ અસમાધિમય ઊર્મિઓને ન આવવા દેવી.

(૧૮) **અભિનવ જ્ઞાન પદ**—નિત્ય નવીન ધર્મશાસ્ત્રોના અભ્યાસ વડે તત્ત્વાતત્ત્વનું સૂક્ષ્મ જ્ઞાન સંપાદન કરવું તે.

(૧૯) **શ્રુતભક્તિપદ**—શ્રુતજ્ઞાન એ જિનેન્દ્રનાં વચનામૃતો. તેના ઉપયોગપૂર્વક યથાર્થ અર્થ કરી આત્માને સરળદર્શી બનાવવો.

(૨૦) **શ્રી તીર્થંપ્રભાવના પદ**—જેનાથી તરાય તે તીર્થ, સર્વ રીતે શાસનસેવા બજાવવી.

વીશ સ્થાનક પદનું આ સામાન્ય સ્વરૂપ છે.* નંદનમુનિ ઉક્ત વીશેય સ્થાનકોની વિધિપૂર્વકની આરાધના કરી ચૂકયા હતા. જેથી તેમનો આત્મા અનુપમ તેજોમયતા અનુભવવાની સાથે તીર્થંકર નામ કર્મના સ્થાનને આકર્ષી શકયો હતો. અંતકાળે સરળ ભાવપૂર્વક સર્વ જીવોની સાથે ક્ષમાપનાની આપ—લે કરી તેમણે નશ્વર દેહ તજયો અને **છવ્વીસમા** જીવનમાં પ્રાણુંત નામના દશમા દેવલોકમાં પુષ્પોત્તર વિમાનમાં વીશ સાગરોપમના આયુષ્યથી દેવપણે ઉત્પન્ન થયા.

**ભવોની ભવ્યતા:**—ભવ એટલે નૂતન જન્મ. પહેલા ભવે નયસાર અને પછી ઉત્તરોત્તર ભવપરંપરા વધતી ચાલી. ત્રિભુવનના ખૂણે-ખૂણે જન્મ લેવો પડયો. વિશ્વમાં જેમ જેમ આત્માનાં અમળ કિરણો પથરાય તેમ તેમ આપણા આગામી ભવોને માટે તેટલી જગ્યા તેજ વડે પૂરાય અને બાકીની જગ્યાને, આત્માના અદ્દભુત અનુપમ સ્નેહલાવણ્ય વડે પૂરવા માટે આપણે જન્મ લેવો પડે. શ્રી મહાવીરને આ સંસારમાં લાંબો કાળ સુધી ભમવું પડ્યું, કારણ કે તેમના વડે તેમને મળતા નૂતન જન્મોમાં તે પ્રમાણે વર્તાયલું, કે જેના કારણને જીવંત રાખવા માટે તેઓ જન્મને મંડપે પ્રગટ થતા. ૨૫ મા ભવે તેમણે વિશ્વનો મોટો ભાગ સ્વાત્મપ્રકાશ વડે રોકી લીધો. અંત કાળે સ્વર્ગના ઉચ્ચ ભૂમિકાના રળીયામણા ભવનમાં તેમણે દેવ તરીકે જન્મ લીધો. સ્વર્ગ પણ તેમના નિરભિમાની દેવત્વને ઝાંખું પડયું. હવે તેમના

---

* જૈનદર્શન જેમ તીર્થંકર થનારને વીશ સ્થાનકો આરાધવાનું ફરમાવે છે, તેમ બૌદ્ધદર્શન બુદ્ધ થનારને દશ 'પારમિતાઓ' આરાધવાનું જણાવે છે. દશ પારમિતાનાં નામ દાન-શીલ-વૈરાગ્ય-પ્રજ્ઞા-વીર્ય-ક્ષાંતિ-સત્ય-અડગતા-મૈત્રી અને ઉપેક્ષા.

માટે ફક્ત એકાદ જન્મ અને સંપૂર્ણ આત્માજ્યોતિના વિસ્તારનો અણમોલ અવસર બાકી રહ્યો હોય એમ લાગે છે.

એકમાંથી બીજામાં, વળી ત્યાંથી ત્રીજે, પણ જ્યાં જ્યાં જઇ ઊભીએ, ત્યાં ત્યાં જો આત્માના અમૃતકણો પાથરતા રહીએ તો મુક્તિનો અવસર આપણા માટે તરત આવે; ભવી ભવ્ય છે. કારણ કે આપણી અભવ્યતાને ટાળવા માટે તેના સિવાય બીજો કોઇ ઉત્તમ રાહ જ નથી. ભવોનો પડદો સંકેલવા માટે આત્માનો સર્વવ્યાપી સાહજિક ગુણ બહાર પડવો જોઇએ. આત્મા જ્યાં સુધી અજવાળા વડે તિમિર બંદરો તે નહિ પૂરી શકે, ત્યાં સુધી તે બંદરે ભવોનાં જહાજ ઊતરતાં રહેશે.

# ખંડ—બીજો

## પ્રકરણ પહેલું

## રાજકુમાર : મહાવીર

**સારઃ—પ્રાણાંત દેવલોકથી ચ્યવન. દેવનંદાની કુક્ષીમાં પ્રવેશ, ત્યાંથી ત્રિશલાદેવીની કુક્ષીમાં સંક્રમણ. તેનું કારણ દેવીને આવેલા ચૌદ સ્વપ્નો. પ્રભુનો માતૃપ્રેમ, જન્મ તત્કાલિન પરિસ્થિતિ. મહાપુરુષોની જીવનમહત્તા. રખાયલું ' વર્ધમાન ' નામ. જન્મ કાળેજ પ્રાણી પોતાના અંતિમ આનંદ ધામને નથી પામી શકતો, તે માટે પુરુષાર્થ કરવો પડે છે. એટલે પ્રારંભમાં શ્રી વર્ધમાનને લૌકિક ક્ષેત્રે વિહરતા માનવી તરીકે વર્ણવીને તેમણે સાધેલા ક્રમિક વિકાસનો પદ્ધતિસર નિર્દેશ કરવામાં આવશે.**

**ચ્યવન અને સંક્રમણઃ**—પ્રાણાંત નામે દેવલોકનું વીસ સાગરોપમનું * આયુષ્ય પૂરું થતાં, થનાર અરિહંત શ્રી વીરનો જીવ.

* એક સાગરોપમ એટલે દશ કોટાકોટિ પલ્યોપમ. અને એક પલ્યોપમ એટલે એક યોજન પ્રમાણ લાંબા–પહોળા અને ઊંડા એક પલ્યમાં ( ઘડામાં ) ઠાંસી ઠાંસીને માથાના ઝીણા વાળ ભરવામાં આવે, ને સો–સો વર્ષે તેમાંથી એક વાળ કાઢતાં પલ્ય જ્યારે ખાલી થાય, ત્યારે એક પલ્યોપમ કાળ થાય. એવા દશ કોટાકોટિ પલ્યોપમનો એક સાગરોપમ થાય.

ત્યાંથી ચ્યવીને બ્રાહ્મણકુંડ નામે ગામના તત્ત્વજ્ઞ બ્રાહ્મણ ઋષભદત્તની દેવાનંદા નામે પ્રિયતમાના ઉદરમાં તીર્થંકરપણે ઉત્પન્ન થયો. તે અષાઢ સુદ છઠ્ઠની અંશતઃ અજવાળી રાતે દેવાનંદાએ ચૌદ સુંદર સ્વપ્નચિત્રો જોયાં, સ્વપ્નોને તેણે ભાવિના શુભની આગાહીરૂપ માન્યાં અને હર્ષાનંદપૂર્વક ગર્ભનું પોષણ કરવા લાગી. રત્નને અજવાળે જેમ તિમિર ભેદાય, તેમ ગર્ભસ્થ બાલરત્નના અલૌકિક આત્મ અજવાળે ઋષભદત્ત બ્રાહ્મણનું દારિદ્ય ભેદાઈ ગયું. તે અઢળક સંપત્તિનો માલિક બન્યો. કિંતુ ક્ષત્રિયકુળભૂષણ રત્નનો જન્મ બ્રાહ્મણ કુળમાં લગભગ અસંભવિત હતો. મહારત્નને પકવવાનું જે શારીરિક બંધારણ ક્ષાત્રતેજના તાણાવાણા વડે ગૂંથાયલી નારીનું હોય છે, તેવું બંધારણ બ્રાહ્મણકુળને સાંપડયું, કયાંય વાંચ્યું કે સાંભળ્યું નથી ? ને ગર્ભસ્થ બાળનો આત્મ-પ્રકાશ વધુ જોરપૂર્વક બહારની દુનિયાના વાતાવરણમાં તરતો થયો. તે પ્રકાશના આકર્ષણે એક દેવ તે બ્રાહ્મણને આંગણે આવ્યો. તેજસ્વી બાલ-દિવાકરનું તેણે ત્રિશલા નામે ક્ષત્રિયાણીની કુક્ષીમાં સંક્રમણ કર્યું અને ત્રિશલાદેવીના ગર્ભને જયણાપૂર્વક દેવાનંદાની કુક્ષીમાં મૂકી દીધો.

અનેકને આ સ્થળે શંકા ઉદ્ભવશે કે 'ગર્ભમાંના બાળકનું અપકવ ઋતુએ કઈ રીતે સંક્રમણ થતું હશે ? ગર્ભની અદલાબદલીની વાત કઈ રીતે માની શકાય ?' જે બનાવને માનવી પોતાની માનુષી-શક્તિ વડે માપી શકતો નથી. અને જે બનાવ તેને પોતાની તમામ પ્રકટ શક્તિઓની હદ બહારનો લાગે છે, તેને તે સદા શંકાની નજરે જ જૂએ છે. માનવી અલ્પ છે, તેની બુદ્ધિ પરિમિત છે, 'અહં' ને 'સ્વાર્થ'ના દુર્ગમ ડુંગરાની પાર તરતાં સત્યોથી તે અજ્ઞાન છે. આત્માની દુનિયાનાં અજવાળાં તેણે પીધાં નથી, અને તેથી તે આત્માને સામાન્ય એવા પ્રસંગોને પણ શંકાભરી આંખે જ વાંચે છે. શરીરની દુનિયા કરતાં આત્માની દુનિયાનું સામર્થ્ય અનેકગણું છે. શરીરવશ પ્રાણીને

તેનો મર્મ ન સમજાય એટલે કાંઇ તે નાબૂદ નથી થઇ જતું. સિંહણનું દૂધ પચાવનાર કોઇ ક્ષત્રિયાણીજાયો ન મળે એટલે સિંહણનું દૂધ અસત્ય નથી ઠરતું ? લગભગ આવો જ પ્રસંગ શ્રીકૃષ્ણના જન્મસમયે પણ બનેલો. જન્મકાળે શ્રીકૃષ્ણ પોતાના મામા કંસની જેલમાં હતા, પરન્તુ તેમના આત્મસામર્થ્ય સામે જેલના લોખંડી દરવાજાનું જડત્વ ઓગળી ગયું, અને ગોકુળનો તેમનો માર્ગ ચોકખો થયેલો. આમાં શંકા જેવું કાંઇ છે જ નહિ ! વિજ્ઞાનનાં જડ બળો આજે અનુપમ અખતરાઓ વડે આલમને અજાયબ કરી શકે છે તો પછી આત્માનાં અતૂલ બળની વાત જ ક્યાં ? તેવી રીતે શ્રી વીર સાડીબ્યાસી દિવસ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં રહેલા તેમાં ઐશ્વર્યના અંશ કરતાં કર્મના પ્રાબલ્યનું સત્ય જ વિશેષ છે.

ક્ષત્રિયકુંડપુર નામે રમણીય એક ગામ. કાશ્યપ ગોત્રીય સિદ્ધાર્થ ત્યાંના યશસ્વી ભૂપાળ. તેમને વાસિષ્ઠ ગોત્રની દેવાંગના તુલ્ય એક વામા. ત્રિશલાદેવી તેમનું નામ. ઉભયનો એકમેક પ્રત્યેનો અગાધ-અવિચ્છિન્ન સ્નેહ. વીતરાગ ધર્મ પ્રત્યેની નિર્મળ ઉભયની ભકિત. નિષ્પાપ અને પવિત્ર તેમનાં જીવન. તેમને શકિતના અવતાર સમો એક પુત્ર. નંદિવર્ધન તેનું નામ, અને રૂપગુણે અજોડ સુદર્શના નામે પુત્રી હતી. આશ્વિન કૃષ્ણ ત્રયોદશીની અંધારી રાતે, પોતાની કુક્ષીમાં પરમ પ્રતાપી આત્મા પ્રવેશતાંની વેળાએ ત્રિશલા ક્ષત્રિયાણીએ અલૌકિક કુળસૂચક ચૌદ સ્વપ્નો* જોયાં. સ્વપ્ન-ચિત્રોમાંથી ઝરતા અમૃત-પ્રકાશે તેમની મનોસૃષ્ટિમાં આનંદ જાગૃત થયો. તેમનાં અંગાંગમાં અનુપમ આનંદ પ્રસરી ગયો. હાથમાં રત્નજડિત સુવર્ણનું કોડિયું લઇ તેઓ મંદ ચાલે પ્રાણેશ્વરની પથારી પાસે ગયાં. હળવા હાથે પતિના શરીર

* ચૌદ સ્વપ્નોનાં નામઃ—હસ્તી-વૃષભ-સિંહ-લક્ષ્મીદેવી-પુષ્પમાળા-ચંદ્રમા-સૂર્ય-ધ્વજા-કળશ-સરોવર-સાગર-દેવવિમાન-રત્નરાશિ અને નિર્ધૂમ અગ્નિ.

પરનું ઓઢણુ દૂર કરી તેમને જગાડ્યા. શુભ સ્વપ્નાંની વાત જાણી સિદ્ધાર્થ રાજાએ યથામતિ તેના ગુણ વર્ણવ્યા.

નિર્મળ પ્રભાત પ્રગટ્યું કે તરત જ રાજાએ અનેક સ્વપ્નપાઠકોને પોતાને આંગણે તેડયા. રાણીને આવેલાં ચૌદ ઉત્તમ સ્વપ્નોની તેમને વાત કરી. તે સાંભળતાં જ સ્વપ્નપાઠકો ગંભીર બની ગયા. પ્રત્યેક સ્વપ્ન–ચિત્રનું ઉંડાણ તેમને અમાપ જણાયું. તેમણે અંદરોઅંદર સ્વપ્નફળનો હિસાબ ગણ્યો, ને પછી તેમનો મોવડી આગળ આવી રાજાને નમીને બોલ્યો ' હે ભૂપાળ ! સ્વપ્નો અતિ ઉત્તમ છે, તે સાથે સર્વોત્તમ પ્રકાશનો પુંજ તે સ્વપ્નોની આસપાસ ઝળકી રહ્યો છે. અમને દીપક જેવું સ્પષ્ટ જણાય છે કે તમારે મંદિરે સૂર્ય–ચન્દ્રની સમગ્ર કાન્તિના પ્રતીક તુલ્ય તેજસ્વી પુત્ર–રત્નનો–નવ માસ ને સાડાસાત દિવસ વ્યતીત થતાં–જન્મ થશે. તે પુત્રનું આનંદમય જીવન જીવમાત્રને આનંદના અમરપન્થનું દિગ્દર્શન કરાવશે, તેના પગલે–પગલે તિમિરના ખડકો તૂટી પડશે. ટૂંકમાં પુત્ર તમારો ત્રિલોકને વંદનીય થશે ' સ્વપ્નફળ સાંભળી ત્રિશલામાતા હર્ષ અનુભવી રહ્યાં, રાજાએ જ્યોતિષવેત્તાઓને યોગ્ય દાન પ્રદાન કરી માનપૂર્વક ઘેર પાછા મોકલ્યા.

**પ્રભુનો માતૃપ્રેમ**—ત્રિશલામાતા સુખપૂર્વક દિવસો ગાળે છે, સંભાળપૂર્વક ગર્ભસ્થ બાળનું પોષણ કરે છે. એક રાત્રે તે સૂતાં હતાં, તેવામાં તેમને અચાનક ધ્રાસકો પડ્યો, ગર્ભ હાલતોચાલતો ન જણાયો ! તેમનું વદન મ્લાન પડી ગયું. આંખોમાંથી અશ્રુનાં પૂર વહેવા લાગ્યાં. દુનિયાનાં સર્વ સુખ ગર્ભસ્થ બાળના અપહરણના ખ્યાલ સાથે તેમની નજરમાં તુચ્છ જણાયાં; કેટલો અગાધ-અસીમ–છે માતાનો પ્રેમ ! હજી બાળક ગર્ભમાં હતો, છતાં તેની નિશ્ચેષ્ટતાએ તેમને કેટલા વિવશ બનાવી દીધા. માતાનો જેટલો ગર્ભસ્થ બાળક પ્રતિ

સ્નેહ હતો, તેટલો જ બલ્કે તેથી વિશેષ સ્નેહ બાળકનો નિજ જનની પ્રત્યે હતો, અને માતા પ્રત્યેના સર્વોત્કૃષ્ટ સ્નેહને કારણે જ શ્રી પ્રભુ ગર્ભમાં સ્થિર થયા હતા. હલનચલન કરતાં તેમને એવો ખ્યાલ આવેલો કે, હું હાલુંચાલું તેથી માતાની પ્રકૃતિ અસ્વસ્થ બને, તેના કરતાં ગર્ભમાં શાંતપણે રહીને માતાની અસ્વસ્થતા શા માટે ન નિવારૂં ? પરન્તુ તેમનો આ ખ્યાલ ઊંધો પડેલો અને સંસારીને સહજ ચિન્તામાં આખું ય કુટુંબ ગરક બની ગયું. તે સમયે પ્રભુના દિવ્ય આત્માએ સંસારી જનોને સ્થૂલ દેહ તરફના રાગને તેમજ તેઓની પરતન્ત્રતાનો સાચો અભ્યાસ કરી લીધો. ગર્ભમાં રહીને જ તેમણે સંસારનો સાર વાંચી લીધો. લોકોત્તર પ્રકૃતિને સમજવાની તાકાતનું જડ પ્રેમી જનોનું તેમણે માપ કાઢી લીધું. ઉપરાંતમાં તેમને એ પણ સમજાયું કે મારા પ્રત્યેનો માતા-પિતાનો સ્નેહ અમાપ છે, હું તેમની હયાતિમાં સંસારથી નિરાળો નહિ પડી શકું અને ગર્ભમાં રહીને તેમણે-માતા-પિતાની હયાતિ દરમ્યાન જ્ઞાનમાર્ગે ન વિચરવાનું નક્કી કર્યું. ગર્ભમાં રહીને પ્રભુ બહારની દુનિયાને પણ જોઇ શકતા હતા. તેમનો દેહ કુદરતી નિયમાનુસાર ગર્ભમાં હતો, પરન્તુ આત્મા સર્વ લોકના આનંદપ્રકાશમાં સ્વતન્ત્રપણે રમતો હતો. વ્યક્તિ પ્રત્યેના સ્નેહમાં જેઓ પોતાના વ્યાપક સ્નેહને કેન્દ્રિત કરી નાખે છે, તેઓને તેમનો તે સ્નેહ-સ્નેહને નામે મોહમાં જકડી દે છે. માતા પુત્રને અવશ્ય ચાહે, પણ પુત્રને ચાહવાની સાથે દુનિયાના અન્ય બાળકોમાં નિજના માતૃત્વને વિકસતું ન કરે ત્યાં સુધી તે ચાહના નિર્મળ પ્રેમસ્વરૂપી ન બને. પ્રભુનો માતૃપ્રેમ નિર્મળ હતો, કારણ કે માતા તરફ તેમનો સ્નેહપ્રવાહ જે રીતે વહેતો હતો, તે રીત અખંડ સૃષ્ટિને નિજના સ્નેહમાં ભીંજવનારી હતી. અને તેથી તેમણે માતા-પિતાની હયાતિ દરમ્યાન તેમને ત્યજી ન જવું એવી પ્રતિજ્ઞા કરેલી, જે પ્રતિજ્ઞાનો સર્વસ્પર્શી ધ્વનિ તેમના સર્વજીવો પ્રત્યેના અખૂટ સ્નેહનો નિર્દેશ કરે છે. અન્યથા તેઓ એવા પ્રકારની પ્રતિજ્ઞા કરે જ શા માટે ? કુટુંબીજનોનો ચિંતાભાર દૂર કરવા માટે

બાળ-પ્રભુએ પોતાનું અંગ ફરકાવ્યું. ત્રિશલા માતાના જીવમાં જીવ આવ્યો, ગર્ભસ્થ બાળકની દુનિયામાં જઇ ચોંટેલું તેમનું મન-મનના ભવનમાં શાંત થયું. સર્વને તેમણે તે શુભ સમાચાર જણાવ્યા. કુટુંબ આખામાં આનંદનો પારાવાર ઉછળી રહ્યો. માતા શાંતિપૂર્વક ગર્ભનું પોષણ કરવા લાગ્યાં.

**પ્રભુનો જન્મ:**—વિક્રમાદિત્ય સંવત પૂર્વે ૫૪૩ ના (ઇ. સ. પૂર્વે ૫૯૯) ચૈત્ર સુદ તેરસની મધ્યરાત્રે-ત્રિશલા માતાની પુણ્યકુક્ષીથી લોકોત્તર પુરુષનો જન્મ થયો. એક ક્ષણવાર જગત આખું પ્રકાશમાન બની ગયું. દુનિયાના દુઃખીમાં દુઃખી જીવોએ પળનો દિવ્યાનંદ અનુભવ્યો, કારણ કે બાલપ્રભુનો આત્માનંદ સર્વવ્યાપી હતો, સર્વને તેઓ પોતામાં જોતા, તેમજ પોતાને સર્વમાં તરતા જોતા. જેનો જન્મ જગતને ક્ષણની શાંતિ પીરસી શક્યો, તેનું જીવન જગતના તિમિર-સ્થંભોને ઉખેડી દે તેમાં અતિશયોક્તિ જેવું શું ? સિદ્ધાર્થ રાજાના મંદિરે આનંદનો પ્રકાશ વહેવા લાગ્યો. પુત્ર-જન્મની વધાઇ આપવા આવનાર દાસીને રાજાએ મુગટ સિવાય સર્વ અલંકાર ઉતારી આપ્યા ને દાસત્વમાંથી મુક્ત કરી.

શ્રી વીરના જન્મકાલે સ્વર્ગપતિ ઇન્દ્રનું આસન ચલાયમાન થયું, તે ગભરાયો, તેને લાગ્યું કે મારાથી શક્તિમાં ચઢીઆતો કોઇ માનવ ત્રિભુવનમાં અવશ્ય પેદા થયો હોવો જોઇએ, કે જેના પુણ્ય-પ્રતાપની સર્વશ્રેષ્ઠતા મારા આસનને કંપાવી રહી છે. તેણે જ્ઞાનનો ઉપયોગ કર્યો, તો ક્ષત્રિયકુંડ ગામમાં લોકોત્તર પુરુષનો જન્મ થયાનો ખ્યાલ આવ્યો. તે સપરિવાર ત્યાં આવ્યો. ભક્તિભાવપૂર્વક પ્રભુની પૂજા કરી ને પછી અંગ-પ્રક્ષાલનવિધિ નિમિત્તે ઇન્દ્ર પ્રભુને મેરૂશિખરે લઇ ગયો, ત્યાં અનેક દેવો એક સાથે પ્રભુના નાજુક શરીર પર જળ-ધાર કરવા લાગ્યા. ઇન્દ્રે તેમને તેમ કરતા વારીને કહ્યું કે, "જળ-ધાર એક-એક વારે કરવી, એક સાથે તેમ કરવાથી પ્રભુને બાધા નડશે."

પ્રભુમાં નિર્મળ જ્ઞાન હતું, તે જ્ઞાનના નિર્મળ સરવરમાં ઇન્દ્રના શબ્દે ઊર્મિઓ જગાવી; પ્રભુએ તે જાણ્યું. અને ઇન્દ્રનો સંશય ટાળવા જ્ઞાનલીંપ્યા પાદાંગુષ્ટ વડે મેરૂને ચલાયમાન કર્યો. મેરૂ પર્વત હતો, જડ ને સ્થિર હતો, પ્રભુ પુરુષ હતા, ચેતનામય ને સર્વવ્યાપી તેમનો આત્મા હતો. "પ્રભુ" શબ્દાલેખનનો મર્મધ્વનિ એજ છે કે, જ્ઞાનની દિશામાં જેનો સર્વસુંદર ફાળો હોય, તે અન્ય સામાન્ય જનોના સ્વામી તરીકે, નાયક તરીકે, પ્રભુ તરીકે શોભી શકે. મેરૂ હાલતાં ઇન્દ્રનું હૈયું કંપ્યું, તેણે પ્રભુની ક્ષમા યાચી. બાળક છતાં આત્મા નિર્મળ અને અનાદિ હતો, ક્ષમા કે સજાના સર્વ ધર્મોની પાર તેમનું જ્ઞાન તરતું હતું.

રાજા સિદ્ધાર્થે પુત્રનો જન્મોત્સવ કર્યો. પૂરવાસીઓને મનગમતાં મિષ્ટાન્ન જમાડયાં. ગરીબોને અઢળક લક્ષ્મી વહેંચી; ગુન્હેગારોને તુરંગમુક્ત કર્યા. દશ દિવસ સુધી ગામ આખામાં આનંદ–પર્વ ઉજવાણું. જન્મને બારમે દિવસે રાજા સિદ્ધાર્થે પોતાને આંગણે અનેક કુટુંબીજનો, સ્નેહીઓ અને રાજપુરુષોને આમંત્ર્યા. સર્વને ઉત્તમ પ્રકારનાં સાત્વિક ભોજન જમાડી, પાન વસ્ત્ર અને અલંકારોથી સર્વનો સારો આદર સત્કાર કર્યો. પછી પોતાની ઇચ્છા વ્યકત કરતાં કહ્યું 'બંધુઓ, જ્યારથી આ સુલક્ષણો બાળક અમારા કુળમાં ઉત્પન્ન થયો છે, ત્યારથી અમારી કીર્તિ અને સંપત્તિ અઢળક બની રહી છે, અમને અણધાર્યો લાભ થાય છે, આ બાળકના પ્રભાવથી મારા રાજ્યની સર્વ પ્રકારે વૃદ્ધિ થઇ છે. માટે હું એનું 'વર્ધમાન' એવું ગુણયુક્ત નામ રાખું છું.'

**તત્કાલીન પરિસ્થિતિ:**—વર્ધમાનના જન્મકાલે ભારતવર્ષની આર્ય પ્રજામાં ધાર્મિક આડંબરોએ બહુ જ પ્રવેશ કર્યો હતો અને ધર્મનાં મૌલિક તત્ત્વો દિનપ્રતિદિન મિથ્યાડંબરના મેઘ તળે ઢંકાઇ રહ્યાં હતાં. આડંબરપૂર્ણ યજ્ઞક્રિયાઓમાં જ વૈદિક ધર્મની પરિસમાપ્તિ

મનાતી હતી. વૈદિક ધર્માચાર્યો પોતાની સત્તાના બળે અન્ય હલકી વર્ણોની સાથે મનગમતી રીતે વર્તતા હતા. આ વૈદિક ક્રિયાકાંડના યુગે જૈનધર્મની દિગંતવ્યાપી પ્રભાને ઢાંકી દીધી, ને તેના પરિણામસ્વરૂપ જૈનધર્મ અને પ્રજાની સ્થિતિ શોચનીય થઈ ગઇ હતી. જૈનધર્મનાં મૂળ તત્ત્વો ઉપર વૈદિક ધર્મક્રિયાઓની ઝડપી અસર થઇ રહી હતી. કયાંક કયાંક શ્રી પાર્શ્વનાથ પ્રભુના ઉગ્રવિહારી સાધુ મુનિરાજો પોતાના સદુપદેશથી જૈનધર્મની મૌલિકતાને ટકાવી રાખવાના પ્રયાસ કરતા જોવામાં આવતા હતા.

સમય ધર્મભાવનાનો હતો. પરંતુ તે ભાવના પ્રવાહને જીવંત રાખનાર ધર્મનાયકોની ખોટ હતી. પ્રજામાં શ્રદ્ધા, ધર્મ, સદનુષ્ઠાન વગેરે ધાર્મિક ભાવનાઓને સ્થાને અંવિશ્વાસ, હિંસા અને કુરુઢીઓનાં મૂળ ઊંડાં ઊતરતાં જતાં હતાં. આત્માની અમર કળાને ખીલવવાને બદલે વૈદિક ધર્માચાર્યો પોતપોતાના મત અનુસાર ક્ષણિક વાસનાઓના પોષણ અર્થે મથી રહ્યા હતા. ભારતવર્ષમાંથી આત્માનું આત્મત્વ અમરત્વ નાબુદ થઇ જાય એવો કપરો તે કાળ હતો.

પ્રજાનો ધાર્મિક વિકાસ જો કે રૂંધાયલો હતો, છતાં પણ તે સમયના રાજવીઓ પ્રજાની આબાદીને પોતાની આબાદીનું મૂળ કારણ માનતા હતા. તે સમયના અનેક ક્ષત્રિય રાજાઓ પ્રજાજનોની બુદ્ધિને વિકાસની તક આપી, પોતાના ઉપયોગમાં લેતા હતા. અંગ મગધ-વત્સ દશાર્ણ અવન્તી આદિ અનેક દેશના નૃપતિઓ પોતપોતાના રાજ્યમાં પ્રજાની અને પછી રાજ્યની આબાદી વધારવામાં સંતોષ લેખવતા હતા, પ્રજાને મનં રાજા એજ સર્વસ્વ હતું. દરેક દેશની પ્રજાઓ રાજાની આજ્ઞા ને ઈશ્વરાજ્ઞા તૂલ્ય સમજી અનુસરતી, રાજાઓ પણ પ્રજાની શક્તિને પારખી તેમને તે અનુસાર સત્તા આપતા હતા. પોતાના પ્રદેશને સુરક્ષિત બનાવવા માટે, પ્રજાવર્ગમાંથી ખાસ માણસોને પસંદ

કરી, રાજા તેમને તે તે પ્રદેશને કુલ સત્તા સોંપી દેતો. એકંદરે રાજા પ્રજાનાં મન એક હતાં. રાજા જ્યારે પોતાની પ્રજાને પરાયી ગણી તેનાથી દાવપેચ રમવાની શરૂઆત કરે છે, ત્યારે જ પ્રજાના દિલમાંથી તે પોતા પ્રત્યેનો પૂજ્યભાવ નાબૂદ કરાવી દે છે. પ્રજાને પોતાની સમજતો રાજા ધારે તે સમયે પ્રજાજનો પાસેથી આકરામાં આકરાં કાર્યો લઇ શકે છે.

પ્રજાનો એકપક્ષી વિકાસ પ્રાયઃ તેના વિનાશને જ નોતરે છે. અને તે પ્રમાણે તે સમયની પ્રજાઓ આત્માના ધર્મને ભૂલી શરીરના ક્ષણિક વૈભવોમાં મસ્ત બની હતી. ભારતવર્ષનો રૂંધાયલો આત્મા એના વિકાસને ઝંખતો હતો, પરંતુ પ્રતાપી ધર્મપ્રભુની અપેક્ષાએ તિમિર તોફાનો ચાલતા હતા. પશુ-પંખીની દુનિયા અભય વિહોણી બની ગઇ હતી. માનવી બહારની તાકાત પર ઝઝૂમી રહ્યો. આત્માની એની દુનિયાથી તે તદ્દન નિરાળો પડતો જતો હતો. વહેતી આવતી સંસ્કાર-સરિતાના જળને તે પોતાના અંગત સ્વાર્થને સંતોષવા પૂરતો જ ઉપયોગમાં લેતો હતો. દુનિયામાં તિમિરના ગોટેગોટ ફેલાતા જતા હતા, આધ્યાત્મિક પ્રદેશનાં અજવાળાં ઓસરી રહ્યાં હતાં, કયાંય આનંદની અમૃતસેરો ફુટતી ન્હોતી, તેવે સમયે ભારતવર્ષના ગૂજનમાં પ્રકાશ-રશ્મિઓ રેલાવતો બાળ વર્ધમાન જન્મ્યો.

વર્ધમાનની જન્મભૂમિ ક્ષત્રિયકુંડપુર ગ્રામ, તેનો રાજા સિદ્ધાર્થ ક્ષત્રિય. ક્ષાત્રયકુંડ પુરગ્રામ રાજ્ય તે સ્થળે ફકત ક્ષત્રિયો વસતા હોવાનો નિર્દેષ કરે છે. અને ઇતિહાસમાં પણ એવો જ ઉલ્લેખ મળી આવે છે બહુ પ્રાચીન સમયમાં ઇક્ષ્વાકુ રાજાના ભાઈ નભાગના પુત્ર વિશાળ રાજાએ વસાવેલી નગરી વૈશાલી ( વિશાલા ) તે સમયે લિચ્છવિઓની રાજધાની હતી. * તે નગરમાં કુંડપુર, બ્રાહ્મણ સંગ્રામ અને

* રામાયણ. મૂળ અ. ૪૫.

વાણિજ્યગ્રામ એ બે ત્રણ ઉપનગરોનો સમાવેશ થતો હતો; જેવી રીતે આજે અમદાવાદમાં મણિનગર-સાબરમતી વગેરે ગામોનો ઉપનગર તરીકે સમાવેશ થાય છે. તે કુંડપુરની ઉત્તરે ક્ષત્રિયોનો સંનિવેશ અને દક્ષિણે બ્રાહ્મણોનો સંનિવેશ હતો. એટલે શ્રી વર્ધમાનની જન્મભૂમિ ઉત્તર ક્ષત્રિય કુંડપુર સંનિવેશ નામે ઓળખાય છે, અને દક્ષિણના ઉપનગરને દક્ષિણ બ્રાહ્મણ કુંડપુર સંનિવેશ નામે ઓળખવામાં આવે છે. આ બે ઉપનગરોની જગાએ તેમજ વૈશાલી નગરીની જગાએ આજના બિહારના મુજફ્ફરપુર જિલ્લામાં બસાર-બાનીયા અને બસકુંડ નામે ગામો છે, બસાર વિશાલાને બદલે, બાનીયા, બ્રાહ્મણપુરને બદલે તથા બસકુંડ ક્ષત્રિયકુંડને સ્થળે છે. વૈશાલી ઉપરથી વર્ધમાનકુમાર 'વૈશાલિક' તરીકે જાણીતા થયેલા છે. વૈશાલીનો રાજા ચેટક હતો. આ પ્રદેશ રામસમયનો જનકની આણમાં કોઈ તેને વિદેહ દેશ અને ચેટકને જનક કહી શકાય છે તેમજ જનક ઉપરથી જાનકી અને વિદેહ ઉપરથી વૈદેહિનું ઉપનામ ત્રિશળાદેવી વૈદેહિક-વૈદેહિક તે નામ વર્ધમાનનું પણ યથાર્થ ગણાય. તિબેટની પરંપરામાં બુદ્ધકલિન વૈશાલીમાં સોનાના કલશવાળા ૭૦૦૦ ઘરો, રૂપાના ૧૪૦૦૦૦ તેમજ ત્રાંબાના ૨૧૦૦૦ ઘરોના ઉલ્લેખ મળી આવે છે, તે વખતના રાજાઓ લિચ્છવિજાતિના હતા અને લિચ્છવિ જાતિનો વંશ તરીકે ઉલ્લેખ ઈ. સ. ના ચોથા સકા સુધીમાં ગુપ્તવંશી ચંદ્રગુપ્તની ભાર્યા તે વંશની પુત્રી હોવાની મળે છે. જેથી ગુપ્તવંશી સમ્રાટ સમુદ્રગુપ્ત પોતાને બહુમાનપૂર્વક 'લિચ્છવિ દૌહિત્ર' તરીકે ઓળખાવે છે. અર્થાત્ તેની માતા કુમારદેવી લિચ્છવિ રાજકુમારી હતી.

**મહાપુરુષોની જીવન મહત્તા**-પૃથ્વી પર જ્યારે પાપાત્માઓ વધી પડે છે અને પુણ્યાત્માઓ તેમના વડે પીડાય છે, ત્યારે પુણ્યાત્માઓના સમગ્ર સ્નેહક્રંદનમાંથી ધરાતલે માનવશ્રેષ્ઠનું સર્જન થાય*

* જુઓ પૃ. ૩૪ ઉપરનો શ્લોક.

છે. જ્યારે માનવી પોતે વિશ્વના વ્યાપક ધર્મોથી નિરાળો બની, મનોકલ્પિત માર્ગગમન કરે છે. અને પોતાના લાભનો સ્વાર્થી બની, અન્યથી દૂર ને દૂર ભાગવાની સાથે, આત્માના અમર્યાદ સ્વરૂપને તિરોહિત કરી મૂકે છે ત્યારે તેની ગણના સામાન્ય પ્રકૃતિના માણસમાં જ થાય છે. અને જ્યારે તે ભલાઇમાં મોકળો બનવાને બદલે અન્યની બૂરાઇમાં મોટો થવા લલચાય છે, ત્યારે પાપાત્માનું કાળું કલંક તેને કપાળે ચોંટે છે. દુનિયામાં આવા સ્વાર્થવાંચ્છુ માનવોની સંખ્યાનું પ્રમાણ વધતાં, આત્માના મૂળભૂત ગુણો જડ દ્રવ્યોની સાથે અથડામણમાં આવે છે, તેમજ દુનિયાનો આત્મસ્નેહ, શરીરના સર્વ પ્રકારના આનંદમાં અટવાઈ જાય છે. શરીરના સર્વ ધર્મો ઉપરાંત માનવીને આત્માના ધર્મોનું પાલન કરવું પડે, તે સિવાય સંસાર એક કેદખાનાના સ્વરૂપમાં ફેરવાઇ જાય, સ્વાર્થીજનો તે કેદખાનાને આનંદભુવન માની શકે, કિન્તુ સુખદુ:ખથી પર રમતો આત્મપ્રેમી માનવસમુદાય તે ટાણે અકળાય, અકળામણમાંથી તેમની મુકિત કાજે તે સમયે કાળના ગર્ભમાં અનત્ય આત્મસ્વામીનું ઉતરાણ થાય. તે આત્મસ્વામી સર્વત્ર આત્માનો આનંદ અને તેના મૂળ લક્ષણોનો પ્રચાર કરે. મહાપુરુષ તે કહેવાય છે, જેની જાત દુનિયાના શરીર સાથે સંકળાઇને સમભાવે કામ કરે છે, જેનો આત્મા વિશ્વના આત્માની સમીપ રહીને વિશ્વમાં અજવાળું ફેલાવે છે. જેમ–જેમ શરીર પરથી આપણી નજર દૂરનાં શરીરો પર પડતી થાય, જાત કરતાં તે શરીરોનો ખ્યાલ કરતી થાય, આપણો આત્મા વિશ્વના સૌન્દર્યધામોનો રસિયો બને, તેમ–તેમ જીવનની મહત્તા આપણને સમજાતી જાય. જેઓનું આત્મ–શરીર જડ-શરીર કરતાં મોટું હોય તેને મહાપુરુષ કહેવાય, પછી તે જે કરે, તે પ્રત્યેક કાર્ય દુનિયાનાં શાશ્વત સત્યોને જીવંત ગતિ સમર્પનારૂં જ નીવડે. શ્રી વર્ધમાનકુમાર પણ આત્મ-શરીરે મોટા હતા, તેમનું સ્થૂલ શરીર નાનું હોવા છતાં, આત્માના મોટા શરીર વડે તેઓ જડ-દ્રવ્યપ્રેમી માનવોને પીગળાવી નાખતા. જે સમયે તેમનો જન્મ થયો,

તે સમયે નશ્વર-દેહના ગુણગાનનો હતો, અને તેમણે દેહના ગુણગાનમાં આત્માના અણમોલ સૂરો પૂર્યા.

**શંકાસ્પદ મુદ્દાઓ**:—ત્રિશલારાણીને સતી કહેવાય ? ગર્ભાવસ્થામાં પ્રાણીને જ્ઞાન સંભવે ? બાલ્યાવસ્થામાં પર્વતને ડોલાયમાન કોણ કરી શકે ? આ પ્રકરણમાં ઉક્ત મુદ્દાઓ ખાસ શંકાસ્પદ છે.

**ખુલાસો**:—ગર્ભ સંક્રમણથી ત્રિશલામાતાના સતીત્વને લેશ પણ બાધા આવતી નથી. ૮૩મા દિવસે ગર્ભપરિવર્તન થયું તે સમયે તે ગર્ભ **વીર્ય** સ્વરૂપ ન હતો તેમજ **શુક્ર** સ્વરૂપ પણ ન હતો અથવા બીજા કોઇ પણ **પ્રવાહી રૂપમાં** ન હતો. કિન્તુ છ પર્યાપ્તિપૂર્ણ પાંચ ઇન્દ્રિયોવાળા પિંડ જેવો સંક્રમણ કાર્ય હતો. ગર્ભ યોનિમાર્ગથી આવ્યો ન હતો, તથા સ્વેચ્છાપૂર્વક **કામ** પણ થયું ન હતું, પરન્તુ સર્વ કાર્ય ગર્ભસ્થ બાળની તેજસ્વિતાની ભીતરે રહીને દેવતાએ કર્યું હતું, એટલે ત્રિશલામાતા સર્વથા નિર્દોષ અને પવિત્ર ગણાય.

આજના વૈજ્ઞાનિક યુગના અતિશયોક્તિભર્યા પ્રયોગો જોતાં આત્માની અમર્યાદ પ્રતિભાના પ્રયોગો પ્રત્યે લેશ પણ શંકા દાખવવી તે અયુક્ત છે. થોડાંક વર્ષો પહેલાંનો દાખલો છે. એક અમેરિકન ડોક્ટરે એક ભાટિયા સ્ત્રીને પેટનું ઑપરેશન કર્યું હતું. શરૂઆતમાં ડોક્ટરે ગર્ભવતી બકરીના પેટને ચીરીને તેના બચ્ચાને વિજળીની પેટીમાં મૂકી દીધું, અને સ્ત્રીના પેટને ચીરી તેના બચ્ચાને બકરીના ગર્ભસ્થાનમાં મૂકી દીધું, પછી તે સ્ત્રીના પેટનું ઓપરેશન ચાલુ કર્યું; ઓપરેશન વિધિ પૂરી થતાં સ્ત્રીના બચ્ચાને બકરીના ગર્ભમાંથી લઇ, તેના ગર્ભમાં મૂકયું અને બકરીના બચ્ચાને વિજળીની પેટીમાંથી લઇ પાછું બકરીના પેટમાં મૂકયું. પછી બન્નેને ટાંકા લગાવી દીધા. સમય પાકયે તે બન્નેએ પોતપોતાના બચ્ચાને જન્મ આપ્યો. * વિજ્ઞાન જ્યારે

* જીવવિજ્ઞાન-ગુજરાત વર્નાકયુલર સોસાયટી પૃ. ૪૩.

આવા અસમાન પ્રયોગોમાં સફળતાપૂર્વક કામ કરી શકે છે, ત્યારે સર્વ પ્રયોગોથી ઉપર તરતા આત્માના આનંદને એકજ ઇસારે દુનિયાને અજાયબી પમાડે તેવાં અનંત કાર્યો થાય તો તેમાં નવાઈ જેવું શું ?

જુદા–જુદા પ્રાણીઓમાં ગર્ભવિકાસ કાળ જૂદો–જૂદો હોય છે. દેડકામાં–૧૫ દિવસ, સસલા અને ખીસકોલીમાં–પાંત્રીસ દિવસ, બિલાડીમાં–૫૫ દિવસ, કુતરામાં–૬૨ દિવસ, સિંહમાં ત્રણ મહિના, ડુક્કરમાં–ચાર મહિના, રીંછમાં–૭ મહિના, ગાયમાં–૯ માસ ૧૦ દિવસ, ઘોડામાં-૧૧ મહિના, હાથીમાં ૨૨ મહિના તેમજ મનુષ્ય ગર્ભનો વિકાસકાળ ૯ માસ ૧૦ દિવસનો છે.

ગર્ભ–પરિવર્તનના સર્વ કારણોના મૂળ કારણ તરીકે વર્ધમાન-કુમારનો તેમના જીવન–પ્રવાહને ત્રીજે ભવે કરેલો કૂળનો અણછાજતો મદ છે. તે મદે તેમને સામાન્ય ગોત્રમાં અમુક દિવસ રહેવાની ફરજ પાડેલી. ફરજ જેવું પણ ન જ ગણાય, કારણ કે જેટલા શ્વાસોચ્છ્વાસ અને ભાવમાં તેમણે ત્રીજા મરીચિ ભવે કુલમદ કરેલો, તેટલા શ્વાસો-ચ્છ્વાસ અને ભાવમાં તેમને આ જન્મે બ્રાહ્મણ માતાના ઉદરમાં રહેવું પડેલું.*

ગર્ભાવસ્થામાં જીવ આવે કયાંથી ? તે સમજાય તો તેને વરેલા

* " प्राज्यं कर्मान्यथा कर्तुंयद्वार्हन्तोऽपि नेसते ॥ " ત્રિ. શ. પુ. ચ. મૂળ શ્લો. ૧૧ સર્ગ બીજો.

" My brother, each man's life the outcome of his former living is,
The bygone wrongs bring forth sorrows and woes,
The bygone rights breeds bliss,
That which ye sow ye reap. "

( Light of Asia. P. 158 ).

જ્ઞાનાજ્ઞાનની ચર્ચા છેડી પડે. ગર્ભાવસ્થાના જ્ઞાનનું કારણ આત્માએ પૂર્વજન્મે કરેલાં દિવ્ય કર્મો છે. ભવોની પરંપરા વટાવી ત્રિશલામાતાના ગર્ભમાં આવતાં વર્ધમાનકુમારનો આત્મા ધવલ પ્રકાશથી શોભાયમાન બની ગયો હતો, તેમની આસપાસ કર્મની રજને બદલે આત્માનાં શ્વેત કિરણો હતાં. સંસારના સ્થૂલ પદાર્થોના ચિંતનને બદલે, સ્નેહ-આનંદ ને સૌન્દર્યના ફૂવારા ઉડતા હતા અને તેથી તેમનો આત્મ-પ્રકાશ ગર્ભની દિવાલોની બહાર પણ ઝળકતો હતો. સ્થૂલને બંધનો નડે છે, સૂક્ષ્મ સર્વવ્યાપી છે. ઇતિહાસમાં ગર્ભ–જ્ઞાન દાખલાઓ પણ મોજુદ છે.* અભિમન્યુ ઉપરાંત શુકદેવજીને પણ ગર્ભમાં ઘણાં શાસ્ત્રોનું જ્ઞાન હતું એમ કહેવાય છે. અને એ બરોબર છે. કારણ કે આત્મા અનાદિ હોય છે, તે જેમ–જેમ પ્રકાશમાં મોકળો થતો આવે, તેમ તેમ તેના આત્મા ઉપરનો શરીરના જડભાવોનો પ્રભાવ ઘટવા માંડે અને આત્માનું તેનું જ્ઞાન વધતું ચાલે, ગર્ભમાં હોતી વખતે પણ અમુક દિવસ પછી આત્માની સાથે આનંદના લોકની વાતો ગર્ભસ્થ બાળ કરી શકે છે. તેજ રીતે વર્ધમાનકુમારે ગર્ભમાં રહીને પોતાના જ્ઞાન વડે માતા–પિતાના પોતા તરફના સ્નેહનું દર્શન કરેલું અને માતા–પિતાના શોકને દૂર કરવા પોતાનું અંગ ફરકાવેલું. ઉઘડતી પોયણીને જેમ સૂર્યકિરણો સાથેના પોતાના સંપર્કનો ખ્યાલ હોવા ઉપરાંત પોતાના સુરભિ ફેલાવવાના ધર્મનો ખ્યાલ હોય છે અને તે તે પ્રમાણે સુરભિમય બનીને સુરભિ પ્રસરાવે છે, તેજ રીતે આત્મા પરમાત્મા સાથેના પોતાના સંપર્કના ખ્યાલ સાથે નિજમાં પરમાત્માના સ્નેહને જન્માવે છે. અને તે સ્નેહના પ્રકાશમાં દુનિયા સર્વ ભાવોનું સારી રીતે દર્શન કરી શકે છે.

---

* "महाभारतमें अभिमन्यु के चक्रव्यूह ज्ञान का वर्णन है ॥ इत्यादि प्रमाणों से तय पाया जाता है कि गर्भमें कीसी साधारण जीव को भी अधिक ज्ञान विकास हो जाता है, जब लोकोत्तर पुरुष क्के लिये पूछना हि क्या ?"

( पं. चंपालालजी कृत चर्चासागर ( पृ. ७ )

વર્ધમાનકુમારે જન્મને પહેલે જ દિવસે પગના અંગુઠે મેરુનાં ઉત્તુંગ શિખરોને ડોલાયમાન કરેલાં, તે વિષયમાં શંકા દાખવવા કરતાં, આત્માનો જડ ઉપર કેટલો પ્રભાવ હોય છે તે સમજવામાં હિત સમાએલું છે. ઇન્દ્રને જ્યારે શંકા થઈ ત્યારે જ તેણે દેવોને એક સાથે જળ-ધારા કરતા વાર્યા. અરૂપી–નિર્મળ જ્ઞાનમાં વર્ધમાને ઇન્દ્રની તે શંકાનું ચિત્ર જોયું. તેમણે સુવર્ણમય મેરૂપર્વતને અંગુઠા વડે દબાવ્યો. જો તેમણે ધાર્યું હોત તો અંગુઠો દબાવ્યા વગર મેરૂને હલાવી શકત, પરન્તુ ક્રિયા વગર પરિણામ જોવાની તેમનામાં લેશ પણ ભાવના ન હોવાથી જ તેમણે અંગુઠાને નિમિત્ત બનાવીને મેરૂને ડગમગાવેલો. બાકી મેરૂ જેવો અડોલ પર્વત એક અંગુઠાથી હાલે તેમાં જેટલું સત્ય છે તેના કરતાં કુમારે ઇન્દ્રશંસયને ટાળવા કરેલી રમત જ વિશેષ પ્રમાણભૂત છે. * અને કુમારના અતુલ બલને જોઇને ઇન્દ્રે તેજ સમયે તેમનું “ **મહાવીર** ” નામ પાડેલું. મહાવીર જેમ કૃષ્ણે પણ ગોવર્ધન પર્વતને એક આંગળી પર ટેકવ્યો હતો. આત્માનું સામર્થ્ય જે કરી શકે છે, તેને સમજવામાં આત્માનંદી પુરુષો એક ને એક બેના હિસાબ જેવી સરળ રીતે સમજી લે છે. નથી સમજાતું તેમને જેઓ

---

* “ पादाङ्गुष्ठेन यो मेरुमानायासेन कम्पयन् ।

लेभे नाम ‘ महावीर ’ इति नाकालयाधिपात् ॥ ” ( આ. રવિષેણુ પદ્મપુરાણ પર્વ ૨. શ્લોક ૭૬ “ रावणने भी वालिमुनिसे वैर विचार कर कैलास पर्वत को उठाया था । उस समय श्री वालिमुनिने जिनबिंब तथा मंदिरों की रक्षा के लिए अपने पैरका अंगुठा दबा कर कैलास को स्थिर रखना चाहा था, इस समय रावण कैलास के नीचे दब गया था. इत्यादि वर्णन पद्मपुराणमें लीखा है । ’ (પં. ચંપાલાલજી કૃત ચર્ચાસાગર ચર્ચા ૨ પૃ. ૬) પૃ. ૩૩ માં હનુમાનજીને લગતી નોટ જુઓ.

महोपसर्गैरप्येष न कंप्य इति वज्रिणा महावीर इत्यपरं नाम चक्रे जगत्पतेः ॥ १०० ॥

બહારની દુનિયામાં આત્માને શોધવા ભટકતા હોય છે. અહીં શંકાઓનું નિવારણ સંપૂર્ણ બન્યું.

કુમાર મહાવીર બીજના ચન્દ્રની જેમ સુવિકસિત સુચારૂ અંગો વડે દીપવા લાગ્યા. એકએક અવયવે અનુપમ સુગંધી ફૂલોનો પમરાટ તરવા લાગ્યો. આંખોના ઊંડાણમાં આત્માનો રત્નાકર સાગર ગર્જતો સંભળાવા લાગ્યો. બહારની વસ્તુઓપર ઠરતી તેમની નજર તે વસ્તુના તત્ત્વને પીવા માંડી. આંગણે ખેલતાં ખેલતાં જાણે કે વસુંધરાના ચિરપરિચિત સંબંધી ન હોય તેમ નિર્ભયપણે વર્તવા માંડ્યા. નાજુક તેમની પા-પા પગલી ધૂલિમાં પદ્મનાં સુરમ્ય ચિત્રો સર્જવા લાગી. નિર્મળ આકાશના ઉજળા પૂર્ણચન્દ્રબિમ્બની જેમ તેમનું વદન ચમકવા લાગ્યું. જમણા હાથના અંગુઠે રહેલા અમૃતને તીર્થંકરોની માતાના સ્વમાનનું અવલોકન હોતુંજ નથી. ધાવતાં ધાવતાં તેમનાં સર્વે અંગોમાં સંતોષનાં અમૃતકિરણો વ્યાપી ગયાં, જોનારને ગમી જાય તેવી તેમની શરીરકૃતિ બની ગઇ.

# પ્રકરણ બીજું

**સારઃ—મહાવીરકુમારની બાલ્યાવસ્થા, વિવિધ પ્રકારની તેમની રમતગમતો, લેખશાળામાં પ્રવેશ કરવો. તે સમયે તેમણે વાપરેલી ગંભીરતા. વિવાહ અને સંતતિ, દિગમ્બર સંપ્રદાય એમ માને છે કે પ્રભુશ્રી મહાવીર આજીવન બ્રહ્મચારી રહેલા; પણ તે અપ્રમાણીતતા સાબિત થઇ ગયું છે કે તેઓ પરણ્યા છે, તે સંબંધી ઐતિહાસિક પ્રમાણો. પ્રાણીમાત્રથી વ્યાપ્ત સંસારમાં મહાવીરનો સ્નેહાર્દ્ર જીવનધર્મ.**

**બાલ્યાવસ્થાઃ—**બાળપણ સાત વર્ષ સુધી ગણાય. ભલે'આજે તેનો અંત પાંચમી વયે આવતો હોય. બાળજીવન એટલે વિશ્વમય જીવન, સરળ શાંત અને સાત્વિક જીવન. પારણે બાળકનું વિશ્વ મંડાય, ને પારણે ઝુલતાં મેના–પોપટમાં કે કુદરતને વાંચતું થાય. માતાનું હાલરડું તેને પરમના **અનન્ય** સ્નેહ 'સંગીત સ્વરૂપ' જણાય. તેને પારણામાંથી બહાર કાઢીએ એટલે તે ગમે ત્યાં રમવા જાય, તેને ડર ન હોય પશુનો કે વિષધર પ્રાણીનો; કારણ કે તેની દુનિયાનું રાજ્ય તેની "માતા" ના હાથમાં રહે છે, કંઇ થાય કે રડીને તે માતાની ગોદે લપાય છે. બાળક રડે છે, કારણ કે "માતા છે, એનો એને સંપૂર્ણ વિશ્વાસ હોય છે. તેને માટી ખાતું જોતાં માતા તેને શિક્ષા

કરે છે, પણ પાછું તરતજ સ્તને વળગાડે છે. જે રીતે માનવીને કુદરત જનની શિક્ષા કરે છે, અને શિક્ષાને ભોગવતો મનુષ્ય પોતાની આંખે પોતાની ભૂલને વાંચતો થઇ, કુદરતની વધુ સમીપ જઇ બેસે છે, તેજ રીતે માતા બાળકને શિક્ષા કરે છે, તેમાં તેનો અમાપ માતૃ-સ્નેહજ કામ કરે છે. બાળકની દુનિયામાં ' માતા ' સર્વસ્વ હોય છે, પાંચ-સાત વર્ષની વય સુધી બાળક બધી રીતે માતાની સાથે જોડાયલું રહે છે. જે રીતે વ્યક્તિનો વિશ્વ સાથેનો ગાઢ સંપર્ક નિર્માયેલો છે, તેવીજ રીતે માતા અને બાળકનો સંપર્ક પણ કુદરતી છે. કુમાર મહાવીર માતા-પિતાના સ્નેહ-ઝુલે ઝુલતા મોટા થવા લાગ્યા. આકાશમાં તરતાં વાદળોને જોઇ તેઓ કુદરતી કલામાં રમવા માંડયા. કુદરતમાં તેમને જે જે દેખાવા લાગ્યું, તેને તેઓ આત્માની વ્યાપક દૃષ્ટિ વડે અવલોકવા લાગ્યા. કોઇપણ વસ્તુ માટે તેઓ ભાગ્યેજ રડી પડતા, કારણ કે તેમના આત્માનંદમાં તમામ વસ્તુઓનો પ્રકાશ ભરપૂર હતો. રાતટાણે માતા કુંવરને લઇ બગીચામાં ફરવા જતાં, કુંવર આસપાસની ખુશબોમય ઝાડીમાં ત્યાગ અને તેની મહત્તાના મર્મ સમજતો. કારણ કે તેમનું એમ માનવું હતું કે, ફૂલમાં સુવાસ જરૂર છે, પણ તે સુવાસ, સુવાસ તરીકે ત્યારેજ પંકાય છે, જ્યારે ફૂલ તેનો આનંદપૂર્વક ત્યાગ કરે છે, તેજ પ્રમાણે સ્વેચ્છાપૂર્વક સુખદુઃખથી પર બનવામાં સાચો આત્માનંદ સમાયલો છે.

**રમતગમતો:**—મહાવીર કુમાર સાચે જ મહાવીર હતા. બાલપણથી તેમનામાં ધૈર્ય, બળ અને પરાક્રમ કરવાના ક્ષત્રિયોચિત ગુણો ફાલ્યા હતા. સાત વર્ષની નાજુક વયે કુમાર ગામના બીજા બાલસ્નેહીઓ સાથે ગામ બહાર આવેલા બગીચામાં રમતગમત કરવા ગયા. બધા બાલ-કુમારો એકત્ર થયા. રમત માટે તેમણે જાળનું એક વૃક્ષ પસંદ કર્યું, અને તે વૃક્ષ ઉપર **ચઢવા-ઉતરવાની " આમ્લકી "** રમતની શરૂઆત કરી. રમત એવા પ્રકારની હતી કે એક કુમાર ઝાડ

નીચે રહીને-દાવ આપે, બીજા કુમારો ઉપર ચઢી જાય. બધા ચઢી જાય એટલે નીચેનો કુમાર ઉપરનામાંના એકને પકડવા ઉપર ચઢે અને ત્યાં જે પકડાય તેના માથે દાવ આવે. અત્યારે રમાતી "ઈપળી પીપળી"ની રમત જેવી આ રમત ગણાય. રમતની શરૂઆત થઇ, ઝાડની ડાળીઓ કુમારોના ભાર વડે નમવા લાગી. આવતા મંદ પવનમાં રમત જામી. એક બીજા ઉપર દાવ આવવા માંડયા. એટલામાં ફુંફાડા મારતો એક મણિધર રમતા બાળકોની નજરે પડયો, ઝાડના થડને વીંટાઇને તે રહ્યો હતો. રમતા કુમારો ગભરાયા. તેમણે એક પછી એક ઝાડ પરથી જમીન પર કૂદકા માર્યા. મહાવીર કુમાર શાંતિપૂર્વક નીચે ઊતર્યા, નીચે ઊતરીને નાગને ઝાલ્યો, ઝાલીને દૂરના નિરૂપદ્રવી પ્રદેશમાં તેને મૂકી આવ્યા. અને રમત પુનઃ ચાલુ થઇ.

આ સર્પ તે-મહાવીર કુમારના વીરત્વની પરીક્ષા કરવા આવેલો કોઇ દેવ અથવા રાજકીય ખટપટના પરિણામ સ્વરૂપ કોઇ જાલીમ રાક્ષસ હોવો જોઇએ. જે રીતે ગોકુળમાં રહેતા કૃષ્ણથી ડરીને તેમના ઘાત બદલ કંસે ચાણુર કેસી વગેરે દૈત્યોને, રૂપ પલ્ટો કરાવીને ત્યાં મોકલેલા અને શ્રીકૃષ્ણે તેમને મારી હટાવેલા તે જ રીતે આ સર્પ પણ કોઈ કાવાદાવાના પરિણામ સ્વરૂપ રાક્ષસ અથવા વીરની કસોટી કરનાર દેવ હોવો જોઇએ. રમત ફરી શરૂ થતાં, પ્રથમનો સર્પરૂપ ધારી દેવ, સાતેક વર્ષના કુમારનું રૂપ ધારીને સર્વની સાથે રમવા આવ્યો. આ વખતે રમતની શરતો જૂદી હતી. રમતમાં જે હારે તે જીતનારને પોતાની પીઠ ઉપર બેસાડીને અમુક અંતરસુધી દોડે એવી શરત હતી. રમત શરૂ થઇ. રમત રમવામાં મહાવીર કુમાર જીત્યા. પેલો રૂપધારી દેવ જાણીબૂઝીને મહાવીરને હાથે પરાજય પામ્યો. શરત મુજબ વર્ધમાન-કુમાર તે બાળરૂપધારી દેવની પીઠપર ચઢયા. લાગ મળ્યો જાણી દેવે પોતાનું શરીર લંબાવવા માંડયું, જોતજોતામાં તેની લંબાઇ વધીને સાત તાડ જેટલી થઇ ગઇ. અને તે કુમારને પીઠ ઉપર લઇને દોડવા

માંડયો. કુમારને નવાઇ જેવું થયું. તેમને બનાવટી રૂપની ગંધ આવી. તાણીને એક મુષ્ટિપ્રહાર દોડતા દેવના ખભા પર કર્યો, દેવ ગભરાણો, શ્વાસોચ્છવાસ તેનો જોરપૂર્વક ચાલવા લાગ્યો. મુષ્ટિનો પ્રહાર થતાં તે વામન સ્વરૂપી બની ગયો. કસોટી કરવા જતાં પોતે હાર્યો છે એમ જાણી તેણે મહાવીરની ક્ષમા યાચી. કુમાર તો ક્ષમાના સાગર હતા, કારણ કે પ્રાણીમાત્રમાં તેઓ પોતાના જેવો જ આત્મ-પ્રકાશ જોતા હતા. હસીને તેમણે દેવને જવા દીધો. હાર્યો તેથી દેવે માફી માગી, પરન્તુ તેના આગમનનો ઉદ્દેશ કેવળ કસોટી કરતાં બે ડગલાં આગળનો હોય તો પણ શી ખબર ! "મહાવીર–ચરિત્ર" અંગેના ઘણા ગ્રન્થોમાં ઉક્ત દેવે તેમને વર્ધમાનને બદલે "મહાવીર" નામ આપ્યાનો ઉલ્લેખ છે. પણ તે બરાબર નથી. કારણ કે કુમારે સર્વપ્રથમ વીરત્વ મેરુશિખરે ઇન્દ્રને બતાવેલું અને ઇન્દ્રે તેમને ત્યાં જ "મહાવીર" નામ આપેલું*

**લેખશાલા પ્રવેશ**:–પ્રાચીન કાળમાં પુત્રને સાતમા વર્ષે શાળામાં મોકલવામાં આવતો, આજે તેને બદલે પાંચની વયે મોકલવામાં આવે છે અને તેથી વિદ્યાર્થી ભવિષ્યમાં સારી પ્રગતિની આશા રાખવામાં નિષ્ફળ નીવડે છે. આજના જમાનામાં પાંચની વયે બાળકનું શારીરિક બંધારણ નબળું અને તેજહીન હોય છે. તેથી તે નિશાળમાં જાય તો છે, પણ ત્યાંના એકડા–બગડાનો ભાર તેના કુમળા શરીરની કુમળી શાખાઓને વાળી દે છે અને ત્યાંથી જ ભાવિના તેના અશકત શરીર અને અપૂર્ણ અભ્યાસની આગાહી કરી દે છે. પુત્રને નિશાળે બેસાડ-વાની ક્રિયાને તે સમયમાં "નિશાળ ગરણું" કહેતા, આજે પણ ઘણા શહેરોમાં નિશાળ ગરણાની ક્રિયા થતી જોવામાં આવે છે.

મહાવીર કુમારને સવા સાત વર્ષ થયાં એટલે તેમના માતા પિતાએ ચાલ્યા આવતા રીવાજ અનુસાર તેમને શાળામાં બેસાડવાનો વિચાર

* महोपसर्गैएष्येष न कंप्य इति वज्रिणा महावीर इत्यपरं नाम चक्रे जगत्पतेः ॥ १०० ॥ ત્રિ. શ. પુ. ચ. મૂળ ૧૦ મો સર્ગ.

નક્કી કર્યો. કુમારનું આત્મા અને કુદરત સંબંધી જ્ઞાન ઊંડું અગાધ હતું. તર્ક ને ન્યાયની પારમુક્તિના ગગન સુધી તેમનાં ધવલ આત્મ-કિરણો પ્રસરતાં હતાં. સૃષ્ટિસ્નેહના જ્ઞાનમાં તેમનાં આત્મા આત્મેશ્વર સ્વરૂપ હતો, અને તેથી તેઓ સર્વદા શાંત ધીરૂં હસતા અને પ્રશમરસ નિમગ્ન જણાતા. પ્રથાને માન આપી તેઓ શાળાએ જવા તૈયાર થયા, ગોળ-ધાણા ને કુમ્ કુમ્ તિલક કરાવીને ઘર બહાર પગ મૂક્યો. જ્ઞાનમાં સ્વતન્ત્ર છતાં કાયદાને માન આપી શાળામાં દાખલ થયા. સાગર નદીને મળવા જાય તેવી આ રીત હતી. વિરુદ્ધ દિશામાં ઉપડતાં તેમનાં પગલાંના પ્રભાવે કુદરતી રીતે ઇન્દ્રનું આસન ચલાયમાન થયું. તેણે શક્તિથી જોયું, તો સંસારી જનોની સામાન્ય મતિદ્વારા પ્રભુની જ્ઞાનની અવહેલના થતી જોઇ, રૂપ બદલીને તે એક વૃદ્ધ વિપ્ર વેશે ક્ષત્રિયકુંડપુર ગામની શાળામાં દાખલ થયો અને કેટલાક શાસ્ત્રોના ગૂઢ પ્રશ્ન ઉપાધ્યાયને પૂછ્યા. ઉપાધ્યાયે ભાંગી-તૂટી બોલીમાં અધકચરા ઉત્તર આપ્યા. તે પછી બ્રાહ્મણરૂપ ધારી ઇન્દ્રે તેજ પ્રશ્નો મહાવીર કુમારને પૂછ્યા. ચન્દ્રમાંથી ઝરતા ચંદન પ્રકાશની જેમ તેના ઉત્તરો કુમારના અંતરમાંથી સળંગ ધારે બહાર આવ્યા. તે પછી ઇન્દ્રે વ્યાકરણ ગણિતાદિ વિષયોના ઘણા ગૂઢ પ્રશ્નો જ્ઞાની-કુમારને પૂછ્યા. કુમારે વીરની અદાએ તે પ્રશ્નોના ઉત્તર પણ વાળ્યા. ઉપાધ્યાય વિસ્મિત થયો, ટાલ પર હાથ ફેરવવા લાગ્યો. પોતે આજ સુધી જે પ્રશ્નોના ઉત્તર સંબંધી સાશંક હતો, તે ગૂઢ પ્રશ્નોના સરળ ઉત્તર-પોતાના થવા આવેલા બાળ-શિષ્યના મુખથી સાંભળી તે શરમાઇ ગયો. થોડી વાર બાદ રૂપધારી ઇન્દ્રે પ્રેમસાગર-મહાવીરને શબ્દોની ઉત્પત્તિ સંબંધી અને (૧) સંજ્ઞાસૂત્ર (૨) પરિભાષા સૂત્ર (૩) વિધિસૂત્ર (૪) નિયમ સૂત્ર (૫) પ્રતિષેધ સૂત્ર (૬) અધિકાર સૂત્ર (૭ અતિદ્દેશ સૂત્ર (૮) અનુવાદ સૂત્ર (૯) વિભાષ સૂત્ર (૧૦) નિપાત સૂત્ર, એ દશ સૂત્રના પૃથક્ પૃથક્ અર્થ પૂછ્યા. તેના બાળજ્ઞાની કુમારે ઉત્તર આપ્યા અને તેમાંથી ઐંદ્ર વ્યાકરણની રચના થઇ. આ સર્વ સગી આંખે જોઇ ઉપાધ્યાય ચમ-

ત્કાર પામ્યો, ઉપાધ્યાયનો સંશય ટાળવા ઇન્દ્રે મૂળ સ્વરૂપ પ્રકટ કર્યું અને ઉપાધ્યાયને જણાવ્યું કે તમે કુમારને બાળક સમજશો નહિ. પ્રાણીમાત્ર પ્રત્યેના તેમના અવ્યાબાધ આનંદ સ્વરૂપમાં સૃષ્ટિના સકળ જ્ઞાનગ્રન્થો તરી રહ્યા છે. એમની આંખોમાં આત્માનાં તેજ છે. ઇન્દ્રને સાંભળી ઉપાધ્યાય સહિત સર્વ આગંતુકો વિસ્મય થયા. ઉપાધ્યાયે પ્રભુ જેવા કુમારની ચરણરજ લીધી. છતાં બાળ–વીર શાંત અને ગંભીર હતા. બનતા બનાવો પ્રત્યે તે સદા સમભાવ દાખવતા, માનશ્રેષ્ઠ હોવા છતાં સામાન્ય જન પ્રકૃતિનો કદી પણ ઉપહાસ ન કરતા.

કુમારનો શાળા–પ્રવેશ પ્રસંગ ઘણો જ અટપટો અને અર્થસૂચક છે. એક તો એ, કે અંતરમાં જ્ઞાનનો સાગર ઉછળતો હતો, છતાં તેઓ છીછરા સરોવર જેવા ઉપાધ્યાયને ત્યાં જવા પણ તૈયાર થયા, કારણ ઘણું સહેલું છે. આત્મ-સામ્રાજ્યના જેમ તેઓ સ્વામી હતા, તેમ સંસારમાં એક કુમાર તરીકે આયુઃ વ્યતીત કરતા હતા, અને તે બાબતનો તેમનો ઊંડો ખ્યાલ હતો. મોટાને નામે થતાં ભલાં–બૂરાં કાર્યોની અન્ય માનવસમુદાય ઉપર કયા પ્રકારની-છાપ પડે છે, તે બાબતમાં તેમની દૃષ્ટિ ઊંડી અને અમાપ હતી. જો તેઓએ ધાર્યું હોત તો શાળામાં જવાનું બંધ રાખી શકત, કારણ કે તેમનામાં અગાધ શક્તિ હતી, પરંતુ તેમના એકનો દાખલો ગામના અન્ય માર્ગ શોધતાં માણસોને અનુકરણ રૂપ થઇ પડત અને ઉપાધ્યાયની તે કાળની મહત્તા વીસરાઇ જાત. જ્યારે આજે એથી વિરુદ્ધ પ્રકારનું વર્તન જોવામાં આવે છે. હાઇસ્કૂલમાં મેટ્રીક થયેલો કે કોલેજને બારણે બી. એ. બનેલો આજનો વિદ્યાર્થી પોતાના શિક્ષક કે પ્રોફેસરની ભૂલ સામે સરળ બનીને પ્રશ્ન પૂછવા કરતાં તેની ઠેકડી કરવામાં જ પોતાના વિનયનું પ્રદર્શન કરાવે છે. અને કોઈ વિષયમાં નિષ્ણાત થતાં, દુનિયામાં તે વિષય સંબંધી જ્ઞાન પોતાની બરોબર કોઇનું છે નહિ; એમ છડેચોક જાહેર કરીને

પોતાની ભાવિપ્રગતિને રોધી નાંખે છે. જ્ઞાન ભારે નમ્ર થવાથી આત્માની આસપાસની વજ્ર દિવાલો તૂટી પડે છે, અને અક્કડ બનવથી તે દિવાલો લોહ સમ મજબૂત બનીને આપણા જ પચાવેલા જ્ઞાનને આપણા કપાળમાં જોરપૂર્વક પાછું મારે છે. પોચી જમીનમાં પડેલું વારિ જેમ ફૂલફળાદિ દાયક નીવડે છે, અને કઠણ જમીન ઉપર પડેલું નિરર્થક વહી જાય છે, **તેમ નમ્રતામાં નફો** અને **અક્કડતામાં તોટો** સમજવો

શ્રી મહાવીર મોટા થયા. તેમનું શરીર શોભીતું ને સપ્રમાણ દીસવા લાગ્યું. દસ ને બારની વય વીતી ગઇ. આયુષ્ય ઘટે છે, કાળ ઘટતો નથી. કાળનું જીવંત જીવન ઝરણ સદા કાળે તાલબદ્ધ રીતે સૃષ્ટિમાં નૃત્ય કરે છે. વર્ષ–માસ–દિવસને રાત કાળની અખંડ જીવન–કાવ્યની પદ–જોડલીઓ સ્વરૂપ છે, કાળમાં વધ–ઘટ નથી, શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપર જીવન–મરણના પ્રશ્નો અવલંબેલા છે. મૂકવા–લેવાની ભાવના પર ભૌતિક અને આધિભૌતિક વાતાવરણનાં દૃશ્યો સર્જાય છે.

**વિવાહ** અને **સંતતિ:**—મહાવીર રાજકુમાર બન્યા. બાળ મટી યુવાન બન્યા. ગામ–જંગલમાં વનહસ્તીની માફક નિર્ભયપણે ફરવા લાગ્યા. પ્રચંડ તેમની કાયા, તેજઝરતું લલાટ, અણિયાળી તેજસ્વી આંખો, પ્રતાપપૂર્ણ મુખમુદ્રા, લોખંડી છાતી, તેમજ આજાન તેમના બાહુ હતા. તેમના અંગ–પ્રત્યંગે યૌવનની વિજળી ઝબકવા લાગી. અરૂપી કામ, કુસુમ–બાણે તેમની આસપાસ ક્રીડા કરતો હતો. ગામની સુલક્ષણી કન્યાઓ સરવરપાળે યુવાન મહાવીરના રૂપગુણની અનન્યતા ગાવા લાગી. છતાં શ્રી વીર અડગ અને અડોલ હતા. મુક્તિ તેમનું લક્ષ્યસ્થાન હતું, આ ભવે જ તેમને ત્યાં પહોંચવું હતું. આત્માનું એમનું સામર્થ્ય ઇન્દ્રિયોના સામર્થ્ય કરતાં અનંતગણું તેજસ્વી બની ગયું હતું. તેમની ઇન્દ્રિયોના મૂળમાં આત્માના અમૃત–ફુવારા ઊડતા

હતા એટલે ઇન્દ્રિયો તેમની આત્માની નજરે સર્વ ભૌતિક આધિભૌતિક પદાર્થોને અવલોકતી હતી. યુવાન એટલે લગ્નનો ઉમેદવાર. શ્રી મહાવીર પણ તેવા જ ઉમેદવાર હતા, તેમને પરણવું હતું. પણ તે શરીર વડે બીજા શરીરને નહિ, પરન્તુ આત્મા વડે આત્મા ના અનંત પ્રકાશને.

રાજકુમાર પર માતા–પિતાનો સ્નેહ અસીમ હતો, તેમણે તેમને પરણવા સંબંધી વાત કરી, પરણીને સંસાર ચલાવવાનો સાર સમજાવ્યો. કુમાર એકચિત્તે બધું સાંભળી રહ્યા રાજા–રાણીને કુમાર સિવાય ચોથું કોઈ ત્યાં હતું નહિ, કુમારે નમ્રપણે પ્રશ્ન કર્યો, " મને પરણાવવામાં તમારો શુભ હેતુ કયો છે ? " " વંશની વેલને સદાને માટે ફાલી–ફૂલી રાખવાના શુભ હેતુ પુરઃસર અમે પરણાવવાની વાત કરી છે. " કુમાર વિચારમાં પડયા, તેમને તે સમયે કંઇ ન સૂઝયું. તેઓ ત્યાંથી ઊઠીને બગીચામાં ગયા. એક સુખાસન પર બેસી જીવનના ભાવિનું દર્શન કરવા લાગ્યા. લગ્નના પ્રશ્નને તેમણે ફરી તોળવા માંડયો. " પરણું ! પરણવું જોઇએ ! શા માટે ? શો વિશેષ લાભ ! એક ને બદલે બે શરીરનો ભાર આત્માને કયમ ન આડ પહોંચાડે ? સ્ત્રીની રમતમાં આત્માની રમત ભૂલાય ત્યારે શું ? " મંથનને અંતે તેમણે અંતરમાં એક ડૂબકી મારી, માતાનો અગાધ સ્નેહ આસપાસ તરતો જણાયો. લગ્નજીવન સંબંધી ભોગવવાનાં કર્મોની હારમાળા તેમની નજરે પડી. તરત તેમણે દિશા બદલી. વડીલ બન્ધુ નંદિવર્ધનના આવાસે ગયા. લગ્ન સંબંધી પોતાનો સ્પષ્ટ વિચાર મોટાભાઇને જણાવ્યો. વડીલભ્રાતાની આંખો સજળ બની, સ્નેહાશ્રુને તે ન ખાળી શકયા. ત્યાંથી વાત માતાપિતાને કાને પહોંચી. " મહાવીરકુમાર પરણે છે. " નો પવન આખા ક્ષત્રિયકુંડપુરમાં પ્રસરી ગયો.

વસંતપુર નામે રમણીય નગરનો સમરવીર નામે રાજા. પદ્માવતી તેની પટરાણી. એક રાત્રે પટરાણીને સ્વપ્નું આવ્યું. સ્વપ્નામાં અન્ય

બંડીઆ રાજા સાથે સમરવીર ભૂપાળને યુદ્ધમાં ઝૂઝતા જોયા. તે જ રાત્રે તેમના ગર્ભમાં પુત્રીપણે એક ભવ્યાત્માએ પ્રવેશ કર્યો. સ્વપ્નના પ્રભાવ અનુસાર રાજાને દુર્યોધન નામે સીમાડીઆ રાજા સાથે મેદાનમાં ઊતરવું પડયું. તેમાં સમરવીરની શૂરવીરતા આગળ વધી, દુર્યોધનનો પરાજય થયો. તે પછી થોડા માસે પદ્માવતીની કુક્ષીથી એક પુત્રીનો જન્મ થયો. પુત્રી ગર્ભમાં આવતાં જ યુદ્ધમાં પોતાને સારો યશ મળેલો જાણી સમરવીર રાજાએ તેનું "યશોદા" નામ રાખ્યું. વન-લતાની જેમ યશોદા વયે વધવા માંડી. વિકસતાં તેનાં અંગોમાંથી મોહક પરાગ પથરાવા લાગી, ક્ષિતિજે શોભતી બીજલેખા જેવું તેનું લલાટ ચમકવા લાગ્યું, ગુલાબ પત્ર શી રેશમી ત્વચા અનેક રાજ-કુમારોન આકર્ષણનું કારણ બની. પણ યોગ્ય રાજકુમારને અભાવે રાજાએ કુમારીનું વેવિશાળ કર્યું નહિ. તે અરસામાં રાજાને સિદ્ધાર્થ કુમાર-મહાવીર યાદ આવ્યા. તેમજ કુમારે લગ્નની હા પાડી એટલે તેમનાં માતા-પિતા પણ યોગ્ય કૂળવધૂની તપાસમાં લાગ્યાં, છેવટે તેમની નજર યશોદા ઉપર જઈ ઠરી. તેમણે કહેણ મોકલ્યું, સમરવીર રાજાએ દૂતને આવકાર્યો, તેમજ પોતાનો મનોભાવ તેની આગળ સરળ ભાષામાં વ્યકત કર્યો. દૂતે શ્રીફળ ધર્યું, પદ્માવતીએ તે શ્રીફળને અક્ષતથી વધાવ્યું અને કર-કમળમાં લઇ લીધું. શ્રી મહાવીરનું સમર-વીર રાજાની રૂપગુણવતી સુકન્યા યશોદા સાથે યોગ્ય યયે સગપણ થયું.

તે કાળમાં માતા-પિતા પોતાનાં સંતાનોના લગ્ન સંબંધી આજના કરતાં ઘણા ઉચ્ચ પ્રકારના વિચારો ધરાવતા હતા. કહેવાની મતલબ એ કે, આજના જેટલું ડહોળાયેલું વાતાવરણ તે સમયે નહોતું. લગ્ન બાબત માબાપ પુત્ર-પુત્રીની એકાંતમાં સલાહ લેતા. પુત્ર કે, પુત્રી તેમાં બહુજ ગંભીરભાવે વિચાર કરીને સંતોષભીનો જવાબ દેતા. પતિ કે પત્નીની પસંદગીમાં કન્યા કે કુમાર જે દીર્ઘદૃષ્ટિ વાપરતા તેથી વિશેષ ઊંડે તેમનાં જનક જનની જોતાં અને પછીજ યોગ્ય કુળ ને ઘર સાથે સંબંધ બંધાતો.

શ્રી મહાવીર-યશોદાના લગ્નનો શુભ દિવસ નક્કી થયો. ક્ષત્રિય-કુંડપુર આખામાં ધૂપ-દીપ ને કુસુમમાળાની મ્હેક વ્યાપી રહી, મહોલ્લે મહોલ્લે રંગબેરંગી ધ્વજાઓ ફરકવા લાગી. ભવને ભવને અક્ષત કુમકુમના સાથિયા શોભવા લાગ્યા, રાજમહેલની તસુ તસુ જમીન રેશમકીનખાબથી મઢાઇ ગઇ. મહેલના શિખરે બિલોરી કાચની હાંડીઓમાં, રત્નમણિનાં કોડિયે દીવા જલવા લાગ્યા. સહુ કોઇના અંતરે આનંદ ઉભરાવા લાગ્યો. મહાવીર કુમાર એકજ આ સ્થૂળ પ્રકાશને સુરભિથી વ્યાપ્ત વાતાવરણથી પરના દિવ્ય આનંદવ્યાપી પ્રદેશમાં રમતા હતા. પરણવાનું તેમણેજ કહેલું અને તેથી જ તે નક્કી થયેલું. પણ તેથી તેઓ પરણ્યા પહેલાં તે સંબંધી વિચારોની હારમાળા વડે-તેમના સૂક્ષ્મ પ્રકાશભર્યા પ્રદેશોને રોકવા નહોતા ઇચ્છતા. સ્થૂલ-ઉપભોગના વિષયને ચિંતનની ખરલમાં લસોટવામાં તેઓ આત્માની નિર્માલ્યતા સમજતા હતા. તેમને હૈયે પ્રાણીમાત્રને એક સરખો સ્નેહ હતો તેથી એકજ વ્યક્તિમાં તેમનું પુરુષત્વ કેન્દ્રિત કરવું તેમને અયોગ્ય અને અહિતકર જણાતું હતું.

મંગળ ચોઘડિયે શ્રી મહાવીર-યશોદાનો હસ્તમેળાપ થયો. થનાર મુક્તિરમણીના સ્વામી કર્મરજના અવશેષને નાબૂદ કરવા-ક્ષત્રિય-કુમારી યશોદાના ભરથાર બન્યા.* જ્યારે દિગંબર સંપ્રદાય શ્રી મહાવીરને અવિવાહીત માને છે. શ્વેતામ્બર-દિગમ્બર વચ્ચે ખાસ મતભેદ જ " કુમાર " શબ્દનો છે. દિગમ્બરો સાધારણ રીતે "કુમાર" શબ્દનો અર્થ આ પ્રમાણે દર્શાવે છે.× આપણે ત્યાં આજે પણ

* विवाहं कारयामास महावीर यशोदयोः ॥ १६१ ॥ (ત્રિ. શ. પુ. ચ. સર્ગ ૧૦ મો )

× युवराजः कुमारो भर्तृदारकः ॥(અભિધાન ચિન્તામણી કાન્ડ બીજો શ્લોક-૨૪૬) युवराजस्तु कुमारो भर्तृदारकः । (અમરકોષ વર્ગ. શ્લોક ૧૨ મો) कुमारवास—कुमाराणामराजभावेन वासे । ( અભિધાન રાજેન્દ્ર પૃ. ૫૫૮ )

જેના પિતા—વડીલ બન્ધુ વગેરે જીવતા હોય તેને " કુમાર " સંજ્ઞા વડે બોલાવાય છે. ભારતવર્ષમાં સર્વ ક્ષત્રિય નરેશો તથા શ્રીમંતોના ઘરમાં પિતા યા જ્યેષ્ઠ ભ્રાતાની હયાતીમાં નાના પુત્રને આજે 'કુમાર' 'કુંવર સાહેબ' કહીનેજ બોલાવવામાં આવે છે,* કુમાર એટલે પાંચવર્ષની અવસ્થાનો બાળક. પુત્ર યુવરાજ કાર્તિકેય સિન્ધુ નદી યુવાવસ્થ. યા તેની પહેલાંની અવસ્થાવાળો પુરુષ.×

ઉક્ત અર્થોમાંથી પ્રસંગને સાનુકૂળ બે અર્થ નીકળે છે એક અવિવાહિત અને બીજો તે યુવરાજ પણ થઇ શકે છે. દિગમ્બર સંપ્રદાય પ્રથમ અર્થને માન્ય રાખી શ્રી મહાવીર, શ્રી પાર્શ્વનાથ, શ્રી નેમિનાથ, શ્રી મલ્લીનાથ અને શ્રી વાસુપૂજ્ય સ્વામી એ પાંચેય તીર્થંકરોને આજીવન " કુમાર " એટલે બ્રહ્મચારી માને છે. કિન્તુ શ્વેતામ્બર જૈનાચાર્યો એ પાંચેય તીર્થંકરોને યુવરાજ માને છે. તથા પ્રભુ શ્રી મલ્લિનાથ અને શ્રી નેમિનાથ એ બેનેજ બ્રહ્મચારી માને છે. હવે આમાં કયો અર્થ સાચો છે તેનો નિર્ણય કરીએ. ઉક્ત સર્વે અર્થોમાં બ્રહ્મચર્યસૂચક કોઇ પાઠ ન હોઇ ભગવાન શ્રી મહાવીર ત્રીસ વર્ષ સુધી બ્રહ્મચર્યાવસ્થામાં રહ્યા હોવાનું સાબિત થઇ શકતું નથી. શ્વેતામ્બર આગમો તીર્થંકરની વાણીને સત્ય અને શાશ્વતી માને છે. તે આગમોમાં તેમને " કુમાર " એટલે " યુવરાજ " માનવામાં આવ્યા છે. દિગમ્બર પુરાણ ગ્રન્થ સિવાય કેટલાંયે દિગમ્બર શાસ્ત્રો પણ એમજ માને છે કહેવું જોઇએ કે દિગમ્બર જૈન સમાજમાં પુરાણનો પ્રચાર વિશેષ છે.

(૧) દિગમ્બર પદ્મપુરાણમાં લખ્યું છે કે—વાલિ દીક્ષા અપનાવી મોક્ષમાં ગયો. દિગમ્બર મહાપુરાણમાં લખ્યું છે કે વાલિ લક્ષ્મણના હાથે માર્યો ગયો અને નરકમાં ગયો.

---

* ( કલ્પિત કથા સમીક્ષીકા પ્રત્યુત્તર પૃ. ૧૦૬ )

× ( સંક્ષિપ્ત-હિન્દી-શબ્દ સાગર પૃ. ૨૪૪ )

(૨) દિગમ્બર હરિવંશપુરાણમાં સ્પષ્ટપણે આલેખેલું છે કે–વસુ રાજાના જ કનું નામ અભિચન્દ્ર તથા જનતીનું નામ વસુમતી હતું, દિગમ્બર પદ્મપુરાણમાં લખ્યું છે કે–યયાતિ વસુરાજાના પિતા અને માતા સુરકાન્તા હતી.

(૩) મહાપુરાણમાં લખ્યું છે કે, શ્રી રામનો જન્મ બનારસમાં થયો હતો, અને તેમની માતાનું નામ સુબાલા હતું. પદ્મપુરાણમાં લખ્યું છે કે, રામની જન્મભૂમિ અયોધ્યા હતી. ને માતાનું નામ કૌશલ્યા હતું.

(૪) મહાપુરાણમાં લખ્યું છે કે, સીતા રાવણની પુત્રી હતી, પદ્મપુરાણમાં લખ્યું છે કે, સીતા જનકની પુત્રી ડતી

(૫) આરાધના કથાકોષમાં ગજસુકુમાલ શ્રી કૃષ્ણનો પુત્ર હોવાનો સ્પષ્ટ નિર્દેષ કરેલો છે, જ્યારે હરિવંશપુરાણ તેજ ગજસુકુમાલને શ્રી કૃષ્ણનો બન્ધુ ઠેરવે છે.

(૬) હરિવંશ પુરાણમાં લખ્યું છે કે, કર્ણ દુર્યોધન વગેરે સાધુ જીવન સ્વીકારી સ્વર્ગે સંચર્યો. પાંડવપુરાણ, તેઓ સર્વે મહાભારતના યુદ્ધમાં મૃત્યુ પામ્યાની સાક્ષીરૂપે છે.

આ સિવાય પણ બીજા અનેક રાજા–મહારાજાઓની જન્મભૂમિ જીવન આદિ વિષયોમાં દિગમ્બર ગ્રન્થો એકમત થતા નથી. ઉપરોક્ત તમામ પ્રકાર । મતભેદોને ધ્યાનમાં લેતાં એટલું તો ચોક્કસ થાય છે કે દિગમ્બર કરતાં જિનેશ્વર કથિત શબ્દમય આગમોને આલેખનાર શ્વેતામ્બર જૈનાચાર્યોની માન્યતા સત્ય અને સર્વદેશીય છે.

દિગમ્બર શાસ્ત્રો પણ પાંચ તીર્થંકરોને માટે " કુમાર " શબ્દનો અર્થ અવિવાહિત નહિ કિન્તુ યુવરાજ કરે છે. એટલે મતભેદ જેવું કશું રહેતું જ નથી. દિગમ્બર પંડિત જણાવે છે કે, વાસુપૂજ્ય મલ્લિનાથ,

નેમનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી એ પાંચ તીર્થંકર રાજા બન્યા વિના મુનિ બન્યા અને શેષ ઓગણીસ તીર્થંકર પૃથ્વીપતિ બન્યા બાદ સાધુજીવનમાં પ્રવેશ્યા,* તે પરથી એટલું જ સાબિત થાય છે કે, પાંચેય તીર્થંકરો રાજકુમાર રહ્યા. અથવા પૃથ્વીપતિ ન બન્યા.

શ્વેતામ્બર, શાસ્ત્રોની માન્યતા પણ એવાજ પ્રકારની છે.×

દિગમ્બર ધર્મશાસ્ત્ર આ વાતનો સ્વીકાર નથી કરતું, કે ભગવાન મહાવીરે વિવાહ કર્યો હતો અને તેઓ તેમને બ્રહ્મચારી માને છે. પણ તે વાતને સાબિત કરવાને તેમની પાસે એક પણ મજબૂત પ્રમાણ છે નહિ. આગમ સિદ્ધ પ્રમાણો સિવાય ગમે તે રીતે બોલવાથી એક

---

* वासुपूज्यस्तथा मल्लिर्नेमिः पार्श्वो ऽथ सन्मतिः ।
(પં. ચંપાલાલજી કૃત ચર્ચાસાગર ચર્ચા ૯૩ પૃ. ૯૨),
कुमाराः पञ्च निष्क्रान्ताः पृथिवीपतयः परे ॥

× वीरं अरिट्ठनमिं पासं मल्लिं च वासुपूज्यं च ।
ए ए मुत्तेण जिणे, अवसेसा आसि रायाणो ॥ २२१ ॥
वीरो अरिट्ठनेमि, पासो, मल्ली अ वासुपुज्जो अ ।
पढमवए पव्वइया, सेसा पुण पच्छिमवयं मि ॥ २२६ ॥
(विशेषावश्यक भाष्यावली, आनिर्युक्ति।)

तिहुयणं पहाण सामिं कुमारकाले बि तविय तव चरणं
वसुपुज्जसुयं मल्लिं चरमतियं संथुवे णिश्चं ॥
(સ્વામી કાર્તિકેયાનુપેક્ષા વ ચર્ચા ૯૩)

भुक्त्वा कुमारकाले त्रिंशद्वर्षाण्यनन्तगुणराशिः ।
अमरोपनीत भोगान् सहसाभिनिबोधितोऽन्येद्युः ॥ ७ ॥
(आ. पूज्यपाद कृत "निर्वाण भक्ति" શ્લોક ૭ પૃ. १२३)

આ. જિનસેન કૃત "હરિવંશ પુરાણ" અધ્યાય શ્લોક ૬-૭-૮ માં ભગવાન્ મહાવીરનો વિવાહ પ્રસંગ છે.

અસત્ય હકીકત સત્ય બનીને પ્રજાના જીવનમાં કયી રીતે ઊતરી શકે. જ્યારે શ્વેતામ્બરો જૈનાગમોથી સિદ્ધ કરે છે કે, પ્રભુ શ્રી મહાવીર પરણ્યા હતા કિન્તુ તેમણે રાજગાદી ન સ્વીકારેલ હોઇ, 'યુવરાજ' જીવનમાં જ સાધુતાના નિર્મળ અમૃત સરોવરમાં પગ મૂકયા હતા. આ સિવાય પણ શ્રી મહાવીરનો તેમના માતા પિતા ઉપર અગાધ સ્નેહ હતો અને તે સ્નેહને લઇને જ તેમણે ગર્ભમાં-માતપિતાની હયાતિમાં દીક્ષા ન લેવાની પ્રતિજ્ઞા કરેલી. * અને પછી તેજ મહાવીર કુમાર શું માતાપિતાને દુઃખી કરવા માટે ન પરણે? અને જો તેમને માતા-પિતાના દુઃખની પરવા ન હોત, તો પછી તેઓ ગર્ભમાં સ્થિર શા માટે થાત અને પ્રતિજ્ઞા પણ શા માટે કરત ?

સામાન્યતઃ શ્વેતામ્બર અને દિગમ્બર, ઉભયના શાસ્ત્રવચનોથી સપ્રમાણ-સાબિત થાય છે કે શ્રી વાસુપૂજ્ય શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામી એ પાંચ તીર્થંકર "રાજકુમાર" હતા અને નૃપતિ બન્યા નહોતા. તેમજ તેમણે રાજકુમારાવસ્થામાં દીક્ષા અંગીકાર કરી હતી, શ્વેતામ્બર શાસ્ત્રો 'રાજકુમારોને' 'કુમાર' શબ્દથી અને અવિવાહિતોને અલગ રૂપથી ઓળખાવે છે અને દર્શાવે છે કે, ૨૪ તીર્થંકરોમાં ૧૯ રાજા થયા હતા, ૨૨ પરણ્યા હતા અને મલ્લિનાથ તથા નેમિનાથ એ બે તીર્થંકરો આજીવન બ્રહ્મચારી રહ્યા હતા. શ્રી મહાવીર પ્રભુને સંસારમાં રમતા એક પુત્રી થઇ હતી અને તેના લગ્ન તેમના ભાણેજ જમાલિ સાથે કરવામાં આવ્યા હતા. ×

જમાલિ પણ મહા તેજસ્વી મુનિ હતો. કિન્તુ પાછળથી સંઘ ભેદ કરીને તેણે પોતાનો નવો "બહુરત" સંપ્રદાય સ્થાપ્યો હતો આ

* "नाहं समणो होहं अम्मापि अहंमि जीवंते" ॥ ५९ ॥ भाष्य.

× "जमालिभार्या भगवद्दुहिता प्रियदर्शना ॥

ત્રિ. શ. પુ. ચ. સર્ગ. ૮ મો શ્લો. ૩૪.

રીતે તે ઐતિહાસિક વ્યક્તિ છે તેનો ઇન્કાર થઇ શકે તેમ નથી. જમાલિ નિન્હવ હતો. એવા નવ નિન્હવો થઈ ગયા છે. કિન્તુ દિગમ્બર શાસ્ત્ર અર્વાચીન હોઇ તેનો ઇતિહાસ રજુ કરી શકતું નથી, અથવા શ્વેતામ્બરોને હિસાબે દિગમ્બર પણ નિન્હવ છે, અથવા તો દિગમ્બર વિદ્વાનોએ નિન્હવોનો ઇતિહાસ જ ઉડાવી દઈ ભગવાન મહાવીર સ્વામીના લગ્નપ્રસંગને અવાસ્તવ ઠેરવવા પ્રયાસ કર્યો છે. ગમે તેમ હો, પરન્તુ જમાલિ કલ્પિત નથી અને જમાલિનું અસ્તિત્વ એજ શ્રી મહાવીર–લગ્નની સાબિતી છે.

દિગમ્બર સંપ્રદાય શ્રી મહાવીરને અવિવાહિત ઠેરવવાના પુરાવા તરીકે ઘણું કરીને શ્વેતામ્બર સંપ્રદાય સમ્મત આવશ્યકનિર્યુક્તિને આગળ કરે છે. તેમાં જે પાંચ તીર્થંકરોને 'કુમાર પ્રવજિત' કહ્યા છે, તેમાંના શ્રી મહાવીર પણ એક છે એમ તેઓ માને છે. કિન્તુ 'કુમાર પ્રવજિત'નો અર્થ "આજીવન બ્રહ્મચર્ય પાળી દીક્ષા સ્વીકારનાર" એવો જ થતો નથી. તેનો અર્થ એમ પણ થઇ શકે, અને તે જ સાચો અર્થ ગણાય છે, 'રાજપદ નહિ સ્વીકારનાર' નિર્યુક્તિમાં સ્પષ્ટ લખ્યું છે કે–(**गामायारा विगया ते भुत्ता कुमाररहिएहिं**) 'કુમાર પ્રવજિતો સિવાય અન્ય તીર્થંકરોએ ગ્રામ્યાચાર વિષયો ભોગવ્યા.'

ઉક્ત પાઠનો અર્થ એવો જ થતો નથી કે, અન્ય પાંચેય તીર્થંકરો અવિવાહિત રહ્યા. કારણ કે નિર્યુક્તિકાર આગળ જતાં જણાવે છે કે, 'મોટા સામન્ત કુળમાં ઉત્પન્ન થયેલી યશોદા નામે શ્રેષ્ઠ રાજકુમારી સાથે શ્રી વીરે લગ્ન કર્યું–પાણિગ્રહણ માતાપિતાએ કરાવ્યું.'* નિર્યુક્તિકાર આગળ જતાં જણાવે છે કે, 'યશોદાની સાથે મનુષ્યના પંચવિધ ભોગો ભોગવતાં તેજની લક્ષ્મી જેવી સુરૂપા, પ્રિયદર્શના નામે

* 'महन्तसामन्तकुलपसूआए। कारन्ती पाणिगहणं जसोअवर रायकण्णाए' ॥ १९ ॥

પુત્રી થઈ.* અને કૂલ ત્રીસ વર્ષ સુધી ગૃહવાસમાં રહીને માતા–પિતા દેવગતિ પામ્યા પછી ક્ષત્રિયકુંડગ્રામમાં હસ્તોત્તર નક્ષત્ર, ઉત્તર–ફાલ્ગુનીની અંદર-ઉત્તમ ક્ષત્રિય જાતિવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, ભવ્યજનને બોધ પમાડનાર મહાવીર પ્રભુએ દીક્ષા લીધી.×

ઉપરોક્ત પ્રમાણોથી સિદ્ધ થાય છે કે, શ્રી મહાવીર પ્રભુ પરણ્યા હતા, પરણીને ઘેર આવ્યા ત્યારે ગ્રામ્યજનોએ તેમનો સારો આદર-સત્કાર કર્યો. રાજા સિદ્ધાર્થે ગામ આખાને મિષ્ટાન્ન જમાડયાં. શ્રી મહાવીર સમભાવે "સંસાર ભવન"ની ભીતરે પ્રવેશ્યા, યશોદા-રાણીએ તેમને ફૂલહાર કર્યા. ભવનમાં અગરુ–ચંદનની પરાગ મ્હેકતી હતી. છત ઉપર આકાશનું સુરમ્ય ચિત્ર હતું, દિવાલો સફેદ આરસની હતી. તે ઉપર લીલા રંગની ચિત્રલિપિ હતી. દીપકના આછા–નિર્મળ ગુલાબી પ્રકાશમાં 'સંસાર–ભવન' એક સ્નેહ–કાવ્યના અનુપમ પ્રતીક સ્વરૂપ ઝગમગતું હતું. મહાવીર પરણ્યા, પણ તે કુદરતની પ્રતિમૂર્તિને; નહિ કે મોહમાયાને. નિસર્ગના, અનંત સ્વરૂપનું દર્શન નારીના નાજુક દેહમાં કરી શકાય છે, પણ તે સારૂ નિર્મળ અંતર અને આત્મરસ લીંપી ઇન્દ્રિયો જોઇએ; વ્યાપક સ્નેહ ને સૌન્દર્યના પરમાણુને ઝીલવાની શકિત જોઇએ. શ્રી મહાવીરમાં તે શકિત હતી, તેમણે તે વડે યશોદામાં કુદરતનું દર્શન કર્યું, દર્શન વડે તેમનું હૈયું ઠર્યું.

શ્રી મહાવીર અને યશોદાદેવી સવાર-સાંજ વડીલ જનક જનની અને ભ્રાતા–ભગિનીને વંદન કરવા તેમના આવાસે જતાં. ત્રિશલામાતા

* पंचविहे माणुस्से भोगे भुंजित्त सह जसोआए । तेयसिरिं व सुरूवं जणेइ पियदंसणं धूअं ॥ ८० ॥

× हत्थुत्तरजोएणं कुंडग्गामंमि खत्तिओ जच्चो ।
सो देवपरिग्गहिओ तीसं वासाइ वसइ गिहवासे ।
वज्जरिसह संघयणो भविअजण विबोहओ वीरो ॥ ४५९ ॥
अम्मापिईहिं भयवं देवत्तगएहिं पव्वइओ ॥ ४६० ॥

પુત્રવધૂને જોઇ અર્ધાં-અર્ધાં થઇ જતાં. તેમનું માતૃહૃદય કુળના વહેતા અખંડ પ્રવાહની તીરે નિત્ય આનંદ માણતું. સંસારમાં રમતા શ્રી મહાવીરને એક પુત્રી થઇ, તેનું નામ **પ્રિયદર્શના** પાડવામાં આવ્યું. પ્રિયદર્શના ઘણો સમય માતા ત્રિશલાને ખોળે રમતી, જ્યારે તે ભૂખી થતી ત્યારે જ યશોદા માતા તેને યાદ આવતી. સંસારની રમતમાં વર્ધમાન સ્વામીને બે-ચાર વર્ષ વીતી ગયાં, તેમની તેજસ્વી નજર દુનિયાના સુખ-દુઃખો પર પડી. જન્મ વડે જીવનનો શાશ્વત ઉદ્દેશ પૂર્ણ કરવાની પોતાની નેમ તેમને યાદ આવી. પણ તે સાથે માતા-પિતાની હયાતિમાં સંસાર પર નહિ બનવાની લીધેલી પ્રતિજ્ઞા તેમના માર્ગમાં આવીને ઊભી. સમય વીતતાં શ્રી મહાવીર અઠ્ઠાવીસ વર્ષના થયા, તે અરસામાં તેમનાં જનક-જનની સ્વર્ગવાસી થયા. માતા-પિતાના અવસાનથી નંદિવર્દ્ધન-મહાવીર અને સુદર્શનાને ઘણું જ દુઃખ થયું. સંસારીજનો પ્રત્યેના રાગમાંથી દુઃખનાં અનેક ઝરણાંઓ ફૂટે છે. સંસારમાં સંયોગ જેટલું જ વિયોગનું મહાત્મ્ય હોવું જોઇએ. મરતાં-મરતાં જ અમરતા વરાય છે. શ્રી મહાવીર શાંત અને સ્વસ્થ હતા. વ્હાલસોયાં માતા-પિતા જતાં તેમને એક આંચકો લાગ્યો, પણ તે પછી તેમનો આત્મપ્રકાશ તે આંચકાની આસપાસ જળપ્રલયના જેમ ફરી વળ્યો. વિશ્વ આખાને ચાહતું અંતર એક-બે વ્યકિતમાં નિજનો સ્નેહસાગર ઉલ્ટાવી દે, તો તેથી વિશ્વના જીવોને કેટલું સહન કરવું પડે. નંદિવર્દ્ધન ઘરમાં મોટા હોવાથી સઘળો કારભાર તેમના શિરે આવ્યો. માતા-પિતા અવારનવાર યાદ આવતાં તેઓ એકાંતમાં બેસીને રડી લેતા; પૂજ્ય પિતૃજનોનો વિયોગ તેમને વધુ સાલવા લાગ્યો. પણ તેથી શું ? જન્મ-મરણનું શાશ્વત ચક્ર ફરતું-ફરતું એક દિવસ માનવીને મુક્ત કરી શકે છે, પણ જો તે સ્થિર બની જાય તો માનવ-પ્રાણીની શી દશા થાય ?

★

## પ્રકરણ ત્રીજું

## માતા–પિતાનું સ્વર્ગગમન

**સાર:–માતા–પિતાનું સ્વર્ગગમન વરસીદાન, દીક્ષા મહોત્સવ. સંઘયણ સંસ્થાનોનું ટૂંક સ્વરૂપ. આયુષ્યના પ્રકાર. પંચ મહાવ્રતની મહત્તા. દીક્ષા સમયે ઉચ્ચારેલો 'કરેમિ સામાઇયં'નો પાઠ. પાંચ પ્રકારનાં જ્ઞાનમાં રહેલો આત્માનો પ્રવલ પ્રકાશ. દીક્ષાનું મહત્ત્વ શ્રી મહાવીરે દીક્ષા સમયે જેવા પ્રકારના નિર્મળ ભાવો ભાવેલા તેવા ભાવો કોઇ પળે ભાવવાનું સદ્‌ભાગ્ય સાંપડે તો અનંત પ્રકારનાં કર્મો સાફ થઇ જાય.**

માતા–પિતા સ્વર્ગે જતાં શ્રી મહાવીરને ગર્ભકાળની પ્રતિજ્ઞા યાદ આવી. આલમમાં આત્મત્વનો વિજય–ડંકો વગાડવાની નિર્મળ ભાવના વડે તેમનું અંતર ભીંજાયું. પણ તે વાત વડીલ ભ્રાતા સમીપે કરવી કઇ રીતે ? એક તો તેમનું ચિત્ત વ્યગ્ર હતું, તેમાં વળી સંસાર ત્યાગના સમાચારે વધારો કરતાં શ્રી મહાવીરનું પુષ્પમય હૈયું દ્રવ્યું. છતાં લોકોત્તર પુરુષો વજ્રકઠોર પણ બની શકે છે. તેઓ વડીલબન્ધુના આવાસે ગયા, પ્રણામ કરીને આસને બેઠા. ધીમે ધીમે પોતાના અંતરની ઉજળી વાત ભાઇ આગળ રજુ કરી, નંદિવર્દ્ધન વિમાસણમાં પડ્યા. " શું બોલું ? ક્યાં જાઉં ! હવે શું થશે ? માતા–પિતા તો ગયાં, પણ

ગાડીજાયો ભાઇ જશે તો કયમ પાલવશે. " તેમનું હૈયું ભરાઇ આવ્યું, માતા–પિતાના અવસાનનો ઊંડો જખમ ન રૂઝાય ત્યાં સુધી શ્રી મહાવીરને સંસારમાં રહેવા સમજાવ્યા. શ્રી મહાવીરે ફક્ત બે સાલ માટે કબૂલાત આપી.

શ્રી મહાવીરે બે વર્ષ માટે સંસારમાં રહેવાનું કબૂલ્યું, પરન્તુ તેમણે જીવન દીશા પલટાવી નાંખી, આગામી દિવ્ય જીવનનો પાયો નાખવાની તેમણે શરૂઆત કરી. એક 'નિવૃત્તિ ભવન ' તૈયાર કરાવ્યું, તેમાં તેઓ શાંત ને સંયમી રીતે જીવવા લાગ્યા. પોતાની અંગત બાબતોનો તમામ બોજો નોકરચાકરને માથેથી તેમણે ઉઠાવી લીધો. સવાર બપોર ને સાંજ આત્મામાં દઢપણે રમવાની કસરતમાં રસ લેવા માંડ્યા. ડગલે ડગલે પ્રાણીમાત્રના કલ્યાણની નિર્મળ ભાવનામાં તરવા લાગ્યા. સંસારના નાશવંત પદાર્થમાં દોડી જતી નજરને અધ્યાત્મ લોકના શાશ્વત સત્યોમાં ઠેરવવા લાગ્યા. વાસુદેવ ને ચક્રવર્તીના ભોગો ભોગવવા છતાં પણ અસંતોષની આગમાં જળતી ઇન્દ્રિયોને ઠેકાણે લાવવા તેના મૂળમાં સંયમજળ છાંટવા માડયા. માનવીની જન્મ-પરંપરાનું આદિ કારણ–સ્થૂલ નાશવંત પદાર્થો પ્રત્યેનો તેનો મોહ છે. જો તેનો મોહ વિશ્વસ્નેહમાં પલટાઇ જાય તો આત્માનું તેનું સામર્થ્ય વિશ્વાત્માને આંગણે આનંદમાં મ્હાલી શકે. શ્રી મહાવીરે પરિગ્રહ ઘટાડી નાંખ્યો. કામ–ક્રોધ-લોભને મોહની ચતુરંગી દિવાલોના મૂળમાં આત્મ પ્રકાશનો વજ્ર પ્રહાર કર્યો, દ્વેષ કે ઇર્ષ્યાના વિષમય તરંગો તેમના અમૃત શરપૂર અંતર–સરે ન ટકી શકયા, સ્વ–પરનો જાતિ સહજ ખ્યાલ આત્માના અભિન્નત્વ વડે તેમનામાંથી બહાર ફેંકાઇ ગયો. ' ઘર–બહાર ' ના ભેદ જન્માવતી રંક મનોદશાનો ઝેરી પવન તેમના વિશ્વવ્યાપી જીવન–વૃક્ષને ન હલાવી શકયો. સુખ-દુઃખની જોડલી તેમના આત્મ–મંદિરે ઘોંઘાટ મચાવવાને બદલે તાલમય નૃત્ય કરવા લાગી. એક દષ્ટ અને અડોલ દીપશિખાના જેમ શ્રી મહાવીર

આત્મામાં ઝઘમગવા લાગ્યા. તેમના રોમે-રોમ સૂર્યકિરણોનું સંગીત વહેવા લાગ્યું. આમ્રડાળે ટહૂકતી કોકિલાનો ચેતના સભર સૂર તેમને જાગ્રતિની પ્રેરણા પાતો થયો. ફૂલમાં ડોલતા ભ્રમરા આત્મકુસુમની સરિતા પ્રત્યે તેમને વિશેષ આકર્ષણ દેતા થયા તેમની આસપાસ વિશ્વનો સનાતન આનંદ સિન્ધુ ઊછળતો થયો. તેમને તે આનંદનો પ્રવાહ પ્રાણીમાત્રને આંગણે વહેતો કરવા માટે તેઓ વિવશ બન્યા. સંસારની વાસનાનો પ્રત્યાઘાત તેમને હવે ભારરૂપ લાગ્યો. નિર્મળ આકાશનું નીલમરંગી ચિત્ર તેમના અંતરમાં આદિ-અનાદિ શાશ્વત સત્યો પેદા કરવા લાગ્યું. સાધુજીવન આડે બે વર્ષનો પડદો હતો, તેમાંથી અમુક દિવસો પસાર થઇ ગયા. ચિર વિયોગને અંતે માતાને ભેટતા પુત્રની જેમ શ્રી મહાવીર દીક્ષા વડે પ્રકાશને ભેટવા ઉત્સુક બન્યા. દિવસો જેમ ઘટવા માંડયા, તેમ તેમના અંતરનું આનંદ સંગીત જોસભેર પ્રકાશ-વર્તુળો રચવા લાગ્યું. દિવસ ને રાત સાધુજીવનની ઉજળી પૂર્ણિમાના ચંદનપ્રકાશમાં તરવા લાગ્યા. દિવસો ખલાસ થવા આવ્યા. ભાઇ નંદિવર્દ્ધનને જઇને તેમણે તત્સંબંધી વાત કરી. સજળ નેત્રે ભાઇએ હકાર ભણ્યો.

આ બાજુ શ્રી મહાવીર દીક્ષા અંગે તલપાપડ થઇ રહ્યા હતા, જ્યારે બીજી બાજુની દુનિયામાં વૈરવિરોધને હિંસાનું બળ જામતું હતું. વધતા જતાં અમાનુષિ કર્તવ્યોની ઝાળથી દુનિયાનું શાશ્વત સત્ય લેપાવા લાગ્યું, ઉચ્ચ ભૂમિના દેવો આનાથી ગભરાયા. તેઓ પ્રકાશપુત્ર શ્રી મહાવીરને મંદિરે આવ્યા. પ્રભુને સ્તવ્યા અને દુનિયાના અંધારામાં આત્માનું અમીઝરણ વહાવવા માટે સાધુજીવન અંગીકાર કરવાની વિનંતિ કરી. વીર મહાવીર હતા. તેમનું જીવન-ખમીર આત્માના તેજસ્તંભો ઊભા કરવા માટે સર્વ કાળે તૈયાર હતું. દેવોને આશ્વાસન આપી રવાના કર્યા અને તેમણે દીક્ષાના દિવસથી એક સાલ અગાઉથી વાર્ષિકદાન આપવાની શરૂઆત કરી.

**વરસીદાન:**—દાન એ આત્મ ધર્મ પ્રકટ કરવાનો એક અણમોલ ઉપાય છે. અનાદિકાળથી ઇન્દ્રિયદ્વારા જીવને મળે તે ગ્રહણ કરવાનો, લેવાનો સ્વભાવ પડી ગયો છે એ લોભકષાયની નિશાની છે. આહાર, ભય, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ એ ચાર સંજ્ઞા જીવને અનાદિ કાળથી વળગેલી છે. એ ચારમાં જે-જે પ્રવૃત્તિ કરવી તે બહિરાત્મભાવ છે, એમ જીવને પોતાને લાગતું નથી. લોભકષાયના ઘેરા ગુલાબી રંગમાં રંગાયલા માનવને તો મરણકાળ લગી પરિગ્રહ ઉપરથી લેશ પણ મમત્વભાવ ડગતો નથી; દાન-શિયલ તપ ને ભાવ એ પ્રકારનો ધર્મ જિનેશ્વરોએ કહ્યો છે, તેની આરાધનાથી આત્માનું આત્મત્વ પ્રગટ થાય છે અને ભૌતિક પદાર્થો તરફ વહેતું લોભકષાયરંગી જીવન-સત્ત્વ સ્વાત્મવિકાસને માર્ગે વહેણ બદલે છે. પરિગ્રહને જીતવા માટે દાન જેવું અમોઘશસ્ત્ર આ દુનિયામાં બીજું નથી.

નિત્યે શ્રી મહાવીર એક ઘડી દિવસ ચઢયા પછી દાન આપવા બેસતા. તેમના તે દાનપ્રવાહ પોણાબે પ્રહર ( સવા પાંચ કલાક સુધી અખંડ રીતે ચાલુ રહેતો અને નિત્યનું એક ક્રોડને આઠ લાખ સૌનેયાનું * દાન શ્રી વર્ધમાનના હાથે અપાતું. સૌનેયાપર તીર્થંકરના માબાપનું તથા થનાર તીર્થંકરનું નામ હોય છે. આ પ્રમાણે એક વર્ષ સુધીમાં શ્રી મહાવીરે કુલ ત્રણસો-અઠયાસી ક્રોડ અને એંશીલાખ સોનામહોરનું દાન-દુનિયાના દરિદ્રને ટાળવા માટે આપ્યું. જેમ-જેમ તેમના હાથમાંથી દ્રવ્ય પસાર થતું તેમ તેમ દ્રવ્યના પ્રવાહમાં-તેમના જીવનવિકાસને રોધવા મથતા પરિગ્રહાદિ તમામ બળો-બહાર નીકળી ગયાં અને તેમની દષ્ટિ નિર્મળ બની.

**દીક્ષામહોત્સવ:**—દીક્ષા સમય નજીક આવ્યો એટલે નંદિવર્દ્ધન

* એક સોનૈયો બરોબર એંશી રતિભાર થાય છે. ૮૦/૯૬ રતિ= ૫/૬ રૂપિયાભાર; જેની કિંમત વિક્રમ સંવત ૧૯૯૫ માં પ્રવર્તતા તોલા દીઠ રૂ. ૨૪) ના હિસાબે રૂ. ૨૦) નો એક સોનૈયો થાય.

રાજાએ દીક્ષામહોત્સવની તૈયારી આદરી. કુંડપુરનગરના ચોક-ચૌટામાં અમરપુરીનાં દિવ્ય દશ્યો ચમકવા લાગ્યા. નાનાં-મોટાં ભવનને બારણે આત્માનાં અમૃત સત્યો ઝળકવા મંડયાં, ગામ આખું દીક્ષામહોત્સવમાં હર્ષપૂર્વક ભાગ લેવા લાગ્યું તે સમયે અનેક રાજાઓ તેમજ ચોસઠ ઇન્દ્રો અને દેવદેવીઓ ક્ષત્રિય કુંડપુર ગ્રામે આવ્યાં.

દીક્ષાને દિવસે નંદિવર્દ્ધન રાજાએ શ્રી મહાવીરને પૂર્વાભિમુખ બેસાડી ક્ષીર સમુદ્રના જળથી તથા સર્વ તીર્થની મૃતિકાથી અભિષેક કર્યા તે સમયે સર્વ દેવો " જય-જય " શબ્દનો ઉચ્ચાર કરતા હતા. સ્નાન બાદ શ્રી વીરે ઉત્તમ શ્વેત વસ્ત્રો શરીરે ધર્યાં. લલાટે ચંદનનો લેપ થયો, કંઠમાં કલ્પવૃક્ષના ફૂલોની માળા તેમજ રત્ન-માણિકયના અનુપમ અલંકારો ચમકવા લાગ્યા. માથે અણમોલ આસ્માની રત્નોનો મુગટ દીપતો થયો, શ્રી મહાવીર બીજા લગ્ન માટે તૈયાર થયા. પ્રથમ પરણેલા, તે એક સંસારી નારી સાથે; આ સમયે તેમનું લગ્ન અનંત પ્રકાશની પ્રતિમા સ્વરૂપ ' મુક્તિરમણી ' સાથે થવાનું હતું અને આજે દીક્ષા કાળે તે રમણીના નામ સાથે તેમની સગાઇ થવાની હતી.

વિક્રમ સંવત પૂર્વે ૫૧૩ ( ઇ. સ. પૂર્વે ૫૬૯ ) ના માગસર સુદ દશમને સુવ્રત નામના માંગલિક દિવસે શ્રી મહાવીર સ્વામી-ચંદ્રપ્રભા તૂલ્ય ધવલ-' ચન્દ્રપ્રભા ' નામે પાલખીમાં પૂર્વાભિમુખ બેઠા કે તરત જ અસંખ્ય દેવ-માનવો તે પાલખીના ચારેય છેડે વળગી પડયા. ' જય જય નંદા ' ' જય જય ભદ્દા ' ના માંગલિક અવાજો વરઘોડામાં ગૂંજવા લાગ્યા. વરઘોડામાં પાલખીની આસપાસ રહેલા દેવમાનવો શ્રી મહાવીરના ગુણાનુવાદ ગાતા હતા. વરઘોડાની આગળ હજાર પતાકાવાળો ઇન્દ્રધ્વજ ચાલતો હતો, તેની પાછળ પૂર્ણકલશ-ચામર, છત્ર, આઠ માંગલિકાદિક શોભતાં હતાં, તેમજ હાથી, ઘોડા સહિત લશ્કર પાછળ ચાલતું હતું. દીક્ષા કલ્યાણકના વરઘોડાની શોભા

અજબ અને અવર્ણનીય હતી. આપણે ત્યાં આજે પણ જ્યારે કોઇ ભાઇ યા બ્હેન દીક્ષા અંગીકાર કરવા ઉત્સુક થાય છે ત્યારે વરઘોડો નીકળે છે, તો વરઘોડામાં જેટલી શોભા કરીએ તેટલી ઓછી જ ગણાય કારણ કે શોભા કરવામાં આપણો એકજ નિર્મળ ઉદ્દેશ હોય છે અને તે એ કે એ વડે આપણે શાસન પ્રતિનો આપણો અસીમ સ્નેહ દર્શાવી શકીએ. આજના સુધારાના પવન સાથે આપણી શાસનભક્તિના જહાજને ટક્કર ઝીલવી પડે છે, પણ તે સુધારાના હિમાયતીઓ કાં ગમ ખાય છે કે, માનવી માત્ર પોતાના માનેલા ઇષ્ટદેવને માટે બને તેટલું બધું કરીને પણ સંપૂર્ણ સંતોષ નથી અનુભવી શકતો. હમણાંજ ભાદરવા વદ બારસ ગઇ. તે દિવસે શ્રી મોહનલાલ કરમચંદ ગાંધીની જીવતાની ૭૮ મી જન્મજયંતિ ઉજવવા પાછળ હિન્દુસ્તાનમાંના અને દરિયાપારના તેમના અનુયાયીઓએ શું ઓછો ઉત્સાહ અને ભક્તિભાવ દાખવ્યો છે ? માનવી જેનામાં પોતાની જાતનું સમર્પણ કરે છે, તેના નામ પર તે ખર્ચ તો શું પણ ફના થઇ જતા સુધી લેશપણ ખંચકાતો નથી, કારણ કે તે તેનામાં પોતાના સર્વસ્વનુ આરોપણુ કરીને જ આગળ ડગ ભરે છે.

વરઘોડો નગરના ' જ્ઞાતખંડ ' નામે મનોહર ઉદ્યાનમાં આવીને ઠેર્યો. શ્રી મહાવીર પાલખીમાંથી નીચે ઊતર્યા. તે સમયે તેમનો નિર્મળ ભાવ તેમના મુખારવિંદ પર ચન્દ્રકિરણોની શ્વેતકવિતા જેવો ઝળકતો હતો. ધીમે પગલે શ્રી મહાવીર અશોકવૃક્ષની શીળી છાંય નીચે જઇ ઊભા. પછી તેમણે શરીર પરના અલંકારો દૂર કર્યા, ઉત્તમ વસ્ત્રો એક બાજુ મૂકી દીધાં. શ્રી વીરને જોવા તે સમયે લોકો પડાપડી કરતા હતાં, ઝાડ નીચે હસતા પ્રભુ શરીર પરનો સઘળો બોજો ત્યજતા હતા. તે દિવસના ત્રીજા પ્રહરે, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર સાથે ચંદ્રનો યોગ આવતા શુભ મુહૂર્તે ગુણ-દોષના પ્રભુએ હસ્તે મુખે પંચમુષ્ટિ લોચ કર્યો. એક મુષ્ટિથી દાઢી તથા મૂછના રેશમી વાળનો તથા ચાર મુષ્ટિથી મસ્તક

પરના કસ્તુરી કાળા કેશનો લોચ કર્યો તે દિવસે પ્રભુએ છઠ્ઠનો તપ કર્યો હતો. જીવનો મૂળ સ્વભાવ અનાહારી છે એ અનાહારી ગુણ પ્રગટ કરવાને તપ પ્રવૃત્તિ એજ ઉપાય છે ' ઇચ્છારોધન ' એ તપનું મૂળ લક્ષણ છે. જગતના ભોગ પદાર્થો ઉપરથી ઇચ્છાને અંતર્મુખ વાળવી એ ઉત્તમોત્તમ તપ છે. તપના તેજે શરીરનો ડુંગર ઘસાય, પરન્તુ ત્યારેજ આત્માનો રવિ ઉદયાચળે ઝળકતો થાય. તપ જૈનદર્શનનું જીવન્ત સત્ય છે. ત્યાગપ્રધાન જૈનદર્શનનો મૂળધ્વનિ તપના અંતસ્તેજમાંથી મેળવી શકાય છે. આધ્યાત્મિક તેમજ શારીરિક ઉભય દૃષ્ટિએ તપને સત્ય અને ફાયદાકારક સાબિત કર્યું છે. તેનું શરણ–અશરણનું અનંત ધન બનશે.

વજ્રઋષભનારાચ સંઘયણ[अ] સમચતુરસ્ર સંસ્થાન[ब] અને નિરુ-

(अ) સંઘયણ એટલે શરીરની અંદર રહેલાં હાડના પુદ્ગલોની દૃઢ રચના. તેના છ ભેદ છે.

(૧) **વજ્રઋષભનારાચ સંઘયણ.** હાડકાનાં સાંધાને નારાચ એટલે મર્કટબંધ, તે ઉપર ઋષભ એટલે હાડનો પાટો. તે ઉપર તે ત્રણને ભેદે એવો વજ્ર તે ખીલો, એ ત્રણે યુક્ત જે માનવી હોય તે ઉક્ત **સંઘયણવાળો ગણાય.**

(૨) નારાચ તે મર્કટબંધ, તે પર પાટો ( ઋષભ ) હોય, પણ વજ્ર ન હોય તેને **ઋષભનારાચ સંઘયણ** કહે છે.

(૩) કેવળ મર્કટબંધ હોય, પણ પાટો કે ખીલો ન હોય તેને **નારાચ સંઘયણ** કહે છે.

(૪) એક પાસે મર્કટબંધ હોય, બીજે છેડે ફકત હાડ હોય તેને **અર્દ્ધનારાચ સંઘયણ** કહેવાય.

(૫) વચ્ચે ખીલો જ હોય, બીજે છેડે ફકત હાડ હોય તેને **કીલીકા સંઘયણ**ને નામે ઓળખાય.

પક્રમી આયુષ્યવાળા* શ્રી મહાવીર પ્રભુએ પંચમુષ્ટિ લોચ કર્યા બાદ

(૬) બે પાસે હાડે-હાડ અડી રહ્યાં હોય તેને **છેવટ્ઠુ સંઘયણુ** કહે છે.

આ છ પ્રકારના સંઘયણના અધિકારી **ઔદારિક** શરીરવાળા ગર્ભજ-તિર્યંચને મનુષ્ય છે. દેવતાને નારકીના જીવો **વૈક્રિય** શરીરવાળા હોવાથી તેમજ **આહારક** શરીરવાળાને હાડકાં હોતાં નથી. બે ઇન્દ્રિય, ત્રીંદ્રિય, ચૌરેંદ્રિય જીવોને છેવટ્ઠું સંઘયણ હોય છે અને એક ઇન્દ્રિય-વાળા જીવો અસંઘયણિ કહેવાય છે. મોક્ષેજ જવાવાળા જીવોને ખાસ કરીને પહેલું સંઘયણ હોય છે. વર્તમાન પાંચમા આરામાં તેનો નિષેધ છે. આ કાલના મનુષ્યોને છેવટનું સંઘયણ હોય છે. શ્રી મહાવીર પ્રભુના શરીરનાં હાડની રચના વજ્રઋષભનારાચ સંઘયણવાળી હતી.

(બ) શરીરના આકારને સંસ્થાન કહે, તેના નીચે પ્રમાણે છ ભેદ છે.

(૧) **સમચતુરસ્ર સંસ્થાન**—મનુષ્ય પર્યંકાસને બેસે, તેના બે ઢીંચણ વચ્ચેનું અંતર ૧, તથા જમણો ખભો અને ડાબા ઢીંચણ વચ્ચેનું અંતર ૨, ડાબા ખભા અને જમણા ઢીંચણ વચ્ચેનું અંતર ૩, અને પલાંઠીના મધ્ય પ્રદેશથી કપાળનું અંતર ૪, એ ચારે પાસાં સરખાં હોય, અને સર્વાંગે સુંદર હોય તેને સમચતુરસ્ર સંસ્થાન કહે છે.

(૨) **ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન**—નાભી (ડૂંટી) ઉપર સંપૂર્ણ સુંદર અવયવ હોય અને તેની નીચેના પ્રદેશમાં ઓછોવત્તો હોય તેને ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન કહે છે.

(૩) **સાદિ સંસ્થાન**—નાભિથી નીચે સંપૂર્ણ અવયવ હોય અને ઉપર ઓછોવત્તો હોય તેને સોદિ સંસ્થાન કહે છે.

(૪) **કુબ્જ સંસ્થાન**—હાથ, પગ, મસ્તક, ડોક, સુલક્ષણાં હોય અને હૃદય, પેટ લક્ષણહીન હોય તેને કુબ્જ સંસ્થાન કહે છે.

(૫) **વામન સંસ્થાન**—હૃદય તથા પેટ લક્ષણયુક્ત હોય અને

પંચ મહાવ્રતને ૭ અંગીકાર કરવા " કરેમિ સામાઇયં સવ્વં સાવજ્જં

---

પગ, શીર, ગ્રીવા કુલક્ષણાં હોય તેને વામન સંસ્થાન કહે છે.

(૬) **હુંડક સંસ્થાન**—સર્વ અંગોપાંગ લક્ષણહીન હોય તેને હુંડક સંસ્થાન કહે છે.

આ છ પ્રકારના સંસ્થાનમાં દેવતાઓને સમચતુરસ્ત્ર સંસ્થાન હોય. ગર્ભજ મનુષ્ય તેમજ તિર્યંચ પણ એ છના અધિકારી છે. બાકીના સર્વ જાતિના જીવો છેલ્લા હુંડક સંસ્થાનના અધિકારી છે. શ્રી મહાવીરપ્રભુના શરીરની રચના સમચતુરસ્ત્ર સંસ્થાનની હતી, તેમના શરીરનો વર્ણ સુવર્ણ તુલ્ય તેમજ કાંતિ નિર્મળ હતી.

(क) આયુષ્યના મુખ્યત્વે બે પ્રકાર. સોપક્રમ ને નિરુપક્રમ; જેમાં આયુષ્ય મર્યાદાને સાત પ્રકારના ઉપક્રમ (ફેરફાર)માંથી એકાદ ઉપક્રમ લાગી આયુષ્ય જલ્દી ભોગવાઈ જઈ મરણ થાય તેને સોપક્રમ આયુષ્ય કહે છે. જેને સાત પ્રકારના ઉપઘાત લાગવા છતાં, અથવા મરણાંત કષ્ટના ઉપદ્રવો થયા છતાં, આયુષ્યની મર્યાદા તૂટે નહિ તેને નિરુપક્રમ આયુષ્ય કહેવાય. સર્વ તીર્થંકરો તેમજ સલાકા પુરુષો નિરુપક્રમ આયુષ્યવાળા જ હોય છે. શ્રી મહાવીરપ્રભુ નિરુપક્રમ આયુષ્યવાળા હતા.

(ख) પંચ મહાવ્રતનું સામાન્ય સ્વરૂપઃ—

**પહેલું મહાવ્રત**—વ્રત એટલે તેમાં વર્તવાનું પણ, યાવજ્જીવ સર્વ જગજીવો સાથે સ્નેહપૂર્વક વર્તવું. કોઇ પણ પ્રકારના જીવની કોઇ પણ રીતે હિંસા ન કરવી, ન કરાવવી કે તે પ્રમાણે કરનારને ઉત્તેજન ન આપવું તે **પ્રાણાતિપાત વિરમણ વ્રત** નામે પહેલું મહાવ્રત. પ્રાણાતિપાત એટલે કોઇ પણ પ્રાણીના ઘાતની ભાવનામાંથી વિરમવું તે. જીવમાત્રનું હિત ચિંતવવાના જૈનદર્શનના ફરમાનનો આ મહાવ્રત મહાસ્થંભ છે. " मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणई "નો મંગલધ્વનિ આ મહાવ્રતનો ઉજ્જવળ પ્રકાશ ઘેર ઘેર વહેતો કરો!

જોગં પચ્ચખામિ "નો પાઠ ઉચ્ચર્યો. તે જ, પળે પ્રભુને મનઃપર્યવ

**બીજું મહાવ્રત**–કોઇ પ્રકારનું અસત્ય ન ઉચ્ચારવું તે. કોઇને અસત્ય બોલવાની ફરજ પાડવી કે, તે પ્રમાણે બોલનારની પીઠ થાબડવામાં પણ આ વ્રતનું ખંડન થયું લેખાય. આમાં તો સ્પષ્ટ રીતે મૃષાવાદમાંથી વિરમવું પડે. સત્યના પ્રકાશનો સર્વ દિશાઓમાં સત્કાર કરતો પડે. સત્ય સમજાતાં અસત્યમાંથી આપણી આંખો ને અંતર પાછાં વળે ને સત્યના સાગરની દૂર-દૂર નજર ફેંકે.

**ત્રીજું મહાવ્રત**—અદત્તાદાન વિરમણ વ્રત. અદત્તાદાન એટલે વગર આપ્યે લેવું તે, કોઇ પણ વસ્તુ-તે આપણને ગમતી હોય કે ન ગમતી હોય, અણમોલ હોય કે કોડીની હોય. તેના માલિકની પરવાનગી સિવાય હાથમાં લેતાં આ મહાવ્રતનું ખંડન થાય.

**ચોથું મહાવ્રત**—દેવતા, તિર્યંચ કે મનુષ્યની સ્ત્રી સાથે મન, વચન અને કાયાથી મૈથુન સેવવું નહિ, સેવરાવવું નહિ, કે સેવે તેને અનુમોદના આપવી નહિ. તેમજ સૃષ્ટિના વ્યાપક સિદ્ધાન્ત વિરુદ્ધ મૈથુન સેવવું નહિ. મતલબ કે શુદ્ધ રીતે મન-વચન કાયાથી બ્રહ્મચર્ય પાળવું. આ વ્રતનું નામ મૈથુન વિરમણ વ્રત.

**પાંચમું મહાવ્રત**—આત્મવિકાસની આડે આવતા પદાર્થોનો સંગ્રહ કરવો નહિ, કરાવવો નહિ કે કરે તેને સારો કહી ઉશ્કેરવો નહિ, કારણ કે પરિગ્રહ એજ મોહના કિલ્લા સ્વરૂપ છે. " our possessions are but our limitations." ( Rabindranath Tagore ) પરિગ્રહ વ્રત આ મહાવ્રતનું નામ.

ઉક્ત પાંચેય મહાવ્રતો આત્માને પૂર્ણ રીતે પ્રકાશવાની તક આપે છે પહેલો અહિંસા ધર્મનો પાઠ. અહિંસાથી મૈત્રીભાવ જાગે, મૈત્રીભાવનાના મૂળ કદાગ્રહોને નિર્મૂળ કરે અને સર્વત્ર આનંદનું દર્શન થાય. મૃષાવાદમાંથી મુક્ત થતાં સત્યની સર્વવ્યાપકતાનો ખ્યાલ આવે,

નામા ચોથું જ્ઞાન[ઉ] ઉપજ્યું.

---

તે ખ્યાલમાં ઊંડા ઊતરવાથી વાદ-વિવાદો નાબૂદ થાય અને સંપમાં સર્વેશ્વરની પ્રતીતિ થાય. અદત્તાદાન વ્રતના પાલનથી મારામારીને વૈર-વિરોધ શમે, તેમજ કોર્ટના પગથિયાં ઘસવાનું ઘટતું જાય. બ્રહ્મચર્ય પાળવાથી આત્મ સૌન્દર્ય ખીલે, તેમજ નારીના જીવનનું યથાયોગ્ય મૂલ્યાંકન થાય. વર્ણશંકર પ્રજા ઉછરતી અટકે, વંશની વૃદ્ધિ થાય. પરિગ્રહ ત્યાગથી આત્માનો પ્રકાશ મળે, તે ત્યાગ સિવાય પ્રાપ્તિ થતી જ નથી. ( Gain by giving away, covet not=Upnishad ) શ્રી મહાવીર પ્રભુએ દીક્ષા સમયે ઉક્ત પાંચેય મહાવ્રતોના પાલનની આકરી પ્રતિજ્ઞા લીધી. હાલનું વિશ્વયુદ્ધ પણ આ વ્રતભંગના સાક્ષાત પરિણામરૂપ જાણવું. સંસારના ટંટા-બખેડા કે મારામારી, નાના યા મોટા રૂપમાં-અટકાવવાં હોય-શાંતિની સ્થાપના કરવી હોય તો મુખ્યપણે આ વ્રતનું જ સેવન અવશ્ય લાભદાયી છે.

(इ) શ્રી આચારાંગ સૂત્રમાં આત્મસંશોધન માટે શ્રી વર્ધમાન પ્રભુએ શું કર્યું તેનું વર્ણન આપવામાં આવ્યું છે. એમની મહાન શક્તિ પ્રમાણે એમણે એવી પ્રતિજ્ઞા કરી કે-હું સર્વ આત્માઓને સમાન ગણીશ, કોઈ પણ પ્રકારનું પાપ કરીશ નહિ. આજ પ્રકારે શ્રાવક બે ઘડી करेमि भंते सामाइयं હે ભગવન્ ! હું સર્વ આત્માઓને **સમાન** ગણીશ. सावज्जं जोगं **पच्चक्खामि** કોઈ પણ પ્રકારનું પાપ કરવામાં મારા મન-વચન-કાયાને હું યોજીશ નહિ. અને जावनियमं पज्जुवासामि જ્યાં સુધી નિયમમાં છું, ત્યાં સુધી સમભાવે રહી મારા આત્મગુણનું સંશોધન કરીશ. પ્રભુએ જે પાઠ ઉચ્ચરેલો તેનો અર્થ ઉક્ત શબ્દોમાં સારી રીતે સમાઈ ગયો છે. ભગવાન પોતે કરેમિ भंते શબ્દ નથી બોલતા.

(उ) જ્ઞાનના મુખ્યતઃ પાંચ પ્રકાર છે. (અ) મતિજ્ઞાન (આ) શ્રુતજ્ઞાન (ઈ) અવધિજ્ઞાન (ઉ) મનઃ પર્યવજ્ઞાન અને (ઋ) કેવળજ્ઞાન.

(અ) **મતિજ્ઞાનનું સ્વરૂપઃ**—મતિજ્ઞાન ઇન્દ્રિય ને મન, એ બેય

જ્ઞાન ઉત્પન્ન થયું કે તરત ઇન્દ્રે એક કિંમતી વસ્ત્ર (દેવદુષ્ય)

થકી થાય, મતિજ્ઞાનવાળો સામાન્ય રીતે આગમના બલથી સર્વ દ્રવ્ય જાણે પણ દેખે નહિ. ક્ષેત્ર થકી સર્વ ક્ષેત્ર ને લોકાલોકને જાણે પણ દેખે નહિ. કાળ થકી સર્વકાળ જાણે પણ જુએ નહિ. ભાવ થકી સર્વભાવ જાણે પણ જુએ નહિ. મતિજ્ઞાન પ્રત્યેક જીવને તેના ક્ષયોપશમ પ્રમાણે હોય છે. મતિજ્ઞાનના એકંદર ત્રણસોને ચાલીશ ભેદ થાય છે.

(આ) **શ્રુતજ્ઞાનનુ સ્વરૂપ:**—મતિજ્ઞાનની સાથે શ્રુતજ્ઞાન સંલગ્ન છે, તો પણ પ્રથમ મતિને પછી શ્રુત, કારણ કે શ્રુત મતિનું ફળ છે. મતિજ્ઞાનથી મતિમાં ઊતરે, પણ તેના વર્ણન સારૂ અક્ષરસ્વરૂપ શ્રુત-જ્ઞાન જોઇએ. મતિ સાધન છે, શ્રુત સાધ્ય છે મતિથી અંતરમાં લખાય, તે શ્રુતની મદદથી શબ્દોમાં પરિણમે. શ્રુતજ્ઞાનના ચૌદ તેમજ વીસ ભેદ છે.

(ઇ) **અવધિજ્ઞાન:**-અવધિ-મર્યાદા પ્રમાણે, રૂપી દ્રવ્યનું જાણવું તેને અવધિજ્ઞાન કહે છે. અવધિજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમ થવાથી ઇન્દ્રિયોની અપેક્ષા વિના આત્મપ્રત્યક્ષ આ જ્ઞાન પ્રગટ થાય છે. અવધિજ્ઞાનના મુખ્ય ૭ પ્રકાર છે. (૧) અનુગામિ અવધિજ્ઞાન-જે સ્થાનકે રહ્યા અવધિજ્ઞાન ઉપજ્યું હોય તે સ્થાનથી અન્યત્ર જાય તો પણ લોચનની પરે સાથે આવે તેને અનુગામિ અવધિજ્ઞાન કહે છે (૨) અના-નુગામિ અવધિજ્ઞાન-જે સ્થાનકે રહ્યા અવધિજ્ઞાન ઉપજ્યું હોય, તે સ્થાનથી અન્યત્ર જતાં તે જ્ઞાન ન હોય અને શૃંખલાબદ્ધ દીપકની જેમ સ્થિર રહે તેને અનાનુગામિ અવધિજ્ઞાન કહે છે. (૩) વર્દ્ધમાન અવધિ-જ્ઞાન ઇંધન નાખવાથી અગ્નિ વિશેષ પ્રગટે તેમ જ્ઞાન મર્યાદા વધે તેને વર્દ્ધમાન અવધિજ્ઞાન કહે છે. (૪) હીયમાન અવધિજ્ઞાન-પૂર્વે શુભપરિણામને કારણે ઘણું ઊપજે અને પછી તથાવિધ સામગ્રીના અભાવે ઊતરતા પરિણામે કરીને ઘટતું જાય તેને હીયમાન અવધિજ્ઞાન કહે છે. (૫) આવેલું જાય તેને, પ્રતિપાતિ અવધિજ્ઞાન કહે છે. (૬) આવેલું

પ્રભુના ડાબા ખભે પધરાવ્યું. અને પ્રવ્રજીત થયેલા શ્રી મહાવીરે, ભાઇ

---

ન જાય તેને અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહે છે. આ જ્ઞાન અવશ્ય કેવલજ્ઞાન પેદા કરે છે અવધિજ્ઞાન સામાન્ય રીતે અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે-દેખે ને ઉત્કૃષ્ટપણે અલોકને લોક જેવડા અસંખ્યાના ખડ્ડુક જાણે દેખે; જ્યારે આજનું વિજ્ઞાન ગમે તેવી મહાન શોધો પછી પણ ઉક્ત જ્ઞાનની સરખાપણીમાં કશું જ કરી શક્યું નથી. વિભંગજ્ઞાન અવધિજ્ઞાનનો પ્રકાર છે, પણ તે મિથ્યાત્વીને હોય છે, તેમાં અવધિજ્ઞાનીની પેઠે નિર્મળતા હોતી નથી.

( ૩ ) **મનઃપર્યવજ્ઞાનઃ**–મન ચિંતિત પદાર્થનું જાણવું જેના દ્વારા થાય તેને મનઃ પર્યવ જ્ઞાન કહે છે ઉક્ત જ્ઞાનવાળો અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય જીવના મનોગત ભાવને સરળ રીતે જાણી શકે છે. તેના બે ભેદ છે. (૧) ઋજુમતી–સામાન્યપણે મનના અધ્યવસાયને જાણે તેને ઋજુમતી મનઃપર્યવ જ્ઞાન કહે છે. જેમ એણે ઘડો ચિંતવ્યો છે એટલો જ પરમનનો ભાવ તે જ્ઞાનથી તે જાણી શકે, પણ વિશેષ પ્રકાર ન જાણી શકે. (૨) વિપુલમતિ-વિશેષપણે જાણે તેને વિપુલમતિ કહે છે. એણે જે ઘડો ચિંતવ્યો છે, તે સુવર્ણનો, અમુક દેશમાં પેદા થયેલો, અમુક ઘાટનો, ઇત્યાદિ વિશેષપણે મનના અધ્યવસાય વિપુલપણે મનઃ પર્યવજ્ઞાની જાણી શકે છે. અવાધજ્ઞાન કરતાં મન; પર્યવ જ્ઞાનની વિશુદ્ધિ વધારે છે. બન્નેની પાત્ર મર્યાદા જુદીજુદી છે. અવધિજ્ઞાનના અધિકારી ચારેય ગતિના જીવો છે. જ્યારે મનઃ પર્યવજ્ઞાનના અધિકારી મનુષ્ય સંયતજ છે. આ જ્ઞાન પણ દેશ પ્રત્યક્ષ છે.

(ઋ) **કેવળજ્ઞાનઃ**–તેનો પ્રકાર એકજ છે. કેવળજ્ઞાની સર્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સમકાળે સામટા જાણે દેખે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય. જ્ઞાનાવરણીય કર્મ એ તે, કે જેનું બળ, આત્માના સંપૂર્ણ પ્રકાશની આડે તિમિરનાં રજકણો પ્રગટ કરે.

ભાંડુ, મિત્રો તથા સંબંધીઓને વિસર્જિત કરી અભિગ્રહ ધારણ કર્યો કે, "નિર્મળ આત્મપ્રકાશની શોધમાં વિહરતાં વિહરતાં જે પ્રકારના ઉપસર્ગો સહેવાના આવશે તે જરાપણ દ્વેષ કર્યા વગર સમભાવપૂર્વક અડગતાથી સહીશ અને ત્યાં સુધી શરીરની સારસંભાળ પણ રાખીશ નહિ."

**શ્રી ઋષભદેવ** પ્રભુએ ચાર હજાર રાજાઓ સાથે, **મલ્લિનાથ** અને **પાર્શ્વનાથ** ભગવંતે ત્રણસો સાથે, વાસુપૂજ્યસ્વામીએ છસો સાથે દીક્ષા લીધી હતી. વીરપ્રભુની સાથે કોઇ ન હતું. તેઓ તો અદ્વિતીય એકલા જ અનગારી થયા હતા.

**દીક્ષાનું મહત્ત્વઃ**—જગતના ભૂલભૂલામણી ભરેલા રસ્તાઓનો ત્યાગ કરી, વિકટ પણ સરળ માર્ગપર પ્રયાણ આદરવું, તે માર્ગ સૂર્યના કિરણથી યે સૂક્ષ્મ અને વિશેષ સુગંધમય હોય. જ્યારે સંસારનો માર્ગ વેર–ઝેરના ડામર વડે ખરડાયલો રહે છે. સંસારવાટે લૂંટાવાનો ભય રહે, આ મૂનિમાર્ગમાં લૂંટવાની પાશવી ભાવના કે લૂંટાવાની નિર્બળ ભાવનાનો સદંતર ખ્યાલ ન આવે. સંસાર આખો ઇંટ ને માટીની દિવાલોથી ચણેલી જેલ જેવો છે. જન્મતા બાળકને જઇ પૂછો

---

કેવળ એટલે શુદ્ધ નિર્મળ, સંપૂર્ણ, અસાધારણ, અનંતજીવી. કેવળજ્ઞાન એટલે આત્માનો પૂર્ણોદય. પૂનમની રાતે આકાશમાં ખીલતા પૂર્ણ ચન્દ્રથીયે અદકો હોય કેવળ જ્ઞાનનો ધવલપ્રકાશ. તેમાં સર્વલોકના સર્વભાવોનું દર્શન થાય, જે રીતે દર્પણમાં ગમે તે વસ્તુનું પ્રતિબિંબ પડે છે.

તીર્થંકરોને જન્મથી મતિ–શ્રુત અને અવધિજ્ઞાન હોય છે. દીક્ષા સમયે તેમને ચોથું મનઃપર્યવ નામે જ્ઞાન ઉત્પન્ન થાય છે અને પાંચમું કેવળજ્ઞાન—આત્મપ્રદેશની આસપાસ રમતા મલિન પ્રકારના રજકણો નિર્મૂળ થતાં—ઉત્પન્ન થાય છે. પ્રભુ શ્રી મહાવીરે જે સમયે **करेमि सामाइयं** નો પાઠ ઉચ્ચર્યો કે તરત જ તેમનો આત્મા વિશેષ પ્રકાશપૂર્ણ બન્યો અને તેમને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

કે જન્મકાળે તું સૂર્યપ્રકાશ કે ચન્દ્રના ચંદનપ્રવાહ ઝીલી શકે છે, તેની જીભ ઊપડે તો તે એમજ કહે કે ઘરની ચાર દિવાલો મારા કુમળા માનસ પર 'Divide and Rule' ની રંકભાવનાના પડઘા પાડે છે. જ્યારે દીક્ષિત થયા પછી આકાશની વાદળી, છત ને ધરાની હરિયાળીમાં જીવનનિવાસ થાય છે. દિવાલોને સ્થાને દિશાઓનું અધ્યાત્મરંગી સંગીત સાંભળવા મળે છે. દીક્ષાથી મળે ઘણું ને જાય ઓછું. કારણ કે દીક્ષા લેતાં પહેલાંજ છેતરીને નાસી જનારી વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો પડે છે, ને બદલામાં શાશ્વત સાથી સ્વરૂપ આત્મદર્શનની પ્રાપ્તિ થાય છે. દીક્ષા લેવાથી સંસારસફર ઝટ પૂરી થાય, કારણ કે દીક્ષિતનો માર્ગ સંસારીઓથી ઘણા દરજ્જે ઊંચો હોય છે. સંસારી જેટલી સફર એક વર્ષમાં કરી શકે, તેથી શત ગણું અંતર દીક્ષિત એકજ ઘડીમાં કાપી નાખે છે. આ સફર તે આનંદના આત્માને પામવાની. દીક્ષિતનું મન આત્મલક્ષ્મી તરફ દોડે, સંસારી ચંચળ લક્ષ્મીના પડછાયે–પડછાયે ભમીને થાકે. દરેક દર્શને સંન્યસ્ત ધર્મનો સ્વીકાર કર્યો છે. દીક્ષિત મુનિને સહન કરવું પડે, પણ તેમ તેમ તેનો આત્મ-પ્રકાશ વધુ જોરપૂર્વક ખીલે, જે રીતે હીરાનો પ્રકાશ ઘણોના અસંખ્ય ઘાવ પછીજ ખીલે છે. તેમ દીક્ષિત પોતે સહન કરવાનાં પ્રસંગે આત્મામાં રમતો થાય અને શરીરને પડતા ઘાવ પ્રત્યે આત્મામાંથી સમભાવરંગી એક જ કિરણ ફેંકે. લોકોત્તર સ્વરાજ્ય પ્રાપ્તિનો સર્વશ્રેષ્ઠ પન્થ તેજ દીક્ષાધર્મ છે. આદર્શમુનિ સંસારમાં અનેક સુશિક્ષકોથી પણ ઘણું કામ કરી શકે. તેનો બોલ સૂર્યકિરણની જેમ સઘળે વ્યાપે અને તેના તેજમાં અનેક જીવન ઉજળાં બને. નીચે સંસારરૂપી મહાસાગર ને ઉપર એકજ સંયમદોરી–પુલને ઠેકાણે બાંધેલી છે, તેના ઉપર ચાલતાં જો ગબડાય તો દુર્દશા થઇ જાય, ને સફળતાપૂર્વક દોરીનો તે પૂલ–પાર કરાય તો આનંદમાં મળી શકાય.

★

# પ્રકરણ ચોથું

**સાર:-શ્રી વીરે આદરેલો વિહાર. કુમારગામે ગોવાળનો ઉપસર્ગ. સામાયિકના પ્રકાર તેનું આછું સ્વરૂપ. કોલ્લાગ સંનિવેશે લીધેલાં પાંચ વ્રતો. પ્રથમ ચોમાસું અસ્થિકગામે કર્યું. શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ અને તેને ઉપદેશાવો. કનકખલ આશ્રમે ચંડકૌશિક સર્પનો ભયંકર ઉપસર્ગ, પ્રભુની અમીભરી નજર, સર્પને તારવો. અતિશયોનું સ્વરૂપ. પરિગ્રહના પ્રકાર. ગંગાનદીમાં નડેલું તોફાન. પ્રભુનું તેજ-બીજું ચોમાસું નાલંદામાં કર્યું. ત્યાં ગોશાલક આવી મળ્યો. વિહાર સ્થળો સંબંધી સત્ય; વગેરે વિષયોથી આ પ્રકરણ મ્હેકે છે.**

રાજકુમાર મહાવીર, મહામુનિ શ્રી મહાવીર થયા. તેમણે દીક્ષા-ધર્મ અંગીકાર કર્યો. હવે તેઓ અનગારી થઇનેએકલા પડ્યા. રાજભવન ને વનવાસમાં તેમની સમદૃષ્ટિ થઇ.સુદી દશમને નમતા પ્રહરે શ્રી મહાવીર પ્રભુ ક્ષત્રિયકુંડગામના જ્ઞાતખંડ ઉદ્યાનની બહાર નીકળ્યા. તેમણે કોમળ પાયને પ્રથમ વાર કઠણ ધરતી પર ટેકવ્યા ને કેસરી સિંહની જેમ મુકિતને માર્ગે ચાલ્યા. કાંચનવર્ણું તેમનું શરીર ચંદન ને સુવાસિત કુસુમોથી મ્હેકતું હતું. તે મ્હેકના આકર્ષણે ભમરાઓ આવીને તેમના

શરીરને ડંખ દેવા લાગ્યા. પરન્તુ શ્રી મહાવીરની આંખોમાં કરૂણારસ ઊભરાતો હતો. જગતના જીવમાત્ર પ્રત્યે તેમની એક નજર હતી. સૂર્ય પશ્ચિમે ઢળતો હતો, પ્રભુ શ્રી મહાવીર કો' મહામલ્લની જેમ કલંકવાળી ભૂમિ પર પગ ટેકવતા આગળ વધતા હતા. લગભગ બેઘડી દીવસ બાકી રહ્યો, તે સમયે તેઓ કુમાર નામે સંનિવેશ (ઉઘાડું મેદાન કે જ્યાં લશ્કર પડાવ નાંખી શકે તેવું વિશાળ મેદાન)માં આવી પહોંચ્યા. થોડીવારમાં સૂરજ આથમી ગયો. રાત પડી. શ્રી મહાવીર તેજ ગામમાં ધ્યાનસ્થ દશામાં ઊભા રહ્યા. તે સમયે એક ગોવાળ ત્યાં આવ્યો. ખડતલ તેનું શરીર હતું, ખભે કામળો ને કરમાં લાકડી હતી. તે પોતાના બળદો શ્રી મહાવીર ઊભા હતા ત્યાં મૂકીને ગામમાં ગાયો દોહવા ગયો. તે એમ સમજીને કે આ મહાત્મા બળદોની ખબર રાખશે, પરન્તુ શ્રી વીર ધ્યાનમાં હતા, તેમની દૃષ્ટિ આત્મામાં હતી. તેમને ગોવાળ કે બળદોનો લેશ પણ ખ્યાલ જ ન હતો. નિરંકુશ બળદો ચરતા ચરતા દૂર નીકળી ગયા. થોડીવારે ગોવાળ ત્યાં આવ્યો, તેણે ત્યાં બળદો ન જોયા, ગુસ્સે થઈને તે ધીર શ્રીવીરને તત્સંબંધી પ્રશ્નો પૂછવા મંડયો, પ્રભુ અવાક્ રહ્યા. તેથી તે શોધમાં નીકળ્યો, મધરાત થઇ હતી. બળદો ન મળ્યા. તે પાછો શ્રી મહાવીર ઊભા હતા ત્યાં આવ્યો તો બળદો ચરી આવીને ઊભા હતા, ગોવાળને શ્રી મહાવીર પર શક ગયો, તે તેમને મારવા દોડયો પણ તેને કોઈ અકળ શક્તિએ સ્થંભાવી દીધો. દિવસ થયો, અજવાળાં ફેલાયાં. પ્રભુએ કાર્યોત્સર્ગ* પાળ્યો ને અતૂલ શક્તિના આકારમાં પોતાની સમીપ ઊભેલા શક્રેન્દ્રને કહ્યું, 'તીર્થંકરો અંતરંગ

* કાયોત્સર્ગ કરતી વખતે આત્મા, કાયાનું ભાન છોડી દઈને અંતરાત્મભાવમાં પ્રવેશ કરે છે અને અંતરાત્મભાવમાં રહીને જ્યારે પરમાત્માનું સ્મરણ કરે છે ત્યારે અંતરાત્માને ભૂલીને પરમાત્મામાં તલ્લીન થાય છે. એથી આત્મપ્રદેશોમાં વ્યાપેલા અશુભ કર્મોની નિર્ઘાતના થાય છે.

શત્રુને જીતવામાં અન્યની સહાય માગતા જ નથી, તેઓ કેવળ પોતાના વીરબલ, પરાક્રમ અને પુરુષાર્થથી આત્માનું અનંત અજવાળું પામે છે.' શક્રેન્દ્ર શ્રી વીરને સ્તવીને અંતર્ધ્યાન થઇ ગયાં ને ઉપસર્ગના પ્રસંગે સહાય અર્થે, બાળપણથી વ્યંતરનિકાયમાં ઉત્પન્ન થયેલા પ્રભુની માસીના પુત્ર સિદ્ધાર્થવ્યંતરને આજ્ઞા કરી. આજ્ઞા કરવામાં શક્રેન્દ્રની પ્રભુ પ્રત્યેની ભક્તિ જ હતી. પરન્તુ શ્રી મહાવીરને હજી અનંત કર્મો ખપાવવાના બાકી હતાં, અને તે સિવાય તેમનો માર્ગ સ્વચ્છ થાય તેમ નહોતો એટલે ઉપસર્ગોના પ્રસંગે સિદ્ધાર્થ વ્યંતર પોતે પણ સર્વ પ્રકારે સહાય નહિ થાય તે આપણે આગળ જતાં વાંચીશું.

શ્રી મહાવીરે પ્રતિપળે 'કરેમિ સામાઇયં'ના પાઠનું રટણ કરવા લાગ્યા. ચોર્યાશી લાખ જીવયોનિના સર્વ જીવોને પોતાની સમાન ગણવા લાગ્યા. કાયાના ભાવને છોડી આત્મામાં રમવા લાગ્યા. રાગદ્વેષ રહિત સર્વમાં સમભાવ રાખતા શીખવાની કોઇ કળા હોય તો તે સામાઇયમ્—સામાયિક છે. સામાયિક આઠ રીતે થઇ શકે.

(૧) સમભાવ સામાયિક—સર્વ જીવો ઉપર સમતા ભાવ રાખવા રૂપ

(૨) સમયિક સામાયિક—સર્વ જીવ ઉપર સંપૂર્ણ દયાભાવ રાખવા રૂપ.

(૩) સમવાદ સામાયિક—રાગદ્વેષને છોડીને યથાર્થ વચન બોલવા રૂપ.

(૪) સમાસ સામાયિક—થોડા અક્ષરમાં તત્ત્વજ્ઞાન રૂપ.

(૫) સંક્ષેપ સામાયિક—થોડા જ અક્ષરમાં કર્મનાશની વિચારણા રૂપ.

(૬) પરિજ્ઞા સામાયિક—તત્ત્વનું જાણપણું થવા રૂપ.

(૭) અનવદ્ય સામાયિક—પાપ વગરની પ્રવૃત્તિ કરવા રૂપ.

(૮) પ્રત્યાખ્યાન સામાયિક—નિષેધ કરેલી વસ્તુના ત્યાગ રૂપ.

આ પ્રમાણે સામાયિકમાં આપણો આદર્શ શ્રી મહાવીર સ્વામીનો છે. આપણી ખીલેલી અને ખીલતી શક્તિ પ્રમાણે તેમનું સામાયિક સમજી ક્રિયામાં મૂકીએ તો પહેલું આત્મભાન, પછી આત્મજ્ઞાન અને છેવટે આત્માનું અપૂર્વ અને અખૂટ બળ પ્રાપ્ત થાય. સંસાર સમુદ્ર છે, સામાયિક સ્ટીમર છે, નૌકાધિપતિ શ્રી મહાવીર છે, આપણે મુસાફરો છીએ. સ્ટીમરમાં બેસવાને માટે બે ઘડી (૪૮ મિનિટ) જેટલા વખતની કિંમત આપીને સામાયિકની ટિકિટ ખરીદીએ અને જો સામાયિક રૂપી સ્ટીમરમાં ચડીએ તો શ્રી વીર પહોંચ્યા છે તેજ સ્થિતિએ પહોંચી શકીએ.

કુમાર સંનિવેશથી વિહાર કરી કોલ્લાગ સંનિવેશમાં થઈને શ્રી મહાવીર મોરાક ગામે પહોંચ્યા. વિહાર સમયે નિર્જન રાનમાં તેમનું ધ્યાન જમીનથી ત્રણ હાથની અંદર રહેતું, એટલે ચાલતી વખતે પોતાની ત્રણ હાથ જમીનમાં સંભાળપૂર્વક પગ મૂકતા. આ ગામને નાકે રહેતા તાપસોના કુલપતિ શ્રી મહાવીરના પિતાના મિત્ર હતા તેના આશ્રમ પાસેથી શ્રી વીર પસાર થતા હતા ત્યારે તેમને ઓળખી તે તેમની પાસે આવ્યા, ને આગ્રહપૂર્વક પોતાના આશ્રમે લઇ ગયા. શ્રી પ્રભુ નિર્મોહી હતા, તેમણે બીજે દિવસે અન્યત્ર વિહાર કરવાની તૈયારી કરી. તે સમયે કુલપતિએ તેમને તે વર્ષનું ચોમાસું પોતાના આશ્રમમાં ગાળવાની વિનંતિ કરી. આશ્રમની આસપાસનું શાંત વાતાવરણ એકાન્ત ધ્યાન માટે યોગ્ય હોઇ શ્રી મહાવીરે વિનંતિનો સ્વીકાર કર્યો અને ચોમાસું સમીપ આવતાં આશ્રમમાં આવી સ્થિરતા કરી. કુલપતિએ તેમને રહેવા માટે તૃણથી આચ્છાદિત એક કુટિર આપી.

આષાઢ માસ બેસી ચૂક્યો હતો. ઝીણી ઝરમર ધારે મેહુલો વરસવા મંડયો હતો. છતાં શરૂઆત હોવાથી નવું ઘાસ જોઇએ તે પ્રમાણમાં હજુ ઊગ્યું નહોતું. આથી આસપાસની ગાયો ઝૂંપડા પર

આચ્છાદિત કરેલા ઘાસને ખાવા આવવા લાગી. આશ્રમવાસી તાપસો ગાયોને અવારનવાર હાંકી કાઢતા, પણ શ્રી મહાવીર પોતાની કુટિરમાં ધ્યાનસ્થ ઊભા રહેતા. તેમને કુટિરની જરા પણ ચિંતા નહોતી. પોતાના દેહનું પણ જે ભાન ભૂલી જતા, તેને બાહ્ય ઉપાધિ શાની હોય? શ્રી મહાવીર ધ્યાન ન આપતા એટલે ગાયો વારંવાર તેમની ઝૂંપડી તરફ દોડી આવતી ને ઝૂંપડીનું ઘાસ ખાઈ જતી. આ જોઈ તાપસો ચીડાય. તેમણે કુલપતિને ફરિયાદ કરી કે, 'આપણા આશ્રમમાં તમે જે મુનિને લાવ્યા છો તે અકૃતજ્ઞ, ઉદાસી, આળસુ અને દાક્ષિણ્યરહીત છે, કારણ તેઓ તેમને સોંપવામાં આવેલી ઝૂંપડીને પણ સાચવતા નથી અને તેથી ગાયોને હાંકી કાઢવા માટે અમારે સતત રીતે જાગૃત રહેવું પડે છે.' કુલપતિ શ્રી મહાવીર પાસે આવ્યા, ઝૂંપડીની રક્ષા કરવાનું કહ્યું. એકાગ્રતાના ભંગને પરીણામે ગાયોને હાંકવાનું શ્રી મહાવીરને અનુચિત જણાયું આથી તેમણે ચોમાસાનો અર્ધો માસ વ્યતીત થયો હે વા છતાં ત્યાંથી આગળ વીહાર આદર્યો અને પાંચ નીયમો ધારણ કર્યાં.

(૧) જ્યાં અપ્રીતિ થાય તેવું હોય ત્યાં કદી રહેવું નહિ.
(૨) જ્યાં રહેવું ત્યાં સદા ધ્યાનમાં જ રહેવું.
(૩) ત્યાં પ્રાયઃ મૌન અવસ્થામાં રહેવું.
(૪) હાથરૂપી પાત્ર વડે ભોજન કરવું.
(૫) કોઇ ગૃહસ્થનો વિનય-ખુશામત કરવી નહિ.

એક સામાન્ય અનુભવ ઉપરથી શ્રી મહાવીરે ઉક્ત પાંચ કડક નિયમો ધારણ કર્યા. સામાન્ય મુનિરાજોના કલ્પ કરતાં શ્રી જિનકલ્પ જુદો હોય છે. તીર્થંકર સ્વયંજ્ઞાની હોય છે, તેમને માથે ગુરૂ હોતા નથી. **કેમકે દીક્ષાના દિવસથી ચાર જ્ઞાન સહિત હોય છે, તેઓ દીક્ષાના સમયથી તે કેવળજ્ઞાનના સમય સુધી ઉપદેશ દેતા નથી.**

તાપસોના આશ્રમથી વિહાર કરીને શ્રી મહાવીર અસ્થિક ગામે આવ્યા. ગામમાં શૂલપાણી યક્ષનું મંદિર હતું, યક્ષ રાક્ષસી સ્વભાવનો હતો. મંદિરમાં તે કોઇને રાતવાસો ટકવા ન દેતો ને તેમ કરવા જનારને ડરાવી કંપાવીને મારી નાંખતો. મંદિરના પૂજારી ઇન્દ્રશર્માએ ઉક્ત હકીકત શ્રી મહાવીરને કહી, ક્ષમાસિન્ધુ શ્રી વીરને લાગ્યું–' યક્ષ ઉપદેશને લાયક છે, આજની રાત મારે તેના મંદિરમાં જ ગાળવી.'

સૂર્ય અસ્ત થયો. સંધ્યાના રંગબેરંગી દશ્યોમાં જીવનનાં સ્વપ્નો જાગવા લાગ્યાં. પૂજારી તથા અન્યભક્તો પોતપોતાને સ્થાને ચાલ્યા હતા. સર્વના વારવા છતાં અડગ શ્રી મહાવીર યક્ષના જ મંદિરમાં કાયોત્સર્ગ કરી ધ્યાનારૂઢ થયા. ધ્યાનસ્થ શ્રી મહાવીરની બન્ને તેજસ્વી આંખો નાકને અગ્રભાગે સ્થિર હતી, બન્ને બાહુ જાનુપર્યંત લટકતા, પાદપદ્મ નિશ્ચલ હતા. તેમના અંતરમાં યક્ષ પ્રત્યેના સ્નેહના ફુવારા ઊડતા હતા. કાયામાંથી દૂર-દૂર આત્મામાં તેઓ રમતા હતા. રાત જામી, અંધારૂં થયું. સર્વત્ર સૂનકાર વ્યાપી ગયો. વડડાળે મળેલાં પંખીઓ લપાઇ ગયાં, મંદિરમાં પ્રભુ ને યક્ષ બે જણજ રહ્યા. શ્રી મહાવીર અડગ ને અડોલપણે ધ્યાનમાં ઊભા હતા, તેવામાં પૈશાચિક હાસ્યનું પ્રચંડ મોજું મંદિરની દિવાલોને ધ્રૂજાવી ગયું, ઊંડે આત્મ–સિન્ધુમાં તરતા સંસારતારકને હાસ્યની ઊર્મિઓ ન સ્પર્શી શકી. યક્ષે સ્વરૂપ બદલવા માંડયાં, હાથીરૂપે તે વીર કેસરી શ્રી મહાવીરની સામે ધસ્યો, પરન્તુ તેમના શારીરિક બંધારણ અને અડગ આત્મત્વમાંથી તે તેમને અણુમાત્ર ડગાવી ન શકયો. અનેક ઝેરી પ્રાણીઓનાં રૂપ ધરી તે મહામલ્લ શ્રી વીરની સામે ધસ્યો, પણ તેનાં સર્વ ઝેર સમતાસાગર મહાવીરના પ્રશમરસે અમૃતસ્વરૂપ બની ગયાં. યક્ષ આખરે થાકયો, પ્રભુની અડગતાનું તેને અજબ કામણ થયું, પાશવી સ્વભાવનો તે, પ્રભુના આત્મ–પ્રકાશને ચરણે ઢળ્યો અને પોતાના અપરાધ મલને ધોવા જલ

જેવું સંગીત પ્રભુ સન્મુખ કરવા લાગ્યો. દીક્ષા પછીનું **પ્રથમ ચોમાસું** શ્રી મહાવીરે આ ગામમાં કર્યું આ ચાતુર્માસમાં શ્રી વીરે અર્ધ-અર્ધ માસક્ષમણની તપશ્ચર્યાઓ કરી હતી.

ગામનું અસ્થિક નામ પડવાનું કારણ–યક્ષના ઉપસર્ગથી ઘણા જીવોના પ્રાણ હરણ થયેલા અને તેમનાં શરીર પડી રહેલા, તેના હાડકાનાં ઢગલાં પડયા રહેતા એથી એ ગામનું નામ અસ્થિક (અસ્થી=હાડકું + ક=કરેલું, બનાવેલું ) પડયું.

તપ કરતાં શ્રી મહાવીરને ચાર માસ થવા આવ્યા, ચોમાસું પૂરૂં થવા આવ્યું. ચોમાસા દરમ્યાન શ્રી મહાવીર ખૂબજ જયણાપૂર્વક વર્તતા અને વર્ષાના જળની ધારે–ધારે આત્માના અનંત પ્રમાદને દૂર કરવાનું પ્રાણભર સંગીત ઝીલતા. વર્ષાઋતુ તેમને મન આત્મસાધનાની અણમોલ તિથિ હતી. ચોમાસું વ્યતીત થયું. શ્રી મહાવીર આગળ જવા તૈયાર થયા. યક્ષે તેમને વિનવ્યા અને કંઇક સદ્બોધની યાચના કરી, જ્ઞાનીઓનો આચાર 'કેવળ જ્ઞાન' પહેલાં ઉપદેશ ન આપવાનો હોવાથી તેઓ અવાક્ રહ્યા, છતાં તેમના પ્રશમરસનિમગ્ન મુખભાવે યક્ષને સમતાની કવિતા શીખવાડી ને તેઓ આગળ વધ્યા. પ્રભુ વિહરતા મોરાક ગામે આવ્યા. તે સમયે ત્યાં અચ્છંદક નામે એક પાખંડી રહેતો હતો. તે મન્ત્ર–તન્ત્રના પ્રભાવથી પોતાનું ગુજરાન ચલાવતો. જ્ઞાનસાગર શ્રી મહાવીરના ત્યાં આવવાથી તેનું જોર ઉતરી ગયું, આવતી આવક બંધ થઈ ગઇ. તે શ્રી મહાવીર પાસે આવ્યો અને ત્યાંથી અન્યત્ર વિહાર કરી જવાની વિનંતિ કરી તેની વિનંતિએ શ્રી મહાવીરને પાંચ નિયમોની યાદ તાજી કરાવી, તેને અનુસરીને પ્રભુએ આગળ ચાલવા માંડયું, માર્ગમાં વાચાળ નામે સન્નિવેશ આવ્યો. ત્યાંથી શ્રી વીર શ્વેતામ્બી નગરી તરફ ચાલવા લાગ્યા. રસ્તામાં બે માર્ગ ફંટાતા આવ્યા. બન્ને શ્વેતામ્બી તરફજ જતા હતા. એક માર્ગ

ટૂંકો હતો. બીજો લાંબો. ટૂંકા માર્ગે જતાં કનકખલ નામે તાપસોનું આશ્રમસ્થાન આવતું હતું. આ આશ્રમસ્થાન અત્યારે નિર્જન હતું. રસ્તો પણ નિર્જન હતો. શ્રી મહાવીરને ટૂંકે રસ્તે શ્વેતામ્બી તરફ જતા જોઇ, બાજુનાં ખેતરોમાં ઊભા રહેલ ગોવાળિયાઓએ તેમને ચેતવ્યા. તેમણે કહ્યું: “ આ માર્ગ તદન નિર્જન છે, કેટલાંય વર્ષોથી આ રસ્તે થઇને કોઇ પસાર થયું નથી, કારણ કે વચ્ચે આવેલા આશ્રમમાં હમણાં હમણાં ચંડકૌશિક નામે દૃષ્ટિવિષ સર્પ રહે છે. તેનાથી ત્યાં રહેતા પક્ષીઓ પણ ડરે છે. આ રસ્તે ગયેલું માણસ જીવતું પાછું ફરતું નથી. માટે હે મુનિરાજ ! આ ટૂંકો રસ્તો છોડી આપ લાંબા રસ્તે જાઓ એ ઇચ્છવા યોગ્ય છે. ”

શ્રી મહાવીરે આ સાંભળ્યું. જેણે ભય માત્રને ત્યજી દીધો છે. દેહ ઉપરના મોહને છોડી દીધો છે, ને મરવાનું એક વખત છેજ. વહેલાં કે મોડા તેથી જેને મરણની ભીતિ ઓછી થઇ છે, એવા શ્રી મહાવીરે સાંભળ્યું ન સાંભળ્યું કર્યું અને ટૂંકે માર્ગે આશ્રમ તરફ વળ્યા. જંગલ નિર્જન હતું. પક્ષીઓ કે પ્રાણીઓનો સંચાર નહોતો. જમીન પર કોઇનાં પગલાં નહોતાં. વૃક્ષો પરથી ખરેલાં પાંદડાઓ જમીનપર પથરાઇ ગયાં હતાં, ઝરણાંઓ અને સરિતાના જળ એકજ સરખા ‘ કલ-કલ ’ અવાજથી વહ્યે જતાં હતાં, પગદંડીને રાજમાર્ગ પાંદડાં અને ધૂળથી ઢંકાઇ ગયા હતા. આસપાસનું વાતાવરણ તમોમય અને ભયભીનું હતું. નિર્ભય શ્રી મહાવીર કનકખલ આશ્રમ પાસે આવી, કાયોત્સર્ગ ધ્યાને સ્થિર થયા. માણસની ગંધ આવવાથી થોડીવારે પેલો દૃષ્ટિવિષ સર્પ કાળ-રાત્રી જેવી જીભ્હાને રમાડતો, ફૂંફાડા મારતો પોતાના દરમાંથી બહાર નીકળ્યો તેણે માનવીને સ્થાને અડગ શ્રી મહાવીરને જોયા. ક્રોધની તેની માત્રા શતગણી થઇ ગઇ. ભયંકર વિષ જવાળાઓ ફેંકતી દૃષ્ટિ તેણે સમતાસિન્ધુ તરફ ફેરવી. જવાળાનું તેનું જોર સમતાના પૂરમાં રમતાં શરીરીના શરીરને ઇજા ન પહોંચાડી શકયું. સૂર્ય સામે જોઇને તેણે પુનઃ

શ્રી મહાવીરના શરીરપર જ્વાળાઓ ફેંકી પણ તે જળધારા જેવી બની ગઇ. સર્પનો ક્રોધ અમર્યાદિત થયો. સળવળતો સળવળતો તે ધ્યાનસ્થ શ્રી વીરના ચરણકમળ પાસે આવ્યો અને જોરપૂર્વક પોતાની ઝેર ભરેલી ડાઢાઓથી તેમને ડંખ માર્યો. ડંખ મારીને તે દૂર ખસી ગયો, તે એ બીકે કે રખેને મારા ઝેરથી નીચે પડતાં તે મ નવી પોતાને દબાવી દે. પણ **અતિશયને** કારણે ઝેર શ્રી વીરના શરીરમાં પ્રસર્યું નહિ અને જે ઠેકાણે ડંખ દીધા હતા, તે ડંખમાંથી ગાયના દૂધ જેવી ધવલ રૂધિર ધારા નીકળી. ધવલ રૂધિરધારા જોઇને સર્પ સ્થંભી ગયો, નિરાશ થઇને તે સમતાસાગર શ્રી મહાવીર સામે જોવા લાગ્યો. પ્રભુની કાન્તિ આગળ તેનાં નેત્રો મીંચાઇ ગયાં. તે વિવશ બની ગયો. સર્પને શાંતિ વળી ત્યારે શ્રી મહાવીર તેને ઉદ્દેશીને બોલ્યા, ' અરે ચંડકૌશિક ! બૂઝ ! બૂઝ ! મોહ પામ નહી ! " આત્મેશ્વર શ્રી વીરના અમૃતશીળાં વેણ સાંભળતાં સર્પની દૃષ્ટિ ખૂલી ગઇ, તે આત્મા તરફ વળ્યો, ત્યાં તેણે પોતાના ગત જીવનનું ધૂમ્મસ છાયું સળંગ ચિત્ર જોયું, ને પોતે કરેલી ભૂલો બદલ તેનું અંતર દ્રવ્યું. કરેલાં કર્મો ખપાવવા અનશન અંગીકાર કરવા નિશ્ચય કર્યો, પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી અને સર્વ ક્રિયાથી રહિત થયો. સર્પના મનોભાવ જાણી પ્રભુએ પોતાની અમૃતભીની નજર તેના ઉપર મૂકી તેને વિશેષ ઉપશાંત કર્યો. સર્પને પોતાની ભયંકર દૃષ્ટિ તરફ તિરસ્કાર ઉપજ્યો ને તેણે પોતાનું મસ્તક રાફડામાં રાખ્યું. અને સમતારૂપી અમૃત તે પીવા લાગ્યો. લોકોત્તર પુરુષોનો આત્મપ્રકાશ સૂર્યની જેમ સર્વ પ્રાણીને જીવન સત્ત્વ બક્ષે છે. તેને એકેન્દ્રિય બેઇંન્દ્રિયના ભેદ હોતા નથી. જે તેવા પુરુષોને શરણે જાય છે, તેનામાં તેમનાં જેવું જ આત્મત્વ પ્રગટે છે અને તે દ્વારા તે સ્વપરનું હિત સાધી શકે છે.

બીજો દિવસ ઊગ્યો. વન–નગરમાં જાગૃતિના સૂર પ્રસર્યા. આસપાસના ખેડુતો અને ગોવાળોએ પ્રભુને ઉપદ્રવ રહિત જોયા, તેઓ

ધ્રૂજતા-ધ્રૂજતા પ્રભુને પગે પડયા. કેટલાકની નજર રાફડામાંના નિશ્ચલ સર્પ પર પડી, તેની નિશ્ચલતાની ખાત્રી કરવા કેટલાકે પથરા ફેંક્યા, પણ આત્મસ્થ સર્પનું ધ્યાન તે તરફ ન જ વળ્યું. પછી સર્વેએ તેને વંદન કર્યાં. કારણ કે હવે તે સહનશીલ અને સમતારંગી બન્યો હતો. આજ સુધી જનો જેના ડરથી જે દિશામાં નહોતા આવતા, તેની તે જ જનો આજે પૂજા કરવા લાગ્યા. આ સર્વનું મૂળ કારણ વ્યાપક સમતા અને સ્નેહ હતું. પૂજાના ઉમળકામાં કેટલાક જને સર્પને શરીરે ઘી ચોપડયું, જેની સુવાસથી આકર્ષાઇને કીડીઓ ત્યાં આવી તેને વેદના ઉપજાવવા લાગી. જેમ જેમ કીડીઓના ચટકા વધતા ગયા, તેમ તેમ સર્પનું આત્મધ્યાન વિશેષ ઊંડું અને વ્યાપક બન્યું અને સમભાવપૂર્વક વેદના સહતો તે મૃત્યુ પામ્યો.* તેની ગતિ દેવલોકે થઇ.

---

* **ચંડકૌશિકનો પૂર્વવૃત્તાંત**:—પૂર્વ ભવમાં તે સાધુ હતો. એક વખત પારણાના દિવસે ગોચરી લેવા જતાં પગ નીચે એક નિર્દોષ દેડકી ચગદાઇ ગઇ. તેમની સાથેના તેમના શિષ્યે તે જોયું. આલોચના લેવા માટે તે ચગદાઇ ગયેલી દેડકી તેમને બતાવી. "અશુભ કર્મોદયના પ્રતાપે કચડાઈ, પણ પોતાથી તે કચરાઇ નથી. માર્ગમાં તેવી ઘણી દેડકીઓ મરેલી પડી છે," એમ શિષ્યને બતાવી પોતાનો બચાવ કરી તેમણે શિષ્યના ઉપર રોષ કર્યો. શિષ્ય મૌન રહ્યો. શુદ્ધ બુદ્ધિએ શિષ્યે વિચાર કર્યો કે આ મહાનુભાવ છે, તેથી સાયંકાળે પ્રતિક્રમણ વખતે આલોચના કરશે. પ્રતિક્રમણ સમયે આલોચના કર્યા સિવાય સાધુ મહારાજ બેસી ગયા. શિષ્યે ફરી ઉપયોગ આપ્યો, તેથી તેમને ક્રોધ ચઢયો ને તેને મારવા માટે દોટ મૂકી. રસ્તામાં એક થાંભલા સાથે તેમનું શિર અફળાયું અને આલોચના કર્યા સિવાય તે સાધુ મૃત્યુ પામ્યા. સંયમની વિરાધના કરવાથી તે જ્યોતિષિક દેવમાં દેવપણે ઉપજ્યા. ત્યાંથી આયુષ્ય પૂરું કરી કનકખલ નામના સ્થાનમાં પાંચસો તપસ્વીઓના કુળપતિની પત્નીથી કૌશિક નામે પુત્ર થયા. બાળવયથી તે

સર્પ ઝેરી હતો, નિશા અંધારી હતી, જંગલ નિર્જન હતું. આ હકીકત જાણવા છતાં સ્વપરહિતકારી શ્રી મહાવીર ઝેરમાં અમૃત પ્રગટાવવા તે જ માર્ગે ગયેલા. તેમના રોમરોમે સ્નેહનું અખંડ સંગીત હતું, તેમનું તે સંગીત તેમણે સર્પમાં પ્રગટાવ્યું ને સર્પને દિવ્ય-પન્થ બતાવ્યો, ડંખ સમયે જે ધવલ રૂધિર ધારા પ્રગટેલ તે શ્રી મહાવીરનો સર્પની અણસમજ પ્રત્યેનો વાત્સલ્યભાવ હતો. પુત્રની ભૂલથી જે રીતે પિતાનું અંતર વલોવાય તે રીતે શ્રી વીરનું હૈયું સર્પની સ્ખલના પ્રત્યે પીગળેલું ને તેમાંથી ધવલ સ્નેહસંગીત રૂધિર સ્વરૂપે પ્રગટેલું. ઝેરના દરિયા જેવા સાપના અંતરમાં જે મહાપુરુષે અમૃત પ્રગટાવ્યું, તે

---

ક્રોધી હતો. તેથી તેનું નામ ચંડકૌશિક પડયું. તેના પિતાના મરણ બાદ તે તાપસોનો કુલપતિ બન્યો. તેને તપોવન ઉપર બહુ મોહ હતો. કોઇ નકામું પડેલું પાંદડું કે કોહેલું ફળ લે તેના ઉપર પણ તે ગુસ્સે ભરાતો. તેના એવા ત્રાસથી તાપસો બીજે સ્થળે ચાલ્યા ગયા. તે વનમાં તે એકલો જ રહ્યો. એક દિવસ કેટલાક રાજકુમારો શ્વેતામ્બી નગરીથી ત્યાં ક્રીડા કરવા માટે આવ્યા, તે તેનાથી બીલકુલ સહન થયું નહિ. અને કુહાડો લઇને તે તેમને મારવા તેમની પાછળ પડયો. દોડતાં-દોડતાં રસ્તામાંના એક કૂવામાં તે ગબડી પડયો. ક્રોધના અંધારામાં તેને કૂવા જેવી મોટી વસ્તુ પણ ન દેખાઇ. ક્રોધમાં માણસ પોતાને પણ નથી દેખી શકતો. ક્રોધાવેશમાં મૃત્યુ પામેલો તે ચંડકૌશિક તાપસ આ વનમાં તે દૃષ્ટિવિષ સર્પ થયો હતો. જ્ઞાનીઓએ ક્રોધને હળાહળ વિષની જે ઉપમા આપી છે, તે સર્વ રીતે જોતાં યોગ્ય જ જણાય છે. કેવળ ક્રોધના જ કારણે એક સાધુ મુનિરાજની સ્થિતિ સર્પના રૂપમાં પલટાય છે ત્યારે આપણે સામાન્ય સંસારી જનોને ક્રોધને પરિણામે કેવાં કડવાં ફળો ચાખવાં પડે (?) તેનો ઊંડો ખ્યાલ કરતાં ક્રોધ તરફ ક્રોધ જ વછૂટે છે. ક્રોધ જો આપણને બાળવાનો પ્રયાસ કરે તો, આપણે તેને બાળવાનો પ્રયાસ કરવો અને તે પ્રયાસમાંથી તસુ માત્ર ડગવું નહિ.

મહાપુરુષનું જીવન કેટલું ઉચ્ચ, નિર્મળ અને કાન્તિભર્યું હોવું જોઇએ?

**અતિશયોનું સ્વરૂપ:**—અતિશય એટલે ગુણની પરાકાષ્ઠા, સામાન્ય જન સ્વભાવને જે ગુણો અતિશયોક્તિ સ્વરૂપ જણાય. અતિશય ને લબ્ધિમાં ફેર છે. લબ્ધિ તપ વડે મળે, જ્યારે અતિશયો તીર્થંકરને જન્મ સમયથી જ હોય છે. તીર્થપિતાને જન્મથી ચાર અતિશયો હોય.

(૧) તેમનો દેહ સર્વ લોકો કરતાં શ્રેષ્ઠ અને અદ્દ્ભુત સ્વરૂપવાન હોય, તેમજ તેમના શરીરે વ્યાધિ, પ્રસ્વેદ કે મેલ ન થાય.

(૨) તીર્થંકરનો શ્વાસોચ્છ્વાસ કમળની સુરભિ જેવો સુગંધ-મય હોય.

(૩) દેહની અંદરનું માસ–રૂધિર ગાયના દૂધ જેવું ધવલ હોય.

(૪) જે આહાર કરે તે ચર્મચક્ષુવાળા પ્રાણીઓ જોઇ ન શકે, ફક્ત અવધિજ્ઞાનીઓ તે જોઇ શકે. જન્મથી આ ચાર અતિશય દરેક તીર્થંકરને હોય. અગિયાર અતિશયો કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થતાં ઉત્પન્ન થાય અને કેવળ જ્ઞાન બાદ ૧૯ અતિશયો દેવતાઓના કરેલા હોય. શ્રી મહાવીરના ચરણ અંગુષ્ટમાંથી ધવલ રૂધિર-ધારા પ્રગટેલી તે તેમના મૂળ અતિશયના કારણે જ.

આજે જે રીતે તાજમહાલ દુનિયાની અજાયબ ( wonderful) વંચાય છે, તે જ રીતે તે કાળમાં તીર્થપિતાના ગુણો અજાયબ તરીકે જ મનાતા. તાજમહાલને કલામાં અજાયબ માની લોકો જેમ તેનાં દર્શને જાય છે, તેમ તે સમયના નિર્દોષ માનવો પ્રભુના દર્શનથી પાપ ધોતા.

પરિષહો* સહતા શ્રી મહાવીર કનકખલ આશ્રમથી ઉત્તરે ઉત્તર

---

* પરિષહો કૂલ સત્તાવન છે. મુખ્ય બાવીસનું સ્વરૂપ નીચે પ્રમાણે છે. પરિષહ એટલે સમભાવે સહન કરવું.

(૧) **ક્ષુધા પરિષહ**—ભૂખ સહન કરવી ને સમભાવપૂર્વક રહેવું. આ પરિષહ અત્યંત કઠીન છે, તેથી જ પહેલો છે.

: વાચાલ નામના ગામ સમીપે આવ્યા. પરિષહ એટલે દીક્ષાથી કેવળ જ્ઞાન

(૨) **તૃષા પરિષહ**—પ્રાસુક નિર્દોષ જળના અભાવે તૃષાની પીડા સમભાવથી સહન કરવી.

(૩) **શીત પરિષહ**—વસ્ત્રની કલ્પના યે કરવી નહિ, તાપવું નહિ, ને જીર્ણ વસ્ત્રથી સમ્યક્ પરિણામે ઠંડી સહવી.

(૪) **ઉષ્ણ પરિષહ**—ધીખતી ધરા પર પગે ચાલવું, છત્ર, છાયા કે વીંઝણાની ઇચ્છા ન કરવી ને ચઢતા શુભ પરિણામે ગરમી સહન કરવી.

(૫) **દંશ પરિષહ**—ડાંસ, મચ્છર, માંકડ, જીમેલાદિના તીક્ષ્ણ ડંખ સહન કરવા, તે સ્થાનકેથી ચાલ્યા જવાની ઇચ્છા ન કરવી, લોહી પીનાર જીવો પ્રત્યે સમભાવ દાખવવો ને પીડા સહન કરવી.

(૬) **અચેલક પરિષહ**—મુનિઓને આગમમાં જે વસ્ત્ર રાખ-વાનું પ્રમાણ કહ્યું છે, તે પ્રમાણે મૂર્ચ્છારહિત રાખે. ફાટેલું, અલ્પ મૂલ્યનું અને જૂનું વસ્ત્ર છતાં કલ્પનીય વસ્ત્ર મળે નહિ તો પણ મનમાં દીનતા ધરે નહિ અથવા બીજાં પહેરવાના વિચારો કરે નહિ અને રૂડે પ્રકારે સમાધિમાં રહે.

(૭) **અરતિ પરિષહ**—મુનિઓને વિહારાદિક પ્રસંગે અરતિ ઉપજવાનાં કારણ મળે, તે વારે તે ધર્મમાં રક્ત થાય ક્ષાંત્યાદિક દશ પ્રકારના યતિધર્મને ધ્યાવે અને અરતિને દૂર કરે.

(૮) **સ્ત્રી પરિષહ**—સ્ત્રીઓને જોઇ તેમની ચેષ્ડાઓની વિચા-રણા ન કરવી તે.

(૯) **ચર્ચા પરિષહ**—મુનિને એક સ્થાને રહેવું નહિ અને શાસ્ત્રોક્ત રીતે વિહાર કરવો તે.

(૧૦) **નૈષેધિકી પરિષહ**—જેનો ત્યાગ કરીએ તે નૈષેધિકી કહે-વાય. ત્યાગ બે વાતનાં, પાપકર્મ અને અકારણ ગમનાગમન. મુનિએ

સુધીના ગાળા વચ્ચે તીર્થંકર કે મુનિરાજને સહન કરવાં પડતાં વિવિધ

શૂન્યઘર, સ્મશાનાદિક, સર્પબલિ, સિંહ ગુફાદિકને વિષે કાયોત્સર્ગે રહ્યાં થકાં નાના પ્રકારના ઉપસર્ગનાં સદ્‌ભાવે પણ અશિષ્ટ ચેષ્ટાનો નિષેધ કરવો જોઇએ.

(૧૧) **શય્યા પરિષહ** – શય્યા એટલે પથારી. ઉપાશ્રયમાં ઊંચી નીચી ભૂમિ હોય, અથવા ઘણી ધૂળ, ઘણી ઠંડી, ઘણી ઉષ્ણતા અને કાંકરાવાળી ખરાબ જગા હોય. તેમાં સુંકોમલ અથવા કઠીન આસનના યોગે તેને સારૂં અથવા માઠું કહેવું નહિ, તેમ ઉદ્વેગ ધારવો નહિ તે.

(૧૨) **આક્રોશ પરિષહ**—ક્રોધ ન કરવો, અન્યનો ક્રોધ સહન કરવો તે.

(૧૩) **વધ પરિષહ**—ઢીંક–પાટૂ–લાકડી કે શસ્ત્રના ઘાવને સમભાવ ઝીલવા, મારનાર તરફ મૈત્રીભાવ દાખવવો તેને વધ પરિષહ કહે છે.

(૧૪) **યાચના પરિષહ**—શુભાશુભ પરિણામની લેશ પણ ચિન્તા સિવાય યાચના કરવી તે આ પરિષહનું તાત્પર્ય.

(૧૫) **અલાભ પરિષહ** – મુનિને કોઇ વસ્તુની જરૂર હોય, ગૃહસ્થના ઘરમાં તે મોટા પ્રમાણમાં હોય, મુનિ ત્યાં જાય, ગૃહસ્થ તેને તે વસ્તુ ન આપે; આવા અલાભને સમતાપૂર્વક સહન કરવાથી આ પરિષહનું મૂલ્ય અંકાય.

(૧૬) **રોગ પરિષહ**–સાધુને જ્યારે જ્વર, શ્વાસ, અતિસારાદિક લાગુ પડે ને તે જો જિનકલ્પી સાધુ હોય તો ચિકિત્સા કરવાની લેશ ઇચ્છા કરે નહિ ને સ્થવિર કલ્પી સાધુ પણ આગમોક્ત વિધિ પ્રમાણે દવા કરાવે, ગભરાય નહિ, ગમે તેવી વેદના થતી હોય છતાં ખરાબ ધ્યાન ધ્યાવે નહિ, પણ શુભ ભાવે વેદના ખમે.

(૧૭) **તૃણસ્પર્શ પરિષહ**—જિનકલ્પી સાધુને તો તૃણનો જ

પ્રકારનાં તીવ્ર દુઃખો અને તેમાં સમભાવ રાખવાથી જ આત્માની વિભૂતિઓ પ્રગટ થાય છે. શ્રી મહાવીર પ્રત્યેક પરિષહમાં સમભાવી રહેતા. જે વસ્તુની શોધ માટે તેમણે રાજભવનનાં અનુપમ સુખોનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કર્યો હતો, તે જ વસ્તુની પાછળ-પાછળ ગમે તે ઉગ્ર પ્રકારનાં દુઃખો સહન કરતા-તેઓ ચાલતા હતા. તેમની દૃષ્ટિ અલખમાં હતી. પક્ષોપવાસને અંતે પારણાને માટે શ્રી મહાવીર વાચાલ ગામમાં નાગસેન નામે સદ્‌ગૃહસ્થને ઘેર ગયા. તેણે શ્રી વીરને ખીર વહોરાવી.

---

સંથારો કહ્યો છે અને ગચ્છવાસી સાધુને સાપેક્ષ સંયમ છે માટે તે વસ્ત્રાદિક લે છે પરન્તુ જ્યારે ભૂમિકા ભીની હોય કે વસ્ત્ર પૂરાણું થયું હોય, વા ચોરે ચોરી લીધું હોય, ઇત્યાદિ કારણે, જ્યારે અઢી હાથ પ્રમાણનો દર્ભનો સંથારો કરવો પડે અને તે સમયે દર્ભના તીક્ષ્ણ અગ્રભાગથી શરીરમાં પીડા થાય, તો પણ દુઃખ તે સાધુ ચિંતવે નહિ કે સમાધિનો ત્યાગ કરે નહિ.

(૧૮) **મલપરિષહ**—શરીરે ગમે તેટલો મેલ બંધાઇ જાય, તે છતાં તેને દૂર કરવા માટે સ્નાનાદિકની ચિન્તા ન કરવી કે વસ્ત્રથી તેને દૂર ન કરવો, પણ તેજ પ્રમાણે સમભાવે નભવા દેવું તેનું નામ મલપરિષહ.

(૧૯) **સત્કાર પરિષહ**—સ્તવન, નમન, ચરણસ્પર્શ આદિ સત્કાર વિધિ થાય કે ન થાય, તેની પરવા કર્યા સિવાય આત્મામાં દૃઢ રહેવું તે સત્કાર પરિષહ.

(૨૦) **પ્રજ્ઞા પરિષહ**-બુદ્ધિની બાહુલ્યતાનું અભિમાન ન કરવું કે પ્રજ્ઞાને અભાવે ઉદ્વેગ ન ધરવો. આને પ્રજ્ઞા પરિષહ કહે છે.

(૨૧) **અજ્ઞાન પરિષહ** શ્રુતજ્ઞાનનો અભાવ તે અજ્ઞાન પરિષહ.

(૨૨) **સમ્યક્ત્વ પરિષહ**—શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે અશ્રદ્ધા નહિ બતાવવી તે. અન્ય દર્શનિયોની ઋદ્ધિ-વૃદ્ધિ જોઇને સ્વધર્મથી ન ડગવું તે.

ઉત્તર વાચાલથી શ્રી મહાવીર શ્વેતામ્બી નગરી તરફ ગયા, તે સમયે ત્યાં પ્રદેશી નામે રાજા રાજ્ય કરતો હતો. શ્વેતામ્બીથી શ્રી વીર સુરભિપુર ગામની સમીપે આવ્યા. સુરભિપુરથી તેમને રાજગૃહ નગર તરફ જવું હતું. સુરભિપુર અને રાજગૃહની વચ્ચે ગંગા નદી વહેતી હતી. સામે કાંઠે જવા સારૂ શ્રી મહાવીરે સિદ્ધાન્ત નામે નાવિકના નાવમાં બેઠા. બે બાજુથી હલેસાં ચાલવા માંડયા, નાવ સપાટાબંધ જળ કાપવા લાગી. તેવામાં ઘુવડ નામે પક્ષીનો અવાજ આવ્યો. 'ઘુવડ રાત્રે બોલે, તેના બદલે આ તો દિવસે બોલ્યું, માટે માર્ગમાં મોટું વિઘ્ન નડશે.' એમ તે નાવમાં બેઠેલા ક્ષેમીલ નિમિત્તિઆએ કહ્યું. બેસારૂઓ ગભરાયા. નિમિત્તશાસ્ત્રીને આફતમાંથી ઊગરવાનો માર્ગ પૂછયો. ક્ષેમીલ બોલ્યો, " શાંત થાઓ, હજી તમારાં ને મારાં પુણ્ય તપે છે, આપણે સહુ આ નાવમાં બેઠેલા આ શાન્ત મહર્ષિની કૃપાથી ક્ષેમકુશળ સામે પાર પહોંચી જઇશું." આટલા ઉહાપોહ વચ્ચે શ્રી મહાવીર પ્રભુ નાવના એક ખૂણે સંયમપૂર્વક બેઠા હતા. આસપાસ ગંગાનાં અફાટ જળ ઊછળતાં હતાં. શાન્ત પવનમાં નાવ આગળ વધવા માંડી. કાળા ભમ્મર પાણીની વચ્ચે નાવ આવી કે તરત જ તે શ્રીફળની જેમ ઊંચી–નીચી થવા લાગી. પવન જોરથી ફૂંકાવા લાગ્યો, નાવ બેકાબૂ બની. હલેસાં મારનારા હાંફવા લાગ્યા, પવનના જોરમાં સઢ ફાટું–ફાટું થવા લાગ્યા. નાવિક ગભરાયો, શું કરવું તે, તે ન વિચારી શકયો. તેની આશાભરી નજર શાન્ત મહામુનિ મહાવીર પર ઠરી, શ્રી મહાવીર તો–જાણે કંઇ જ ન થતું હોય, એવા-નિશ્ચિત ભાવપૂર્વક બેઠા હતા. શ્રી વીરની નજરનું અમી કિરણ નાવિકની અશ્રુભીની આંખને છબ્યું, તેના અંગાંગમાં ચેતનાનો પવન ફૂંકાયો, બહાર ફૂંકાતા પવન સામે ઝૂઝવાને તે ઉત્સુક થયો. હલેસાં તેણે પોતાના હાથમાં લીધાં, મઝધારમાં સપડાયેલ નાવને તેણે દિશામાં લીધી, ભયંકર વમળોની વચ્ચે નાવ સપાટાબંધ આગળ ચાલવા માંડી.

લોકોના જીવમાં જીવ આવ્યો. ક્ષેમીલના શબ્દો સાચા પડયા. નાવ કિનારે આવતાં સર્વે ઉતારૂઓ સર્વ પ્રથમ શ્રી મહાવીરને ચરણે પડયા અને પોતાના પ્રાણ બચાવવા બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. પણ શ્રી મહાવીર નિરહંકારી હતા, પોતે આ વિષયમાં કંઇ જ ન કર્યું હોય એવા ભાવપૂર્વક તેઓ હોડીમાંથી નીચે ઊતર્યા અને 'ઇર્યાપથિકી'* પ્રતિક્રમીને × ત્યાંથી સીધા રાજગૃહના માર્ગે પળ્યા. રસ્તામાં થુણાક-સંનિવેશમાં તેઓ રહેલા અને આગળ વિહાર કરીને રાજગૃહ નગર પહોંચેલા.

મનોભાવ શ્રી મહાવીરના નિષ્કંપ હતા, વ્રતસ્નેહ તેમનો અડગ હતો, વિશ્વ સ્નેહભીની તેમની નજરમાં જીવ માત્ર સમાન હતો ઉપ-સર્ગ પળે તેઓ બેવડા આનંદમાં રાચતા. એક તો પોતાને ઉપસર્ગ થાય છે તે અને બીજો, ઉપસર્ગ કરનાર માનવી પોતાને મુક્તિમાર્ગમાં કેટલો બધો સહાયક નીવડે છે તે વિચારે! તેઓ જ્યાં જતા ત્યાં આત્માનાં દિવ્ય કવિતો ગૂંજતાં, જ્યાં ઊભતા ત્યાં પ્રકાશ વર્તુળો

* ઇર્યાપથિકી એટલે એક સ્થાનકેથી બીજે સ્થાનકે જતાં આવતાં જે જીવોને પીડા ઉપજાવી હોય કે પ્રાણ રહિત કર્યા હોય તત્સંબંધી પાપ અંગે ક્ષમાપના યાચવી તે.

× પ્રતિક્રમણ એટલે કરેલા પાપમાંથી પાછા ફરવા માટે અને ફરીથી એવાં પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા લેવા માટે જૈનો સવાર-સાંજ બન્ને સમય જે ધર્મક્રિયા કરે છે તેને પ્રતિક્રમણ કહેવાય. પ્રતિક્રમણ આત્માનો વ્યાયામ છે. સર્વ પાપોને તે દૂર કરે છે, નવાં પાપો કરતાં તે આપણને વારે છે અને ધર્મના આત્મા સાથેનો આપણો સંબંધ દિનપ્રતિદિન દૃઢ કરે છે. વૈજ્ઞાનિક તેમજ આધ્યાત્મિક ઉભય દૃષ્ટિએ પ્રતિક્રમણ હિતકર્તા પૂરવાર થયું છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ શરીરને કસરત આપે છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં નસેનસમાં સમતા ને મૈત્રીનું સંગીત જગાવે છે.

રચાતાં. રવિ, ચન્દ્ર ને તારાના તે સાચા સહોદર હતા, કારણ કે તેમની વચ્ચે તેમને અંતર હતું–છતાં ન હતું. વનસ્પતિમાં શ્રી મહાવીર એજ જીવન્ત પ્રકાશ ઝરણને વહેતું જોતા, જે ઝરણ સૃષ્ટિના અંતરે તાલબદ્ધ રીતે નાચી રહ્યું છે. પશુ-પંખીની દુનિયામાં તેમનો સ્નેહ એજ સમભાવપૂર્વક વહેતો જે સમભાવે તેમણે સંસાર ત્યજેલો.

સમભાવ એટલે એક નજર. અંતરના પ્રકાશ-ઝરણને એક નજરે સર્વમાં વહેવા દેવું. સમભાવ મુક્તિની સીડી છે. સર્વ સુખ દુઃખની સામે ઝૂઝતું દૈવીશસ્ત્ર છે. અરૂપી છતાં અનંતગણું તેનું બળ છે. સૂર્યની ગરમી અને ચન્દ્રની શિતળતાનું તેમાં સંમિશ્રણ છે. સમભાવે આત્મા પમાય, આત્મા પામતાં પરમાત્માના સ્નેહનું દર્શન થાય ને આખરે પરમાત્મપદે સ્થિત થવાય.

શ્રી મહાવીર રાજગૃહમાં આવ્યા. તે સમયે ત્યાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો, શ્રી વીર રાજગૃહની બહાર આવેલા રાજગૃહના જ ઉપ-નગર નાલંદામાં આવ્યા ને એક વણકરની વિશાળ શાળામાં પધાર્યા. ત્યાં વર્ષાકાળ નિર્ગમન કરવા માટે તે સ્થળે રહેવાની વણકરને વાત કરી અને તેની રજાથી પ્રભુ **બીજું ચોમાસું** ત્યાં ( **નાલંદામાં** ) રહ્યા. એક એક માસના ઉપવાસ કરીને મહાન તપસ્વી શ્રી મહાવીરે વર્ષાકાળ વીતાવ્યો. શ્રી મહાવીર સદા નિર્જળા ઉપવાસ કરતા. તપના તાપથી તેમનાં વિવિધ પ્રકારનાં શેષ રહેલાં કર્મો ખપી જવા લાગ્યાં.

**ગોશાલક:**—શ્રી મહાવીરના બીજા ચોમાસા દરમ્યાન ગોશાલક નામે એક બ્રાહ્મણપુત્ર તેમના સ્થાનમાં આવી ચઢયો હતો. ગોશાલકના પિતાનું નામ ગોબહુલ અને માતાનું નામ સુભદ્રા હતું. શરવણ સંનિવેશમાં તેનો જન્મ થયેલો. ગોશાલકનો ગૌશાળામાં જન્મ થયેલો અને તેથી તે ' ગોશાલક ' એવા યુક્ત નામથી પ્રખ્યાત થયો. તે સ્વભાવે કપટી અને વેરઝેરનો ભરેલો હતો, તેને કોઇથી બનતું નહિ.

પિતા સાથે ઝઘડીને તે એકલો પડી ગયો અને ચિત્રનું એક ફલક આલેખાવી, ગામેગામના જનોને તે બતાવતો પેટ ભરતો તે ભમવા લાગ્યો. એક દિવસ તે શ્રી મહાવીર ઊભા હતા ત્યાં આવી પહોંચ્યો. શ્રી મહાવીરની કાન્તિ અને મુખમુદ્રા જોઇ તેના તરફ તે આકર્ષાયો, ચિત્રફલક ત્યજી તે તેમની સાથે-સાથે ફરવા લાગ્યો.

**વિહાર સ્થળો સંબંધી સત્ય:**—દીક્ષા લઇને શ્રી મહાવીર જ્ઞાતખંડ ઉદ્યાનથી **ઉત્તર-પૂર્વે** કુમારગ્રામે ગયેલા, ત્યાંથી કોલ્લાગ સંનિવેશ તરફ ગયેલા ને ત્યાંથી અસ્થિકગ્રામમાં ગયા ને ત્યાં પ્રથમ ચોમાસું કર્યું ને ત્યાંથી આગળ કનકખલ આશ્રમમાં ગયા ને ત્યાં ચંડકૌશિકને શાન્ત કરીને ઉત્તરવાચાલ થઇને શ્વેતામ્બી તરફ ગયેલા. ત્યાંથી સુરભિપુરને થુણાક થઇને રાજગૃહમાં ગયેલા અને તેની નજીકના નાલંદા નામે ઉપનગરમાં બીજું ચોમાસું વીતાવેલું.

"આજે કેટલાક ઇતિહાસકારો માને છે કે પ્રભુ શ્રી મહાવીરને શૂલપાણિ યક્ષનો ઉપસર્ગ કાઠિયાવાડમાં આવેલા વઢવાણ ગામમાં નડેલો. તેમજ કનકખલ આશ્રમ તે આજે પણ આબુ ઉપર તે નામે ઓળખાતું તીર્થ છે. તેથી શ્રી વીર આબુ ઉપર પણ આવેલા. પરન્તુ સાચાં ઐતિહાસિક પ્રમાણોના પવન સામે આ મનોકલ્પિત હકીકતો પૂરવાર થઈ શકે તેમ નથી. કારણ કે કનકખલ આશ્રમ એ કાંઇ આબુ ઉપરનું કનકખલ તીર્થ નથી. એ ઉત્તર હિંદમાં અયોધ્યા જતા રસ્તામાં **આશ્રમ પૂર્વ હિંદનો** એક સુપ્રસિદ્ધ આશ્રમ હતો. ભગવાન પ્રથમ ચાતુર્માસ બાદ શ્વેતામ્બી જતા હતા ત્યારે તેમના વિહારમાં એ આશ્રમ આવ્યો હતો. કનકખલ આશ્રમ શ્વેતામ્બીની પાસે હતો એ નિમ્ન પ્રમાણોથી જાણી શકાય છે.* જો કનકખલ આશ્રમને કનકખલતીર્થ, અસ્થિકગામને વઢવાણ વગેરે માની લઇએ તો પ્રભુનું પાંચમું ચોમાસું

* 'तस्स य अद्दूरे सेयविया नाम नगरी' (આવશ્યક ચૂર્ણી પૂર્વભાગ પૃ. ૨૭૮)

**ભદ્દીયામાં** થયું તે પહેલાં પ્રભુ ગુજરાત, કાઠિયાવાડમાં પધાર્યા હતા એમ માનવું તે કેટલું અસંગત થઇ પડે." (શ્રી વીરવિવાહ મીમાંસા.)

શ્વેતામ્બી કોશલ દેશમાં સાવત્થી પાસે હતી એમ ચીની યાત્રિક હ્યુએન-સાંગે સાવત્થીનું વર્ણન કરતાં કહ્યું છે. શ્વેતામ્બી સાવત્થીના પાસે હતી એમ આવશ્યક ચૂર્ણિ-રાયપસેણી સૂત્ર આદિ ઉપરથી સ્પષ્ટ જણાય છે. બૌદ્ધો પણ **શ્વેતામ્બી**, સાવત્થી અને કપિલવસ્તુની વચ્ચે આવેલી હતી એમ માને છે.*

રાજગૃહ આ નગર જૈનો અને બૌદ્ધોનું પૂજનીય તીર્થ છે. ત્યાં શ્રી મહાવીરે અને બુદ્ધે અનેક ચાતુર્માસો કરેલાં. જરાસંધના સમયમાં રાજગૃહ મગધની રાજધાની હતી એ જાતની નોંધ મહાભારતના સભાપર્વમાં મળે છે. ત્યાં પાંચ પહાડો છે એમ જૈનગ્રન્થકારે તેમજ મહાભારતકારે જણાવેલું છે. પણ તેમનાં નામોમાં નીચે પ્રમાણે ભેદ છે.

જૈન : વૈભાર, વિપુલ, ઉદય, સુવર્ણ, રત્નગિરિ.
મહાભારત : વૈહાર ( વૈભાર ) વારાહ, વૃષભ, ઋષિગિરિ, ચૈત્યક.
વાયુપુરાણ : વૈહાર, વિપુલ, રત્નકૂટ, ગિરિવ્રજ, રત્નાચલ.

રાજગૃહનું વર્તમાન નામ રાજગિર છે તે બિહારથી લગભગ ૧૩-૧૪ માઇલ દક્ષિણે આવેલું છે. આજ રાજગૃહની બહાર ઉત્તરપૂર્વમાં જૈન સૂત્રોમાં નાલંદા નામનું સ્થળ હોવાનું જણાવ્યું છે. પ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠ ત્યાં હતું.

આવશ્યક નિર્યુક્તિની અવચૂર્ણીમાં લખેલું છે કે પહેલાં ત્યાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર હતું. તેને ક્ષીણવાસ્તુક થયેલું જાણીને જિતશત્રુ રાજાએ તે ઠેકાણે ચનકપુર સ્થાપ્યું. કાળે કરીને તે ક્ષીણ થતાં ત્યાં ઋષભપુર સ્થપાયુ. ત્યારબાદ કુશાગ્રપુર થયું, તે આખું બળી ગયા પછી શ્રેણિકના પિતા પ્રસેનજિત રાજાએ ત્યાં રાજગૃહ વસાવ્યું.

★

* જુઓ બુદ્ધચર્યા પૃ. ૬૧૧.

# પ્રકરણ પાંચમું

**સાર:—વિહાર, ત્રીજું ચોમાસું. વિવિધ ઉપસર્ગોને સમભાવ. ચોથું ચોમાસું, તપશ્ચર્યા. અનાર્યભૂમિમાં સહન કરેલાં તીવ્રદુઃખો. આર્ય-અનાર્યની તુલના, અહિંસાનું બળ. આધુનિક અહિંસા. કર્મોનાં પ્રકાર. સ્વરૂપ, રહસ્ય. શ્રી મહાવીરે સહન કરેલા વિવિધ પ્રકારના ઉપસર્ગોની પાછળ કર્મનું જ તંત્ર હતું. વિહાર-સ્થળોની ઐતિહાસિક દૃષ્ટિએ સમાલોચના.**

વિહારઃ—બીજું ચોમાસું નાલંદામાં પૂરું કરીને શ્રી મહાવીરે આગળ વિહાર આદર્યો, પ્રતિચ્છાયાની જેમ ગોશાલક તેમની પાછળ પાછળ ભમવા લાગ્યો. સુવર્ણખલ સંનિવેશના માર્ગમાં કેટલાક માણસો હાંડીમાં ખીર રાંધતા હતા, તેમને જોઈને ગોશાલકે શ્રી વીરને પૂછ્યું. ' આ હાંડી ફૂટશે કે નહિ ? ' પ્રભુએ કહ્યું, ' ફૂટશે ' ને સાચેજ તેઓ ત્યાંથી બે ડગલાં આગળ વધ્યા હશે તેટલામાં હાંડી ચીરાઈ ગઈ. ચીરાવાનું મૂળ કારણ ખીરમાંના ચોખા પ્રમાણથી વધારે હોવાથી તે ફૂલ્યા ને તેમાં સ્થાન ન મેળવી શક્યા એટલે ચોખાની શક્તિથી હાંડી ફૂટી ગઈ. પણ આ જોતાં ગોશાલકના મનમાં જુદાજ તરંગો જાગૃત થયા. તે એમ માનવા લાગ્યો કે થવાનું હોય છે તે થાય છે, આમ માનીને તેણે પુરુષાર્થવાદની અવગણના કરી અને નિયતિવાદમાં

**રમવા લાગ્યો.** સુવર્ણખલ સંનિવેશથી શ્રી વીર બ્રાહ્મણગામ આવ્યા. ત્યાં ખાસ ન થોભતાં તેમણે વિહાર આગળ લંબાવ્યો ને પવનની જેમ નિર્લેપ રીતે જુદા-જુદા ગામોમાં થઇને ચંપાનગરીએ પધાર્યા.

**ત્રીજું ચોમાસું:**–ચંપાનગરીનો પુનરૂદ્ધાર કોણિકે વસાવી કરાવ્યો હતો. કોણિક શ્રેણિક રાજાનો પુત્ર હતો. ચંપાનગરીમાં* શ્રી મહાવીરે

* વર્તમાન કાળે અંગદેશ અને તેની રાજધાની ચંપાનગરીનાં સ્થાન બંગાળ પ્રાંતમાં જ્યાં ગંગા નદી વહેતી વળાંક લઇને દક્ષિણ તરફ વહેવા માંડે છે તેના ખૂણે ભાગલપુર જીલ્લો છે તેમાં હોવાનું બતાવ્યું છે. જૈનોના તીર્થંકર વાસુપૂજ્ય સ્વામીની કલ્યાણકભૂમિ તરીકે, તે સ્થાને જે ચંપાનાલા નામનું નાનું ગામડું આવેલું છે તને લેખે છે પણ આ માન્યતાને કોઇ શાસ્ત્રીય આધાર નથી, કેવળ પરંપરાથી માન્યતા ઊતરી આવેલી છે. તેવીજ રીતે ભગવાન મહાવીરના નિર્વાણકલ્યાણકની ભૂમિ મધ્યમ અપાપા–પાવાપુરી વિશે બનવા પામ્યું છે આ પાવાપુરીને પણ બંગાળ પ્રાંતમાં આવેલી હોવાની વર્તમાન માન્યતા છે. આ બન્ને નગરોનાં નામ સાચાં છે પણ તેમનાં સ્થાન તે નથીજ. કોઇને શાસ્ત્રીય આધાર નથી. આ આખોય પ્રશ્ન એક નિબંધદ્વારા અમે શાસ્ત્રીય (જૈન આગમના) તેમજ ઇતર સંશોધન પ્રમાણીત આધારો આપીને પુરવાર કરી આપ્યું છે. (જુઓ ભાગ બીજો પ્રકરણ નવમું) એટલે અંગદેશને વર્તમાનનો મધ્ય પ્રાંત જેને પ્રાચીન સમયે મહાકોશલ તેમજ ચેદિદેશ કહેવામાં આવતો તે છે અને ચંપાનગરી તે જબલપુરથી ઇશાન ખૂણે થોડે છેટે આવેલ છે; જ્યાં દેવાનાંપ્રિય પ્રિયદર્શી (ઉર્ફે સંપ્રતિ મહારાજ) નો રૂપનાથનો શિલાલેખ ઊભો કરાયો છે તેજ સ્થાન છે; તથા મધ્યમ અપાપા નગરી અવંતિના પ્રદેશમાં જ્યાં વર્તમાન કાળે ભિલ્સા–સાંચીનો પ્રદેશ છે ને જ્યાં લગભગ ૭૦–૭૫ સ્તૂપો (નાના મોટા) ઊભા છે એ સ્થળે આવેલ હતી. એટલે કે ચંપા–અંગ અને પાવાપુરી બધાંના સ્થાનની માન્યતા પરિવર્તન માગે છે.

ત્રીજું ચોમાસું કર્યું. ચોમાસાના ચાર મહિના અષાઢ સુદ ચૌદસથી કાર્તક સુદ ચૌદસ સુધી એક સ્થાને વાસ કરવો તેનું નામ ચોમાસું કર્યું ગણાય. આ ચાર માસ દરમ્યાન શ્રી મહાવીરે બે માસક્ષમણ કરેલાં અને કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા. ચોમાસાના કાળ દરમ્યાન શ્રી વર્ધમાન સ્વામી હાલતાચાલતા પણ નહોતા. ચોમાસું બેસતું કે તુરતજ તેઓ આત્મામાં ઊંડે-ઊંડે ઊતરવા મથતા. સંસાર સાથેનો તેમનો તમામ પ્રકારનો સંબંધ કપાઈ જતો

**મોરાક સંનિવેશે આપત્તિઃ**—ગૃહત્યાગ કર્યા પછી ચોથા વર્ષે ચંપાથી નીકળીને શ્રી મહાવીર કાલાય સંનિવેશ, પત્તકાલય અને કુમાર સંનિવેશ નામે ગામમાં થઈને મોરાક નામે સંનિવેશમાં આવ્યા. ગોશાલક તેમની સાથે હતો. પ્રભુ સર્વ કાલે પ્રાયઃ મૌનમાંજ મસ્ત રહેતા હતા, તે જોઈને ગોશાલક પણ તે મુજબ વર્તવા લાગ્યો. બન્નેની આકૃતિઓ નિહાળી ત્યાંના કોટવાળને આ બન્ને જાસુસો હોવાની શંકા ગઈ.

તે સમયે જાસુસી જાળ આજના જેટલી જ વિસ્તારપૂર્વક પથરાયલી હતી. નાનાં રાજ્યોને પાડોશી રાજ્યોનો પુષ્કળ ભય રહેતો. કોઈ અજાણ્યો પુરુષ રાજ્યની હદમાં પ્રવેશે કે તરત ચરપુરુષો તેની પાછળ પડતા અને શંકા જતાં તેમને પકડતા પણ ખરા. મોરાક ગામના કોટવાળને પણ શ્રી મહાવીર ને ગોશાલકને પરરાજ્યના જાસુસો ગણીને પકડયા ને તેમની પાસેથી બાતમી મેળવવા બન્નેને દોરડાં વડે બાંધી કૂવામાં ઉતારી ડૂબકી ખવરાવવા માંડી. ગમે તેવા વિકટના પ્રસંગે પણ શ્રી મહાવીર મૌનમાં જ રહેતા. તેઓ 'હા કે ના' સરખો પણ સ્વાર્થી ઉચ્ચાર ન કરતા, તેમની પાછળ ગોશાલક પણ મૌનમાં રહેતાં શિખ્યો, પણ મારપીટ આગળ તે બૂમ પાડીને ભાગી જતો.

એ સમયે સોમા અને જયંતિકા નામની પ્રભુ શ્રી પાર્શ્વનાથના શાસનની સાધ્વીઓ વિહાર કરતી તે પ્રદેશમાં આવી, તેમણે ગામલોકો

પાસેથી ઉક્ત હકીકત સાંભળી તેમને શંકા ગઇ કે, રખેને ચરમ તીર્થંકર શ્રી મહાવીર દેવ આ ઉપસર્ગના ભાગી ન થયા હોય ? તેઓ બન્ને તરત જ તે સ્થળે આવી. કોટવાળને શ્રી મહાવીરના ગૃહજીવનની ઓળખાણ કરાવી. ભયથી ધ્રૂજતો કોટવાલ સમભાવી મહાવીરને નમી પડયો. મહાવીર તો અપકારી ને ઉપકારી ઉભયને એકજ આંખે અને એકજ સ્નેહે અવલોકતા હતા. ભલા કે બૂરાના કરનાર તરીકે તેઓ કદાપિ કોઇ માનવીને જવાબદાર ન લેખતા, કે જવાબદાર સમજીને તેના તરફ ક્રોધ ન દર્શાવતા. ભલા-બૂરાનો સર્વ મર્મ તેમને કર્મોની કવિતામાં રહેલો જણાતો. ઉપસર્ગોની સંખ્યા જેમ વધવા માંડી તેમ શ્રી વીરનું અંતસ્તેજ પણ અદમ્ય બનવા લાગ્યું. તેમના આખા શરીરમાંથી હિમાદ્રિમાંથી વહેતી નિર્મળ ગંગાની જેમ-પ્રકાશનું ઝરણુ વહેતું સૃષ્ટિમાં સમાતું દેખાવા લાગ્યું. સાત હાથના તેમના શરીરમાંથી અનંત શશિધરની શિતળતા ઝરવા લાગી. જે તેમની પાસે ઊભું રહેતું, તેને સુખ-દુઃખથી પર વહેતા પ્રકાશ-સંગીતના સૂર સંભળાતા. તેમની પ્રતિચ્છાયા, જનોને ચંદનવૃક્ષની છાયા પેઠે દુઃખહર અને શાંતિપ્રદ લાગી.

**ચોથું ચોમાસું:**—મોરાક ગામથી પ્રભુ આગળ વધ્યા. ગોશાલક આ સમયે પણ તેમની સાથે જ હતો. દુઃખની પરંપરા સામે ટકીને પણ ગોશાલક શ્રી વીરનો સાથ ન છોડતો. ગમે તે કારણે પણ મહાવીર સ્વામીનું તેજ તેને તેમની પાછળ આકર્ષતું. અનુક્રમે વિહાર કરી શ્રી વર્ધમાન મહામુનિ આષાઢ માસની શરૂઆતમાં પૃષ્ટ ચંપાનગરીએ આવ્યા ને દીક્ષા કાળ પછીનુ ચોથું ચોમાસું **પૃષ્ટ ચંપાનગરીમાં** કર્યું. આ ચોમાસા દરમ્યાન માસખમણની તપશ્ચર્યા કરી.

આજે આપણને એક દિવસનો ઉપવાસ પણ ભારે પડે છે અનુભવેલી ને સગી આંખે જોયેલી ઉપવાસ સંબંધી એક વાત કહું. વિ. સં. ૧૯૯૭ માં અમે અને એક સ્નેહીએ અઠ્ઠાઇધરના દિવસે સવારે વ્યાખ્યાનમાં પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબ પાસે ચઉવિહાર ઉપવાસનું

પચ્ચખ્ખાણ લીધું. તે સમયે તાપ વધારે પડતો હતો. વરસાદનો સંભવ ઓછો હતો. બપોર સુધી અમને ઉપવાસ ખાસ આકરો ન લાગ્યો. બપોર પછી મન આકુળવ્યાકુળ થવા લાગ્યું. બગાસાં આવવાં મંડયાં. ખાની દિશામાં સઘળી ઇન્દ્રિયો દોડવા લાગી. બીજા દિવસની કલ્પનામાં, કરેલા ઉપવાસનું સત્ત્વ ખરડાવા લાગ્યું. સાંજે પ્રતિક્રમણમાં પણ ચિત્ત સ્થિર ન રહ્યું. રાત આખી ભીનાં પાણીનાં પોતાં મૂકીને પસાર કરી. કેટલી બધી નિર્બળતા ગણાય. એક ઉપવાસને પણ સારી રીતે પાર નહિ ઉતારવામાં અમારી ? જ્યારે શ્રી મહાવીર તો એક સાથે એક -બે ત્રણ-ચાર-પાંચને છ-છ માસના ઉપવાસ કરતાં પણ સદા હસતા જ જણાતા. ઉપવાસમાં પાણી લેવામાં પણ તેઓ આત્માની નિર્બળતા માનતા, તેઓ ઇન્દ્રિયોના સ્વામી હતા આપણે સેવક છીએ. પાંચેય ઇન્દ્રિયો તેમની તેમના આત્માના અવાજને એકી સાથે માન આપતી જ્યારે આપણે તો ઇન્દ્રિયોના બોલને પયગમ્બરી સૂર માનીને સહર્ષ અનુસરીએ છીએ. શ્રી મહાવીર મનવચન કાયાના સ્વામી હતા, આપણે મન-વચન ને કાયામાં આત્માથી યે મોટાં સત્યો જોઇએ છીએ. નજર આપણી સદા-સર્વદા બહારની શોણિતભીની હવામાં દોડે છે. આત્મ-સિન્ધુમાં ડૂબકી મારવાના શુભ પ્રસંગોને આપણે આવકાર દેતા જ નથી. શ્રી વીર માણસ હતા ને આપણે પણ છીએ. જે આત્મા શ્રી વીરમાં હતો એવો જ આત્મા આપણો છે. પણ અધ્યવસાયની શુભા-શુભ પ્રવૃત્તિમાં આપણે ગોથાં ખાઇએ છીએ. શ્રી વીર પોતે પ્રતિપળે શુક્લ અધ્યવસાયમાં જ રહેતા-તેમના અંતરાકાશમાં સદા નિર્બળતાજ વિહરતી. મેલા વિચારનાં પાપભર્યાં વાદળો તેમનાં ઉરાકાશે ન ટકી શકતાં.

તપની બાબતમાં આજનો કહેવાતો સુધરેલો જમાનો બહુ જ સામાન્ય અભિપ્રાય દર્શાવે છે. સમજનારા મહાશયો એમ પણ સમજે છે કે, તપ વડે શરીરને શા માટે દમવું, છતાં ખોરાકે શા માટે ભૂખ્યા રહેવું. સ્વર્ગ-મુક્તિની કલ્પનામાં મળેલાં સુખોથી શા વંચિત રહેવું ?

પણ હું નમ્રપણે પૂછું છું કે, શરીરની તમારી સેવા તમને ક્યાં શાશ્વત સત્યોની લ્હાણ કરશે? શરીર એક દિવસ મને અને તમને સહુને છોડીને જવાનું જ છે. તો પછી નાશવંત શરીર વડે અમર સત્યોની સુરભિ કેમ ન ચાખવી? અનેક જન્મમાં અનેક પ્રકારના ભોગો વડે આ શરીર પોષાયું હશે, છતાં તેવા ભોગો પ્રત્યે તેવાજ પ્રકારની તીવ્ર લાલસા આજે પણ આપણા અનુભવમાં આવે છે. ખાઉધરા એવા શરીરને આત્માના આનંદમાં કેમ ન લગાડવું. શરીરમાં બંધાવાથી વ્યક્તિત્વનો લોપ થાય છે, તે ઉપરાંત માનવી પોતે પોતાનો જ ગુલામ બને છે અને શરીરની બાબતમાં જેની-તેની સાથે ઝઘડી ઊઠે છે, જ્યારે તેને આત્માના આનંદની લેશ પણ દરકાર રહેતી નથી.

ચોમાસું ઊતર્યું નવી સાલ બેઠી. શિયાળાનો ઠંડો પવન શરૂ થયો ને શ્રી મહાવીરે વિહાર શરૂ કર્યો. આત્મપ્રકાશને ખીલવવા માટે શ્રી મહાવીરે સહેલા ઉપસર્ગો તરફ જો ભાવપૂર્વક નજર કરીએ તો શરીર સાથેનો આપણો સ્નેહ શાશ્વત તત્ત્વોની દુનિયામાં વળાંક લે.

નાનાપ્રકારના ઉપસર્ગોઃ—વિહાર કરતા શ્રી મહાવીર મહામુનિ ને ગોશાલક કયંગલા ગામે આવ્યા. તે પ્રદેશના રક્ષકો પોતાના પ્રદેશમાં ચોરી કરી ગયેલા ચોરને પકડવા સૈન્ય લઇને નીકળેલા. તેમણે આ બન્નેને ચોર ધારી પકડ્યા. પરન્તુ પાછળથી શ્રી મહાવીરની ઓળખાણ પડતાં માન સાથે મુક્ત કર્યા.

એક દિવસ મહાવીરસ્વામી ને ગોશાલક હલિદ્દુગ ગામની સીમમાં ધ્યાનસ્થ હતા, ત્યારે વણજારાઓએ સળગાવેલા અગ્નિમાંથી જંગલમાં દાવાનળ શરૂ થયો. તેની બહુજ ગરમ જવાળાઓથી ગોશાલક ચમક્યો, શ્રી મહાવીરનું તે તરફ ધ્યાન દોરી તે ત્યાંથી ભાગી ગયો, પણ સમતાસિન્ધુ શ્રી વીરે ધ્યાનની દૃઢતા ન છોડી. અગ્નિની ગુલાબી જવાળાઓ ધીમે—ધીમે વધવા માંડી, વધતી—વધતી તે શ્રી વીર ઊભા હતા તે પ્રદેશમાં ફેલાવા લાગી. છતાં મહામુનિ ન ડગ્યા. અગ્નિના તાપને

શમાવનારી આત્મ શાન્તિમાં તેઓ લયલીન હતા. દાવાનળની જવાળાઓ તેમના ચરણ સુધી આવી પહોંચી ને તેમના બન્ને પગને ઈજા પણ થઈ. છતાં મેરુસમાન અચલ શ્રી મહાવીર ન ડગ્યા તે નજ ડગ્યા.

શ્રી મહાવીરે ચાર વર્ષના અનુભવ પછી જોયું કે પોતે જે પ્રદેશમાં વિચરતા હતા, ત્યાં પરિચિત સ્વજનો હમેશાં નીકળી આવતા. તેઓ આદર સત્કાર માટે તૈયારી કરતા; શ્રી વીરને અગવડ ન પડે તેની તકેદારી રાખતા. શ્રી વીરની કીર્તિ પણ સ્થળે,સ્થળે ઉપસર્ગો સહવાને લીધે પ્રસરતી જતી હતી. એટલે પરિચિત પ્રદેશ છોડીને તેમણે અનાર્ય અને અપરિચિત પ્રદેશમાં વિચરણ કરવાનું નક્કી કર્યું; તેમજ અવધિજ્ઞાનને ઉપયોગે તેમને જણાયું કે, હજુ ઘણા કર્મની નિર્જરા કરવાની બાકી છે, તે કર્મ સહાય વિના મારાથી તરત ખપાવાય તેમ નથી, કારણ કે સૈનિકો સિવાય શત્રુઓનો મોટો સમુહ જીતી શકાતો નથી. આ આર્યપ્રદેશમાં વિહાર કરવાથી તેવી સહાય મળવી મુશ્કેલ છે એટલે તેમણે અનાર્ય પ્રદેશોમાં * જવાના ઉકત વિચારમાં દઢ કર્યો.

---

* પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં જૈન દષ્ટિએ સાડાપચીસ આર્ય દેશ હતા.

દેશ=મગધ ( રાજધાની રાજગૃહ ), અંગ ( ચંપાપુરી ), વંગ ( તામ્રલિપ્તિ ); કલિંગ ( કાંચનપુર ); કાશી ( વાણારસી ), કોસલ ( સાકેતપુર ), કુરુ ( ગજપુર ), કુશાવર્ત ( સૌરીપુર ); પાંચાલ ( કાંપિલપુર ). જંગલ ( અહિચ્છત્રા ), સૌરાષ્ટ્ર ( દ્વારામતી ), વિદેહ (મિથિલા), વત્સ ( કૌસંબી ), શાંડિલ્ય (નંદિપુર, મલય ( ભદ્દીલપુર ), મત્સ્ય ( વૈરાટનગરી ) વરુણ દેશ (ઉચ્છાપુરી), દશાર્ણ ( મૃતિકાવતી ), ચેદી ( શુક્તિમતિ ), સિંધુ–સૌવીર ( વિત્તભયપતન નગર ), સૂરસેન ( મથુરા ), ભંગ ( પાવાપૂરી ), માસ ( પુરિવર્તા નગરી ) કુણાલ ( શ્રાવસ્તી ), લાટ ( કોટિવર્ષ ); અને અર્ધ આર્યદેશ કંઈક ( શ્વેતામ્બી નગરી. )

શ્રી મહાવીરે પરિચિત પ્રદેશમાં શાં શાં કષ્ટો સહ્યાં ને આ ચાર વર્ષો કેવી રીતે પસાર કર્યાં, તેનું ' આચારાંગસૂત્ર ' માં શ્રી મહાવીરના શિષ્ય સુધર્માસ્વામીએ દિલદ્રાવક વર્ણન આપ્યું છે.

" શ્રી મહાવીરે ઉદ્યમવંત થઇ સંસારનાં દુઃખ સમજી પ્રવ્રજ્યા લીધી અને તે જ દિવસે હેમંતઋતુની કડકડતી ઠંડીમાં તે બહાર ચાલી નીકળ્યા. તે કડકડતી ઠંડીમાં વસ્ત્રથી શરીર ન ઢાંકવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો.

અરણ્યમાં વિહરતા ભગવાનને–તેમના દીક્ષાભિષેક વખતે તેમને સિંચવામાં આવેલા ગંધાદિકને કારણે આકર્ષાયલાં–નાનાં મોટાં અનેક જંતુઓએ ચાર મહિના સુધી ઘણો જ ત્રાસ આપ્યો, અને એમનાં લોહીમાંસ ચૂસ્યાં. વસ્ત્ર વિનાના હોવાથી ટાઢ–તાપના તીવ્ર સ્પર્શો, ઉપરાંત તૃણના સ્પૂર્શો તથા ડાંસ મચ્છરના કારમા સ્પર્શો ભગવાને સમપણે સહ્યા.

કોઇ વખતે ભગવાન નિર્જન ઝૂપડાઓમાં, ઝૂંપડીઓમાં પરબોમાં કે હાટોમાં સ્થિરતા કરતા, તો કોઈ વખત લુહારની કોઢમાં કે ઘાસની ગંજી પાસે રહેતા. કોઇ વખતે ઉપનગરમાં, નગરમાં કે ઉદ્યાનમાં રહેતા, તો કોઇ વખત સમશાનમાં અવાવરૂ ઘરમાં કે વૃક્ષ નીચે નિવાસ કરતા.

તે રહેઠાણોમાં ભગવાનને અનેક પ્રકારનાં ભયંકર સંકટો પડતાં. તે–તે સ્થળોમાં રહેનારાં જીવડાં કે પક્ષી તેમને ઉપદ્રવ કરતાં. હલકા માણસો પણ ભગવાનને ઘણો ત્રાસ આપતા. કોઇ ગામના રખવાળો હાથમાં હથિયાર લઇને પ્રભુને કનડતા. કોઇવાર વિષયવૃત્તિથી સ્ત્રીઓ કે પુરુષો ભગવાનને હેરાન કરતા.

---

આ સિવાયના–શક, યવન, કિરાત, શબર, બર્બર, સિંહલ, પારસ, ક્રૌંચ, પુલિંદ, ગંધાર, રોમ, કોંકણ, પલ્લવ હૂણ વગેરે અનાર્ય દેશો હતા, તે દેશના લોકોને મ્લેચ્છ પણ કહેવામાં આવે છે. આ વિષે તત્ત્વાર્થભાષ્ય અને પન્નવણા સૂત્રમાં વિગતથી લખેલ છે.

શિશિર ઋતુમાં ઠંડો પવન જોરથી ફૂંકાતો હોય, લોકો થરથર ધ્રૂજતા હોય, તાપસો લાકડાં સળગાવી ટાઢને ઉડાડવા મથી રહ્યા હોય ત્યારે સંયમી શ્રી મહાવીર વસ્ત્ર વગર ખુલ્લાં સ્થાનમાં ધ્યાનસ્થ થતા.

**અનાર્યભૂમિમાં:**–વણજારાઓએ પ્રગટાવેલા અગ્નિમાંથી પ્રગટેલા દાવાનળનો ઉપસર્ગ સહીને શ્રી મહાવીર ત્યાંથી શ્રાવસ્તી નગરીમાં ગયા. ત્યાંથી નંગલા ગામમાં થઇને આવત્ત ગામે ગયા. ત્યાંથી આગળ ચોરાયસંનિવેશમાં થઇને કલંબુકા સંનિવેશમાં ગયા વિહારક્રમ જોતાં શ્રી મહાવીરના ઉગ્ર વિહાર આજના ગમે તેવા ઉગ્ર વિહારને ચઢે તેમ છે. કોઇ પણ ગૃહસ્થ પ્રત્યે લેશ પણ મૂર્ચ્છા ન હોવાના મુખ્ય કારણસર શ્રી મહાવીર ઉગ્ર વિહારી કહેવાયા છે. તેઓશ્રી જે ગામ કે પરામાં જતા અને ત્યાં રાત પડતી તો તે જ સ્થળે ધ્યાનારૂઢ થતા અને દિવસ દરમ્યાન કર્મો ખપાવવા આગળ ને આગળ વિહાર ચાલુ રાખતા. વિહાર સમયે તેમનું સમગ્ર ધ્યાન પગ તરફ નહિ, પરન્તુ આત્માના અધ્યવસાયોને સવિશેષ ઉજળા બનાવવા તરફ રહેતું.

કલંબુકા સંનિવેશ વટાવીને શ્રી વીર ઝડપભેર અનાર્યભૂમિ તરફ વળ્યા. લાઢ પ્રદેશમાં તેમને અપરંપાર મુશ્કેલીઓ પડી છે. ત્યાં તેમને તદ્દન હલકી જાતનાં શય્યા અને આહારોનો ઉપયોગ કરવો પડતો. ત્યાંના લોકો તેમને બહુ સતાવતા. ભોજન લૂખુંસૂકું મળતું ને કૂતરાંઓ કરડતાં, કેટલાક તે કૂતરાઓને છુછુકારીને કરડાવતા. વજ્રભૂમિના લોકો બહુ જ કઠોર–વજ્ર જેવા જ હતા. ત્યાં કૂતરાં કરડી ન જાય તે માટે સાધુઓ હાથમાં લાકડી કે નાળ લઇને ફરતા. કેટલીક વાર કૂતરાંઓ શ્રી મહાવીરને પગે બાઝી પડતા અને તેમના માંસની પેશીઓ ખેંચી કાઢતાં. છતાં એવા દુર્ગમ લાઢ દેશમાં હિંસાનો ત્યાગ કરી, શરીરની મમતા છોડી, ભગવાન મહાવીરે આવી પડતાં સંકટોને સમભાવે સહ્યાં અને સંગ્રામને મોખરે મ્હાલતા વિજયવંત ગજરાજની

જેમ એ દુ:ખો ઉપર જય મેળવ્યો. કોઈવાર જંગલમાં દૂર સુધી ચાલતાં છતાં ગામ જ ન આવતું અને કોઇ જગાએ ગામને પાદરે પહોંચતાં ગામના લોકો સામે આવી તેમને મારતા અને હાંકી કાઢતા. કોઇવાર તેઓ શ્રી મહાવીરને લાકડીથી, મુઠીથી, અણીદાર શસ્ત્રોથી પત્થરથી કે હાડકાંના ટૂકડાથી મારતા. કોઇવાર તેઓ શ્રી વીરના શરીરપર બેસી તેમનું માંસ કાપી લેતા, કોઇવાર તેમના ઉપર ધૂળ વરસાવવામાં આવતી. કોઇવાર તેમને ઊંચેથી–નીચે પટકવામાં આવતા, તો કોઇવાર આસન ઉપરથી ગબડાવી નાખવામાં આવતા. પણ શ્રી વીરે દેહનું મમત્વ છોડી દઇ આ સઘળાં દુઃખો સહ્યાં ને દુ:ખોથી પાછા ન હઠતાં તે બધાંને સહી વિહાર ચાલુ રાખ્યો.

અનાર્યભૂમિના લોકો શ્રી મહાવીરને ખૂબ સતાવતા હતા તેનું મૂળ કારણ તેઓની કઠોરતા હોવા ઉપરાંત તેમણે શ્રી વીર જેવા માનવાને તેમના પ્રદેશમાં તે રીતે વિહરતા કોઇ વખતે જોયેલા નહિ હોવાથી, તેઓ વ્હેમ અને શંકાના આશ્રયે તેમને સતામણી ઉપજાવતા હતા. શ્રી વીરમાં તેજ હતું, શાન્તિ હતી, સંયમ હતો, પ્રેમ હતો, સમતા હતી. એટલે તેઓ શત્રુ મિત્ર ઉભય પ્રત્યે સમભાવિ જ રહેતા. પણ અનાર્યભૂમિમાં જે ગામમાં તેઓ એકથી બીજે દિવસ ઠેરતા કે ત્યાનાં વજ્ર–કાઠાં હૈયાંનાં માણસો પણ ફૂલ–કૂણા વિચારના બની જતા ને શ્રી વીરને ચરણે નમતા આવતા. બનતાં સુધી તો શ્રી મહાવીર વિના કારણે કોઇ સ્થળે એકથી બે દિવસ થોભતા જ નહિ, કારણ કે વધારે રોકાઇને તે ગામના લોકોમાં પોતાના વ્યાપક સ્નેહને કેન્દ્રિત કરી દેવાનું તેમના આદર્શને બંધ બેસતું ન્હોતું જ આવતું. એટલે એક ગામમાં એક દિવસ રહીને ત્યાંથી જે સુખ–દુ:ખ મળતું તેના મલ–વિશોધક ઔષધ તરીકે ઉપયોગ કરી લઇ, તેઓ શ્રી આગળ વિહાર ચાલુ કરતા. વિહારમાં ક્ષુધા–તૃષા કે માંદગી પણ એક બાજુએ લપાઇને બેસી જતી. તેમના આત્મપ્રકાશ સમીપે સંસારીજનો સંતાપતા. રોગ–શોક ન જ ટકી શકતા. ઉદયાચળે પ્રગટતા બાલ–દિવા

કરનાં તેજવર્ષી કિરણો સામે જેમ ધૂમ્મસના ગોટા નથી ટકી શકતા, ત્યમ શ્રી વીરના અડગ-આત્મબળ સામે ધૂમ્મસ જેવા સાંસારિક પ્રલોભનો પગ નજ ટેકવી શકતાં.

**આર્યભૂમિ તરફ:**—અનાર્યભૂમિમાં સળંગ ૭ માસ વીતાવી શ્રી મહાવીર આર્યભૂમિ તરફ વિહાર કરવા પ્રવૃત્ત થયા. અનાર્યદેશની સરહદ પર આવેલા પૂર્ણકલશ નામના ગામની નજીક જતાં તેમને બે ચોરોનો ભેટો થયો. ચોરો અનાર્યભૂમિમાં ચોરી કરવા જતા હતા. તેઓ શ્રી વીરને જોઇને અટક્યા અને માર્ગમાં અપશુકન કર્યાના બ્હાના નીચે તેમાંના એક ચોરે મ્યાનમાંથી તરવાર ખેંચી કાઢી. તીખી તગતગતી તરવાર લઇને તે શ્રી મહાવીર તરફ દોડયો. તરવાર ઉગામી, પણ હાથ ન ચાલ્યો. હવામાં જ તેનો હાથ સ્થિર થઇ ગયો. તેણે સામે જોયું તો તેજ વરસતી વાદળીના આકારમાં સમતાસાગર મહામુનિ નજરે પડ્યા. તે તેમને પગે પડયો અને ત્યાંથી ઘેર ગયો.

અનાર્યભૂમિની સરહદ ઓળંગીને શ્રી મહાવીર પ્રભુ આર્યભૂમિમાં દાખલ થયા અને વિહાર આગળ લંબાવ્યો.

**આર્ય અને અનાર્ય:**—તત્ત્વાર્થભાષ્યમાં આર્ય અને મ્લેચ્છ એમ બે મનુષ્યોના ભેદ બતાવવામાં આવ્યા છે. તેમાં આર્યોના ૭ ભેદ છે. (૧) **ક્ષેત્રઆર્ય**—કર્મભૂમિમાં જન્મેલા. (૨) **જાતિઆર્ય**-ઇક્ષ્વાકુ, વિદેહ, હરિ, અંબષ્ઠ, જ્ઞાત, કુરુ, બુંબુંનાલ, ઉગ્ર, ભોગ, રાજન્ય વગેરે. (૩) **કુલઆર્ય**—વિશુદ્ધ વંશમાં જન્મેલા; પન્નાવણા સૂત્રમાં રાજન્ય, ભોગ, ઉગ્ર, ઇક્ષ્વાકુ, જ્ઞાત અને કૌરવ્ય એ છને કુલઆર્ય ગણ્યા છે. (૪) **કર્મઆર્ય**—યજન યાજન, અધ્યન-અધ્યાપન, પ્રયોગ, કૃષિ, લિપિ, વાણિજ્ય; પન્નવણા સૂત્રમાં કાપડિયા, સૂતર વેચનારા, કપાસ વેચનારા, સુત્તવેયાલિય, ભંડવેયાલિય, કુંભાર, પાલખી મેના વગેરે ઉપાડનારા એ કર્મઆર્યો જણાવ્યા છે. (૫) **શિલ્પઆર્ય**—વણકર, હજામ, તૂણનારા, દેવટ ( મશકો બનાવનારા ) વગેરે લોકો; જેમની

આજીવિકા ઓછા પાપવાળી અને અનિંદ્ય હોય. (૬) **ભાષાઆર્ય**—આર્યોના વ્યવહારમાં ચાલતી ભાષા બોલનારા, બ્રાહ્મી વગેરે લિપિઓ જાણનારને ભાષા આર્ય ગણેલા છે.

શક, યવન, કિરાત, સિંહલ, રોમ, પુલિંદ, ગંધાર વગેરે દેશના લોકોને અનાર્ય કે મ્લેચ્છ કહેવામાં આવે છે. આર્ય-અનાર્યનો ઉપયોગ સ્થાન પરત્વે નથી પણ સંસ્કૃતિ પરત્વે છે; અને સંસ્કૃતિ સર્વથા એકધારી નથી જ રહેતી. જેથી જે પ્રજા કે દેશ એક વખતે આર્યમાં લેખાયો છે તે પ્રજા કે દેશ બીજી વખતે વળી શાસ્ત્રકારે અનાર્ય પણ લેખવ્યો છે. જ્યારે મ્લેચ્છ શબ્દ તો જાતિ પરત્વે વપરાતો શબ્દ છે અને તેઓ આજન્મ એકજ રહે. એટલે (વિશેષપણે તે પ્રજા માટે વપરાય) જેને એક વખત મ્લેચ્છ કહો તે હમેશાં મ્લેચ્છ તરીકે જ ઓળખાતા રહે છે. અનાર્ય એટલે આત્મધર્મથી અજ્ઞાન. આર્ય એટલે આત્મામાં અચૂક રીતે માનનારો. આર્ય શરીરના ભોગે આત્માને બચાવે, અનાર્ય આત્મધર્મના ભોગે સંસારમાં મોજશોખથી રહેવાનું પસંદ કરે.

**પાંચમું ચોમાસું**:—વિહાર કરતા કરતા શ્રી મહાવીર **મલયદેશની રાજધાનીના નગર ભદ્દીલપુરમાં** આવ્યા. આષાઢ માસ ચાલતો હતો. વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો. આસપાસની સૂકી જમીન હરિયાળી જણાવા લાગી હતી. તળાવમાં દેડકાંની કૂદાકૂદ જણાતી હતી. વનસ્પતિરંગી ધરા રમણીય લાગતી હતી. વનસ્પતિમાં જીવજંતુની ઉત્પત્તિ વિશેષે કરીને થાય છે એટલે વનસ્પતિ સાથેના સંબંધમાં શાસ્ત્રકાર મહાત્માઓએ આપણને સંયમપૂર્વક વર્તવાનું બતાવ્યું છે. પાંચમું ચોમાસું શ્રી વીરે **ભદ્દીલપુરમાં** કર્યું. ચોમાસી તપ આદરીને એકાંતમાં તેઓ કાયોત્સર્ગે રહેલા. ચોમાસાના ચાર માસ દરમ્યાન શ્રી વીર કેવળ હવા ઉપર રહેલા. તેમાં હવા માટે પણ પ્રમાણસરજ ઉપયોગમાં રહેતા. મૂલ્ય વિનાની વસ્તુ મળે તો આપણે તેનો મનગમતો ઉપયોગ કરીએ છીએ, પણ શ્રી વીરને મન સઘળું

અર્થમય ને સાથોસાથ અર્થહીન હતું. ૨ હની દષ્ટિએ અર્થમય મુક્તિવિહારીની નજરે અર્થહીન.

**વિહાર**:—ચાતુર્માસ પૂર્ણ થયા પછી કાયોત્સર્ગ પાળી, પારણું કરી, વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરતા, ઉપદ્રવો સહન કરતા પ્રભુ પાષાણ અને રત્નમાં, અરણ્યમાં અને નગરમાં, તડકામાં અને છાયામાં, અગ્નિમાં અને જળમાં, ઉપસર્ગ કરનાર અને સેવાભક્તિ કરનારમાં નિર્વિશેષ સમદષ્ટિ રાખતા, વિહાર કરતા અનુક્રમે કયલીસમાગમ, જંબુસંડ, તંબાયસંનિવેશ, ને કુપિકાગામ થઇને વૈશાલીમાં આવ્યા. વૈશાલીમાં ચેટક નામનો લિચ્છવીઓનો મુખ્ય રાજા હતો.

**ઉપસર્ગો**:—વૈશાલીમાં એક લુહારની કોઢમાં પ્રભુ સ્થિર થયા. આ લુહાર કેટલાક વખતથી રોગી હોઇ સ્વાસ્થ્ય મેળવવા બહાર ગયો હતો, તે લાંબે ગાળે નિરોગી થઇ પાછો આવતાં તેણે કોઢમાં સાધુને જોયા. શ્રમણના દર્શનને અપશુકન માની લુહાર હાથમાં લોઢાનો ઘણ પકડી શ્રી મહાવીરને મારવા દોડયો મહાપ્રતાપી મહાવીરની મુખ-કાન્તિ આગળ તે ઝંખવાઇ ગયો, ઘણ તેના હાથમાંથી સરકી ગયો.

અહિંસા આગળ હિંસાનું બળ કેટલો સમય ટકી શકે છે, તે ઉક્ત બનાવથી સ્પષ્ટ સમજાય તેવું છે. શ્રી મહાવીર ધારત તો એક જ મુષ્ટિપ્રહારે લુહારને ધૂળ ચાટતો કરી શકત, પણ તેમને હિંસક સામે હિંસક બનવું ગમતું ન્હોતું. ગમે તેવા મહાન ઉપસર્ગને પ્રસંગે તેમણે અહિંસાનો જ આશ્રય લીધો છે. શ્રી મહાવીરની અહિંસા ઘણા જ ઉચ્ચ પ્રકારની હતી. તેમનું જીવનમાં વહેતું અહિંસાનું ઝરણું, શત્રુ બનીને આવનારા ગમે તેવા માનવીને મિત્ર બનાવીને પાછો મોકલતું. શારીરિક અહિંસા જેટલી જ દિવ્ય પ્રભુની માનસિક અહિંસા હતી. મનમાં તેમના પ્રતિપળે એકજ સૂર જાગતો, 'પ્રાણીમાત્રને નિર્ભય કરૂં!' ડગલે-પગલે જીવમાત્રની બનતી સંભાળ રાખતા.

આજના વૈજ્ઞાનિક યુગમાં સાચી અહિંસાનો સુવર્ણ ભાનુ ત્યારે જ ઝળહળી શકશે, જ્યારે ભારતનું આગણું યન્ત્રોના ધૂમાડાથી સ્વચ્છ

બનશે. અહિંસાના સામ્રાજ્યમાં જીવનારને યાન્ત્રિક સાધનોની શી જરૂર પડતી હશે તે એક વિચારણીય પ્રશ્ન છે. જેની પાસે અહિંસાનું વજ્ર છે તેને બોમ્બગોળાને અણુબોમ્બથી ડરવાની શી જરૂર છે! ભારતવર્ષમાં આજે અહિંસાના નામ પર અનેક પ્રકારના સ્વાર્થી દાવપેચો રમાઈ રહ્યા છે. જો સાચા સો અહિંસકો સ્વરાજ્યના મેદાનમાં ઊતરે તો ભારતનું સૌભાગ્ય ફરી પાછું તરત જ ઘેર આવે. પરન્તુ દંભ અને સ્વાર્થના પડદા પાછળ રમાતા ખેલોની સક્રિય યોજનાનું બળ આપણી સાંસ્કૃતિક આબાદીને આગળ વધવા દે તેમ છેજ નહિ.

વૈશાલીથી વિહાર કરીને શ્રી મહાવીર શાલિશીર્ષ નામના ગામે પધાર્યા અને ત્યાંના ઉદ્યાનમાં પ્રતિમા ધરીને રહ્યા. ઉદ્યાનમાં કટપૂતના નામે એક વાણવ્યંતરી દેવી વસતી હતી. માઘ માસ ચાલતો હતો. ટાઢ જામી હતી. વ્યોમ નિર્મળ હતું. સૂર્યકિરણની છાયામાં પંખીઓ રમતાં હતાં. દિવસ નમતા જોસભેર પવન છૂટયો, જાણે બરફના પાણીની મનમોહક સુરભિ! આછી અજવાલી રાત આવી, ચોથનો ચન્દ્રમા નીલગગને ચઢયો, ગણ્યાગાંઠ્યા તારાનો સ્નેહ આંખમાં અમી આંજતો. શ્રી મહાવીર એક ઝાડ નીચે ઊભા હતા. ખુલ્લું તેમનું શરીર, ઉઘાડા પગ, અનિમેષ નયનો, શાન્ત મનોભાવ શું મંજુલ હૃદય સંગીત, તેજ વર્ષતું લલાટ. શ્રી વીરને જોતાં કટપૂતના રોષે ભરાઇ, તેને પૂર્વભવ યાદ આવ્યો. ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં તે તેમની (શ્રી વીરની) બત્રીસ હજાર રાણીઓમાંની વિજયવંતી નામે રાણી હતી. તે સમયે ત્રિપૃષ્ટ વાસુદેવ શ્રી વીરે તેના તરફ ખાસ સ્નેહ નહિ દર્શાવ્યો હોય, તેથી તેનો બદલો લેવાની તેની ઇચ્છા થઇ.

પ્રભુની પાસે આવી તેણીએ તાપસીનું રૂપ વિકુર્વ્યું. માથે જટા ધારણ કરી, વલ્કલનાં વસ્ત્ર પહેર્યાં ને હિમ જેવા શિતલ જળમાં પોતાનું શરીર બોળી પ્રભુની ઉપર રહી, પવન વિસ્તારીને સીસોળીઆંની જેમ શરીરને કમ્પાવવા લાગી. તેના શરીરપરથી પડતાં શિતલ જલબિન્દુઓ શ્રી વીરના ખુલ્લા શરીરપર ટપકવાં લાગ્યાં. થોડીવારમાં

પ્રભુનું આખું શરીર હિમશિળા જળ વડે ભીંજાઇ ગયું. માહ મહિનાની શિતળ અજવાળી રાત પ્રભુ શ્રી વીરે આ પ્રકારના ઉપસર્ગને સમભાવે સહન કરવામાં વ્યતીત કરી. રાત્રિના છેલ્લા પ્રહરે ધ્યાનસ્થ શ્રી મહાવીરને " લોકાવધિ " નામનું ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

સામાન્ય અવધિજ્ઞાન અને લોકાવધિજ્ઞાનમાં તારતમ્યતા એ રહેલી છે કે, સામાન્ય અવધિજ્ઞાન મર્યાદિત છે તે આવેલું પાછું જાય છે. જ્યારે લોકાવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી પાછું જતું નથી અને **સમસ્ત લોકમાં રૂપી રહેલા-દ્રવ્યોને** જણાવ ા રૂ છે.

ઉપસર્ગ કરતાં વ્યંતરી આખરે થાકી. આત્માના અજબ ધૈર્ય આગળ તેનો સામાન્ય પ્રકારનો રોષ ડૂબી ગયો. તેણે પ્રભુની ક્ષમાપના યાચી ને ભક્તિભાવપૂર્વક પૂજા કરી. આત્માના અમાપ બળ સમીપે આ આખી દુનિયાનું બળ પણ અલ્પ માત્ર છે* કારણ કે આત્મબળની ઝાંખી વિશ્વના અનંત આત્માઓના સ્નેહમાંથી થાય છે અને જ્યારે આત્મા જીવમાત્રમાં હસતો, રમતો જણાય છે. તે પછી આત્માનું સામર્થ્ય પ્રગટે છે અને સર્વવ્યાપક સત્યોમાં તે એક કાર થાય છે ને આખરે તે સર્વમય બને છે. સર્વમય બનેલા એકને અનેકમય કહેવાયજ. જ્યારે અનેકમયમાં ઇશ્વરનું દર્શન સમાયલું છે અને ઇશ્વરમાં રમતા સર્વમયને ઇશ્વરની ઇચ્છા વિના કયો પામર જીવ ડગાવી પણ શકે? આત્મપ્રકાશને પામવા માટે અંદરને બહારના ભાવોમાં એકતા ખીલવવી જરૂરી છે. પ્રાણીમાત્રમાં પોતાને અને પોતામાં પ્રાણીમાત્રને હસતા દેખવાની તાકાત કેળવવી પડે. શ્રી મહાવીર સર્વ પ્રત્યે સમભાવી હતા. કારણ કે સમભાવ આત્માના પ્રકાશની સુરભિ છે. કહો તે સુરભિને કોણ અવગણી શકે?

* " I am I. The whole weight of the universe can not crush out this individuality of mine."
—Rabindranath Tagore

**છઠ્ઠું ચોમાસુંઃ**—શાલિશિર્ષથી વિહાર કરીને શ્રી વીર **અંગદેશના પાટનગર ભદ્રિકાપુરમાં આવ્યા.** વર્ષાકાળ નજીક આવેલો હોવાથી તેમણે છઠ્ઠું ચોમાસું ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. ચોમાસા દરમ્યાન વિવિધ પ્રકારના અભિગ્રહો ધારીને પ્રભુ કાયોત્સર્ગપણે રહ્યા હતા.

પ્રવ્રજ્યા અંગીકાર કર્યાને શ્રી વીરને છ વર્ષ વીતી ગયા. ક્ષત્રિયકુંડપુર ને તેના ચોક-ચૌટા-ભૂતકાળની ભવ્યતા સમાન તેમના અંતરમાં તેજરૂપે રહ્યા. ભાઇ-ભાભીનો સ્નેહ વ્યાપક વિશ્વ-સ્નેહના સાગરસમાન તેમના અંતરમાં સમાઇ ગયો. ક્ષત્રિયકુમાર તરીકેનું તેમનું સ્વરૂપ મુક્તિવલ્લભને છાજતું બની ગયું. તેમનું શરીર તપના તાપમાં ગળી ગયું, તે આત્માના પ્રકાશ વડે તે પુરાવા લાગ્યું. અંતરમાં જ્યારે અન્ય વિચાર-તરંગો જાગતા બંધ થાય છે, ત્યારે તે સ્થળે આત્માનાં અમૃત કણો પથરાતાં જાય છે. તેમને નજરે જેનાર પ્રત્યેક માનવ-પ્રાણીને એમ લાગતું કે, ‘કયા દુઃખે આ રાજકુમારે રાજભવનનાં સ્વર્ગીય સુખોનાં ત્યાગ કર્યો હશે?’

અલબત્ત રાજભવનનાં સુખો સ્વર્ગીય ગણાય, છતાં તે શાશ્વત તો ન જ ગણાય, તો પછી શાશ્વત આત્મપ્રકાશને અશાશ્વત સુખોના બનાવટી પ્રકાશમાં કઇ રીતે મુગ્ધ કરી શકાય? આત્માની ઝંખના જૂદી જ હોય છે, છતાં તે આપણને ન જણાતી હોવાનું ખાસ કારણ આપણી ઇન્દ્રિયલોલુપતા છે. શ્રી વીર મહાવીર હતા, આત્માની વીરતાનો પરચો બતાવવા તે મેદાને પડયા હતા, ઊછળતા ઘોડા પૂરની માફક તેઓ કૂચમાં આગળ ધપી રહ્યા હતા. તેમના વિહાર-માર્ગમાં નડતર કરતા તમામ પ્રકારના ઉપદ્રવો પાણીમાં ઘાસની માફક ખેંચઇ જતા. જેમ તેઓ વિહારમાં આગળ વધવા લાગ્યા, તેમ તેમના આત્મા ઉપરનો કર્મોનો બોજો ઓછો થવા લાગ્યો. કેમકે સમસ્ત કર્મોનો ક્ષય થયા પછી જ ‘મુક્ત’ બની શકાય છે.*

* ‘कृत्स्नकर्मक्षयान्मोक्षो जन्ममृत्यवादिवर्जितः
सर्वबाधाविनिर्मुक्त, एकान्त सुखसमतः ।

**કર્મ :** - લખાણમાં વારંવાર આવતા કર્મ શબ્દનું મહાત્મ્ય જૈન-દર્શન તેમજ આલમનાં અન્યદર્શનોએ નિજનિજની શ્રેષ્ઠતા મુજબ સ્વીકાર્ય લેખ્યું છે. કર્મ શબ્દનું ઊંડાણ અગાધ છે, તેને સ્પર્શવા બનતો પ્રયાસ થાય છે.

'જીવ' કે 'આત્મા' એ જ્ઞાનમય અરૂપી પદાર્થ છે. તેને વળગી રહેલ સૂક્ષ્મ મલાવરણ તેને કર્મ કહેવામાં આવે છે. કર્મ એ જડ પદાર્થ છે—પૌદ્‌ગલિક છે. કર્મનાં પરમાણુઓને કર્મનાં દળ કે દળિયાં કહેવામાં આવે છે. આત્મા ઉપર રહેલી રાગ–દ્વેષરૂપી ચીકાશના કારણે આ કર્મના પરમાણુઓ આત્માને વળગે છે. આ મળાવરણ–કર્મ જીવને અનાદિ કાળથી વળગેલ છે. તેમાંથી કોઇ છૂટાં પડે છે, કોઇ નવાં વળગે છે એમ ક્રિયા થયા કરે છે. આવી રીતે લાગતાં કર્મોના જૈન શાસ્ત્રકારોએ મુખ્ય બે ભેદો બતાવ્યા છે.

(૧) ઘાતિકર્મ અને (૨) અઘાતિકર્મ. જે કર્મો આત્માના મુખ્ય સ્વાભાવિક ગુણોનો નાશ કરે તે ઘાતિકર્મ છે અને કર્મનાં પરમાણુઓ આત્માના મુખ્ય ગુણોને નુકસાન પહોંચાડતા નથી તે અઘાતિકર્મો છે. આ ઘાતિ અને અઘાતિ બન્નેના ચાર–ચાર ભેદો છે.

(૧) **જ્ઞાનાવરણીય**—જેને આંખ ઉપર બાંધેલા પાટાની ઉપમા આપવામાં આવી છે. અર્થાત્ આંખે પાટો બાંધેલો માણસ જેમ કોઇ પદાર્થ જોઇ શકતો નથી, તેવી રીતે જેને 'જ્ઞાનાવરણીય' કર્મરૂપી પડદો આત્માની ઉપર આચ્છાદિત થયેલો છે, તેનું જ્ઞાન ઢંકાયેલું રહે છે.

(૨) **દર્શનાવરણીય**—એટલે દર્શનશક્તિને આવરનારૂં. આને દરવાનની ઉપમા આપવામાં આવી છે. રાજાની મુલાકાત કરાવવામાં જેમ દરવાન વિઘ્નભૂત થાય છે, તેમ આ કર્મ વસ્તુત્વને જોવામાં બાધક થાય છે.

(૩) **મોહનીય**—આ કર્મ મદિરા સમાન છે. મદિરાથી બેભાન થયેલો માણસ યદ્વા તદ્વા બકે છે, **તેમ** મોહથી મસ્ત બનેલ માણસ કર્તવ્યાકર્તવ્યને સમજી શકતો નથી.

(૪) **અંતરાય**—આ રાજાના ભંડારી જેવું છે. રાજાની ઇચ્છા દાન કરવાની હોય, પણ ભંડારી બહાનાં કાઢી દાન ન દેવા દે, તેમ આ કર્મ શુભકાર્યોમાં વિઘ્નભૂત થાય છે.

(૫) **વેદનીય**—મનુષ્ય સુખ–દુઃખનો જે અનુભવ કરે છે, તે આ કર્મના પરિણામે; સુખ એ શાતાવેદનીય કર્મનું પરિણામ છે અને દુઃખ એ અશાતાવેદનીય કર્મનું.

(૬) **આયુષ્યકર્મ**—જીવનને ટકાવી રાખનારૂં કર્મ એ આયુષ્ય કર્મ છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીનું આયુષ્ય પ્રાપ્ત થવું એ આ કર્મનું ફળ છે.

(૭) **નામકર્મ**—સારી ગતિ, સારૂં શરીર, પૂર્ણ ઇન્દ્રિયો વિગેરે પ્રાપ્ત થાય છે, એ શુભ નામકર્મના કારણે અને ખરાબ ગતિ, ખરાબ શરીર અને ઇન્દ્રિયોની હીનતા વગેરે; એ અશુભ નામકર્મના કારણે.

(૮) **ગોત્રકર્મ**—ઉચ્ચગોત્ર, નીચગોત્રની પ્રાપ્તિ થાય છે તે આ કર્મના કારણે, શુભકર્મથી ઉચ્ચ ગોત્ર અને અશુભ કર્મથી નીચ ગોત્ર પ્રાપ્ત થાય છે.

ઉક્ત આઠ કર્મોના અનેકાનેક ભેદાનુભેદ છે. એનું વર્ણન 'કર્મ-ગ્રંથ, કમ્મપયડી, આદિ ગ્રંથોમાં ઘણા જ વિસ્તારથી કરવામાં આવ્યું છે.

ઉપરનાં કર્મોનું બારીક રીતે અવલોકન કરનાર સહજ જોઇ શકશે કે–જગતમાં જે નાના પ્રકારની વિચિત્રતા દેખાય છે, એ આ કર્મોને જ પ્રભાવે છે. એક સુખી એક દુઃખી, એક રાજા એક રંક, એક કાણો એક અપંગ, એક મોટરમાં બેસે, એક પાછળ દોડે, એક મહેલમાં રહે

એકને રહેવાની ઝૂંપડી યે ન મળે, એક જ્ઞાની તરીકે ઓળખાય બીજો મહા મૂર્ખ ગણાય. આ બધું જગતનું વૈચિત્ર્ય હોવાનું કંઇ કારણ હોવું જોઇએ, અને તે કારણ બીજું કોઇ નહિં, પરન્તુ સૌ સૌએ કરેલાં કર્મોનું ફળ જ છે.

શ્રી મહાવીરને જે જે પ્રકારના ઉપસર્ગો સહવા પડતા આપણે વાંચીએ છીએ, તેમાં તેમનાં કરેલાં પૂર્વભવનાં શુભાશુભ કર્મો સિવાય બીજું કયું કારણ દષ્ટિગોચર થાય એમ છે ?

કર્મ ચાર પ્રકારે ફળ આપે છે. (૧) આ જન્મ કરેલું આ જન્મમાં જ ભોગવવું (ઉદયમાં) પડે છે. જેમકે–સિદ્ધ, સાધુ અગર રાજા પ્રમુખને કરેલું દાન આ ભવમાં જ ફળે છે. (૨) આ જન્મમાં કરેલું આવતા જન્મમાં ફળે છે જેમકે–સતીનું સતીત્વ. શૂરાનું શૌર્ય, મુનિઓનો તપ–સંયમ, અથવા અભક્ષ્યનું ભક્ષણ અપેયનું પાન ઇત્યાદિ. ૩) પર–જન્મમાં કરેલું આ જન્મમાં ફળ આપે છે. જેમકે–એક પુત્ર જન્મે છે દુઃખી અને કુટુંબને પણ દુઃખી કરે છે. એક પુત્ર જન્મે છે સુખી અને કુટુંબને પણ સુખી કરે છે. (૪) પર–જન્મમાં કરેલાં પર–જન્મમાં જ ફળે છે. એવા ઘણાં કર્મો છે કે જે દેવગતિ કે નરકગતિ પ્રાયોગ્ય હોય તેથી મનુષ્યગતિમાં ફળતાં નથી. ભૂતભવમાં ઉપાર્જન કરેલાં તેવાં કર્મ વર્તમાન ભવને છોડી અનાગત ભવોમાં જ ફળે છે.

કર્મો જડ હોવા છતાં, તેની શકિત કંઈ કમ નથી, તે આત્માને પોતાના તરફ ખેંચે છે પંચેન્દ્રિયોની તત્પરાયણતામાંથી ઉદ્ભવતા ગુલાબી ધૂમ્મસના દેખાતા આનંદરંગી ચિત્રે પવિત્ર શક્તિઓ ન કરવાનું કરીને અપમાર્ગે ગમન કરી જાય છે. શ્રી મહાવીરે પૂર્વના એક ભવમાં સાધુ જીવનમાં ગાયને આકાશમાં ઉછાળવાનો પ્રસંગ આવા જ પ્રકારનો છે. તપસ્વી સાધુને ક્રોધ ઊપજે એ સાગરમાં ઝાળ જેવી ઘટના છે.

ધારો કે આપણે એક વૃક્ષ નીચે ઊભા છીએ, વૃક્ષ પર પોપટ કલ્લોલ કરે છે. મેલી ભાવના વડે આપણે તેમાના એકાદને ઝાડ પરથી નીચે પાડીએ–હિંસા કરીએ. હવે હિંસા એ પ્રકાશનું લક્ષણ નથી, જ્યારે તે પ્રકાશના લક્ષણ બહારની વસ્તુ બની એટલે સમજવું કે, તેથી તે આપણા આત્મ–વિકાસમાં અવરોધ ઊભો કરશે, અને તે એક દિવસ હિંસાના-આઘાતના પ્રત્યાઘાત રૂપે આપણને સતાવે જ. આઘાત અને પ્રત્યાઘાતમાં તો પ્રત્યેક માનવી સમજે છે જ.

ત્યારે કોઈ એમ પ્રશ્ન કરે કે, કર્મ કર્યા વગર જીવાય શી રીતે? જીવનની પ્રત્યેક ક્રિયા પ્રત્યેક કર્મ રૂપે આકાર પામે ત્યારે શું કરવું? વાત સાચી છે. જીવવા માટે શરીરને બહારની સાથેનો વિવિધ પ્રકારનો સંબંધ ટકાવી રાખવો પડે. ખરી વસ્તુ એ કે જીવવા માટે આપણે જીવનના સત્યને બે વિભાગમાં વહેંચવું ન જોઈએ. આપણે અંદર અને બહાર, સત્યમાં જ જીવવું જોઈએ. જે-જે કર્મ કરીએ તે તે કર્મ ફક્ત શરીર–માટે કરવાં પડે છે માટે જ કરીએ છે એવા ભાવપૂર્વક તે કરવાં જોઈએ કર્મમાં રસ ન ધરાવવો જોઈએ, કે જેથી તે આપણી શકિતને કેન્દ્રિત કરી જાય. શરીરનાં કર્મો જેમ–જેમ આત્માના આનંદ વડે લેપાતાં જશે, તેમ તેમ ખ્યાલ આવશે કે શરીર કરતાં મોટો આત્મા છે અને તેના ધર્મોમાં શરીરનાં સઘળાં કર્મો એકાકાર બનશે. શ્રી મહાવીર સ્વામી પોતે પણ ચાલવાની, ઊઠવાની, બેસવાની, અશનની, શયનની, પાનની દરેક ક્રિયાઓ કરતા હતા. પણ તે કઈ રીતે? તે પ્રત્યેક ક્રિયામાં આત્માના પ્રકાશનું દર્શન કરીને. પ્રત્યેક કર્મને વિશ્વના વ્યાપક સ્નેહના ઝરણામાં ભીંજાવાની, દેહભાવ ત્યાગીને, આત્માના પ્રકાશને બદલાવવા જે નિષ્કામ રીતે થાય તે શુભ અશુભ કર્મથી યે ઉચ્ચ આત્માનંદની ઊર્મિ ગણાય. તે ઊર્મિ આત્માના મુકિતપંથનું ઘોતક બને. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ફળમાં આસકત થયા વિના નિરંતર કર્તવ્ય કર્મ કરવાનું કહ્યું છે; કેમકે આસકિતરહિત થઇને કર્મ કરનાર પુરૂષ મોક્ષને પામે છે

કર્મ, તેના પ્રકાર અને તેના રહસ્ય ઉપરથી એટલો ખ્યાલ જરૂર બંધાય કે, શરીરને સર્વસ્વ ન માનતાં તેથી ઉત્કૃષ્ટ અને અવિનાશી આત્માને અનુલક્ષીને જો કંઇ કરાય તો તે અવસ્ય મુક્તિમાર્ગમાં લાભકર્તા નીવડે, જે રીતે ભગવાન શ્રી મહાવીર શરીર કરતાં આત્માને મોટો સમજીને આત્માના પ્રકાશ કાજે સુખ–દુઃખથી પર બનતા જતા હતા, બન્યા હતા, તે રીતે આપણે તેમનો જ દાખલો બનતી હદે લેવો જોઇએ.

**સાતમું ચોમાસું:**—શ્રી વીરે છઠ્ઠું ચોમાસું ભદ્રિકાનગરીમાં પૂરૂં કર્યું ને ચોમાસું ઉતર્યે ત્યાંથી વિહાર શરૂ કર્યો. આઠ મહિના સુધી ઉપસર્ગ વિના શ્રી મહાવીર મગધદેશના પ્રદેશોમાં વિચર્યા. વર્ષાકાળ આવ્યો એટલે માસોપવાસના અભિગ્રહથી આલંભિકા નામની નગરીએ ચાતુર્માસાર્થે પધાર્યા અને સાતમું ચોમાસું ત્યાં જ કર્યું.

**વિહાર સ્થળ:**—બીજું ચોમાસું નાલંદામાં કર્યું, ને ત્યાંથી આગળ સુવર્ણખલ અને બ્રાહ્મણગામમાં થઇને ચંપાનગરીએ ત્રીજો વર્ષાવાસ રહ્યા. કાલાય સંનિવેશ, પત્તકાલય, કુમારસંનિવેશ, ચોરાકસંનિવેશમાં થઇને ચોથું ચોમાસું પૃષ્ઠ ચંપાનગરીમાં રહ્યા હતા. પાંચમું ચોમાસું–કયંગલા, શ્રાવસ્તી, હલિદ્દુગ્ગ, નંગલાગામ, આવર્તગામ ને કલંબુકાસંનિવેશે અનાર્યપ્રદેશોમાં થઇને–ભદ્દીલનગરીમાં ગાળ્યું હતું. કયલીસમાગમ, જંબુસંડ, હાંબાયસંનિવેશ, કૂપિકાગામ, વૈશાલી, ગ્રામાક સંનિવેશ અને શાલિશિર્ષ આદિ સ્થળો વટાવીને ભદ્રિકાપૂરીમાં છઠ્ઠું ચોમાસું કર્યું હતું. તે પછી મગધના મધ્ય પ્રદેશમાં વિહરતા **સાતમે ચોમાસે આલંભિકા નગરમાં** આવ્યા હતા.

નાલંદા તે રાજગૃહનું ઉપનગર. સુવર્ણખલ અને બ્રાહ્મણગામ તેની ઉત્તરે આવ્યાં છે. ત્યાંથી ચંપા ગયેલા. ચંપા અંગદેશની રાજધાની. પિતાના મૃત્યુના શોકથી રાજગૃહમાં ન ગમવાથી કોણિક

રાજાએ ચંપાના એક સુંદર ઝાડવાના સ્થળે નવી રાજધાની તરીકે તેને વસાવેલી. જૂના જૈન યાત્રીઓ લખે છે કે ચંપાથી પટણા પૂર્વમાં ૧૦૦ કોશ દૂર આવેલી છે. તેની દક્ષિણે લગભગ ૧૬ કોશ ઉપર મંદારગિરિ નામે એક જૈન તીર્થ છે, જે અત્યારે મંદારહિલ નામે સ્ટેશનની પાસે આવેલું છે. ચંપાનું વર્તમાન નામ ચંપાનાલા છે અને તે ભાગલપુરથી ત્રણ માઇલ દૂર આવેલું છે. રાજગૃહના ઉપનગર નાલંદાથી ચંપા જતાં પૃષ્ઠચંપા વચમાં પડતી હતી; શ્રી મહાવીર ત્યાં આગળ ઉક્ત કાલાયસંનિવેશ આદિ ગામોમાં વિહરીને ચોથે ચોમાસે સ્થિર રહેલા. શ્રાવસ્તી–હાલમાં જે કોનાગામ છે તેને ૧૮ મા સૈકાના જૈનયાત્રીઓ શ્રાવસ્તી હોવાનું જણાવે છે. એક યાત્રી દરિયાબાદથી શ્રાવસ્તી ૩૦ કોશ હોવાનું લખે છે. આજે અયોધ્યાથી ઉત્તરમાં બલરામપુર સ્ટેશનથી બાર માઇલ ઉપર અકોના ગામ છે. તેને અહીં કો ા કહ્યું છે, તે ાથી પાંચ માઇલ સહેતમહેલનો કિલ્લો છે, આને વર્તમાનમાં શ્રાવસ્તી ગણવામાં આવે છે. આ જિનપ્રભસૂરિએ પોતાના તીર્થકલ્પમાં લખ્યું છે કે શ્રાવસ્તીનું વર્તમાન કાળમાં મહેઠી નામ પ્રસિદ્ધ છે મહેઠી અને સહેતમહેત એ નામમાં ઝાઝો ફેરફાર નથી. કનિંગહામે પણ આ સહેતમહેતને જ શ્રાવસ્તી ગણેલું છે. અહીંથી શ્રી વીર મલયદેશની રાજધાની ભદ્દીલનગરીમાં પાંચમું ચોમાસું રહ્યા. છઠ્ઠું ચોમાસું વૈશાલીમાં થઇને અંગદેશના એક મોટા શહેર ભદ્રિકા નગરીમાં ગાળ્યુ. સાતમું ચોમાસું મગધ **દેશની સરહદના અડીને રહેલા આલંભિકા** નામે નગરમાં ગાળ્યું. આલંભિક અને આલંભિકા સંભવતઃ એકજ ગામના બે નામો છે.

શ્રી મહાવીરના વિહાર સ્થળોનું નિરૂપણ કરતાં એટલો ખ્યાલ આવે છે કે તેમનો વિહાર ઝડપી અને મમતાહીન હોવો જોઇએ. તેઓશ્રી એક ચોમાસે અંગદેશમાં જણાય છે તો બીજેજ ચોમાસે મલયમાં વંચાય છે. ત્યારે તે સમયે દેશોની હદ તો વિસ્તારવાળી જ હતી. એટલે

કલ્પી શકાય છે કે તેઓ વર્ષાકાળ સિવાયના આઠ મહિનામાં સળંગ વિહાર કરતા લગભગ રોજના વીસથી પચીસ માઇલ કાપતા હશે. ઉઘાડે પગે અને ઉઘાડે શરીરે ભર તાપમાં રોજના વીસ માઇલ નિયમિત રીતે ભોજન કે પાણીની ઇચ્છા વિના કાપવા તે કેટલું બધું મુશ્કેલ જણાય છે આપણને ! કદાચ કોઇને શંકા જશે કે શ્રી વીરના ખભે ઇન્દ્રે દીક્ષા સમયે નાંખેલું દેવદુષ્ય તો તેમની પાસે રહ્યું જ હશે ને? ના, તે દેવદુષ્ય તો દીક્ષાના ફક્ત તેર માસ પર્યંત તેમની પાસે રહેલું અને પછી જૂદા જૂદા બે માણસો તેને પ્રભુ પાસેથી લઇ ગયેલા.

## પ્રકરણ છઠ્ઠું

**સાર:—આગેકદમ, આઠમું ચોમાસું. આજની વિહાર મર્યાદા, આત્માનંદને વિજ્ઞાન. નવમું. દશમું ચોમાસું. અનાર્યોના ઉપસર્ગ. તેમજ સંગમ નામે દેવે કરેલા વીસ મોટા ઉપસર્ગો. જે વાંચતાં જ રોમાંચ ખડા થાય તેમ છે. સમતા અને દ્વેષની તુલના. જીવનમાં સમતાનો ઝરો ફૂટતાં આત્માનું હિત કેમ સધાય છે? શ્રી વીરના છદ્મસ્થાવસ્થાના તપ અને પારણાની સંખ્યા શ્રી વીરની ચારિત્ર પાલનની રીત જે આજે પણ આપણા તિમિરમય અંતરે પ્રકાશ રેલાવવા સમર્થ છે.**

**આગેકદમ:**—આલંભિકા નગરીમાં સાતમો વર્ષાકાળ વ્યતીત કરી, ઉગ્ર વિહારી શ્રી મહાવીર ત્યાંથી કુંડક સંનિવેશે ગયા. ત્યાંથી આગળ મદ્દના સંનિવેશે ગયા. લાંબા અંતરને કાપતા, ઉપસર્ગો પ્રત્યે સમભાવ દાખવતા, અન્ન-જળ સ્પૃહા વિનાના, અનિદ્રિત, સદા સ્વસ્થ ચિત્તે વર્તનારા શ્રી વીર નજર સામે લક્ષ્યને સ્થાપીને પૃથ્વીમાં વિહરવા લાગ્યા. તેઓ જે ગામમાં જતાં, તે ગામની બહાર કે અંદરના એકાંત નિરવ પ્રદેશમાં કાયોત્સર્ગપણે સ્થિત રહેતા. ગ્રામ્યજનો કનેથી કોઇપણ વસ્તુની સ્પૃહા તેમણે કદી રાખી નથી. આગેકદમ તે આનું

નામ, નહિ કે મોટર, હવાઇ જહાજમાં ગમે ત્યાં ફરવામાં આગેકદમ એટલે જ્યાં ફરી પગ મૂકવાનો અવસર જ ન આવે, જેના કદમ કાદવના કમળની માફક અલિપ્ત રીતે આગે બઢતા જતા હોય. આજના જમાનાવાદી લોકો આગેકદમનો આથી નિરાળો અર્થ કરે છે.

તેઓ માને છે આગેકદમ એટલે હવામાં હવાઇ જહાજની મદદથી સહેલ કરવી. સ્ટીમરની મદદ વડે સાગર ઓળંગવા, પરમાણુ–ઓમ્બની સહાયથી નગરો પ્રજાળવાં આજના, વિજ્ઞાન-વીરો ભૌતિક જગતમાં ઘૂમવાની તેમની રીતને પ્રગતિને આગેકદમના રઢિયાળા નામથી ઓળખાવે છે, પણ તેમને એ ખબર નથી કે તેમની તે પ્રગતિ કે આગેકદમનું રણશિંગુ એક દિવસ તેના વગાડનારને અભાવે કટાઇ જશે. કારણ કે ભૌતિક ક્ષેત્રે થતી પ્રગતિ ગમે તેમ છતાં મર્યાદિત જ રહે છે, અને જ્યારે તેની મર્યાદા આવી જોય છે ત્યારે તે સ્વયં પ્રલયના રૂપમાં પલટાઇ જાય છે.

મદ્દનાસંનિવેશથી શ્રી વીર લોહાર્ગલા ગામે ગયા. ત્યાં આગળ તેમને મુશ્કેલી સહન કરવી પડેલી અને ગોશાલકને જ કારણે ત્યાંથી પુરિમતાલ અને ગોભૂમિકા થઇને પુનઃ રાજગૃહ નગરે પધાર્યા.

**આઠમું ચોમાસું:**—રાજગૃહ નગરે શ્રી મહાવીરનું આઠમું ચોમાસું થયું. ચોમાસામાં તેમણે ચાર માસના ઉપવાસ સાથે વિવિધ પ્રકારના અભિગ્રહો અવધારેલા. એકેય દિવસ નિદ્રા નહીજ આવેલી, તેમજ બેસતા તો હતા જ નહિ.

પ્રભુએ આઠ ચોમાસાં જ્યાં જ્યાં વિહાર કર્યો, તે રસ્તાના પ્રદેશમાં તથા તે સ્થળોએ ગોશાલક તેની કુતૂહલી પ્રકૃતિ અનુસાર કુચેષ્ટાઓ કરતો હતો. ત્યાં ત્યાં તેને ઘણું જ સહન કરવું પડતું, શ્રી વીર તો મૌનાવસ્થામાં જ રહેતા હતા. ગોશાલક જો કે પ્રભુના શિષ્ય તરીકે પ્રભુની સાથે ફરતો હતો, તો પણ જ્યાં તેના અંગત લાભની વાત

આવતી ત્યાં તે મહાવીરના માર્ગથી વિપરીત આચરણ કરવામાં ચૂકતો નહિ. શ્રી વીર વિહાર કરતા જ્યારે કૂર્મગ્રામે ગયેલા, ત્યારે તે ગામની બહાર એક વૈશિકાયન નામનો એક તાપસ મધ્યાન્હ સમયે ઊંચા હાથ કરી, સૂર્યમંડળ સામે દૃષ્ટિ રાખી, સ્થિરપણે રહેલો હતો; તેનો સ્વભાવ દયા–દાક્ષિણ્યમય અને સમતાભીનો હતો. આ તાપસને જોતાં જ ગોશાલક તેની પાસે ગયો અને તેની ઠેકડી કરવાના સ્વભાવ પ્રમાણે તેને પૂછવા લાગ્યો, ' અરે તાપસ ! તું શું તત્ત્વ જાણે છે ? પામરની જેમ આમ કેમ ઊભો છે ? " તેના ઉક્ત વાક્યો સાંભળી સમતાવાન તાપસ શાન્ત રહ્યો. પણ ગોશાલકે તેની મઝાક ઉડાડવામાં મણા ન રાખી ! છેવટે તાપસ પોતાના મૂળ સ્વભાવ પર ગયો, તેણે ગોશાલક પર તેજોલેષ્યા મૂકી જવાળાઓથી વિકરાળ તેજોલેષ્યાથી ભય પામેલો ગોશાળો શ્રી મહાવીર પાસે ગયો. સમતાસાગર મહાવીરની છાયામાં રમતી શીતલેષ્યાના પ્રભાવે તેજોલેષ્યા પાછી પડી. ગોશાલક બચી ગયો. કળવળતાં તેણે પ્રભુને તેજોલેષ્યાને પ્રાપ્ત કરવા સંબંધી વિધિ પૂછ્યો. શ્રી વીરે તેને સમજાવીને કહ્યું કે જે જે મનુષ્ય નિયમમાં રહીને સર્વદા છઠ્ઠ કરે અને એક મુષ્ટિ કુલ્માષ (અડદ) તથા અંજલીમાત્ર જળથી પારણું કરે. તેને છ માસને અંતે અસ્ખલિત અને પ્રતિપક્ષીને ભયંકર એવી તેજોલેષ્યા ઉપજે છે. "

શ્રી વીરે તેજોલેષ્યા સાધવાનો વિધિ બતાવવાથી, તે સાધવાના લોભે ગોશાલક તેમનાથી વિખુટો પડી ગયો ને શ્રાવસ્તી નગરીએ ગયો.

**અનાર્યભૂમિ પ્રતિઃ**– આઠમા ચાતુર્માસને અંતે નગરની બહાર પારણું કરી, શ્રી મહાવીર વિહાર કાજે તૈયાર થયા. મનમાં તેમણે ચિંતવ્યું, ' આઠ વર્ષ વહી ગયાં મુજ દીક્ષાકાળને ; અને હજી ઘણાં કર્મો ખપાવવાનાં છે મારે આ સુપરિચિત પ્રદેશોમાં જોઇએ તે પ્રમાણે સચવાતી સગવડને કારણે આત્મપ્રકાશ ખીલવવાની અમૂલ્ય પળો મને અહીંઆં પ્રમાણમાં સાંપડતી નથી, માટે મારે અપરિચિત

પ્રદેશોમાં જવું જોઇએ. હું સાધુ થયો છું, ઘરબાર મેં તજ્યા છે, મુક્તિ મારૂં એક જ નિશાન છે, તે નિશાનમાં આત્માના પ્રકાશનું મારૂં તીર ઓતપ્રોત ન થાય, ત્યાં સુધી મને જંપ ન વળે તે સ્વાભાવિક છે! ભયંકર યાતનાઓના મુખમાં જઈ ઊભવા સિવાય નૈસર્ગિક નિર્ભયતા જડશે કયાંથી ચંચળ ઇન્દ્રિયોને! મારે અવશ્ય અણજાણ પ્રદેશે આત્માનાં અજવાળાં પાળવા જવું જોઇએ!

આજની વિહારમર્યાદાઃ આજે પણ જૈન સંઘ તેનાં પૂજ્ય સાધુ-સાધ્વીઓથી ઉજળો છે, શોભાવતો છે, પણ તેમના વિહાર સંબંધી ખ્યાલ કરવા જતાં શરમની આછી વાદળી ભલભલા નિર્મળ વિચારકના મુખચન્દ્રને મ્લાન બનાવી જાય છે. સાધુ-સાધ્વીઓ આજે વિહારની દિશામાં શ્રી મહાવીરનું અનુકરણ કરવાને બદલે તેથી વિરૂદ્ધ દિશામાં જ કામ કરી રહ્યાં છે. જે અમદાવાદમાં દીક્ષા લે છે, તે તેજ જીલ્લા પૂરતા વિહારને લક્ષમાં રાખે છે પૂનામાં દીક્ષા લેનાર પંજાબની ભૂમિ કે બંગાળ પ્રાન્તમાં અહિંસા સત્યનાં અમૃતમય કવિતો રેલાવવા જતાં અનેક બ્હાનાં કાઢીને આળસી જાય છે. મારવાડના દીક્ષિત મુનિ મહારાજને ગુજરાતનો સુંવાળો મુલ્ક અરુચિકર થઇ પડે છે. માળ-વાના ભોળા લોકોમાં સ્થાન પામી ચૂકેલા મહારાજશ્રીને કાઠિયાવાડના કંકરવાળા માર્ગે વિહરતાં વિચાર કરવો પડે છે.

જે આજે દેખાય છે ને અનુભવાય છે, તેનો જ નિષ્કર્ષ આ કલમના ગર્ભમાંથી શબ્દાકારે વહી આવે છે. ઉક્ત હકીકતના બચાવમાં પૂજ્ય સાધુ-સાધ્વીઓ શાસ્ત્રના નામે અનેક દલીલો કરી, લખનારના આશયને અસત્ય ઠેરવવાનો પ્રયાસ કરતાં પાછા પડતા નથી. એક વખત મેં એક જૈનાચાર્યને પૂછેલું, ‘બાપજી, આપ અમદાવાદમાં જ ખાસ કરીને કેમ સ્થિર રહો છો?’ તેમણે મને જણાવેલું કે, ‘શહેરના ગંદા વાતાવરણના ચેપમાંથી–ઊગતા–જૈન કિશોરોને સન્માર્ગનો મર્મ સમજાવવા.’ શું હવે તેમની આ દલીલ વ્યાજબી છે. શાસ્ત્રકાર

મહારાજાની પૂ. સાધુ-સાધ્વીઓને સ્પષ્ટ આજ્ઞા છે કે, ' આત્માના અહિતને આવકારીને અન્યના હિતમાં ડગ માંડવા પ્રયાસ કરવા જશો, તે પહેલાં તમે તમોને આત્મામાંથી ગૂમાવી બેસશો, ને અન્યનું હિત એક શંકાભર્યો કોયડો બની જશે. "

શ્રી જૈનસંઘમાં આજે પણ ઉગ્ર વિહારી પૂ. સાધુ-સાધ્વીઓ છે, પણ તેમની સંખ્યા અલ્પ હોવાથ , તેમજ તેમને અન્ય તેમ । સમુદાયનો સંપૂર્ણ સહકાર ન મળવાને કારણે તેઓ ધાર્યું કરવામાં ઘણી વખત નિષ્ફળ નીવડે છે અને જેનાં કટુ પરિણામ શ્રી સકલ સંઘને સહન કરવાં પડે છે. આજના તબક્કે પ્રત્યેક સશક્ત સાધુ-સાધ્વીએ વિહારની તેમની મર્યાદાની વ્યાખ્યાને લંબાવવાની જરૂર છે. એક ગામમાં ચાતુર્માસ વ્યતીત થયા બાદ તે ગામના સંઘની ખાસ આજીજી હોય અને જો તેમને શાસનસેવાનું કાર્ય તેમના હાથે થવાની ખાત્રી હોય તો જ તેથી વધારે મુદત માટે સ્થિર રહેવાનો વિચાર કરવો જોઇએ. જો આજે આ પ્રમાણે નહિ થાય તો, બીજા બે દાયકા બાદ સાધુ-સાધ્વી પ્રત્યેનો શ્રાવક-શ્રાવિકાઓનો રહ્યો સહ્યો નિર્મળ ભક્તિભાવ વિલુપ્ત થઇ જશે અને તેને સ્થાને શંકા, વહેમ અને બંડખોર વૃત્તિનું બળ જામશે.

સંસારનાં જટિલ બંધનો છેદીને મુકતપણે મ્હાલતા સાધુ કે સાધ્વીને પછીથી સંસારીજનો સાથે ગાઢ સ્નેહ-કે પરિણામે મોહના રૂપમાં પલટો ખાય છે-બાંધવાની જરૂર શી ? દીક્ષાકાળે જ તેઓ તેમના બાહ્ય શરીરને ત્યાગી દઇ, અંતરાત્મામાં લીન થાય છે. તે પછી તેમના મનોભાવો અન્ય એક વ્યકિતમાં કઇ રીતે કેન્દ્રિત થઇ શકે ? સર્વ જીવોના કલ્યાણની ભાવના સાથે મેદાને પડતા મુનિમહારાજને રાજા કે ચક્રવર્તીની પરવા પણ શા માટે રાખવી જોઇએ ? સ્વપર આત્મહિત સિવાય સાધુ-સાધ્વીનો બીજો કયો જીવનમન્ત્ર હોઇ શકે ? તે છતાં આજે સાધુ-સાધ્વીઓ વિહાર-મર્યાદા ટૂંકાવીને તેમના દીક્ષા-

કાળનો મોટો ભાગ શહેરો કે ગામડાંના તેમના બનાવેલા ભક્તોના ટોળાંની આસપાસ બેસીને જ ગાળે છે. જૂજ સાધુ-સાધ્વીઓ આજે શ્રી વીરનું અનુકરણ કરી રહ્યાં છે અને તેટલા પણ અમારાં સદ્‌ભાગ્ય છે.

ચિંતવન બાદ શ્રી મહાવીરે અનાર્યપ્રદેશો તરફ વિહાર આદર્યો. વજ્જભૂમિ, શુદ્ધભૂમિ, લાટ વગેરે મ્લેચ્છ પ્રદેશોમાં તેઓ નિર્ભય રીતે વિહરવા લાગ્યા.

**ઉપદ્રવોઃ**—અનાર્યભૂમિના લોકો શ્રી વીરને જોતાંજ ચમકતા અને તે ચમકને દાબવા તેઓ શ્રી મહાવીર પ્રત્યે અમાનુષિ રીતે વર્તતા. સત્યત અનાર્યોને આત્મા સંબંધી સત્યનો ઓછો પણ ખ્યાલ નહતો. સાત હાથના શરીરવાળા, નગ્નસ્વરૂપી, મુખકાન્તિએ મ્હેકતા શ્રી મહાવીરનું દર્શન તેમની વિષયલોલુપ ઇન્દ્રિયોને અરુચિકર લાગતું અને ઇન્દ્રિયોપ્રેર્યા મ્લેચ્છો લાકડી, પત્થર, ધૂળ, ઢેકા આદિ વડે શ્રી મહાવીરને ઉપદ્રવો ઉપજાવતા શ્રી વીર મનગમતા એકાન્ત પ્રદેશમાં કાયોત્સર્ગે જઈ ઊભતા. તે સમયે શરીર તેમનું એક તરફ ફેંકાઇ જતું અને તેઓ આત્માના સુવર્ણશિખરે જળતા જ્ઞાનપ્રદીપમાં તલ્લીન બની જતા. અનાર્યજનો તેમની તરફ ભસતા કૂતરાને છોડતા, કૂતરાઓ તેમના સ્વભાવ પ્રમાણે કરડીને ચાલી જતા અને તે પ્રમાણે શ્રી મહાવીર તેમના સ્વભાવ આત્માનાં અજવાળાં પીવાની પળે અન્યત્ર નયન ન જ ફેરવતા, શ્રી વીરે દેહભાવ ત્યજ્યો હતો. આત્માભાવે જ તેઓ પ્રતિ-પળમાં હસતા. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ ને શ્વાસોચ્છ્વાસ તેમનો આત્માના ચંદનફુવારા જ ઉરાડતો તેમના શરીરમાંથી જ્યાં નજર કરો ત્યાંથી આત્માના પ્રશાન્ત અમૃતરસની સેરો ફૂટતી જણાતી. આનું કારણ એજ કે, પ્રાણીમાત્ર પ્રત્યેના કલ્યાણની વધુ નિર્મળ ધવલ બન્યે જતી તેમની સક્રિય આરઝૂમાંથી તે અમૃતસેરનાં જ ચિત્રો પ્રગટતાં હતાં.

જે જે પ્રાણી જાણ્યે અજાણ્યે તેમને હેરાન કરવા આવતું, તે

બદલામાં તેમની કૃપા મેળવીને તેમની જ છાયામાં બેસી જતું. તેમના એકજ અબોલ બોલમાં બ્રહ્માંડભરના સત્યોની સુરભિ મ્હેકતી હતી. તેઓ દીક્ષાકાળ દરમ્યાન કદી બોલ્યા જ નથી, એમ કહીએ તો પણ ચાલે, છતાં હજારો આદર્શ વક્તાઓ કરતાં તેમણે આત્માની પ્રશમ-રસભીની જીવ્હા વડે અનેક અબોલના હૈયાં હલાવી દીધેલાં. મહાવીરનું ઇન્દ્રદીધું બિરુદ આજે તેમની છાયામાં ચમકતું હતું.

અનાર્યભૂમિમાં પણ શ્રી મહાવીર એકજ ગામ કે નગરમાં લાંબો કાળ નજ ઠેરતા. બે ચાર દિવસ વ્યતીત થતા તેઓ આગળ વધતા. તેમને કોઇ પ્રદેશનું બંધન ન્હોતું. જ્યાં જતા ત્યાં તેઓતો નવા તરીકે ઓળખાતા અને જૂના થવા માટે તેમને અનેક પ્રકારની યાતનાઓ સહન કરવી પડતી. જેમ તેમને દુઃખ પડતું તેમ તેમનું આત્મત્વ વિશેષ દીપ્તિમાન થતું સ્વયં દુઃખની શોધમાં નીકળીને દુઃખથી પાછા પડે તો સુખદુઃખથી પર વર્તતું આનંદનું સમાધિમય દર્શન કઇ રીતે લાધી શકે ?

**નવમું ચોમાસું:**—નવમો વર્ષાકાળ શ્રી મહાવીરનો ઉક્ત અનાર્ય પ્રદેશોમાં હરતાં ફરતાં વ્યતીત થયા. વરસાદ ટાણે તેઓ ઘટાદાર વૃક્ષ નીચે કે ભાગીતૂટી કો' કુટિરના એકાન્ત પ્રદેશમાં સ્વસ્થ ચિત્તે ઊભા રહેતા અને તે પ્રસંગે ડાંસ, મચ્છર, ચાંચડ આદિ તરફથી થતા ઉપસર્ગો શુકલધ્યાને રહીને સહન કરતા. શુકલધ્યાનનું શ્વેતપરમાણુબદ્ધ જીવન્ત પ્રકાશ સંગીત પ્રતિપળે ને પ્રત્યેક સ્થાને તેમના અંતર સરવરમાં ગૂંજતું રહેતું. જ્યાં જ્યાં વિચરતા તે તે પ્રદેશને તેમનાં શુકલ-વિચાર કણો અજવાળી દેતા. વરસાદ અટકતો ત્યારે શ્રી મહાવીર સ્વામી જયણાપૂર્વક આગળ ડગ મૂકતા.

કોઇને આ સ્થળે શંકા થાય કે વર્ષાકાળમાં સાધુને સ્થિર રહેવાનું શાસ્ત્રનું ફરમાન છે તે શ્રી મહાવીર પોતે વર્ષા સમયે કઇ રીતે વિહાર ચાલુ રાખી શકે ? તેના સમાધાનમાં એજ કહેવાનું કે સાધુ સમુદાય

કરતાં જિનકલ્પ જૂદો હોય છે, તેમજ ઉપદ્રવકારી સ્થાનેથી ચોમાસામાં પણ સાધુ—સાધ્વીને અન્યત્ર વિહાર કરવાનું શાસ્ત્રકાર મહારાજાએ ફરમાવેલ છે. એક વર્ષ લગભગ શ્રી વીર અનાર્યભૂમિમાં રહ્યા. ત્યાંના ટાઢ–તાપ ને વર્ષાના ત્રિવિધ બળો સામે લેશપણ મન બગાડયા સિવાય તે સઘળાનો તેમણે આત્માના પ્રકાશ વડે પરાજય કરેલો. અન્ન-જળની તેમણે સ્પૃહા નહિજ રાખેલી. આત્મામાં જાગૃત તેમને નિદ્રા સતાવવાને હિંમત કરીજ શકતી ન્હોતી.

સતત વિહારને અંતે શ્રી મહાવીર આર્યપ્રદેશના સિદ્ધાર્થપુર ગામે આવ્યા, ત્યાંથી કુર્મગ્રામને વૈશાલી થઇને વાણિજ્યગ્રામના ભૂમિને પાવન કરી. આ સમયે તે ગામમાં રહેતા આનંદ નામે અવધિજ્ઞાની શ્રાવકે પ્રભુની ભક્તિભાવપૂર્વક સ્તુતિ કરી અને હવે તેમને તુરતમાં જ દિવ્યદર્શન લાધવા ધ્યાન કર્યું. આ આનંદ શ્રાવક શ્રી મહાવીરના દશ શ્રાવકોમાંનો નહિ પરન્તુ અન્ય જિનશાસ્ત્રપ્રેમી શ્રાવક હતો.

આ સમયે ગોશાલક શ્રી મહાવીરથી જૂદો પડીને તેજોલેષ્યા સાધવાના પ્રયાસો કરવા માટે શ્રાવસ્તી નગરીએ ચાલ્યો ગયો હતો. શ્રી મહાવીરની શિતળ જીવનછાયા નીચે જડતા અમૂલ્ય અમૃત–સત્યોથી પણ વિશેષ ગૌરવ તેને તેજોલેષ્યાના સિદ્ધિ પાછળ જણાયું. અને આખરે તે વિદ્યાનો ઉપયોગ પણ શો ? છતાં જ્યારે માનવીને કંઇક ચમત્કાર જેવી વસ્તુ જાણવા કે જોવા મળે છે, ત્યારે તે, તે વસ્તુની પાછળ ફના થતાં સુધી અટકવામાં નાનમ સમજે છે. ધન્ય હો સ્વાર્થરંગી માનવબાલને ! સ્વાર્થના આ ગુલાબી ઘૂમ્મસે જ માનવ-કુલને વિજ્ઞાનઘેલું બનાવી દીધું છે, અન્યથા આત્મામાં રમવાની એની યુગજૂની દિવ્ય સૈદ્ધાન્તિક દૃષ્ટિને માનવી પોતે કઇ રીતે વીચારી શકયો હોત ?

**આત્માનંદ ને વિજ્ઞાનઃ**—વિજ્ઞાનથી વસ્તુના કલેવરનો અભ્યાસ

મળે, વિજ્ઞાન ફૂલને ચૂંથવાનું પસંદ કરે, જ્યારે આત્મામાં રમતો આદમી તેના દિવ્ય ત્યાગનો દાખલો લે, પાંખડીએ પાંખડીએ તરતા સુમંજુલ કાવ્યત્વની મઝા માણે. ઉછળતા ઘોડાપૂરને ખાળવા વિજ્ઞાન બંધ ને પુસ્તાઓ બાંધીને નિરાંત અનુભવે, આત્મપ્રેમી સુજન તે પ્રસંગે જળદેવના વ્યાપક સ્વરૂપમાં લીન બની તે આફતને ટાળવા મથે. વિજ્ઞાનની દિશામાં ઝૂકતું માનસ અધ્યાત્મનાં અમૃત સરમાં ખીલેલાં દિવ્ય તેજોમય કમળોની અવગણના કરવા ઉપરાંત નિજના અકલ્યાણના કાદવ–સરમાં કૂદાકૂદ કરીને થાકે છે. વિજ્ઞાનનું તમામ પ્રકારનું બળ આલોક પૂરતું જ સંભવે છે, ઉપરાંતમાં તે બળની પ્રાપ્તિ સારૂ જેટલી જહેમતો આજના વિજ્ઞાનવીરો ઉઠાવે છે, તેટલી મહેનત આત્માનાં અમર-મંદિરના પ્રવેશમાં નથી જ ઉઠાવવી પડતી.

વિજ્ઞાનનાં વિવિધ પાશવી બળોએ શ્રી મહાવીરને આત્માસને વિચલિત કરવાના જૂજ પ્રયાસો નથી કર્યા, પરન્તુ અલક્ષ્યને લક્ષમાં સ્થાપીને આગેકદમ ભરનાર સત્ત્વશાલી પુરુષને વિજ્ઞાનના ભયંકરમાં ભયંકર બળના બનેલા હથિયારની પણ પરવા હોતી નથી. અણુબોમ્બની આજની શોધે આખી યે દુનિયાને આશ્ચર્યના સાગરમાં ધકેલી દીધી છે. અણુબોમ્બના નામે ભલભલા વિચારકો કમ્પીને મોંમાં આંગળી ઘાલે છે. જ્યારે આત્માના નિર્મળ પ્રદેશની આસપાસ તરતા તેજ શુકલ અણુઓ નો આત્મપ્રેમી માનવી મનફાવે તે રીતે ઉપયોગ આદરી શકે છે.

વિજ્ઞાનના વિકાસ કરતા આત્મવિકાસની રીત સરળ ને સુગંધમય છે. વિજ્ઞાન વેરઝેરને પરિણામે વિકસે છે. આત્માની જ્યોતિ સ્નેહ ને શાન્તિના સાત્ત્વિક પુષ્પોની પરાગ જેવી છે. માટે જ મહામાનવો આત્માને અનુસરવાનું કહે છે. અને તેમ કરવાથી વિજ્ઞાનનો ઉપહાસ થાય છે તેવું પણ કંઇ નથી. વિજ્ઞાનથી વસ્તુના રંગઢંગનો અભ્યાસ થતો હશે, પરન્તુ તેના વિશ્વ પ્રત્યેના અજબ સ્નેહનો પ્યાલીનો મધુર રસ પીવા માટે આત્માની દિવ્યેન્દ્રિયોને જ કામે લગાડવી પડે છે.

પ્રત્યેક યુગનો વિજ્ઞાનવીર આત્મયોગીના તેજ આગળ ઝંખવાણો પડયો છે. શું વસિષ્ઠ ને વિશ્વામિત્ર કે શું રામ ને રાવણ !

વિજ્ઞાન આપણને ત્યાં સુધી દોરી જઇ શકે, જ્યાં સુધી બુદ્ધિના ઘોડલા દોડી શકે. ને બુદ્ધિનું બળ અમુક ક્ષેત્રો પૂરતું મર્યાદિત છે. આકાશના તારાની સ્નેહ-કવિતા ને વસુંધરાના ધબકતા હૈયાનું વાત્સલ્ય સંગીત સાંભળવા માટે આત્માની પાંખે જ ઉડવું પડે, બુદ્ધિનાં અજોડ શસ્ત્રો ત્યાં આગળ બુઠ્ઠાં જ બને. બુદ્ધિમાંથી જે જે જાગે છે, તે તે વિષયોને સ્વાર્થનો પાશ બેસેલો હોય છે. જ્યારે આત્માનું પ્રત્યેક સ્વપ્ન વિશ્વના ગર્ભમાં સરતી આનંદની સુગંધભરી તેજસ્વિતામાંથી આકાર પામે છે. કેવળ વિજ્ઞાન વિનાશને નજીક બનાવતું વિષ છે. અમરપન્થની આગેકૂચ કાજે અણનમ આત્મા અને સ્નાયુબદ્ધ શરીર જ જોઇએ; જ્યારે વિજ્ઞાન શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવાની રીતો સમજાવીને આત્માના અજવાળા આડી એક ભયાનક વજ્ર-દિવાલ ખડી કરાવે છે.

**ચોમાસું દશમું:**—વર્ષાકાળ નવમો શ્રી મહાવીરનો અનાર્ય પ્રદેશોમાં વ્યતીત થયો. દશમું ચોમાસું શ્રાવસ્તી નગરીએ પૂરૂં કર્યું. ને પૂરાં ચાળીસ વર્ષની વયે મહાતપસ્વી મહાવીરે આગળ વિહાર શરૂ કર્યો. વિહરતા તેઓ સાનુયષ્ટિક ગામે પધાર્યા. ત્યાં આગળ તેમણે ભદ્રા પ્રતિમા અંગીકાર કરી એટલે કે તે પ્રતિમામાં અશન છોડી પૂર્વાભિમુખે રહી એક પુદ્ગલ પર દૃષ્ટિ સ્થિર કરીને આખો દિવસ વ્યતીત કર્યો. ભદ્રા પ્રતિમા બાદ શ્રી મહાવીરે વિધિપૂર્વક મહાભદ્રા પ્રતિમાએ સ્થિર રહ્યા. તે પછી તેમણે મહાભદ્રા પ્રતિમાના સ્વરૂપે સ્થિતિ કેળવી. તે પછીથી અતિ વિકટ એવી સર્વતોભદ્ર પ્રતિમા 'અંગીકાર કરી. પ્રતિમામાં વર્તવાનું કાર્ય આસનારૂઢ થવા કરતાં કપરૂં છે. ઉક્ત સર્વ પ્રકારની પ્રતિમાઓ ઉચ્ચ પ્રકારના આધ્યાત્મિક વિકાસને અનુલક્ષીને યોજવામાં આવી છે. એક એક પ્રતિમાને આકારે અવસ્થિત

થતાં આત્માની વ્યાપકતા ખીલવા સાથે વાતાવરણમાં **આર્દ્રતા** પ્રસરવી શરૂ થાય છે. પ્રતિમા કરીને પારણા માટે ફરતા શ્રી મહાવીર મહામુનિ આનંદ નામે ગૃહસ્થને આંગણે ગયા. તે ગૃહસ્થની બહુલા નામે દાસીએ તેમને **ઠંડું અન્ન** વહોરાવ્યું. હાથ પ્રસારી તે લઈને શ્રી મહાવીર ચ લતા થયા.

**ભયંકર ઉપસર્ગોની દિશામાં:**—સાનુયષ્ટિકથી વિહરતા શ્રી મહાવીર મહાતપસ્વી મ્લેચ્છોથી ભરપૂર એવી દૃઢભૂમિના આંગણે પધાર્યા. તે પ્રદેશની હવા ગરમ ને પાણી ઘણાં ગંદાં હતાં. તે ભૂમિના પેઢાલ નામે ગામના પેઢાલ નામે એક નાનકડા ઉદ્યાનમાં આવેલા પોલાસ નામક ચૈત્યમાં અઠ્ઠમ તપ ( ત્રણ ઉપવાસ ) આદરીને શ્રી મહ વીરે પ્રવેશ કર્યો. તે ચૈત્યના એક ખૂણે પડેલી એક શિલા પર તેઓ ઊભા રહ્યા. ચૈત્ય અવાવરુ હતું, તેથી ત્યાં અંધારું જગવતું અઘોર સંગીત તરતું હતું. પ્રથમ ઉપવાસની પહેલી અનુપમ નિશાએ શ્રી મહાવીરસ્વામી મહાભદ્રા પ્રતિમા અંગીકાર કરીને તે ચૈત્યના એકાન્ત નિરવ શિલાતળે ધ્યા માં રહ્યા. ચૈત્યની આસપાસ ઉજ્જડ એવું ઉદ્યાન હતું. ઉદ્યાનમાં ફૂલોની મ્હેકમાં ગૂંજતા ભ્રમરોને બદલે મૂકાયેલી વેલીઓની દોર પર રમતા વિષભર્યા જીવો હતા. ઉદ્યાનની આસપાસ આવેલા ગામના અનાર્ય માનવો સંપ કે સંયમના સાત્ત્વિક પરમાણુઓને સંગીનાકાર સમર્પવાને બદલે, અસંયમ અને અશાન્તિના ભયંકર મોહક ચિત્રો વડે વાતાવરણમાં તરતા પ્રાણભર સંગીતને મોહભીનું કરતા હતા. મોહભીની હવા, વિષભર્યા જીવો, ને તિમિરલીપ્યા ચૈત્ય એ સર્વને મધ્યે ઝળહળતી કો' લોકોત્તર વિભૂતિના સ્વરૂપમાં સમભાવે ઝગમગતા મહારત્ન જેવા શ્રી મહાવીર એકાન્ત શાન્ત ચિત્તે ધ્યાનમાં તરતા હતા.

આ સમયે સ્વર્ગપતિ ઇન્દ્રનું ધ્યાન અડગ ને અતૂલ બલી શ્રી મહાવીરની તેજભીની છાયા પ્રતિ ખેંચાયું. ભૂલોકથી સ્વર્ગ વેગળું છે,

પરન્તુ તે આત્માના પ્રકાશની વધુમાં વધુ સમીપ છે. ધ્યાનસ્થ શ્રી વીરની દિશામાં ઊભા થઇને સ્વર્ગપતિએ પોતાનું શરીર નમાવ્યું ને ભક્તિભાવભીનું સ્તવન ગાયું * સ્તવનમાં વહેતા ભક્તિના આ નિર્મળ સ્ફુલ્લિંગોની હવાથી ઇન્દ્રભવન આખું યે આનંદભીનું થઇ ગયું. પ્રત્યેક દેવને શ્રી વીરની અડગતા તરફ સંપૂર્ણ માન થયું. સ્તવનની સમાપ્તિ બાદ–વિવિધ અલંકારોથી શોભતા–સ્વર્ગપતિ ઇન્દ્રે પોતાની પ્રભાવભરી વાણીમાં પ્રત્યેક સ્વર્ગવાસીને સંબોધતા કહ્યું, 'શ્રી મહાવીર સાચે જ મહા–વીર છે, ધ્યાનમાં ઊભેલા તેમને ચલાયમાન કરવાની તાકાત, દેવ, અસુર, યક્ષ, રાક્ષસ, મનુષ્ય કે ત્રૈલોકયના સકલ બળમાં પણ નથી. આત્મરસમાં એક બનતી તેમની નજરને દૂર નજીક કરાવી શકે તેવો કોઇ આ ત્રણ ખંડમાં છે જ નહિ. તેમના મહાવીરત્વને મારાં સદા વંદન હજો."

ઇન્દ્રસભા શાન્ત હતી, તે શાન્તિમાં ઇન્દ્રની વાણીનો તેજપ્રવાહ અજબ સુગંધ ફેરવી રહ્યો, પ્રત્યેક દેવના મનોભાવ મહાવીરની ચરણ-રજને ચૂમતા હોય તેવા ભક્તિનમ્ર વંચાતા હતા. છતાં વૈચિત્ર્યનું એનું લક્ષણ પ્રાણીમાત્રને સતાવી જાય છે! ને સ્વર્ગપતિના ઉક્ત શબ્દો પ્રતિ એક દેવને શંકાની વિચિત્રતા થઇ આવી. સભામાં તે ઊભો થયો. દેવભૂમિમાં વસતા દેવના પરિવાર અને બળના ગુમાન પ્રતિ તેણે ઇન્દ્રદેવનું લક્ષ દોર્યું. મળેલા અઢળક વૈભવને બળના સર્વોચ્ચ શિખરેથી તેણે પાણીનો ગંગોત્રી–પ્રવાહ રેલાવ્યો, 'મહાવીર માનવ-લોકનો એક માનવી છે, તે સાધુ થયા તેથી શું? હું તેમને ધ્યાનમાંથી અવશ્ય ચલાયમાન કરીશ.' વાણીપ્રવાહ તેનો દેવલોકે ખળભળાટ મચાવનારો નીવડયો. તેના ઉક્ત શબ્દ સંગીતનું એક મોજું પોલાસ ચૈત્યે ધ્યાનસ્થ શ્રી મહાવીરના કર્ણપટે અથડાયું, પણ સાગરમાં

* 'સ્તવન તે શક્રસ્તવ સૂત્ર. શક્ર પ્રભુની સ્તુતિ માટે ઉપજાવેલું 'નંમુત્થુણં' સૂત્ર.'

સરિતાનાં અફાટ જળની જેમ તે, સાગરહૃદયી શ્રી વીરના અંતરમાં શમી ગયું.

ઉક્ત દેવનું નામ સંગમ હતું, તે ઇન્દ્રદેવનો તાબેદાર હતો. તેના શબ્દો ઇન્દ્રને ખૂંચ્યા તો ખરા જ, કિન્તુ તેને વારવાનો કે શિક્ષા ફરમાવવાનો વિચાર કરવામાં સ્વર્ગપતિએ શ્રી મહાવીરના અપ્રતિમ આત્મબળ અંગે કરેલાં વખાણોનો પોતાને જ હાથે અનર્થ થતો નિહાળ્યો ને તે શાન્ત રહ્યો. કિન્તુ સંગમદેવ શાન્તિ જાળવી શક્યો, મૃત્યુલોકે વિચરતા શ્રી વીરના આત્મપ્રકાશ સામે નિજની સામાન્ય દૈવી શક્તિઓ સાથે હોડ બકવાને તે તલપાપડ બની રહ્યો.

ઉપવાસની બીજી અંધારી રાતે ધ્યાનમગ્ન શ્રી મહાવીરની કાન્તિપૂર્ણ મુખમુદ્રાને ચૂમતા અમૃતકણોના તાલસર સંગીતમાં અચાનક વિક્ષેપ થયો. તે સ્થળે એક અજબ બળ પ્રગટ થયું. પોતાને શક્તિસાગર કલ્પતા સંગમદેવે અતૂલ આત્મબલી શ્રી વીરને નીરખ્યા, નીરખતાં વેંત તેનો તેમના પ્રતિનો ક્રોધ બમણો થયો. મેરુની અદાએ શોભતા મહાવીરના નિષ્કંપ શરીર અને અડોલ આત્માને શી રીતે ધ્રુજાવવો તેનો તે પળભર વિચાર કરવા લાગ્યો. આત્માની દુનિયામાંથી શરીરના કિલ્લામાં ી મહાવીરને ખેંચી લાવવા તે તૈયાર થયો.

**ઉપસર્ગો:** – તિમિરભીની રાતે વહેતી મંદ હવામાં ધીમે ધીમે પવન ગતિમાન બન્યો. અનુકૂળ સમયે દેવે પોતાના દાવ અજમાવવાની શરૂઆત કરી. નિરવ ને નિર્જન ચૈત્યમાં તેણે પોતાના દેવી પ્રભાવ વડે ધૂળનાં વાદળ વરસાવ્યાં. વાતાવરણ રજરંગી બન્યું. ચૈત્યમાં ધૂળના ઢગ થવા માંડયા શ્રી મહાવીરના શરીરની આસપાસ ધૂળની ભયંકર દિવાલો શોભવા લાગી. રોમેરોમે ખૂંપતા રેતનાં તીવ્ર રજકણો શ્વાસોચ્છ્વાસની તેમને ક્રિયામાં અસમતોલપણું જન્માવવા લાગ્યાં. હવામાં ઊડતા રજના ફુવારાની દિશામાં શ્રી મહાવીરના પૂર્વજન્મોપાર્જિત કર્મરજનાં કિરણો આકર્ષાયાં, ને તેઓ પણ મુક્ત બનીને

બહારના રેતને મળી ગયાં. અને એક જ પ્રકારના બે સ્નેહીઓના સુસંગમે સંગમનો પ્રથમ દાવ નિષ્ફળ બનાવ્યો.

તેણે ગર્વપૂર્વક બીજો દાવ ફેંકયો. કીડીઓને અડગ મહામુનિના શરીર પર રમતી મૂકી. કીડીઓના ચટકા ચામડી તોડી લે તેવા હતા. પણ તે ચટકાની વેદના સુખ-દુઃખના સામ્રાજ્યથી પર તરતા મહાતેજસ્વી આત્માના ધીમું મલકતા અડગ ભાવમાં લેશ પણ કમ્પ ન ઉપજાવી શકી. કીડીઓના ચટકે શરીર શ્રી વીરનું ચાલણી જેવું બન્યું, પણ તેથી આત્માનો તેમનો પ્રકાશ પડેલાં તે તે છીદ્રોમાં સ્થાન જમાવી બેઠો, ને દેવ બીજા દાવમાં સજ્જડ હાર પામ્યો. મધરાતના અઘોર પહોરે ઉકળતા અંતરના પરાજિત સંગમે ત્રીજો ઉપસર્ગ શ્રી મહાવીરને ધ્યાનમાંથી ચલાવવા માટે યોજ્યો. ને ધીમા અવાજે હવાને ધ્રૂજાવતા ડાંસો ફાવે તે રીતે અડોલ ને એકદષ્ટ શ્રી વીરના શરીરને ચોંટી પડયા. ડંસ જ્યાં વાગતા ત્યાંથી સ્નેહની પરાકાષ્ઠા સ્વરૂપ ધવલ રુધિર ધારા વહેવા માંડતી. અચલ હિમાદ્રિના સ્નેહસભર અંતરતલેથી ઉભરાતા સ્નેહમાં, વારિમાં ગંગા જેવાં પવિત્ર જલ-ઝરણાં જન્મ પામે છે તેમ, તેમના સ્નેહસાગરસ્વરૂપ અંતરમાંથી ધવલ સ્નેહ-રુધિરધારા વહેતી હતી, તે ચિત્ર અનુપમ હતું.

કાળી મધરાત, નિર્જીવ ચૈત્ય, નિરવ હવા, અડોલ માનવપ્રતિમા, ડંખ મારતા ડાંસો, અવિરત ધારે વહેતો ધવલ રુધિરપ્રવાહ, ક્રોધદાઝયો સંગમદેવ.

વહેતા ધવલ રક્તપ્રવાહમાં ગૂંજતા સૂક્ષ્મ સ્નેહના સંગીતથી દેવ અકળાયો. હતાશ બન્યા સિવાય તેણે ચોથો પાસો ફેંકયો. તરત જ ત્યાં ઘીમેળો ઉપસ્થિત થઇને દેવના દૈવી બળમાં વર્તતી તે હર્ષભેર મહાયોગી શ્રી મહાવીરના રોમેરોમ ચીટકી પડી. લોહી ચૂસીને આખરે તે થાકી, એટલે કે ઘીમેલોના સ્વરૂપ મારફત શ્રી વીરને ચલાવવાના

પ્રયાસમાં સંગમની હાર થઇ. અને થાય જ, કારણ કે સંગમ એક દેવ, તેની શકિત પણ તે પ્રમાણે જ હોય. અને તે શકિતના પ્રમાણસર જ તેનાં પ્રગટાવેલાં બળો કામ કરી શકે.

સંગમદેવનો ચોથો દાવ પણ બાતલ ગયો. છતાં પણ હતાશ થવાને બદલે તેણે હિમ્મતપૂર્વક પાંચમો દાવ અજમાવ્યો. આ **પાંચમા** દાવે તેણે વિંછીઓ પ્રગટાવ્યા ને તે વિંછીઓને અખંડ સમતાસિન્ધુ શ્રી વીરના શરીર પર રમતા મૂકયા. આંકડે–આંકડે ઝેરભર્યા ભયંકર શ્યામરંગી વિંછીઓ શ્રી મહાવીરના શરીરમાં ઝેર વર્ષાવવા માંડયા, પણ વિંછીઓમાં ઝેર કેટલું ? એક સાથે સેંકડો સરિતાઓનાં ઘોડાપૂરને લીલામાત્રમાં પોતાના અફાટ ઉદરમાં સમાવી દેનાર પારાવારની અદાએ સમતાસાગર શ્રી વીરે ઝેરની સરવાણીઓને પોતાની કરી લીધી. આંકડાઓ પછાડતા વિંછીઓ થાકી ગયા. દેવ વિમાસણમાં પડયો. જેમ જેમ તે હારવા માંડયો, તેમ તેમ ભયંકર ઉપાયો શોધવા લાગ્યો વિંછી પછી છઠ્ઠા ઉપદ્રવે તેણે નોળિયા વિકુર્વ્યા. નોળિયા ઝેરી ગણાય તેમાંય તેની દાઢો વિશેષ આકરી અને તલવાર જેવી કાતિલ ગણાય. સૂડી સોપારીને પોતાના કાળા જડબામાં દબાવે તે રીતે, નોળિયા બે દાઢ વચ્ચે શ્રી મહાવીરની ચામડીને દબાવીને બહાર ખેંચવા લાગ્યા, પરન્તુ તેમના શરીરનું બંધારણ વિલક્ષણ પ્રકારનું હોઇને તે પાછા પડ્યા. વીતતી રાતે દેવ આકુળવ્યાકુળ થયો, નિષ્ફળ થતા નિજના પ્રયાસો સામે લાલ આંખો કરીને શ્રી વીરને ધ્યાનમાંથી ચલાયમાન કરવા કાજે તેણે સાતમો ઉપાય યોજ્યો. શ્રી મહાવીરની આસપાસ તેણે મોટી ફેણાવાળા ભયંકર સર્પોને ઉપસ્થિત કર્યા. સાપના પ્રથમ દર્શને સંસારી–શરીરપેમી માત્ર ગભરાય ! પરન્તુ ચંડકૌશિક જેવા દૃષ્ટિવિષ સર્પને બુઝાવનાર સમતારંગી શ્રી વીરને આ સર્પો તે શું કરી શકે ? સર્પોની દાઢમાં ઝેર હતું, પણ મ. મહાવીરના અંતરમાં ઝેરને દાખલ થવાની સ્પાણ માત્ર જગ્યા નહોતી, કારણ કે દીક્ષાકાળથી

જ તેઓ ઝેર-વેરનાં ટીપેટીપાંને વમી ચૂકયા હતા. અંતરમાં તેમના કેવળ આનંદ અને કરુણાના ઉજળા ફુવારા ઉડતા હતા. અને આવી અજબ રીતના ધ્યાન વડે તે ફુવારાઓ વધુ દીપ્તિમાન અને ચીરસ્વરૂપી બન્યે જતા હતા.

સાતમા દાવમાં ય દેવ હાર્યો. શ્રી વીર અચળ રહ્યા. ધ્યાનમાં તેમના લેશપણ ધમાલ દાખલ ન થઇ શકી. દેવ ઘમંડી હતો. તેને પોતાની દૈવી શક્તિઓનું ગુમાન હતું. નિષ્ફળ નીવડતો ગયો તેમ તેમ તે આકરા ઉપાયો યોજવા લાગ્યો. આઠમી વખતે તેણે સ્વવિદ્યાબળે ઉંદર ઉપસ્થિત કર્યા; બેપાંચ નહિ. પરંતુ એકસો જેટલા ઉંદરો મહાવીરને વળગી પડયા. તે આકરા દાંત વડે ચામડી તોડવા લાગ્યા. ચીં-ચીં અવાજથી વાતાવરણ ભયપૂર્ણ બન્યું. પણ તેથી શું ? શ્રી વીર ન હાલ્યા કે ચાલ્યા. વીતતી પ્રત્યેક પળે તેમના આત્માનું સુમંજુલ સંગીત વ્યાપક બનવા લાગ્યું. એક તરફ માનવ, બીજી બાજુ દેવ. માનવને આત્માની ધૂન હતી, દેવને પાશવી બળોની. પાશવી બળો જડને નમાવે, આત્મજ્યોતિ સમીપે તેને ન છૂટકે ઝાંખા પડવું જ પડે.

આઠ દાવ પૂરા થયા. રાતના બે પ્રહર વીતી ગયા. દેવ મૂંઝાણો. મૂંઝવણને ખાળવા દેવ મટી તે દાનવ બન્યો. શ્રી વીરના વજ્રદેહ પર તેણે તોફાની હાથીઓ છોડયા. માનવશરીર કરતાં હાથીનું બળ શતગણું; પળવારમાં, તે સેંકડો માનવોને સંહારી શકે. પણ તે હાથી અને તે માનવો જુદા. અહીં એક તરફ મેરુશા મહાવીર હતા, બીજી બાજુ દ્વેષી દેવ હતો. હાથી તે તેના દ્વેષની પ્રતિમૂર્તિઓ હતી. દ્વેષને ઘમંડન છોળો સરિતાના તટને છિન્નભિન્ન કરી શકે; અતલ મહાબલ જલનિધિ સમીપે તેનું શું ચાલે ? નિરંકુશ માતંગો નિષ્કંપ શ્રી વીરને સૂંઢમાં ઝાલનાર હસ્તીઓ આત્માને ન ઊંચકી શકયા. અર્ધમિલિત નયને વિશ્વને વાંચતા મહાવીરની અખંડ ધ્યાન-ધારાને ખંડિત ન કરી શકયા.

હવે થાય શું ? હાર્યા જુગારીની અદાએ દેવ પોતાની ભિન્નભિન્ન શક્તિઓ અજમાવવા લાગ્યો. હાથીને સંકેલી લઈ દશમા દાવે તેણે હાથિણી વિકુર્વી. પ્રચંડ જળધારા વડે તે શ્રી વીરને ભીંજવવા લાગી. અણસમજુ દુશ્મનના દાવ ચાલાક માનવીના લાભમાં નીવડે તે રીતે, જગન્નાથ મહાવીરના શરીરની કાન્તિ વધુ ઉજ્જવળ બની. હાથિણી શ્રી વીરને ન જીતી શકી એટલે એકાદશમે દાવે સંગમે ઉગ્ર દાઢોવાળા એક પિશાચને ત્યાં ઉપસ્થિત કર્યો. પિશાચનું સ્વરૂપ ખરે ભયંકર હતું, અને તેમાં ય તે મધરાતે તો અતિ ભયંકર ભાસતું હતું. પિશાચે સમતા-સિન્ધુ મહાવીરને હેરાન કર્યા. પણ શ્રાવણના મેઘ સાયરને ભારે પડતા હશે ! વારંવાર થાપ ખાતા દેવની આંખો હવે ફાટવા લાગી, તેમાંથી સળગતા અગ્નિ જેવો ક્રોધ વરસવા લાગ્યો. આસપાસ એક ઝેરી નજર ફેરવી તેણે ભયંકર વાઘને ધ્યાનસ્થ શ્રી મહાવીરના શરીર પર છોડયો.

વાઘ એટલે લોહીનો રસિયો મસ્ત જીવ. માનવને જોતાં જ તે તેને ચીરી નાખે. તેના લોહીમાં તે પોતાની તૃષિત જીહ્વા ફેરવે, ગગન-ચીરતી ત્રાડ નાખતો તે નજર સામે ઉભેલા મહાયોગીના શરીર પર કૂદ્યો. જમણી સાથળે એક પંજો માર્યો. તેમાંથી ધવલ રુધિર વહેતું થયું. પરન્તુ આત્મભાવનો સ્પર્શ પામેલ તે રુધિર વાઘ ન જીરવી શકયો. વાઘે બીજો પંજો માર્યો. ચોપાસ ઉડતા ચંદનફુવારાની જેમ રુધિરધારાઓ ઉડવા લાગી. સમતારસભીના તે રુધિરના દિવ્ય તાપને જીરવવા વાઘ નબળો નીવડયો, ને તે એક તરફ ખસી ગયો.

દેવ શાંત બન્યો. આ વખતે તેણે યુક્તિભર્યો દાવ અજમાવ્યો. શ્રી મહાવીરની સામે તેણે તેમના પિતાશ્રી સિદ્ધાર્થ રાજા અને પૂ. જનની ત્રિશલાદેવીને ઉપસ્થિત* કર્યાં. અને તેમની પાસે આ વિલાપ

* માતાપિતા સ્વર્ગે સીધાવ્યા પછી તો પોતે દીક્ષા લીધી છે એટલે આવું સહેજે તેમનું ઉતરવા જેવું દર્શન તદ્દન ઉપજાવી કાઢેલું ન

શરૂ કરાવ્યો, ' હે ભાઇ, તું શાને અહીં દુઃખી થાય છે ! સંસારમાં ચાલ. ભોગો ભોગવ. અમને ત્યજીને તું અહીં શું પામવા આવ્યો છે? અમારૂં ઘડપણ છે, તું અમને નહિ સાચવે તો અત્યારે અમારૂં કોણ સગું થશે ! હે વ્હાલા પુત્ર ! અમારાથી તારી આ સ્થિતિ નજરે જોઇ નથી જતી. કહેવું માન, જીદ ન કર." કર્ણેન્દ્રિયના સ્વભાવ મુજબ ઉકત શબ્દો હવે મહાવીરે સાંભળ્યા હશે. પણ તે શબ્દો હવે તેમના અંતરમાં કોઇ પણ પ્રકારની નિર્બળ લાગણી જન્માવી શકે તેમ ન હતા, કારણ કે તેમની આસપાસ અને અંતરમાં એકજ શુભ ભાવ રમતો હતો. ' વિશ્વના જીવમાત્રને સ્નેહનું અમીપાન કરાવવું. ' તેથી તેમને સાનુકૂળ કે પ્રતિકૂળ સર્વ તેમના તે સ્નેહભાવમાં ઓગળી જતું, ને તેમનો શુભ ભાવ વધુ વિકસિત થતો.

રાત્રિના ત્રીજા પ્રહરે હવા વધુ ઠંડી બની. આકાશના તારાઓ વિશેષ ચમકવા લાગ્યા, ચૈત્યની ચોપાસ સમતાનો પયગામ તરવા લાગ્યો. અજબ યોગી શ્રી વીરના એક એક શ્વસોચ્છ્વાસમાંથી મુક્તિનું માધુર્ય ફોરવા લાગ્યું. દેવનું મોં લેવાઇ ગયું. શું કરવું ને કયાં જવું તે હવે તેને પજવવા લાગ્યું. વળી પાછો તેને પોતાના દેવત્વનો ખ્યાલ આવ્યો ને દાવ અજમાવવા તે તત્પર બન્યો.

તેણે આ વખતે એક છાવણી પ્રગટ કરી. તે તે છાવણીને ભોજન પૂરૂં પાડવાના મુખ્ય સાધન તરીકે જરૂરી ચૂલા માટે તેણે શ્રી વીરના બે પાદ-તલ વચ્ચે રહેલી જગા પસંદ કરી. એડીને એડી અડાડીને ઊભા રહેતાં આગળના ભાગમાં જે જગા ખાલી રહે છે તે જગામાં તેણે એક રસોઇઆ મારફત લાકડાં ગોઠવાવ્યાં અને પછી અગ્નિ પ્રગટાવ્યો. તીખી અગ્નિઝાળોથી વીરની ચામડી દાઝી અને માંસના

---

—અથવા કસોટીમાં ઘડાવવા જેવું જ—કોઇને પણ લાગે તેવું છે. તો પછી આવા મહાતપસ્વીના મન ઉપર શું અસર કરી શકે તે સહેજે સમજી શકાય તેમ છે.

લોચા ચમકવા લાગ્યા. પણ તે લોચાનું બંધારણ એટલું બધું વ્યવસ્થિત હતું કે અગ્નિ એથી આગળ ન વધી શકવાને બદલે ત્યાં પહોંચતાંની સાથે શાન્ત પડી ગયો. સૃષ્ટિની સ્નેહપ્રતિમાશા શ્રી મહાવીરના મુખભાવ આ ક્ષણે વિલક્ષણ પ્રકારના હતા. ન કયાંય વિષાદની ઘનરેખા કે ન કયાંય ઘમંડનું પૂર. તોફાની મહાસાગરને તીરે ઊભેલા પ્રશાંત તારુની અદાએ તેઓ એક ધ્યાને સંસારસાગરનું માપ કાઢતા હતા.

સુજ્ઞ વાંચકોને આ પ્રસંગે એક પ્રકારની અતિશયોક્તિ જણાશે, અને તે એ કે વારંવાર થતા શારીરિક ઉપસર્ગોને શ્રી વીરે સહન કર્યા હશે કઇ રીતે ? અને તેમ છતાં શરીર તેમનું ટકી શકયું કઇ રીતે ? વાત વિચારવા જેવી છે. છતાં સમજવામાં સહેલી છે. થનાર મહાપુરુષોનાં શારીરિક બંધારણમાં અને સામાન્ય મનુષ્યોના શારીરિક બંધારણમાં હરહંમેશાં ફેર રહેતો આવ્યો છે અને રહેશે. જે રીતે મહાપુરૂષોની ભાગ્યરેખા સામાન્ય માનવસમુદાયની ભાગ્યરેખા કરતાં સવિશેષ દીર્ઘ અને કાન્તિમય હોય છે, તેજ રીતે શારીરિક બંધારણનું* થાય છે. અને તેનું મૂળ કારણ પૂર્વજન્મોનું તે તે પુરુષોનું પ્રબળ પુણ્યબળ કારણ કે કુદરત કોઇને ઓછા વત્તા સમજતી નથી. પરન્તુ માનવી સ્વયં નિજની યોગ્યતા મુજબ પામે છે.

પંદરમે દાવે તેણે શ્રી મહાવીરનાં કાન, કુક્ષિ વગેરે સ્થાનકે ચાંચોવાળા પક્ષીઓનાં પાંજરાં બાંધીને ઉપદ્રવ કર્યો હતો એમ કલ્પ-

* શરીરબંધારણ અને સંસ્થાન વિશે ઉપરમાં પૃ ૮૬-૭ જુઓ. તેમનો શરીરબાંધો અને સંઘયણ પ્રથમ પ્રકારનું હતું. તેની સરખામણી આપણા શરીરના સૌથી છેલ્લા-છઠ્ઠા પ્રકાર સાથે સરખામણી કરી ન શકાય. એ તો વિદ્યુતશકિત અને દીપકશકિતની તુલના કરવા જેવું ગણાશે.

સૂત્રની સુખ-બોધિકા ટીકામાં જણાવ્યું છે. પંદર વખત હાર ખાઈને પાછો પડેલો દેવ સોળમા દાવ માટે તૈયાર થયો. મહાસાગરનાં જળ ચીરે એવો પ્રચંડ વાયુ તેણે આ સમયે પ્રગટ કર્યો. સુસવાટા મારતો પવન ચારે તરફ ફરી વળ્યો. તેના પ્રચંડ આક્રમણે ચૈત્ય ધ્રૂજવા લાગ્યું. ધ્યાનસ્થ વીર હવામાં ગોળાયા, પણ તેમની તે મુદ્રામાં અણુમાત્ર ફેરફાર ન થયો. પ્રથમથી જે રીતે ઊભા હતા એ જ રીતે ઊભા રહ્યા. દેવને અભિમાન હતું કે હું મહાવીરને ધ્યાનમાંથી ડગાવીશ. આત્માથી ઉજળી પ્રભામાં જડાયલી તેમની નજરને શરીરના મોહમાં મેલી કરીશ. ભયંકર દુઃખો વરસાવી તેમની પાસે ચીસો નંખાવીશ. પરન્તુ ઉપરાઉપરી પ્રયોગો આદર્યા બાદ તેની અભિમાનરંગી આંખોમાં પળની નમ્ર વાદળી વરસી ગઈ.

સંગમને વળી પાછી ઇન્દ્રસભા યાદ આવી. ત્યાં સર્વ દેવો સમક્ષ કરેલી પ્રતિજ્ઞાનું તેને ભાન થયું. તે ભાનમાં બેભાન બની તેણે સત્તરમી વખતે ચક્રવાયુ વિકુર્વ્યો. ચક્રવાયુ તે ચક્રની ગતિએ ભમતો ને માર્ગમાં આવતા ગમે તેવા બળવાન પદાર્થોને ભમાવતો તે વાયુની ગતિ કલાકે સો માઇલની ગણાય. વાયુએ મહાવીરને ઝપટા-માં લીધા. તેમની આસપાસ તે વીંટળાઇ વળ્યો. પૂર્ણચન્દ્રને વાદળ વીંટળાય ને અવનિતલે તિમિર રેલાય, તે રીતે શ્રી વીરને તેણે ઢાંકી દીધા. પણ તે કેટલી પળ પૂરતા! આત્માના પ્રશાંત દિવ્ય રશ્મિઓ તે વાયુને વીંધીને ચૈત્યમાં અજવાળું પાથરવા લાગ્યાં. જેમ જેમ વાયુની ઝડપ વીરને ભમાવવા લાગી, તેમ તેમ તેમના આત્માનો સુગંધી સૂર પ્રબળ વેગથી ચોતરફ પ્રસરવા મંડ્યો. વાયુની ગતિ રૂંધાઇ ગઇ. દેવની દિશાઓ ડોલવા માંડી. વિચારશૂન્ય તે આમ-તેમ નજર નાંખવા લાગ્યો. ઉપાયની શોધમાં તેનું મગજ અસ્થિર થયું. આખરે તેણે કારમો પ્રયોગ આદરવાનો વિચાર કર્યો. તે વિચાર તેણે અઢારમાં દાવે અમલમાં મૂક્યો.

જલધિ જલને દઝાડે તેવું એક કાળચક્ર તેણે પોતાના હાથમાં મેળવ્યું. ચક્રની શક્તિ અમાપ હતી. નિમિષમાત્રમાં તે ધારે તો પર્વતને દળી નાંખે ચક્રને તેણે ઘુમાવ્યું, જાણે ફરતો પ્રલયના સૂર્યનો ગોળો; અગ્નિ ઝરતું તે ચક્ર તેણે પ્રશમરસપૂર્ણ મહાયોગી મહાવીરના શરીર પર છોડયું. માનવલોકને સંહારવાની તાકાત ધરાવતું તે ચક્ર ઊભેલા શ્રી વીરની દિશામાં ઊડયું. તેના પ્રહારથી શ્રી વીરનું જાનુ પર્યંત શરીર જમીનમાં ઊતરી ગયું. ધરામાં ફાટ પડી. રસભીની ધરા અંગાર વમતી થઇ. પાછલી રાતની શિતળ હવા ગરમીના મોજાં ઉછાળવા લાગી અર્ધા જમીનમાં અને અર્ધા બહાર ઊભેલા મહાવીરની આત્મપ્રભા આથી લેશ પણ ઝાંખી ન જ પડી ને કમલદલ શાં તેમનાં નયનોમાંથી ક્રોધનો ઝરો ફૂટયો. સંગમ દ્વેષી હતો પણ શ્રી વીર રાગ અને દ્વેષ ઉભયથી પર થયા હતા. વજ્રનો ઘાવ જ્યારે વજ્રદેહીને ચલાવવા અશક્તિમાન નીવડયો, ત્યારે દેવને વજ્રલીલા સંકેલવી પડી અને શ્રી વીર પાછા જમીન ઉપર આવી ગયા હવે દેવની શુધબુધ હરાવા લાગી પ્રતિકૂળ ઉપસર્ગમાં ન ફાવતાં તેણે અનુકૂળ ઉપસર્ગ વડે મહાવીરને ચલાવવાનો વિચાર ઘડયો.

એક દેવનું રૂપ ધારીને તે શ્રી મહાવીરની સમક્ષ ઉપસ્થિત થયો અને હાથ જોડીને બોલવા લાગ્યો, હે મહાયોગી! તમારા આવા ઉગ્ર પ્રકારના તપથી હું સંપૂર્ણ સંતુષ્ટ થયો છું અને આપ મારી પાસે મનગમતું વરદાન માગી લો હું તે આપવાને બંધાઉં છું.' બિચારો દેવ! બહારની દુનિયાના સુખમાં મહાલતો તે, આંતર સિંહાસને વિરાજતા મહાસમ્રાટને શું આપી શકે? વિશ્વનાં વિવિધ સૌન્દર્ય અને ઉપભોગને પળ માત્રમાં જીતનાર મહા યોધાને ઐહિક સુખમાં મ્હાલતો માનવી કે દેવ શું આપી શકે? મહાવીરને દેવના શબ્દોની લેશ પણ અસર થઇ નહિ. તેઓ તો મેરૂવત નિષ્કંપ જ રહ્યા. દેવ હારી રહ્યો હતો.

પંદરમો ઉપસર્ગ શ્રી વીરને, ચાંડાલ તરફથી થયો. માનવલોકમાં સમાયલી ચાંડાલવૃત્તિ પર જય મેળવી ચૂકેલા શ્રી વીરે તે ચાંડાલનો પરાજય કર્યો મતલબ કે વીરને ડગાવવા આવેલ તે સ્વયં ડગીને દૂર ખસી ગયો.

વીસમી વખતે તેણે દેવાંગનાનું રૂપ પ્રગટ કર્યું. દેવાંગના એટલે સૌન્દર્યની વેલ, અંગાંગથી તેની મધુરપ નીતરે, મલપતી તેની ચાલ મહાયોગી ને ચાપ દે, નયનબાણુ તેનાં મહર્ષિના માન મોડે. તારક ટીપકી મઢયા આસ્માની સાળુમાં શોભતી તે દેવાંગના શ્રી વીરને ચલાવવા તૈયાર થઇ. માનવલોકમાં છૂપાયલી કામની સૂક્ષ્મ જ્વાળાના પ્રતીક શી તે દેવાંગના અવનવા હાવભાવ વડે શ્રી વીરની આસપાસ નાચ કરવા લાગી. વિશ્વામિત્રને ડોલાવવા સ્વર્ગમાંથી ઊતરેલી અપ્સરાથીયે આ દેવીનું સૌન્દર્ય અજબ હતું. વસંતના અંતર ભાગમાં મ્હેંકતી આમ્ર મ્હોરથીયે વિશેષ સૂક્ષ્મ અને કુતિલ એની સુવાસ હતી. ઝાંઝરને ઝણુકે એ દિશાઓને હસાવતી. ઘુંઘટ તાણી વદન છૂપાવી મંગલમૂર્તિથી તે દેવી અટકચાળે ચઢી. વિશ્વનાં સુખદુઃખને સૌમ્યભાવે અવલોકતી અલૌકિક માનવ મૂર્તિના કરતલમાં તે નિજના અંગુલિ વડે ખણુવા લાગી. અટકચાળામાં આગળ વધીને તે વીરના પગને નિજના કોમળ પગ વડે દબાવવા લાગી. ઘડીકમાં રીઝતી ને ઘડીકમાં રૂસણુા આદરતી તે દેવી મુક્તિદેવીના થનારા કંથની અડગતા સમીપે હારી ગઇ. શ્રી વીર સાચા વિજેતા બન્યા. સ્વર્ગનો દેવ મુક્તિના મહાયોધા સમીપે ઝાંખો પડી ગયો. દિશાઓનું દૈવી હૈયું વીરનાં ગાન વડે હળવું બન્યું.

ચાર પ્રહરની ગૂંથી એક રાતમાં દેવે કરેલા ઉક્ત વીસેય ઉપસર્ગો (ઉપદ્રવો) માનવલોકને પજવતા ભિન્ન ભિન્ન વિકારોનો એટલો સરસ ક્રમ સૂચવે છે કે, એક પળ માટે એમ વિચારવાનું દિલ થઈ જાય કે, તે દેવે ઉપજાવેલા હશે કે, મહાપુરૂષના આત્મ તાપને સહન

નહિ કરી શકવાને કારણે અંતરની નાની મોટી ગલીઓમાંથી અકળાઈને બહાર નીકળ્યા હશે.

જે હો તે હો ! કિન્તુ ઉક્ત ઉપસર્ગોની તુલના અંતરના વિકારો સાથે કરી શકાય એમ છે અને તે કરવી જરૂરી છે. ભાવિક વર્ગ દેવના આ ઉપસર્ગને સાચા માની લે અને તે બરોબર છે, પરન્તુ આજનો અભ્યાસી વર્ગ તેમ માનવાની કદાચ ના પણ પાડે.

સંગમ તે મુક્તલોક અને આલોકની મધ્યે ( સંગમ સ્થાને ) ઝૂલતો આત્મા અને તેના તેજોબળ વડે અંતરમાં તબૂ તાણીને બેઠેલા કામ, ક્રોધ, મોહ. લોભ આદિ રિપુઓનો પરાજય. શ્રી વીરે કરેલા વિજયને ' મારવિજય ' પણ કહી શકાય. કારણ કે આત્માની અનંતશકિત સામે મારાઓનું કામ કરતા વિકારો પર વિજય મેળવવો તેને ' મારવિજય ' તરીકે અપનાવી લેવામાં કશું જ ખોટું કે વધારે પડતું નથી. શ્રી ગૌતમબુદ્ધે પણ આજ રીતે ' મારવિજય ' કરેલો કહેવાય છે.

વીસ ઉપદ્રવો પૂરા થતાં દિશાઓમાં અજવાળાં પથરાયાં. પૂર્વમાં ઉષાનો કસુંબી પાલવ ફરફરવા લાગ્યો. ચૈત્યનું વાતાવરણ આત્મ-સંગીત વડે મઘમઘવા લાગ્યું. દિનકરના તેજે કમલદલ ઊઘડે, સૂર્યોદય થતાં શ્રી વીરનાં નયન કમલ ઊઘડયાં. ત્યાંથી સ્નેહનાં કિરણો વર્ષતાં હતાં. સ્નેહભીની એ આંખો જ્યાં ઠરતી, ત્યાં આનંદ મંગળ વર્તાતો.

આજનું વિજ્ઞાન આ વિષયમાં શી દરખાસ્ત રજુ કરી શકે તેમ છે. આત્મવાદને પોકળવાદ કઇ રીતે સાબિત કરી શકે તેમ છે. વિશ્વમાં વહેતો લાગણીઓનો ઝરો આત્મા હોવાનું સબળ પ્રમાણ છે. ચેતન સાથે ઝૂઝતો જડવાદનો પરાજય થયો છે અને થવાનો જ. જડની તાકાત એમાં ભરાયલી તાકાત જેટલી, જ્યારે આત્માની તાકાત સ્નેહ અને સૌન્દર્યના અખૂટ ખજાના જેટલી.

**સમતા વડી કે દ્વેષઃ**—મહાવીર પોતે મહાસાધુ હતા. સંસાર સાથેનો તેમનો સ્વાર્થી સંબંધ વર્ષો થયાં પૂરો થયો હતો. નિર્મમત્વ ભાવે તેઓ આ સંસારમાં કર્મો ખપાવવા વિહરતા હતા. તેમને કોઇ અંગત સ્નેહી કે શત્રુ ન હતો. છતાં ઘમંડી અને દ્વેષી સંગમ તેમને પજવવા તૈયાર થયો; મન ફાવે તે રીતે પજવ્યા. પરંતુ પરિણામે દ્વેષ જીતી ન શક્યો. **દ્વેષ કોને જીતે ?** જેનાં હૃદયતલમાં એકાદ વિકારને બેસવા જેટલી પણ ખાલી જગા હોય તો દ્વેષ તે જગા પચાવી લઇને સામેનાને જીતી શકે, જ્યારે શ્રી મહાવીરના અંતરમાં સઘળે આત્માનો ચંદન પ્રકાશ ઊભરાતો હતો, ત્યાં ફેંકાતાં વિશ્વનાં સઘળાં પાશવી બળો તે પ્રકાશમાં ઓગળી જઇને શૂન્યવત બનતાં હતાં. વીરના સાગરહૈયે દેવનો દ્વેષ ઊર્મિરૂપે તરતો થયો ને દેવ હાર્યા જેવો થઇ ગયો. સહન કરવામાં સાર સમાયો હોવાની જે વાતો પ્રચલિત છે, તેનો મૂળભૂત હેતુ એજ છે કે, માનવી નિજનું ભલું કરી બીજાને તે માર્ગે વળવાની દૈવી પ્રેરણા પાઇ શકે. જેવા સાથે તેવા થવાથી વિશ્વનાં આધ્યાત્મિક જીવન રૂંધાવા માંડે, અને દિનપ્રતિદિન વિગ્રહના ગુલાબી ધુમ્મસ ગોટા ઉરાડતાં થાય. તેમાંય સંસાર ત્યાગી મહાજનને માટે તો આત્મભાવમાં વર્તવામાં જ સર્વ હિત સમાયલું છે. સંસારી ભલે શરીરભાવ ન છોડે, સાધુને આત્મામાં રમવામાં જ, તેનું અને વિશ્વનું સમગ્ર હિત છુપાયલું છે.

# પ્રકરણ સાતમું

●

**સાર**:—આ પ્રકરણમાં મહાપુરુષનું હૃદય, ભક્તિની ધૂન, ભાવનાં ફળ, આજનાં પૂ. સાધુ સાધ્વીઓ અને આપણી નીતિ. સુસુમારપુરીમાં ચમરેન્દ્રે લીધેલો શ્રી. મહાવીરનો આશ્રય. સત્તાનું ઘમંડ. કૌશાંબીમાં શ્રી મહાવીરે ધારણ કરેલી ગહન પ્રતિજ્ઞા, શતાનિકની તે અંગે ચિંતા. ચંદનાએ શ્રી મહાવીરની પૂર્ણ કરેલી ગહન પ્રતિજ્ઞા. વિશાળામાં અગ્યારમું ચોમાસું. કાનમાં ખીલા ઠોકાવાનો છેલ્લો ભયંકર ઉપસર્ગ. **મધ્યમા અપાપામાં છદ્મસ્થાવસ્થાનું છેલ્લું ચોમાસું**. ઋજુવાલિકાને તીરે ઊપજેલું કેવળજ્ઞાન. એક એક પાનામાં જીવનનાં અણમોલ તત્ત્વોની આબેહૂબ તસવીરો રંગ લે છે.

**વિહાર**:—પેઢાલ ગામનું પોલાસ ચૈત્ય ત્યજીને મહાવીરે આગળ ડગ માંડયાં. સંગમદેવે હજી તેમનો સમૂળગો પીછો છોડયો નહતો.

ચાલતાં ચાલતાં તેઓ વાલુક નામે ગામની દિશામાં વળ્યા. મહાવીરના માર્ગમાં દેવે પાંચસો ચોરને ઉપસ્થિત કર્યા. ચોર લોકો શ્રી વીરને વળગી પડયા. તેમનું શરીર દાબી દીધું. ઉપરાંતમાં દેવે આખો ય માર્ગ રેતીથી પૂરી નાખ્યો. સમતાસાગર મહાવીર સૌમ્યભાવે બધું સહન કરતાં વાલુક ગામે આવ્યા. ગામ નગર ને જંગલ વીર જ્યાં જતા ત્યાં જઈને દેવ તેમને પજવતો, આ રીતે છ માસ વ્યતીત થયા.

વિહરતા વિહરતા શ્રી વર્ધમાન ગોકુલ ગામે આવ્યા. તે ગામમાં ઉત્સવ ચાલતો હતો. છ માસના ઉપવાસી શ્રી મહાવીર પારણું કરવાને તે ગામમાં વહોરવા માટે ગયા. જે જે ઘરમાં ઉપવાસી વીર અન્ન વહોરવાને પગ મૂકતા, ત્યાં ત્યાં દ્વેષી સંગમ તે ખોરાકને દૂષિત કરી નાંખતો એટલે કે ત્યાગી પુરૂષ ન સ્વીકારી શકે એવા પ્રકારનું વાતાવરણ તે ઘરમાં જન્માવતો અથવા ખોરાકને અવિધિસરનો બનાવી મૂકતો. છ માસના ઉપવાસી મહાવીર અડગ ડગલે ગામ બહાર નીકળી ગયા ને એકાંત સ્થાનમાં ધ્યાનસ્થિત થયા.

**સંગમ હાર્યો:**—છ માસની આકરી તપસ્યાને અંતે પણ દૂષિત જણાતો ખોરાક ન સ્વીકારી ધ્યાનમાં મસ્ત બનેલા શ્રી વીરના મુખભાવને છૂપી રીતે અવલોકતો સંગમ વિચારસાગરમાં ગરક થયો. ' શું આ મહા સાધુ નિજના પથમાંથી નહિ જ ડગે ! દેવલોકમાં મારી શી દશા થશે ? છ મહિના સુધી એકધારા દુઃખનો ભયંકર વરસાદ વરસાવવા છતાં આ મહામુનિ આત્માની ડાળીએ જે અજબ મસ્તીથી ઝૂલી રહ્યા છે, તે જોતાં મને એમ થાય છે કે, હવે લાંબો કાળ સુધી તેમને પજવવામાં પણ મારો જ ઉપહાસ થશે; કારણકે શરીરથી તેઓ બહુ જ વેગળા જણાય છે. શરીરને પહોંચાડવામાં આવતી સર્વ પ્રકારની યાતનાઓનો સંદેશો તેમના માનસદેશમાં જ અલોપ થઈ જાય છે. મારી એક પણ

ચેષ્ટા તેમના આત્મસામ્રાજ્યની આબાદીને હાનિ પહોંચાડી શકે તેવું હવે મને લેશ માત્ર પણ જણાતું નથી. હવે મારે એ મહામાનવની ક્ષમા જ યાચવી રહી ! શું એ મને ક્ષમા નહિ આપે ? થવાનું હોય તે થાય, મારે તેમની સમીપ હાથ જોડીને ઊભું રહેવું ઘટે; અને તેજ હવે મારો ધર્મ છે. સંગમનો દૈવી પણાનો નશો ઊતરી ગયો. તે અભિમાનની સીડી ઊતરીને શાન્તિની સપાટીએ આવી ઊભો.

મ્લાન વદને તે હાથ જોડીને મહાવીર મહાયોગીની સમીપે ઊભો રહ્યો. પોતે કરેલા ઉપસર્ગો બદલ ક્ષમા માગી. મુક્તિમાર્ગમાં આવશ્યક સહાય કરવાની વાત કરી.

**મહાપુરુષનું હૃદય:**—સંગમને કરગરતો સાંભળી, સમતારંગી શ્રી મહાવીર વિચારની શુક્લફણીને સ્પર્શ્યા અને એ અનુભવસિદ્ધ વેણ ઉચ્ચર્યાં.

'હે દેવ, સ્વવીર્યવડે સંસારસાગર તરવાની પ્રતિજ્ઞા સાથે હું આ અનુપમ રાજમાર્ગે ચઢયો છું, તેમાં અન્યની કોઈ પણ પ્રકારની સહાય આત્માના અનંત બલવીર્યની ઉપેક્ષા કરવા રૂપ નીવડે તેમ છે. અન્યની સહાયની અપેક્ષાએ ઘણા મહામાનવોનાં મોટાં કાર્યો આદર્યાં અધૂરાં રહી ગયાં છે. આ પળે કે નવ ઉપસર્ગની પળે હું પોતે જે ભાવમાં રહેતો આવ્યો છું તેજ ભાવમાં છું, મને તારા તરફ રાગ કે દ્વેષ કશુંય નથી. માનવી નિજનિજનાં કર્તવ્યનો પ્રતિઘોષ ઝીલવાને બંધાઈ ગયેલો હોય છે. **નિમિત્તનો દોષ કાઢવો તે અલ્પ મતિનું કામ** છે. મારા અંતરનો એક એક તરંગ અંતરની શાંત સપાટીએથી પ્રગટી મુક્તિના ઝળહળતા રત્નદીપને ચૂમવા કાજે જ છે. વિશ્વના કોણે કોણે આનંદ અને સ્નેહનાં અખંડ ઝરણાં વહવાની ભાવના સાથે હું સ્થળ કાળમાં વિહરી રહ્યો છું ઉપદ્રવ પ્રસંગે મારો આત્મા વિશેષ હરખાય છે, કારણ તેથી તેને પ્રકાશવાની

એક ઉમદા તક સાંપડે છે. તું તારે માર્ગે જા ! તને સદ્બુદ્ધિ સાંપડો !'

**સંગમ સ્વર્ગ પ્રતિ**:—મહાપુરૂષને સ્તવી, સંગમ સ્વર્ગની હરિયાળી ભૂમિ તરફ વળ્યો. ઇન્દ્ર સહિત ત્યાંનાં સઘળાં દેવદેવીઓ સંગમની પાશવી મનોદશા પ્રત્યે કરાજી થયાં હતાં. ઇન્દ્ર પોતે લાલ-ચોળ બની ગયો હતો. સ્વર્ગની આરસલીંપી ભૂમિ પર પગ ઠેરવતાં જ ઇન્દ્રનું તેને આમંત્રણ આવ્યું. ઇન્દ્રસભા તે સમયે શોકગ્રસ્ત હતી. એક દેવ તરફથી એક મહામાનવને પહોંચાડવામાં આવેલા ભયંકર ઉપસર્ગોને કારણે સ્વયં ઇન્દ્ર ચિંતાતુર હતો. સભામાં પ્રવેશતાંની સાથે જ સંગમે ઇન્દ્રને નમસ્કાર કર્યા તે ન ઝીલતાં ઇન્દ્ર ગર્જી ઊઠયા, ' જા, તું ચાલ્યો જા, હવે તારા અહીં આવવાનું પ્રયોજન નથી. તેં આખા સ્વર્ગલોકને નાનમ પહોંચાડી છે. હવે તારા માટે અહીં સ્થાન નથી. તારી પોતાની શક્તિનો પૂરો ખ્યાલ કર્યા વિના મારાં પ્રશંસનીય વાક્યોથી ઉશ્કેરાઇને શ્રી મહાવીરને ચળાવવા ઉદ્યુક્ત થયેલો તું, આજે મ્લાન વદને, પરાજિત સૈનિકની જેમ પાછો સ્વગૃહે વળતાં લજવાતો કેમ નથી ! મર્ત્યલોકનાં માનવો પણ રણમેદાનમાંથી પરાજિત થઇને સ્વગૃહે પાછાં ફરતાં નથી અને તેમ કરે છે, તો તેનાં સ્વજનોજ તેનો સ્વીકાર કરતાં નથી. માટે શરમા અને પાછો જા. '

ઘૂંટણીએ પડી હાથ જોડીને સંગમ એકી આંખે ઇન્દ્રદેવ સામે જોઈ રહ્યો. સંગમની દેવી–સ્ત્રીએ આવીને ઇન્દ્રને બહુ વિનંતિ કરી પણ ઇન્દ્રદેવે ન જ માન્યું અને સંગમને સ્વર્ગ-ત્યાગની આકરી શિક્ષા થઈ. જે રીતે આલોકમાં દેશત્યાગની કે કાળાપાણીની સજા થાય છે, તે રીતે ત્યાં પણ થતી હોય તો તેમાં નવાઇ નહિ. પછી સંગમ ગમે તે પર્વત ઉપર જઇને વસ્યો હોવો જોઇએ, કારણ કે મહાકવિ કાલિદાસના મેઘદૂતની રચનાનું

મૂળ કારણ કે કેન્દ્રસ્થાન તે, સ્વર્ગલોકમાંથી ઇન્દ્રની શિક્ષાને પામેલો પક્ષ જ છે.

**પારણું**:—શ્રી મહાવીર છ માસના ઉપવાસી હતા. હજી અન્ન સ્વીકાર કર્યો નહોતો. અન્ન વહોરવાને તેઓ પુનઃ ગોકુળ ગામે પધાર્યા. ત્યાં એક વત્સપાલિકા નામની સ્ત્રીએ તેમને શુદ્ધ અન્નથી પ્રતિલાભિત કર્યા. છ માસની આકરી તપસ્યાને અંતે અન્ન વહોરતા પ્રભુને અવલોકતી દિશાઓમાંથી ' આનંદ ' નો મંગલ ધ્વનિ સ્ફૂરાયમાન થયો. વાતાવરણ પુષ્પપરાગમય બન્યું.

## માનવસ્વભાવ યાને ઇંદ્રિયલાભ મોટો કે આત્મિકલાભ મોટો—

શ્રી મહાવીર ક્ષત્રિય રાજકુમાર હતા. અનેક જન્મો પર્યંત ઇન્દ્રિય સુખો ભોગવીને તેઓ કંટાળી ગયેલા. આત્માના સુખ માટે તેમને તાલાવેલી લાગી ને તેમણે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. રાજકુમારાવસ્થામાં તેમની તરફ સન્માન દર્શાવનારા માનવોમાંના ઘણાખરા તે પછી બેપરવા બનેલા. માનવસ્વભાવની એ મોટામાં મોટી લાક્ષણિકતા છે કે, જ્યાં લીલું હોય ત્યાંજ તે પગ લંબાવે; જ્યાં નિજના સ્વાર્થની જીવનદોરી લંબાતી જણાય ત્યાંજ તે જાય. આજે આપણે અર્ધી રાતનો ઉજાગરો વેઠીને નાટક કે ચલચિત્રમાં હર્ષભેર હાજરી આપીએ છીએ પરન્તુ પ્રભાતના અનુકૂલ સમયે પણ ધાર્મિક વિધાનો પ્રત્યે દુર્લક્ષ સેવીએ છીએ તેનું કારણ આપણી પરાધીનતા, ઇન્દ્રિય લોલુપતા. ઇન્દ્રિયોને ગમે તે કરવાને આપણે ગમે તે ભોગે તૈયાર થઇએ છીએ, પરન્તુ આત્માના હિતની વાત આવે છે ત્યારે ઇન્દ્રિયોથી દબાયેલા આપણે ' હત ' નથીજ ભણી શકતા.

**સત્યતઃ**—માનવ સ્વભાવનું આદિ ઝરણ આત્મામાંથીજ ફૂટે છે, પણ ઇન્દ્રિયોની ધમાલ આડે આપણને તેનું યથાર્થ દર્શન થતું નથી અને તે કારણસર આપણે ગફલતમાં પડી સ્વભાવને સ્વાર્થની

દિશામાં તાણી જઈએ છીએ. સ્વભાવનો અર્થ જ, સ્વ + ભાવ એટલે કે આત્માનું સૌમ્ય પ્રકાશવર્ષણ. આપણે આજે તેને બદલે ઉલ્ટો અર્થ કરીને સ્વભાવને ઇન્દ્રિયોના ભાવ પ્રમાણે વાઘા સજાવીએ છીએ અને આપણાજ અહિતમાં ઊભા રહીએ છીએ.

શ્રી મહાવીરે સંસાર ત્યાગ્યા બાદ જે જે સ્થળે ચોમાસાં કર્યાં, કે જ્યાં જ્યાં રાત-વાસો રહ્યા, ત્યાં ત્યાં તેમને સ્વાર્થી માનવો તરફથી દુઃખ મળ્યું છે, તેનું એકજ કારણ છે. એકલા અને ઉપરથી અસહાય જેવા જણાતાં માણસોને સતાવવામાં આ લોકના અણસમજુ કે અનાર્ય લોકો ગૌરવ માને છેઃ અનાર્ય પ્રજાના સંપર્કમાં આવવાથી આજના આર્યમાનવોના સ્વભાવમાં પણ આજ પ્રકારની નિરર્થક પાશવી વૃત્તિઓ પ્રગટી રહી છે. જેનું પરિણામ વિશ્વ સમસ્તના અહિતમાંજ સમશે.

**આગળ વિહારઃ**—ગોકુળ ગામે તપનું પારણું કરીને શ્રી મહાવીર આગળ જવાને તૈયાર થયા. એક સ્થળે વધારે વખત સ્થિર રહેવામાં તેઓ સ્વપરના હિતની ઠેકડી થતી જોતા હતા. પવનની જેમ નિર્મુક્ત રહેવામાંજ આત્માના અભ્યુદયની ચાવી હોવાની તેમની માન્યતા હતી. જેઠના તીખા તાપમાં ઉઘાડા પગે ને ઉઘાડા શરીરે ધીર-ગંભીર શ્રી વીર નીચી નજરે આગળ પગ ભરતા હતા. ખુલ્લા માથા ઉપર પડતો સૂર્યનો તાપ અનેરું કાવ્યાત્મક ચિત્ર સર્જતો હતો. ગમે તેવી ગરમી કે ઠંડીમાં પણ તેઓ એકજ ચાલે ચાલતા. ઉનાળાને દિવસે ખુલ્લા મેદાનમાં અને લીલાછમ જંગલમાં તેમના પગનો ઉપાડ એકરંગીજ રહેતો. અજોડ અજય્ય યોદ્ધાની અદાએ અંગારભીની રેતમાં આગળ વધતા મહાવીર આલંભિકા નગરીમાં આવ્યા. ત્યાં એકાંત સ્થળમાં એક ધ્યાનમાં સ્થિર થયા. દિવસ થયો ને મહાયોગીએ નયનો ખોલ્યાં.આગળ વધવાને પગ ઉપાડયા. એકજ આત્માની દિશામાં ડગ માંડનારા મહાભાવીને અન્ય દિશાઓનો ખ્યાલ ન

આવવો તે જેવી તેવી વાત ન ગણાય. અન્ય શકલ પ્રકારના તર્ક-વિતર્કોને છોડી, શુક્લ ધ્યાનમાં લીન થવું તે ઇન્દ્રિયો, મન ને બુદ્ધિને તે શુભ ભાવથી ધોળ્યા બાદજ શકય બને. ફરતાં ફરતાં શ્વેતામ્બી નગરી આવી. ત્યાં પણ શ્રી મહાવીર ધ્યાનમાં જોડાણા. એકજ ધ્યાન, બીજી વાત નહિ. આત્મા સિવાયની અન્યથી સાચી ઓળખાણ થાય તો પણ તે એક જન્મ પૂરતી, જ્યારે શ્રી વીરને અનંત જન્મોના સાચા સાથીની ઓળખાણ કરવાની દિવ્ય પ્રેરણા મળેલી, જેને પુરી પાડવા માટે તે આઠેય પ્રહર એકજ ધ્યાનમાં સ્થિર રહે છે, ત્યાંથી વિહરતા શ્રી વીર શ્રાવસ્તી નગરીએ પધાર્યા.

**ભક્તની ધૂન:**—શ્રી વીર જે દિવસે શ્રાવસ્તી નગરીમાં પધાર્યા, તે દિવસે ત્યાં કાર્તિક સ્વામીની રથયાત્રાના વરઘોડાની ધામ ધૂમ ચાલતી હતી. જે માર્ગે થઇને કાર્તિક સ્વામીના મંદિરે જવાનું હતું તે માર્ગની એક અણી પર શ્રી વીર ધ્યાનમગ્ન ઊભા હતા. જીવન્ત મહાત્માવોની પૂજાનો મોહ હજી માનવકુલને લાગ્યો નથી તેને તો અદશ્ય અને પાષાણબદ્ધ પ્રતિમા તણા પૂજનમાંજ આનંદ આવે છે.

શ્રી વીરના તપોબળથી અંજાયલો સ્વર્ગપતિ ઇન્દ્ર આ સમયે શ્રી વીરને માનસિક વંદના કરવાના વિચારમાં તેમના વિહારની દિશામાં જ્ઞાનપૂર્વક અવલોકવા લાગ્યો, તો તેણે કાર્તિકસ્વામીની રથયાત્રાનો પ્રસંગ પારખી લીધો. પોતે જેનો ભક્ત છે, એવા મહાયોગીના પગ કનેથી રથ પસાર થાય ને કોઇ માનવ તેમને પગે ન નમે એ તેને ન રુચ્યું. તે પોતે શ્રાવસ્તી નગરીમાં આવ્યો. જ્યાંથી વરઘોડો નીકળવાનો હતો ત્યાં ગયો. સ્નાનાર્ચન કરાયલી કાર્તિકસ્વામીની પ્રતિમાને રથમાં બેસાડવામાં આવી કે તરતજ ઇન્દ્રે સ્વવિદ્યાબળે તે પ્રતિમામાં નિજને અવતારી આખોયે રથ પોતાના ઇષ્ટની દિશામાં દોર્યો. કાર્તિકસ્વામીના ભાવિકો આ જોઇને અચંબો પામ્યા. તેઓ ઉતાવળે પગલે તે રથની પાછળ ગયા, શ્રી મહાવીર જે સ્થળે ધ્યાનમાં ઊભા હતા, ત્યાં રથ

થાભ્યો. કાર્તિકસ્વામીની મૂર્તિના અંતરમાં છુપાયલા ઇન્દ્રે શ્રી વીરને નમસ્કાર કર્યા, આ જોઇને સકલ માનવ સમુદાય શ્રી મહાવીરને ચરણે ઝૂકયો અને તેમને કાર્તિકસ્વામીના ઇષ્ટદેવ માન્યા.

ભકતની ધૂન જુદુંજ કાર્ય કરી બતાવે છે. ઇસુ ખ્રિસ્તે સ્થાપેલો ખ્રિસ્તિધર્મ તેના ભકતરાજવીઓની ધૂનમાંજ આજે વ્યાપક બન્યો છે. બુદ્ધે પ્રવર્તાવેલો બૌદ્ધધર્મ અશોક અને તિસ્સ જેવા બુદ્ધ રાજવીઓની ધૂનને કારણેજ આજે પણ ટકે છે. મહામાનવોના બોલ વખત જતાં વ્યાપક સ્વરૂપ પકડે છે તેના કારણેજ તેમના તે બોલની પાછળ ફના થનાર ભકતોની સાચી ધૂન છે. આજે મહાત્મા ગાંધી એકલા શું કરી શકત ? પણ તેમના બોલને ઝીલનારા ભકતવર્ગના ટેકાથી આજે તેમના વર્ગની સંખ્યા પણ ચઢતી જાય છે. ભકતની જે ધૂન હોય છે તે એટલી બધી તીવ્ર અને તેજસ્વી હોય છે કે, તે જેને પોતાના ગુરુ માની બેઠો હોય, તેના કરતાં વડો તેને આ વિશ્વમાં કોઈ જણાયજ નહિ અને તેને લઇને તે પોતે, પોતાના તે ગુરૂ માટે ગમે તેવું ખતરનાક કાર્ય કરવા પણ હામ ભીડે.

**રવિ–શશીનું આગમનઃ**—શ્રાવસ્તી નગરીથી વિહાર કરીને શ્રી મહાવીર કૌશાંબી તરફ આવ્યા ને ગામ બહારના એકાંત, નિરવ પ્રદેશમાં કાયોત્સર્ગે રહ્યા. આ સ્થળે સૂર્ય અને ચન્દ્રે પોતાનાં મૂળ વિમાન સહિત આવીને શ્રી વીરને વંદના કરી હતી. સૂર્ય ને ચન્દ્ર પોતાનાં વિમાન સાથેજ તેજસ્વી મહામાનવને વાંદવાને આવ્યા હશે, તે માનવે વખત જતાં પ્રવર્તાવેલા ધર્મની સૂક્ષ્મતા અને તેજસ્વીતા કેટલી મહાન ગણી શકાય ? સૂર્ય–ચન્દ્રનાં વિમાન સાથેના આગમનને શાસ્ત્રકારો એક અજાયબી તરીકે લેખે છે. જેવી રીતે આ દુનિયામાં તાજમહાલ–મોસ્કોનો ઘંટ–ચીનની દિવાલ વગેરે અજાયબી–જૈન ધર્મની ભાષામાં અચ્છેરૂં ગણાય છે ( wonder of the time ).

**વિશાળાપુરી તરફ**:–કૌશાંબીથી વિહાર કરતા મહાવીર રાજગૃહનગરે આવ્યા. ત્યાંથી ફરતા–ફરતા મિથિલા પુરીમાં આવ્યા. ત્યાંના તે વખતના રાજા જનકે–તેમના તપ તેજને વંદન કરી સુખશાતા પૂછી. આત્માના નિર્મળ તેજને નરેન્દ્રો તો શું પણ દેવેન્દ્રો પણ નમે છે! જેઠ માસના આખરી દિવસો હતા. તાપ મન ફાવે તે રીતે વર્ષતો હતો. બિહારનાં જંગલો અતિ ભયપૂર્ણ અને વેરાન જણાતાં હતાં. ચોમાસું નજીક આવતું હતું. ઉગ્રવિહારી મહાવીર ત્યાંથી ઝડપભેર વિહરવા મંડયા. અનુક્રમે વિહાર કરતા તેઓ વિશાળાપુરીમાં પધાર્યા. ગામ બહાર આવેલા સમર્ષ નામના ઉદ્યાનમાં એક તરફ તેઓ ધ્યાનસ્થ થયા. દીક્ષાકાળનું અગ્યારમું ચોમાસું આ સ્થળેજ વ્યતીત થયું. જોતજોતામાં અગ્યાર ચોમાસાં વીતી ગયાં. વીરને રાજસુખ છોડયે પાકાં અગ્યાર વરસો થઇ ગયાં.

**ભાવનાં ફળ**:–વિશાળાપુરીમાં જીનદત્ત નામે એક ધનિક રહેતો. વૈભવના ક્ષયે તે જીર્ણ શ્રેષ્ઠી કહેવાતો. કોઇ એક શુભ પ્રસંગે તેને ઉદ્યાનમાં જવાનું થયું. તે એજ ઉદ્યાન હતું કે જ્યાં શ્રી મહાવીર જેવી તેજસ્વી માનવ પ્રતિમાને નિરખતાંજ જીર્ણશ્રેષ્ઠિ હર્ષિત થયો. તેણે વિચાર્યું, આ મહાનુભાવ કોઇ જેવી તેવી વ્યક્તિ નથી. તે ખરે, ચરમ તીર્થપતિ શ્રી મહાવીર હોવા જોઇએ. મહાવીરને સાચા મહાવીર તરીકે ઓળખી લઇ, તે નિયમસર તેમના દર્શને આવવા લાગ્યો. નિયમસર આવવામાં તેનો એ શુભ આશય હતો કે શ્રી વીર કયારે ધ્યાનમાંથી જાગૃત થાય અને તે કયારે તેમને પોતાને હાથે અન્ન વહોરાવે. ચોમાસાના ચાર મહિના સુધી તે ઉકત શુભાશય પૂર્વક તેમના દર્શને આવ્યો.

આજે ચોમાસાનો આખરી દિવસ હતો. જીર્ણશ્રેષ્ઠી મનમાં ને મનમાં જ હરખાતો હતો, ચૌદશની રાત વીતી. પુનમનું સવાર થયું જીર્ણશ્રેષ્ઠીએ પ્રભુ વહોરે તેવું અન્ન તૈયાર કરાવ્યું. મનમાં તે વિચારવા

લાગ્યો. ' આજે મારે હાથે હું ભાવિ તીર્થપતિને અન્ન વહોરાવીશ. મારાં ભાગ્ય ઊઘડી ગયાં. પૂર્વભવના મારા પુણ્યોદયેજ આ મહાયોગી આજે મારે આંગણે આવશે, હું તેમને મ્હારા હાથે જ અન્ન વહોરાવીશ. મારાં તમામ કર્મબંધ છૂટી જશે. હું ભવસાગર તરી જઈશ. ચોર્યાસી લાખના ફેરામાંથી મારો છૂટકારો થઈ જશે. શુભ વિચારમાં તે ઊંચે ને ઊંચે ચઢતો ગયો. મહાવીરને પારણું કરાવવાની તેની શુભ ભાવના એકદમ તીવ્ર અને ગતિમાન બની. તે પળે તેની અંદર અને બહાર શ્રી વીરને પારણું કરાવવા સિવાયની એક પણ ભાવના ન ટકી શકી.

તેજ પળે તેણે બીજી દિશામાંથી આવતો 'અહોદાન' 'અહોદાન' નો સૂચક ધ્વનિ સાંભળ્યો તે વિષે પૂછપરછ કરતાં તે જાણી શકયો કે નવીન શેઠે શ્રી વીરને પારણું કરાવ્યું. અને પોતે મંદભાગ્ય નીવડયો ભાવનામાં.તેની એક પળને માટે ઓટ આવી. તે પોતાને ભાગ્યહીન સમજવા મંડયો. મહાવીર જેવા મહાત્મા પોતાને ત્યાં આવવાને બદલે બીજે જાય એટલે તેને તેમ લાગે તેમાં નવાઇ શી ! પારણું કરીને શ્રી વીર આગળ ચાલતા થયા.

તે અરસામાં વિશાળાપુરીમાં તેજ ઉદ્યાનમાં ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના એક જ્ઞાની શિષ્ય પધાર્યા રાજા સહિત નગરજનો તેમનાં દર્શને ગયા. તે પ્રસંગે રાજાએ તે કેવળજ્ઞાની મુનિરાજને પૂછ્યું કે, ' હે ભગવાન ! અમારા નગરમાં પુણ્યશાળી આત્માઓ કેટલા છે ? " કેવળી બોલ્યા, રાજન ! તારા ગામનો મુખ્ય પુણ્યાત્મા તે સામે બેઠેલો જીર્ણશ્રેષ્ઠી છે. ભલે તે મહાવીરને પારણું ન કરાવી શકયો પણ તેણે પારણું કરાવ્યાનું ફળ ઉપાર્જન કર્યું છે, જ્યારે નવીનશેઠે વીરને પોતાને હાથે અન્ન ન વહોરાવતાં એક ભિક્ષુકને અન્ન આપવાની પ્રથા મુજબ પોતાનીજ દાસી મારફત પ્રભુને અડદ વહોરાવ્યા છે. નવીનશેઠ મિથ્યાદષ્ટિ છે. જીર્ણશ્રેષ્ઠી સમ્યગદષ્ટિ છે.

ઉચ્ચ પ્રકારની નિર્મળ ભાવના માનવીને તેના ભાવનું ફળ પીરસે જ છે. માનવી જ્યારે પોતાની શુભ ભાવનામાં લીન બને છે ત્યારે દુનિયામાં અન્ય વિષયોથી અલગ પડેલો તે, પોતાના અંતરમાં તે ભાવની મૂળ પ્રતિમાનું સર્જન કરે છે અને પરિણામે તેની ભાવનાને તે પહોંચી શકે છે. ધર્મશાસ્ત્રોમાં પણ આજ મતલબનું જોવા મળે છે. ' વિષયને ચિંતવતો વિષયી બને, ધર્મને ચિંતવતો ધર્માત્મા બને. ' ભાવના જો બાતલ જ જતી હોય તો માનવીનાં જીવનનું સંસાર સાથે જડાયલું અધું સુખ દુઃખ આજે જ દુનિયામાંથી અલોપ થઈ જાય.

**પૂ. સાધુ સાધ્વીઓ અને આપણે:**—આજના વાતા જડવાદના પવનમાં પૂ સાધુસાધ્વીઓ પ્રત્યેનો આપણો ભાવ કેવો છે તે વિચારતાં આપણને સ્હેજે સમજાઈ જશે કે ધર્મ પ્રત્યેની આપણી ફરજોમાં આપણે બધા દિનપ્રતિદિન ઢીલા પડી રહ્યા છીએ. એક સમયના માનવો સાધુને વહોરાવવામાં તેમનું કલ્યાણ સમજતા, સાધુ મહારાજ મળતું અન્ન નિર્મળ ભાવે ' ધર્મલાભ 'પૂર્વક સ્વીકારી લેતા આજની પરિસ્થિતિ આથી વિપરીત જણાય છે. પંચમહાવ્રતધારી [1] સાધુસાધ્વીઓ તરફથી અન્નના બદલામાં મળતા ધર્મના લાભની આપણને પરવા નથી. લક્ષ્મીનો લાભ મળે છે તેવાં સ્થળોમાં દિવસ કે રાતના ભાન સિવાય સર્વે રખડીએ છીએ. આજની આપણી સરકાર આપણા પૂ. સાધુસાધ્વીઓને પેટ માટે રખડતા ભિક્ષુકોની ગણત્રીમાં સામેલ કરવાને તૈયાર થઈ છે.

જે સાધુસાધ્વીઓ સંસારનો ત્યાગ કરી, વિશ્વકલ્યાણનો મંગલ મંત્ર દિનરાત જપે છે, તેમના તરફથી આપણી નીતિમાં ફેર થવાથી જ

---

૧ **પંચ મહાવ્રતનાં નામ:**—(૧) અહિંસા (૨) સત્ય (૩) ચોરી ન કરવી. (૪) બ્રહ્મચર્યનું સંપૂર્ણ રીતે પાલન કરવું. (૫) શાસ્ત્રમાં જણાવ્યા કરતાં વધારે વસ્તુઓ પાસે ન રાખવી.

આજની આપણી ધાર્મિક વ્યવસ્થા કથળી રહી છે. સાધુ સમુદાય તરફની આપણી પૂજ્યભાવના આજે અલોપ થઇ ગઇ છે. તેમના ગુણદોષ જોવામાં જ આજનો આપણો અમૂલ્ય સમય વ્યતીત થાયછે. સાધુઓના ગુણ ને દોષ ! તે સંસારી કઇ રીતે પારખી શકશે ? જેની નજરમાં સત્તા ને લક્ષ્મીનાં ઘેન છે, એ ઘેનવાળી આંખો, પરનાં નિર્દોષ ચરિત્રને ઘેનવાળું ન કલ્પી બેસે તેની પાકી ખાત્રી શી ? ઉપાશ્રયના એકાંત પ્રદેશમાં દિનરાત ગુજારતા, ઉપાશ્રયની દિવાલમાં બેશીનેય જગતને શાશ્વતધર્મનો બોધ કરતા, શેષ સમયમાં નિજના આત્માનું હિત ચિંતવતા, તેમજ વિશ્વસમસ્તને કલ્યાણપ્રદ નીવડે તેવા અમૂલ્ય ગ્રન્થ–રત્નોનું સર્જન કરતાં, પૂજ્ય સાધુ–સાધ્વીઓના ગુણ-દોષ જોવાથી આપણે આપણા જ અહિતનું જોખમ ઉઠાવીએ છીએ એ વાત વીસારી વિસરાય તેમ નથી.

સાધુસાધ્વીઓ પ્રત્યેના પૂજ્યભાવમાં ઉણપ આણ્યા સિવાય આપણને જણાતી વિચિત્ર ઘટનાઓનો ઉકેલ આપણે તેમની પાસે માગીએ તો તે બધી રીતે વ્યાજબી અને લાભપ્રદ નીવડે. પરંતુ આપણે તો આપણા સંસારી સ્વભાવાનુસાર સંસાર મુક્ત થયેલા તે પૂજ્ય વર્ગ ઉપર માલિકિહક્ક યાને ખોટો દાબ બેસાડવાની કોશિષ કરવા જઇએ છીએ અને તેને લઇને આખા યે સંઘને ભારે નુકસાન સહન કરવું પડે છે.

કેટલાક સમજુ ભાઇઓ તરફથી એમ સાંભળવા મળે છે કે સાધુમહારાજો અંદર અંદર ઝઘડા કરે અને પછી ઉપદેશ આપવા પાટ ઉપર હાજર થાય, તે વખતે તેમનો તે ઉપદેશ બીજાને કયા સંયોગોમાં અસરકારક નીવડે. સાધુમહારાજો અંદરઅંદર ઝઘડે છે તે, શાસ્ત્રના મતો નક્કી કરવા, નહિ કે નાણાંની લેવડદેવડ કે સોદાની આંટીઘુંટી બદલ અને શાસ્ત્રના સિદ્ધાંતો બદલ સાધુમહારાજો ઝઘડે તેમાં આપણી પૂજ્યબુદ્ધિમાં ઉણપ આવે તેથી અહિત પણ આપણું

થાય. સ્વહિત ચિંતવતા માનવીએ હરહમેશ ગુણગ્રાહી બુદ્ધિ રાખવી જોઈએ. ઊણા દિલનાં માનવો જ પરના તલ જેવા દોષોને વીણીને તેને મોટું સ્વરૂપ આપવામાં પોતાના જીવનનો અણમોલ સમય વેડફે છે. સાગરદિલનાં માનવોએ હમેશાં શત્રુમાંથી પણ સાર શોધવાની ટેવ રાખવી જોઈએ, કારણ કે તેથી જતે દહાડે ઉભયનું કલ્યાણ થાય છે. જ્યારે આપણી નજર શત્રુમાં સાર શોધવા ટેવાય, ત્યારે શત્રુનાં વિષમય અંતરમાં આપણા નિર્મળ ભાવનું મોજું અથડાય અને તે શું કરવું ને શું ન કરવાના ઊંડા ચિંતનમાં મૂકાઈ જાય ને જતે દિવસે તેની નજર પણ સામા માટે સારમય બની જાય.

કાળ કપરો આવ્યો છે, જડવાદ એથી યે કપરો જણાય છે. સાધુસાધ્વીઓના અવલંબન સિવાય ધર્મના રસ્તે ટકાવું મુશ્કેલ છે. શ્રી વીરના એ અનુયાયીઓ પ્રત્યે આપણે પૂરો ભક્તિભાવ દાખવવો જોઈએ. આપણો અધિકાર નમવાનો છે, નહિ કે તેમને નમાવવાનો. પોતપોતાના અધિકારના ખ્યાલ સાથે દુનિયામાં ડગ માંડતો માનવી, દુનિયાના એક જીવને ય સીધું કે આડકતરું નુકશાન કરવાની સદોષ-ભાવનાથી પર હોય છે.

**સુસુમારપુરીમાં:**—વિશાળાપુરીથી વિહાર કરતા મહાતપસ્વી મહાવીર કૌશાંબી પાસેની સુસુમારપુરીમાં આવ્યા. વિહાર પળના તેમના મનોભાવથી તેમની આસપાસનું વાતાવરણ મઘમઘતું અને ઉર્જ્વળ રહેતું. ડગલે-ડગલે તેમના આત્માનો શાંત અમીરસ ઝરતો; કર્મોની સેના વીખરાયે જતી, લલાટ પ્રદેશે જામતી શ્વેત લકીરોમાંથી સૂક્ષ્મ તત્ત્વમયતા ઝરતી. સીધી નજરે ડગ માંડતા તેમને સંસાર વાંકો ને ખડબચડો જણાતો, જેને પાર કરવા માટે પોતે સારા-માઠાના ભેદભાવોથી પરની મંગલભૂમિકામાં મનને મોકળું રાખતા.

સુસુમારપુરીના એક ઉદ્યાનમાં એક શિલા ઉપર શ્રી વીર ધ્યાનસ્થ થયા. હેમંતની હીમશિતલ અજવાળી રાતે વીરનું વીરત્વ અજબ

તેજમાં તપતું દીસતું હતું. તેમના આત્મતેજ સમીપે અજવાળી રાતનો ચન્દ્ર ટુકડોયે ઝાંખો જણાતો. તે વાર પછી ચાર પ્રહર વ્યતીત થયા ને સૂર્યોદય થયો.

તેવામાં 'બચાવો' 'બચાવો' ની કરૂણ ચીસો નાખતો એક દેવ શ્રી વીરના શરણે આવ્યો. ચમરચંચા નગરીના દેવોનો તે ઇન્દ્ર. સૌધર્મપતિ ઇન્દ્રની પોતાના માથા ઉપર લટકતી સત્તાની તલવાર તેના મનમાં ખૂંચતી હતી. મળેલા સામાન્ય પ્રકારના ઇન્દ્રત્વના ગર્વને સંકલિત કરીને તેણે સૌધર્મપતિની સત્તા ખૂંચવી લેવાનો ઘમંડી વિચાર કર્યો. સ્વરૂપ બદલી તે સૌધર્મપતિને ડારવા ચાલ્યો. સૌધર્મપતિની સત્તાથી વાકેફ દેવદેવીઓએ તેને તેમ ન કરવા ઘણું સમજાવ્યો, પણ તે હઠે ચઢયો હતો; તેને સાર્વભૌમ સત્તાના માલિક થવું હતું. ઝડપભેર તે સૌધર્મ દેવલોક તરફ ચાલ્યો. સોધર્મપતિની નજરમાં દેવનું ઘમંડ વંચાયું. તેમણે ચમરચંચાના તે દેવ--ચમરેન્દ્રને જીવતા પાછા જવાની સલાહ આપી. કારણ કે મહામાનવો પોતાની શક્તિનો ઉપયોગ નિર્બળને દબાવવામાં નથી જ કરતા, મદઘેલો ચમરેન્દ્ર ન માન્યો. સૌધર્મેન્દ્રે તેની પાછળ વજ્ર છોડયું. વજ્ર એટલે અગ્નિતણખા કરતું ભયંકર શસ્ત્ર; પર્વતોને તે દળી શકે, ક્ષણમાં સાગરને શોષવી નાંખે. આજના અણુબોમ્બ કરતાંયે તેની તાકાત વિશેષ જણાય. અણુબોમ્બ અને આ વજ્રમાં ઘણો તફાવત નથી. પરંતુ અણુબોમ્બને વાપરનારા માનવો અને વજ્રધારી દેવ વચ્ચે તફાવત છે. કોઇ પણ મહાશસ્ત્રનો અર્થ વગરનો ઉપયોગ ટૂંકા દિવસોમાં તેના સ્વામીનો જ વંશ છેદે છે. વજ્રના તાપથી દાઝતો ચમરેન્દ્ર જે દિશામાં શ્રી વીર હતા તે દિશા ભણી દોડયો અને તેમના પગમાં આળોટવા લાગ્યો. વજ્ર તેનાથી ત્રણ હાથ દૂર અટકી પડયું. કારણ કે ત્યાં શ્રી વીરના આત્માનું અનંત સામર્થ્ય હસતું ઊભું હતું. વજ્ર પાછળ ઊપડેલો સૌધર્મપતિ પણ શ્રી વીર ઊભા હતા ત્યાં ઉપસ્થિત થયો. મહાવીરને

જોતાં જ તે શરમાઈ ગયો. વજ્ર તેણે ખેંચી લીધું. પ્રભુને નમસ્કાર કરી ચમરેન્દ્રને ક્ષમા બક્ષી. મહાજનોની છાયામાં અલ્પબુદ્ધિ માનવમાં પણ માનવતાના દિવ્ય ગુણો પ્રગટે છે.

**સત્તાનું ઘમંડઃ**—આજે જ્યાં નજર કરીએ છીએ ત્યાં સઘળે સત્તાનાં ઘોડાપૂર રેલાતાં જણાય છે. આ આર્યભૂમિમાં પણ આજે તો પક્ષબળ વડે સત્તાનાં સામ્રાજ્યો સ્થપાઈ રહ્યાં છે. એક પક્ષે કોન્ગ્રેસ, બીજા પક્ષે મુસ્લીમ લીગ. એક પવિત્ર ભૂમિ પર બે સત્તાઓ કેટલી અજબ વાત ! પણ જેને પક્ષનું બળ મળી જાય છે તેને એ વાતનો ખ્યાલ જ નથી રહેતો કે પોતે કોના ઉપર સત્તા સ્થાપવા તૈયાર થયો છે. આજ સુધીનો ઇતિહાસ વાંચતાં પણ સાર તો એજ નીકળે છે કે, 'સત્તાના લોભમાં ફલાણો રાજા ઘવાણો, ફલાણાને દેશપાર થવું પડયું.' જો કોઈ પણ પક્ષની સત્તા કાયમ નથી રહી તો પછી તે અઢળ લોહીનાં પૂર શા માટે રેલવવાં જોઈએ. ખરી સત્તા સંપની હોવી જોઈએ. સત્તાની ભુખનું બીજું નામ જ કુસંપ છે અને તેને પરિણામે સાંપડતી સત્તા, ક્ષણભર ટકીને સદાને માટે અન્યના હાથમાં ચાલી જાય છે. સત્તાના ઘમંડ કરતાં સંપની નમ્રતા વધારે લાભદાયી નીવડે છે, તે દ્વારા જે સાત્ત્વિક શાંતિનો આનંદ જગતની પ્રજાઓને ચાખવા મળે છે, તેવો આનંદ બીજા ગમે તે પ્રકારના વૈભવમાં રાચવા છતાં ન જ મળી શકે. કારણ કે અન્ય પ્રકારના સુખની ઓથે તેના સંરક્ષણની પૂરતી તકેદારી રાખવી પડે છે.

**ગહન પ્રતિજ્ઞાઃ**—સુસુમારપુરથી વિહાર કરીને આગળ ધપતા શ્રી મહાવીર ભોગપુર, નંદીપુર, મેઢક વગેરે ગામમાં થઈને કૌશામ્બી-પુરીમાં પધાર્યા. કૌશામ્બીની શોભા અનુપમ હતી. શતાનિક ત્યાંનો રાજવી, મૃગાવતી તેની પટરાણી. મૃગાવતી ધર્મપ્રેમી અને સંસ્કાર સંપન્ન સન્નારી હતી. જૈનધર્મ પ્રતિનો તેનો ભાવ અટલ અને નિર્મળ હતો. વિશાળીના ચેટકરાજાની તે પુત્રી થાય.

પોષમાસની કૃષ્ણ પ્રતિપદાને દિવસે શ્રી વીર આ નગરીમાં પધાર્યા તેજ દિવસે તેમના સાગર વિશાળ અંતરે એક મોજું ઊછળ્યું, તે મોજાનો મર્મ મહાવીર સમજી ગયા. તેમણે તેજ પળે એક ગહન પ્રતિજ્ઞા લીધી. '(૧) દાસત્વને પામેલી 'હો' (૨) પ્રતિભાસંપન્ન રાજવીની સુપુત્રી (૩) પગમાં જંજીરો સાથે (૪) ઘરના ઉંબરાની મધ્યમાં બેઠી હોય (૫) તેના માથાના હીર શા કેશ કપાયલા હોય (૬) નયને અશ્રુ ગળતાં હોય (૭) ત્રણ દિવસની ઉપવાસી હાલતમાં હોય એવી (૮) દિવસના બે પ્રહર વીતી ચૂકયા બાદ (૯) ઘરને ખૂણે સૂપડામાં પડેલા (૧૦) રાંધેલા અડદ મને ભિક્ષામાં આપશે તો જ હું હવે પછી પારણું કરીશ '

દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ને ભાવની અપેક્ષાએ શ્રી મહાવીરે કરેલી આ પ્રતિજ્ઞા ઘણી જ સૂચક અને આત્મતેજોમય ગણાય.

**શતાનિકની ચિંતા:**—અભિગ્રહ ધારણ કર્યા બાદ શ્રી મહાવીર કૌશામ્બીમાં ભિક્ષાર્થે ફરવા માંડયા. પ્રતિરોજ દિવસના બે પ્રહર બાદ તેઓ ભિક્ષાર્થે નીકળતા પણ તેમને તેમની આકરી પ્રતિજ્ઞાનુસાર ભિક્ષાનો યોગ ન જણાતાં તેઓ તેનો સ્વીકાર કર્યા સીવાય પાછા ફરતા. આ રીતે દિવસ પછી દિવસો વીતવા લાગ્યા. વાત ઊડતી ઊડતી પટરાણી મૃગાવતીને કાને આવી. તે વિચારમાં પડી હું શતાનિકની મહારાણી મારા ખજાનામાં શાની ખોટ હોય, મારે શ્રી મહાવીર જે માગે તે વડે તેમનો અભિગ્રહ પૂર્ણ કરવો જોઇએ. રાજકાજમાં મસ્ત રહેતા નિજના સ્વામી શતાનિકનું તેણે આ વાત પ્રતિ લક્ષ્ય ખેંચ્યું. શતાનિકને થયું કે, રાજકાજની મેલી રમતોમાં રચ્યાપચ્યા રહેવાથી હું આવી અનુપમ તકોને જતી કરું તે આગામી કાળમાં મારા અહિ-તને માટે જ થશે. મારે મહાતપસ્વી મહાવીરની પ્રતિજ્ઞા પૂર્ણ કરવી જોઇએ. તેણે ગામમાં ઢંઢેરો પીટાવ્યો. આ નગરમાં એક મહાતપસ્વી હમેશ બપોરે ભિક્ષાર્થે નીકળે છે, મારાં પ્રજાજનોમાંથી જે તેમને

ભિક્ષા વડે પ્રતિલાભશે તેને હું તેની ઇચ્છા મુજબ સંપત્તિ આપીને પ્રતિલાભીશ.'

ઢંઢેરાને બીજે દિવસે બપોરે મહાવીર નગરમાં આવ્યા. કોઈ તેમની તરફ મીષ્ટાન્ન ધરવા મંડયું, કોઇ હીરા માણેકના થાળ લઈને માર્ગમાં ઊભું રહેતું. હીરા-માણેક રત્ન કે લીલમની ચળકતી દુનિયાની દિવાલોથી પર મહાયોગી સીધા નજરે નગરના રાજમાર્ગો પરથી વગર ભિક્ષાએ આગળ વધવા માંડયા, નગરજનો શોકમાં પડયા, 'મહાભિક્ષુકને શી ભિક્ષા જોઇતી હશે. આવતી કાલે આવે એટલે પાકશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેની સર્વ વાનગીઓ તૈયાર કરીને તે તેમની આગળ ધરીશું ને તેમાંની જે તેમને યોગ્ય જણાશે તે તેઓ સ્વીકારશે એટલે અમારૂં જન્મોજન્મનું દળદર ફીટી જશે.

મહાભિક્ષુક નગરમાં આવ્યા નીચી નજરે આગળ વધવા મંડયા. પસારેલા બે હાથ કોઇ વસ્તુને સ્વીકારતા નથી. નગરજનો એકી નજરે તેમની તેજસ્વી મુખકાન્તિ તરફ નજર રાખે છે. તેમના અગાધ મનોભાવને ટૂંકી બુદ્ધિના ગજ વડે માપવાના પ્રયાસો કરે છે. કેટલાક ભક્તજનો તેમના પગમાં પડીને મનગમતી વસ્તુ માગી લેવાની દર્દભરી પ્રાર્થના કરે છે. ચારે દિશામાં સૌમ્યરસ રેલાવતા મહાભિક્ષુક નગરચૌટે આગળ વધે છે. રાજમહેલ પાસેથી પસાર થાય છે. ઝરૂખામાં બેઠેલી મૃગાવતી મહારાણી તેમના માર્ગમાં રત્ન માણિક્ય નો વરસાદ વરસાવે છે. માર્ગમાં અજવાળાં રેલાય છે. કશાય ને સ્પર્શ્યા સિવાય મહાયોગી ગામ બહાર નીકળી જાય છે.

આ રીતે ચાર મહિના વીતી ગયા. ચિંતાની ભયંકર અગ્નિ જવાળાઓથી પર મહાભિક્ષુક સમભાવે આત્માનંદમાં રમે છે. તેમને નથી ખાવાની ચિંતા કે નથી પહેરવાની. શરીરની ચિંતામાં સમય ગૂમાવવા કરતાં શરીરની ચિંતામાં સમયનાં મૂલ્ય મૂલવનારા મહાયોગીઓના પ્રતાપે જ આ ભારતવર્ષ ધર્મભૂમિ કહેવાય છે અને

દુનિયાનાં મહાજનો આ ભારતભૂમિને ખોળે ઝૂલવા લલચાય છે.

**વિધિનું વિધાનઃ**—આ અરસામાં શતાનિક રાજાને ચંપા-નગરીના રાજા દધિવાહન સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ ઊભો થયો. તેનું કારણ એકમેકની રાજકીય સ્પર્ધા હતી. દધિવાહનની પત્નીનું નામ ધારિણી. તેમને એક સ્વરૂપવતી કન્યા હતી. તેનું નામ વસુમતી. શતા-નિક સાથેના યુદ્ધમાં દધિવાહનની હાર થઇ. રાજાને નાસી જવું પડયું. ચંપાનગરી ઉજ્જડ થઈ ગઇ. રાજા નાસી જતાં લશ્કર પણ નાસી ગયું. ધારિણી અને વસુમતી નિરાધાર બન્યાં. આધારની આશાએ તેઓ પણ રાત્રિનો આશ્રય લઇને નાસવા મંડયા. તેવામાં શતાનિકના એક સુભટે તેમને પકડયાં, પકડીને બન્નેયને પોતાના ઊંટ ઉપર બેસાડયાં.

કાળી રાતે તેમને લઇને કૌશામ્બી તરફ ઝડપભેર જવા લાગ્યો. મધરાત થઇ હશે. તારાનાં આછા તેજમાં ધારિણીનું મુખતેજ ઓર તપતું હતું. તે જોઇને કામાંધ સુભટ લલચાયો. તેણે ધારિણીને પોતાની પ્રિયતમા બનવાની વાત કરી. રાજરાણી ધારિણી આ સાંભ-ળતાં જ ચમકી. મગજ તેનું ભમવા લાગ્યું. વિધિની લીલા પર તેણે બે ઊન્હાં અશ્રુ સાર્યાં. સુભટને તેણે તીખી (ના) સંભળાવી દીધી. ભર જંગલ, મધરાત, મા–પુત્રી, તેમાં વળી સૌન્દર્યનો વરસાદ એક કામાંધ માનવી કને તેમનું કેટલું ચાલે. સુભટે ખેંચ કરી. પવિત્ર સંસ્કારધારી આર્યા ધારિણી શીલની રક્ષા કાજે લાખ્ખો જીંદગીઓ ફના કરતાં ગભરાય તેવી ન હતી. રાજ્ય સુખ કરતાં શિયળનાં મૂલ્ય તેને મન શતગણાં હતાં. વાયુવેગે દોડતા ઊંટ ઉપરથી તેણે પડતું મૂકયું. પડતાંની સાથે તેનો જીવ નીકળી ગયો. આર્ય સન્નારીઓના જીવનની ઉજળી તવારીખો આ આર્યાવર્તને આંગણે ઝળહળે છે, ત્યાં સુધી આર્યભાવનાનો વિજય જ છે.

માતા જતાં પુત્રી બ્હાવરી બની. રુદન વડે જંગલને રડાવવા લાગી. એક રાજાની પુત્રી અસહાય બનીને જંગલમાં રુદન કરે.

આનું નામ વિધિનું વૈચિત્ર્ય! કર્મની અજબ લીલા! ઉષાનો કસુંબી પ્રકાશ પૃથ્વીપટે ફેલાય, તે પહેલાં સુભટ વસુમતીને લઇને કૌશામ્બીનાં દ્વારમાં દાખલ થઇ ગયો.

પ્રહરેક દિવસ ચઢતાં તેણે વસુમતીને વેચવા ભરબજારમાં ઊભી કરી. તેવામાં તે જ માર્ગથી પસાર થતા કૌશામ્બીના શેઠ ધનાવહે તે કન્યાને જોઇ. સુભટને મોં માગ્યા દામ આપી ધનાવહ શેઠ વસુમતીને પોતાને ઘેર લઇ ગયો. શેઠ ધર્મપ્રેમી અને આબરૂદાર હતા. ઘેર આવીને તેણે પોતાની પત્ની મૂળાને બોલાવી. વસુમતીને પુત્રીની જેમ ઉછેરવાની આજ્ઞા કરી. શેઠે વસુમતીને તેના કુળ–માતા–પિતા–ગામ વગેરે સંબંધી પ્રશ્નો કર્યાં, પણ કુળવંતી કન્યા એકેયનો ઉત્તર ન આપવાને બદલે મ્લાનવદને શાંત ઊભી રહી. છતાં કુલની સંસ્કારિતા તેના મુખ ઉપર તરતી હતી અને તેને લઇને શેઠે તેને કુળવાન માની લીધી.

રાજકન્યા વણિકને ઘેર ઊછરવા લાગી. ચંદન શા શિતલ સ્વભાવથી તે કૌશામ્બીના જનોમાં ચંદનાને નામે ઓળખાવા લાગી.

વય વધતાં શી વાર! અને તેમાં ય રાજકન્યા. ધીમે ધીમે ચંદનાનું સૌન્દર્ય ખીલવા લાગ્યું. કેશકલાપ તેનો પગ એડીએ સ્પર્શવા લાગ્યો. રમતિયાળ અને નિર્દોષ તેના મુખભાવ અજાણ્યાને આકર્ષે તેવા હતા. વિકસતા તેના સૌન્દર્ય પ્રતિ મૂળા શેઠાણીની આંખ ખેંચાઇ. સ્ત્રી સહજ સ્વભાવથી તેણે વિચાર્યું. આ કન્યા સ્વરૂપવતી થાય અને મોટી વયે આ એકલા ઘરમાં રહે તેથી મને લાભ તો નથી જ. તે છતાં તે છૂપી નજરથી ચંદનાની હીલચાલ તપાસવા લાગી.

દિવસ ઉનાળાનો હતો. ધનાવહ શેઠ કામથી થાકીને ઘેર આવ્યા હતા. ઘેર આવતાવેંત તેમણે સેવકને હાક મારી. સેવક હાજર ન હોવાથી ચંદના, 'આવી પિતાજી' કરતી ગઇ. શેઠે તેને એક લોટો પાણી

લાવી પોતાના પગ ધોવાનું કહ્યું. શેઠ ચંદનાને પુત્રી જેવી સમજતા, ચંદનાને મન શેઠ પિતાતુલ્ય હતા. ચંદના શેઠના પગ ધોવા લાગી, તેવામાં તેનો ચોટલો છૂટી ગયો ને લાંબા વાળ કાદવમાં ખરડાવા લાગ્યા, શેઠે આ જોયું. તેમણે વાળ અદ્ધર કર્યા. છૂપી પોલીસનું કામ કરતી મૂળા શેઠાણીએ આ દૃશ્ય જોયું. તેની આંખો ફાટી. ચંદના હવે તેને કાંટા જેવી લાગી, તે કાંટાને ગમે તે રીતે ઘરમાંથી દૂર ફેંકી દેવાનો તેણે નિશ્ચય કર્યો.

જમી પરવારીને શેઠ બજારમાં ગયા. શેઠાણીએ એક હજામને પોતાને ઘેર બોલાવ્યો. રાજકન્યા ચંદનાના સુંવાળા દીર્ઘ કેશ તેની પાસે કપાવી નાખ્યા. તેને ગડદાપાટુનો માર માર્યો. તેના પગમાં લોઢાની બેડી નાંખી અને કોઇ ન જાણે તેવી રીતે ઘરના એક ખૂણામાં આવેલા અંધારા ઓરડામાં પૂરી દીધી. નોકર–ચાકરને આ વાત શેઠથી ગુપ્ત રાખવાનો કડક હુકમ કર્યો.

સાંજે શેઠ ઘેર આવ્યા. જમવા બેઠા. ત્યાં તેમણે ચંદનાને ન જોઇ. તે વિષે શેઠાણીને પૂછપરછ કરી. તે આટલામાં રમતી હશે, કહીને શેઠાણીએ વાતનું મૂળ કાપી નાખ્યું. બીજે દિવસ થયો. શેઠ ચંદનાને ક્યાંય ન જોઇ શક્યા. તેમને શેઠાણી તરફ વહેમ ગયો. છતાં ગૃહકલેશને નહિ વધારવાના સ્વભાવવાળા શેઠ તે દિવસે પણ શાંત રહ્યા. ત્રીજા દિવસનું મંગલપ્રભાત ઊઘડયું. શેઠે શેઠાણીને ચંદના સંબંધી પ્રશ્નો પૂછ્યા. શેઠાણી આડાઅવળા જવાબો આપીને વાતને ઉરાડવા લાગી. ધનાવહ શેઠ ગુસ્સે થયા. ઘરના તમામ નોકરોને એકત્ર કરીને ધમકી આપી. 'ચંદનાની ભાળ નહિ મળે તો તમને સર્વેને સખત શિક્ષા કરાવીશ.' ગુસ્સાને દર્શાવતા શેઠે ચાકરોને કહ્યું.

ચાકરો કોઇ કશું ન બોલ્યા. છેવટે એક ઘરડી દાસીએ આગળ આવીને મૂળાના પાપનો ઘડો ફોડી નાખ્યો; ચંદનાની સ્થિતિની તમામ વાત શેઠને કરી.

ઝડપભેર શેઠ ઊભા થયા. જે ઓરડીમાં ચંદના કેદી હતી તેનાં દ્વાર ખોલી નાખ્યાં. અંદર આંખો ફેંકી. ત્રણ દિવસની ક્ષુધિત ચંદના, પકડાયલી હાથિણી માફક એક ખૂણામાં અશ્રુ ગાળતી બેઠી હતી. માથાના તેના વાળ કપાઇ ગયા હતા. ચંદનાની હાલત જોતાં શેઠનું હૈયું ભરાઇ આવ્યું. ત્રણ દિવસની ભૂખી બાળાને ભોજન કરાવવાની ગણત્રીએ તેઓ રસોડામાં ગયા. ત્યાં કાંઇ ન મળ્યું. છેવટે એક ખૂણામાં અડદ જોયા. અડદનું સૂપડું લઇને શેઠ ચંદના પાસે આવ્યા. તેને તે વડે ત્રણ દિવસની ભૂખ ભાંગવા કહ્યું અને પોતે લુહારને તેડવા ગયા.

શેઠ ગયા. ચંદના એકલી પડી. તેણે પોતાની સ્થિતિ તરફ નજર કરી. કર્મની વિચિત્રતાનો તેને ખ્યાલ આવ્યો. પછી તેની નજર ખૂણામાં પડેલા અડદના સૂપડા તરફ ગઇ. ત્રણ ઉપવાસને અંતે મળેલા બાકુળા જોતાં જ તેના મનમાં એક વિચાર સ્ફૂર્યો. આ બાકુળા કો મહાભિક્ષુકને વહોરાવ્યા બાદ પારણું કરૂં તો કેવું ! બીજી જ પળે તેણે તે વિચાર મક્કમ કર્યો ને મહાભિક્ષુકની શોધમાં આસપાસ નજર નાખવા માંડી.

મહાભિક્ષુક શ્રી મહાવીર કૌશામ્બીના રાજમાર્ગ પર રોજ આવે છે અને ભિક્ષા સ્વીકાર્યા વિના પાછા જાય છે. આ રીતે પાંચ માસ વીતી ગયા. છ માસને ફક્ત પાંચ દિવસ બાકી હતા. ઉચ્ચ પ્રકારના અભિગ્રહને પકવતો કાળ પૂરો થયો હતો એટલે કે મહાપુરૂષોની પ્રતિજ્ઞા નિષ્ફળ જતી જ નથી. જેવું તે પ્રતિજ્ઞાનું સ્વરૂપ હોય તે પ્રમાણે તેને પરિપક્વ થવામાં સમય લાગે.

મહાભિક્ષુકની શોધમાં આસપાસ નજર નાખતી ચંદના પગમાં બેડી સાથે ઓરડા ને ઊંબરની મધ્યમાં ઊભી છે. તે ધન્ય પળે, તેજ ગલીમાં મહાભિક્ષુ મહાવીરે પગલાં કર્યાં. ઘર પછી ઘર વટાવતા તેઓ ચંદનબાળાના ઓરડા સન્મુખ આવી ઊભા. તેમણે જોયું કે મારી પ્રતિજ્ઞાનું અજબ સ્વરૂપ ધરાવતું આજે આ ધરાતલે કોઇ હોય તો

આ રાજકન્યા જ છે; મહાભિક્ષુકને જોતાં જ ચંદનબાળા બાકુળા લાવી ને તે મહાભિક્ષુકના કરમાં વહોરાવવા તૈયાર થઇ; પણ તેજ પળે મહાતપસ્વી ખંચકાયા, ત્યાંથી બે ડગ આગળ વધ્યા. મહાભાવી ચંદના ચમકી, 'આંગણું આવ્યા મહાયોગી પાછા જાય'! તેની આંખોમાં સરિતાપૂર ઉભરાઇ આવ્યું. મહાભિક્ષુકે જોયું હવે પ્રતિજ્ઞા પ્રમાણે છે. પહેલાં આ બાળા અશ્રુવિહીન હતી હવે અશ્રુ સારતી ઊભી છે. તેમણે કર પસાર્યો. ત્રણ દિવસની ઉપવાસી રાજકન્યાએ એકસો પંચોતેર દિવસના મહાતપસ્વી મહાવીરના કરમાં અડદના બાકુળા વહોરાવ્યા. શ્રી વીરની ગહન પ્રતિજ્ઞા વિધિએ પૂરી કરી. રાજકન્યાને દુઃખનો મર્મ સમજાયો. નિર્મળ ભાવનાની બળવત્તરતા વડે પગની બેડીઓ તૂટી ગઇ. માથાના વાળ પાછા આવ્યા. રૂપ એવડું ખીલ્યું. વાતાવરણમાં આનંદના સૂર જાગૃત થયા. રાજનગર આખુંયે હર્ષઘેલું બની ગયું. દિશાઓમાં 'જય જય' ધ્વનિ પ્રગટી ગયા.

શતાનિકને વાતની જાણ થઇ. તેણે ધનાવહને ઘેર રાજદૂત મોકલ્યો. ચંદનાને રાજમંદિરે તેડાવી. ચંદના સાથેની વાતનું ઊંડાણ માપતાં મૃગાવતી સમજી શકી કે તે તેની સગી બહેન ધારિણીની પુત્રી હતી. રાજાએ કરેલા અકાલિક આક્રમણનો તેની માતા અને તે ભોગ બનેલાં. બહેનની વાત સાંભળતાં મૃગાવતીનાં અંગ ધ્રૂજી ઊઠ્યાં. ચંદનબાળાને રાજમહેલમાં રાખવાનો તેણે પ્રબંધ કર્યો. મૂળાએ આવીને ચંદનાની માફી માગી. રાજાએ ધનાવહનો સારો આદરસત્કાર કર્યો.

**ચોમાસું બારમું:**—પ્રતિજ્ઞા પૂરી થયે મહાવીર કૌશામ્બીથી રવાના થયા. વિહાર કરતા તેઓ ચંપાનગરીએ આવ્યા. ત્યાં એક અગ્નિહોત્રી બ્રાહ્મણ રહે છે. સ્વાતિદત્ત તેનું નામ. તેની અનુમતિથી વીરે બારમો વર્ષાકાળ તેની શાળામાં વ્યતીત કર્યો. સ્વાતિ-

દત્ત વિદ્વાન હતો; છતાં સંપૂર્ણ તો નહિ જ. શંકાનું સમાધાન કરવા તેણે જીવ સંબંધી પ્રશ્નો મહાવીરને પૂછયા. ઉત્તર સાંભળીને તે નમી પડયો.

ચોમાસું વીત્યું. મહાવીરે વિહાર શરૂ કર્યો. ફરતા ફરતા જૃભંક ગામે આવ્યા. ત્યાંના ભાવિકજનોએ તેમની સ્તવના કરી. શ્રી વીર આગળ વધ્યા; મેઢક ગામે આવ્યા. ત્યાં રજની ગાળીને ષણ્માનિ ગામે પધાર્યા. ગામ બહારના નિરવ પ્રદેશમાં ધ્યાનસ્થ થયા.

**ખીલા ઠોકયા:**—સમય સંધ્યાનો હતો. ગોરજથી હવામાન ગુગરૂં બન્યું હતું. આથમતા રવિનાં છેલ્લાં કિરણો રજનીના પ્રથમ તારકને સત્કારવા હસતાં હતાં. ગામ પાદરે ભસતાં કૂતરાં પન્થ ભૂલ્યા પથિકને દીવાદાંડીરૂપ હતાં. વીર ઊભા હતા તે સ્થળે એક ગોવાળ આવ્યો. ગામનાં ઢોરને તે દોહતો હતો. તેની સાથે બે બળદ હતા. તે બળદ વીર પાસે ચરતા મૂકીને તે ગામમાં ગયો. ગામનાં ઢોર દોહીને કલાકેકમાં તે પાછો વળ્યો. ત્યાં બળદ ન જોયા, વીરને તે સંબંધી પ્રશ્નો કર્યો. પણ સાંભળે કોણ? વીરની કર્ણેન્દ્રિયો અત્યારે આત્માના મધુર શિતલ કલ્યાણ સંગીતના પ્રવાહમાં લીન હતી. બહારની ધમાલમાં ઊભેલું મહાવીરનું શરીર, અંતરના કલ્યાણ-મન્ત્રોમાં લુબ્ધ હતું. જોનારને લાગે કે પંચેન્દ્રિયોનો ધણી છે ને બહારની ક્રિયાઓ તરફ આટલો બધો બેતમા હશે. ગોવાળને થયું કે, મારા શબ્દો આમને નહિ સંભળાતા હોય, કદાચ બહેરા હશે તો તેમના કાનમાં ફૂંક મારીને બળદ સંબંધી પ્રશ્નો પૂછવા લાગ્યો. પણ તેને ઉત્તર ન મળ્યો. તે અકળાણો. ત્યાંથી દૂર જંગલમાં ગયો. કાશડા નામની વનસ્પતિના ઝાડની શળીઓ કાપી લાવ્યો. તે શળીઓને તેણે તીણી-તેજદાર બનાવી. પછી મહાવીર તરફ ગયો. ઇન્દ્રિયો તરફ આંગળી ચીંધી તે બડબડવા લાગ્યો, ' આવી ઇન્દ્રિયો શા કામની કે જે અન્યના હિતાહિત પરત્વે પણ લક્ષ

ન દે અને મન ફાવે તે રીતે વર્ત્યાં કરે, માટે આ દ્વારોનો લોપ થવો જ જરૂરી છે.' આટલા બડબડાટ પછી તેણે તીણી શળીઓ ધ્યાનસ્થ મહાયોગીનાં કર્ણદ્વારોમાં ખોસી. તે શળીઓ પર પત્થરના ઘા કરી તેને કાનમાં ઊંડી ઉતારી, બહાર દેખાતા છેડાઓ કાપી નાખ્યા. છતાં મહાયોગી મહાવીર ન હાલ્યા, ન ચાલ્યા કે ન એકે ચીસ પાડી. એ સાબિત કરે છે કે તેમનું શરીર શરીરના દર્શનમાં લુબ્ધ હોવાને કારણે જ આવી ભયંકર પ્રકારની યાતના પરત્વે પણ લેશ ક્ષોભ ન પામ્યું. શુભધ્યાને સ્થિત શ્રી મહાવીર ત્યાંથી વિહાર કરીને મધ્યમ અપાપા નગરીએ આવ્યા.

**મધ્યમ અપાપામાં:**–અપાપાનગરીમાં ગૌચરી કાજે નીકળેલા મહાવીર સિદ્ધાર્થ નામે ધનિકને ઘેર પધાર્યા. ધનિકે તેમને સત્કાર સહિત અન્ન વહોરાવ્યું. તે ધનિકનો ખરક નામે વિચક્ષણ એક મિત્ર તે પ્રસંગે ત્યાં હાજર હતો. તેણે વીરને જોયા. પછી તેના ખ્યાલમાં આવ્યું કે, સર્વલક્ષણે સંપૂર્ણ આ માનવમૂર્તિ કંઈક ઝાંખી જણાય છે, માટે અવશ્ય તે શલ્યવાળી હોવી જોઇએ. ખરક તે કાળનો ધન્વન્તરી હતો. તેણે સિદ્ધાર્થને કહ્યું, 'મિત્ર, આ મહાનુભાવનું શરીર તપાસવાની મને જરૂર જણાય છે, તો તું અનુમતિ આપે તો હું તેમનું શરીર તપાસું' સિદ્ધાર્થની અનુમતિ મળતાં ખરકે શ્રી વીરનું આખું શરીર તપાસ્યું. તપાસને અંતે માલૂમ પડયું કે, કો, મહાપાપી માનવે તેમના કાનમાં ભયંકર કાષ્ઠ શળીઓ ખોસેલી છે.

સાંભળતાં જ સિદ્ધાર્થ ચમકયો. મહાતપસ્વીના કાનમાં શળીઓ! તેમણે તે શળીઓ નાખનારનું શું બગાડયું હશે? ખરકને વિનવતો તે બોલ્યો 'ભાઇ, આ મહાયોગીના કાનમાંથી સત્વર શળીઓ કાઢી શકાય તેવો ઉપાય તું શોધી કાઢ. તે બદલ જેટલો ખર્ચો થશે તેટલો આપવાને હું તૈયાર છું. તેમનું આ દર્દ જોયું નથી

જતું. ભાઈ! શરીરની અપેક્ષા રહિત આ મહામાનવ આપણને ચિકિત્સા કરવા દેશે કે કેમ તેની શી ખાત્રી?' ખરક વિચારપૂર્વક બોલ્યો.

સિદ્ધાર્થે કહ્યું, 'વિચાર છોડી દો, એ મહાતપસ્વી જ્યાં જઈને ધ્યાનમાં ઊભા રહે, ત્યાં જઈને આપણે તેમના કાનમાંથી શળીઓ કાઢવાનો પ્રયોગ કરવો. જેના શુદ્ધ હૃદયમાં ગુરુભક્તિનો ઝરો વહેતો હોય છે, તે માનવી પ્રસંગ મળતાં તે ઝરામાં નિજના જીવનતાપને ધોઈને નિર્મળ થાય છે. ગુરુ પ્રત્યે ભક્તિ થવી એ પણ સદ્ભાગ્યના ચિહ્ન બરોબર છે.

મહાવીર ગામ બહાર ગયા કે તરત જ સિદ્ધાર્થ અને ખરક બન્ને ય તેમની પાછળ ગયા. સાથે શળીયો કાઢવાને જરૂરી શસ્ત્રો અને ઔષધિઓ પણ હતી. ઊભેલા વીરને ખરકે તેલની એક કૂંડીમાં બેસાર્યાં પછી તેમના શરીરને સાંધે સાંધે તેલનો માલીસ કર્યો, ચંપી કરનારાં બળવાન માણસો પાસે શરીરના સાંધા ઢીલા કરાવ્યા. પછી બે સાણસીઓ લાવી બે બળવાન માણસોના હાથમાં તે આપવામાં આવી. ઢીલી પડેલી શળીઓ સાણસીની પક્કડમાં આવી, પણ ખેંચતી વખતે ઊંડા ગયેલા તે મૂળે બહાર આવતાં જોર કર્યું, બળપૂર્વક સાણસી અજમાવવી પડી. રૂધિરભીની બન્નેય શળીઓ નીકળી. તે પળે શ્રી વીરના મોંમાંથી એક ભયંકર ચીસ નીકળી પડી, જાણે કર્મોનો અવશેષ. ભકિતવાન ખરક વૈદ્યે તત્કાલ સંરોહિણી ઔષધિથી પ્રભુના કાન રૂઝવી નાખ્યા અને તેમને ખમાવીને બન્નેય મિત્રો ઘેર ગયા.

**કર્મની ગતિઃ**—કર્મની ગતિ ન્યારી છે. મહાસત્તાધીશ કે રંક ભિક્ષુક ઉભયને તેનો પરચો પડે છે. 'વાવે તેવું લણે, કરે તેવું પામે' આદિ લોકોકિતઓનાં મૂળ ઊંડાં છે. જે પ્રકારના ભાવ અન્ય માનવ સમુદાય કાજે આપણા અંતરમાં તરતાં હોય, તે પ્રકારના

પરિસ્થિતિ આપણે ત્યાં અવશ્ય ખડી થાય. કર્મનાં ફળ તુરત જ ચાખવાં મળે એવું કાંઇ નથી. તેનો આધાર કર્મના પ્રકાર ઉપર રહે છે. જેટલું તીવ્ર આપણું કર્મ, તેટલો વહેલો તેનો ઉદય એટલે કે તેનાં ભલાં–બૂરાં ફળ આપણને તરત જ ચાખવા મળે.

કર્મ કોઇ દિવસ બાતલ ન જ થાય. મન, વચન કે કાયા વડે આપણે જે અશુભ કે શુભ ચિંતવીએ, બોલીએ કે કરીએ તેની સૂક્ષ્મ છબિ અવકાશના અણુમાં પડે. તે છબિ આપણાં કર્મનું પ્રતીક બની આપણને જે રીતનું આપણું માનસ હોય તે રીતનું દર્શન આપે. કર્મનો સિદ્ધાન્ત સમજનાર માનવી આ દુનિયામાં ભોગવવાં પડતાં સુખદુઃખમાં પણ નીતિ અને ધૈર્ય ન જ ગૂમાવે. આ દુનિયામાં આજે પાપી ગણાતા મોજ માણે છે, પુણ્યાત્માઓ દુઃખના તાવડે તવાય છે; અને આવાં પરસ્પર વિરોધી દશ્યો નજરે પડતાં જ કેટલાક ડગમગ થતા જીવો ધર્મના રસ્તા પરથી ઊતરી જઇને દુઃખના માર્ગે પગલાં પાડવા તૈયાર છે. કોઇ પણ વસ્તુના તત્કાલિન સ્વરૂપનો અભ્યાસ કરતાં પહેલાં, તે સ્વરૂપને ઘડવામાં ઉપયોગી નીવડેલા આસપાસના સંયોગો અને કાળનો અભ્યાસ જરૂરી છે.

શ્રી મહાવીર રાજકુમાર હતા પછી તેમણે સંસાર ત્યાગની દીક્ષા લીધી. જંગલોમાં ફરતા થયા. તેઓ કોઇનું લેશ પણ અશુભ ન ચિંતવતા. મુખથી ન કોઇને અપશબ્દ કહેતા, કાયાથી ન કોઇને માર મારતા. છતાં તેમને અપાર યાતનાઓ વેઠવી પડી. તે યાતનાઓનું મૂળ કારણ પૂર્વના અનેક જન્મોમાં તેમણે કરેલાં શુભાશુભ કર્મો જ ગણાય, કર્મનો સિદ્ધાન્ત લેણદેણના સિદ્ધાન્ત જેવો છે. ધારો કે આપણે એક વેપારીને ૧૦૦) રૂપિયા આપ્યા, ચોપડામાં તેને નામે ૧૦૦) ઉધાર્યા. તેણે આપણે નામે તેટલી જ રકમ જમા કરી. હવે જ્યાં સુધી તે રકમનો હિસાબ ચૂકતે ન થાય ત્યાં સુધી બન્નેય જણા લેણદેણથી બંધાયલા ગણાય કે નહિ ? તેજ રીત કર્મની પણ

છે. આપણે કોઇને અપશબ્દ કહ્યો, તે શબ્દ અવકાશને ચોપડે લખાઇ ગયો. આપણે જેને શબ્દ કહેલો તે આદમી ધારો કે મરી ગયો છતાં પણ અવકાશ તો સદા કાળ અસ્તિત્વમાં જ રહે છે. કાળ વહેતાં તે અપશબ્દનું પણ વ્યાજ ચઢે ને જ્યાં સુધી, સામેનો માનવી નવો જન્મ ધારણ કરીને આપણને તે અપશબ્દના બદલામાં વ્યાજસહિત થપ્પડ ન મારે ત્યાં સુધી તેને અને આપણે બન્નેને આ સંસારમાં ભમવું જ પડે.

આજનો વિજ્ઞાનવાદ કર્મના સરલ સિદ્ધાન્તને મ્હાત કરવાના પ્રયાસો કરે છે. પણ તેનું પરિણામ સારૂં નહિ આવે. વિજ્ઞાનના નિયમ પ્રમાણે પણ કર્મવાદ સાબિત થયેલો જ છે. વિજ્ઞાન કહે છે, 'આઘાત છે, ત્યાં પ્રત્યાઘાત છે.' એક દડો ઉછાળો, ઉછાળવામાં શક્તિનો જેટલો હિસ્સો ખર્ચીયો હશે, તે પ્રમાણે તે દડો જમીન ઉપર પડીને પાછો ઊછળશે. કર્મવાદના સિદ્ધાન્ત પર રચાયેલ પુનઃજન્મવાદ માનવામાં જ વિજ્ઞાનને સહન કરવું પડતું હોવાથી તે કર્મવાદને જ નકારે છે, પણ તે ખોટું છે. કર્મ છે, જીવ છે અને અનેક જન્મો પણ છે. અન્યથા શ્રીમંત–ગરીબ, દેખતા–અંધ, ચાલતા–પંગુ વગેરેના વ્યવસ્થિત ભેદ આ દુનિયામાં ટકી જ ન શકે અને આ ભેદ માનવા જતાં પોતાના વિજ્ઞાન વિકાસની ઘેલી યોજના રૂંધાતી હોવાથી વિજ્ઞાનવીરો જડવાદનાં જ બણગાં ફુંક્યાં કરે છે અને અવનવી શોધો વડે દુનિયાને અજાયબી પમાડે છે. પરંતુ આત્માની અમાપ શક્તિ પરત્વે શ્રદ્ધા ધરાવનાર વર્ગ તેમની તેવી શોધોથી અજાયબ ન થાય તો તેમાં વિશેષ કશું જ નથી.

**કેવળજ્ઞાનઃ**—મધ્યમ અપાપાના ઉદ્યાનમાં નડેલો ઉપસર્ગ છેલ્લો હતો. ત્યાંથી વિહરતા ક્ષમાસાગર મહાવીર જૃંભક ગામે પધાર્યા. તે ગામને તીરે વહેતી પુણ્ય સલિલા ઋજુવાલિકા નદીના તટ પર આવેલા શ્યામાક નામે ગૃહસ્થના ખેતરમાં ઊભેલા શાલ્મલિ વૃક્ષની પરમ પવિત્ર છાયામાં તેઓ આત્મલીન થયા.

મંદ મંદ પ્રવાહે વહેતા ઋજુવાલિકાના નિર્મળ સલિલની મધુર શિતલ ફોરમ, આસપાસ વીંટળાઈને ઊભેલાં હરિયાળાં ખેતરોને નૂતન ચેતન બક્ષતી હતી. વૈશાખ સુદ દશમનો ચન્દ્રમા અંબરના તેજસ્વી નિર્મળ લલાટે ચળકતો હતો. તારાનાં તેજ આછાં હતાં. રાતનો એક પ્રહર વીતી ચૂક્યો હતો. નદી તટે શિતલ શાંતિ જામી હતી. કવિતાના સૂર રેલાવતું નદીનું પાણી અમાપ સાગરની દિશામાં દોડયે જતું હતું.

અજવાળી રાતે, નિર્મળ હવામાન મધ્યે, સરિતાના પવિત્ર તટે, શાલ્મલિ વૃક્ષને શોભાવતા મહાવીર આત્માની અનુપમ કલાસમૃદ્ધ છબી નિહાળવામાં લીન હતા. આત્મલીનતા તેમની પ્રતિપળે વિશેષ દૃઢ બની. સૃષ્ટિના હૈયામાં ધબકતા ચૈતન્ય રવમાં તેમનું હૃદય મળી ગયું. વિશ્વને અંતરે વહેતા પ્રકાશ ઝરણમાં તેમના અંતરનું પ્રકાશ ઝરણું મળી ગયું. મહાવીર વિશ્વમય બની ગયા, તેમને કેવળ જ્ઞાન થયું. કર્મશિલા આડે રોધાતો પ્રકાશનો ઝરો, ખળખળ કરતો વહેતો થયો. પુરૂષાર્થ બળે મહાવીરે કર્મશિલાના ભૂક્કા ઉડાવી દીધા. આસપાસ પ્રકાશની ઝીણી સેરો વર્ષવા માંડી. સૃષ્ટિનું હૈયું થનગની ઊઠયું, માનવલોકમાં આનંદનાં પૂર પ્રસર્યાં. ત્રિલોકના દુઃખીમાં દુઃખી જીવને તે ધન્ય પળે સુખ માણવા મળ્યું.

મહા તપસ્વી મહાવીર 'વિશ્વતારક' (Light of Universe) બન્યા, વિશ્વવંદ્ય વિભૂતિ બન્યા. સંસારની ભઠ્ઠીમાં તપતા જીવોને પરમ શાંતિ આપવા જ્ઞાનસાગર બન્યા.

કેવળજ્ઞાન એટલે સૃષ્ટિનું કેવળ, સૃષ્ટિનો જે સાર ગણાય, તેને નિર્મળ આત્મા વડે સ્પર્શવું તે. પરંતુ કેવળજ્ઞાન પહેલાં કેવળદર્શન થાય. કેવળદર્શન એટલે સૃષ્ટિમાં તરતા સ્નેહનું સૃષ્ટિમય બનેલા આત્મામાં દર્શન. દર્શન થાય કે તરત જ તેનું જ્ઞાન થાય. દર્શન એટલે દેખવું, અને જ્ઞાન એટલે જાણવું. કેવળદર્શન અને કેવળજ્ઞાનની

જીવન્ત ભૂમિકા તે ચરિત્ર. કેવળદર્શન ને જ્ઞાન પછી તેનું સ્થાન આવે.

કેવળદર્શન તે કેવળ+દર્શન; કેવળજ્ઞાન તે કેવળ+જ્ઞાન; કેવળ-ચારિત્રનો અર્થ કેવળ+ચારિત્ર. શરીરસ્થ આત્માનું, સર્વ શુભાશુભ કર્મોનાં વાદળોને દૂર કરીને, વિશ્વસ્થ આત્મામાં મળી જવું અને ત્રણેય કાળમાં થતી ક્રિયાઓને એકજ કાળમાં અભ્યસી શકવી તેનું નામ જ કેવળજ્ઞાન કે 'દિવ્યદર્શન.'

**તપ અને પારણાંની સંખ્યાઃ**—શ્રી મહાવીરે ઇ. સ. પૂર્વે ૫૬૯માં દીક્ષા લીધી. (વિ. સં. પૂ. ૫૧૨-૧૧) દીક્ષાકાળથી તે 'દિવ્યદર્શન'ની સુવર્ણ પળ વચ્ચેનો ગાળો બાર વર્ષ છ માસ અને પંદર દિવસનો છે. તે દિવસોમાં શ્રી મહાવીરે કેટકેટલી તપશ્ચર્યા કરી તેનો કોઠો નીચે પ્રમાણે છેઃ—

| તપનું નામ | કેટલા કર્યા | એકંદર દિવસની સંખ્યા | પારણાના દિવસની સંખ્યા |
|---|---|---|---|
| છ માસના ઉપવાસ | ૧ | ૧૮૦ | ૧ |
| છ માસમાં ઓછા પાંચ દિવસ | ૧ | ૧૭૫ | ૧ |
| ચાર માસી ઉપવાસ | ૯ | ૧૦૮૦ | ૯ |
| ત્રણ માસી ઉપવાસ | ૨ | ૧૮૦ | ૨ |
| અઢી માસી ઉપવાસ | ૨ | ૧૫૦ | ૨ |
| બે માસી ઉપવાસ | ૬ | ૩૬૦ | ૬ |
| દોઢ માસી ઉપવાસ | ૨ | ૯૦ | ૨ |
| એકમાસી ઉપવાસ | ૧૨ | ૩૬૦ | ૧૨ |
| અર્ધમાસી ઉપવાસ | ૭૨ | ૧૦૮૦ | ૭૨ |
| પ્રતિમાએ અઠમ તપ | ૧૨ | ૩૬ | ૧૨ |
| છઠ (બે ઉપવાસ) તપ | ૨૨૯ | ૪૫૮ | ૨૨૮ |
| ભદ્ર પ્રતિમા | ૧ | ૨ | ૧ |
| મહાભદ્ર પ્રતિમા | ૧ | ૪ | ૧ |
| સર્વતોભદ્ર પ્રતિમા | ૧ | ૧૦ | ૧ |
| | | ૪૧૬૫ | ૩૫૦ |

વિક્રમાદિત્ય સંવત પૂર્વે ૫૧૨–૧૧ ના માગસર સુદી દશમને દિવસે સંસારત્યાગ કર્યા પછીનાં બાર વર્ષ છ માસના પંદર દિવસના ગાળામાં ફક્ત ૩૫૦ દિવસ તેમણે અન્ન આરોગ્યું છે અને બાકીના દિવસોમાં કઠીન તપશ્ચર્યાઓ કરીએ તેમને દિવ્યદર્શન થયું વિ. સં. પૂર્વે ૪૯૯ ના વૈશાખ સુદ દશમે. ગણત્રી પ્રમાણે વિ. સં. પૂર્વે ૫૧૨–૧૧ ના (ઇ. સ. પૂર્વે ૫૬૯ થી) માગસર સુદ દશમથી વિ. સ. પૂર્વે ૪૯૯ ના વૈશાખ સુદી ૧૦ સુધી બાર વર્ષ અને સાડાપાંચ મહિના થાય, પણ અધિક માસની ગણત્રીએ એક મહિનો વધ્યો છે. ઉપરના કોઠામાં છઠ બસોઓગણત્રીસ ગણાવીને પારણાના દિવસો બસો અઠ્ઠાવીસ જણાવ્યા છે. તેનું કારણ એ છે કે, છેવટના છઠ્ઠમાં શ્રી મહાવીરને 'દિવ્યદર્શન' લાધેલુ ને તેનું પારણું તે પછી કર્યું હોવાથી પારણાનો તે દિવસ તેમની સાધુ અવસ્થામાં ગણત્રીમાં ન લેતાં 'વિશ્વતારક'ના જીવનમાં લીધેલ છે.

તપ કેટલો ! એક શરીરધારી છ છ મહિના સુધી અન્નજળ વિના ચલાવી શકે, તેનું મૂળ આત્મામાં રહેલા પ્રકાશનુ બળ છે. ખાવું કે પીવું એ આત્માનો ગુણ નથી. આહાર તો કેવળ શરીર ટકાવાર્થે જ હોય કે આત્માનંદીને ખોરાક તરફ ઓછું જ લક્ષ રહે છે પુદ્ગલાનંદી જ ખોરાકમાં આનંદ માણે. છતાં શરીરના ટકાવ પૂરતો ખોરાક લેવો જરૂરી ગણાય. કહેવત છે કે, "આહાર અને નિદ્રા વધારીએ તેટલાં વધે," કારણ સરળ છે. આહાર અને નિદ્રા શરીરને સુખાકારી લાગે, એટલે શરીરપ્રેમી જનો તે વધારી શકે. આત્માનંદી કાજે આહાર અને નિદ્રા ઉભય અલ્પ–જરૂર પૂરતાં હોવાં ઘટે.

કોઇ પણ શક્તિ ખીલવવા કાજે તેનો અભ્યાસ જરૂરી છે. ખાવાનો સ્વભાવ અનાદિકાળથી આપણને વળગેલો છે તે દૂર કરવા માટે દિનપ્રતિદિન ખોરાક ઘટાડવો જોઇએ અથવા તપ કરવો જોઇએ. તપ કરવાથી ભોજનમાં ખર્ચાતી શક્તિનો સદુપયોગ થશે અને તે

કર્મમેલને બાળવામાં સહાયભૂત થશે. તપ એટલે કર્મને તપાવનારું બળ. તે બળને જાગૃત કરવા અમુક સમય ખોરાક ન લેવો તેનું નામ તપ. નૌકારસી પણ તપ ગણાય અને ઉપવાસ પણ તપ ગણાય. તપ જેટલો મોટો હોય, તેની મુદત જેટલી લાંબી હોય, તેટલો તેનો પ્રભાવ પણ વધારે. તપથી માનસિક એકાગ્રતા સારામાં સારી ખીલે છે છતાં પણ શારીરિક શક્તિના ખ્યાલ પ્રમાણે જ તપ કરવો જોઇએ. નબળા શરીરે વધારે તપ લાભ કરે, પણ થોડા સમય પૂરતો.

શ્રી વીરની તપશ્ચર્યાને લક્ષમાં રાખી યથાશક્તિ તપ કરવાથી આપણાં કર્મદળો પણ દૂર થાય. શ્રી વીરના આપણે અનુયાયી અનુકૂળ બાબતોમાં તેમનું અનુકરણ કરીએ, તો પછી પ્રતિકૂળ બાબતોમાં કેમ નહિ? શરીરને સારૂં લાગે તે કરવું અને આત્મહિતને ભૂલવું તે ક્યાંનો કાયદો? અને શરીરનો મોહ કેટલા સમય પૂરતો? આજે જે શરીર વડે આપણે દુનિયામાં મ્હાલીએ છીએ, એવાં તો અનેક શરીરો આપણુને મળી ચૂક્યાં હશે અને અનેક વખત આપણે તે શરીરોની પૂરતી કાળજી રાખી હશે, છતાં આજે રસ્તામાં જોઇને ન ચાલીએ કે એક કલાક વધારે કામ કરીએ છીએ તો શરીર થાકી જાય છે અને મન દ્વારા 'આરામ'નો સંદેશો મળે છે. તો એવા નિમકહરામ શરીરને ફટાડવાથી શો લાભ? તેના કરતાં શાશ્વતપ્રકાશી આત્માના રંગમાં શરીરને રંગવું તે શું ખોટું? શરીરને આત્માનો નિર્મળ રંગ લાગશે, ત્યારેજ આપણુને સાચો રાહ નજરમાં આવશે અને પરમ ઉપકારી 'વિશ્વતારક'ની ઉજળી દિશામાં આપણાં પગલાં પડતાં થશે.

**ઉપસર્ગાદિનું સ્વરૂપઃ**—સાધુ અવસ્થા દરમ્યાન મહાવીરને ત્રણ પ્રકારના ઉપસર્ગો (યાતનાઓ) સહન કરવા પડયા છે. જઘન્ય ઉપસર્ગ તે વ્યંતરીએ શિતલ જલકણ છાંટેલા તે, મધ્યમ ઉપસર્ગ તે સંગમ દેવતાનો અને ઉત્કૃષ્ટ પ્રકારનો ઉપસર્ગ તે છેલ્લા ગોવાળીએ કાનમાં નાખેલી કાષ્ઠશળીઓ કાઢવાનો.

દીક્ષાના શુભ દિવસથી જ મહાવીર કાયાભાવને અંતરમાંથી વેગળો કરી, આત્મભાવમાં રમતા થયેલા અને તે ભાવ તેમણે છેવટ સુધી ટકાવી રાખી, દુનિયાને સાબિત કરી બતાવ્યું કે, 'આત્માની શક્તિ અમાપ છે.' દીક્ષાના દિવસથી તે 'દિવ્યદર્શન'ની અનુપમ પળ સુધીના કોઈ પણ સમયમાં શ્રી મહાવીર જમીન ઉપર સ્થિર થઈને બેઠેલા નહિ, પરન્તુ ગોદોહાસનેજ બેસતા. દીક્ષાકાળના સાડાબાર વર્ષ ને ૧૫ દિવસના ગાળામાં તેમણે ફક્ત બે ઘડી નિંદ્રા કરી છે અને તે શરૂ શરૂમાં શૂલપાણિ યક્ષના મંદિરમાં, તે પછી તેમણે આંખોને આત્માનાં અજવાળાં પીવાજ રોકેલી.

નિદ્રા વિના પ્રાણી ન જીવી શકે એ ભલે આજના વિજ્ઞાનની માન્યતા હો, પરન્તુ ધર્મશાસ્ત્રોની તે માન્યતા નથી. કારણ કે નિદ્રા એ શરીરનો સ્વભાવ છે. આત્માનો સ્વભાવ સદા જાગૃતિનો છે. અભ્યાસથી તે ટેવ પડી શકે તેમ છે, કારણ કે આપણી આંખોના પ્રદેશમાં જેમ જેમ આત્માની જાગૃતિનો ચેતનરવ વહેતો થશે, તેમ તેમ આપણા શરીરને જાગૃતિની સારી ટેવ પડશે અને નિદ્રાનો તેનો ધર્મ ઓછો થતો જશે. કેવળજ્ઞાન બાદ અંગાંગમાં નિદ્રાનું તત્ત્વ ટકી શકતું નથી. સઘળે જાગૃતિરવ પ્રસરી જાય છે.

**ચારિત્રપાલનની રીતઃ**—કૈવલ્યના કલ્યાણમય મંડપમાં પ્રવેશેલા 'વિશ્વતારક' દીક્ષાકાળ દરમ્યાન જે ચારિત્ર પાળ્યું, તેજ ચારિત્ર આજના પૂ. સાધુ–સાધ્વીઓનો આદર્શ બને, તો આપણા માટે સારો સમય આવે ! પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ અષ્ટપ્રવચનમાતાના યથાર્થ આદરથી ચારિત્ર કાન્તિમય અને વૃદ્ધિગત થાય, પાંચ સમિતિ તે (૧) ઇર્યા સમિતિ (૨) ભાષા સમિતિ (૩) એષણાસમિતિ (૪) આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ (૫) પારિષ્ઠાપનિકા સમિતિ. ત્રણ ગુપ્તિ તે (૧) મનોગુપ્તિ (૨) વચનગુપ્તિ (૩) કાયગુપ્તિ.

ધૂસરા પ્રમાણ દૃષ્ટિ રાખીને વિહાર કરતાં શ્રી મહાવીરે ઇર્યા-સમિતિનું યથાર્થ પાલન કરેલું. દીક્ષા કાળથી તે કેવળજ્ઞાન સુધીનો લાંબો સમય મૌનમાં વ્યતીત કરવા શ્રી વીરે પ્રસંગ ઊભો થયે પણ કોઇને કટુ વચન કહ્યું નથી ને ભાષાસમિતિનું પૂરૂં પાલન કર્યું છે. એષણા સમિતિ એટલે દોષ રહિત આહાર ગ્રહણ કરવો. શ્રી વીરે કોઇ પણ પ્રસંગે દોષિત ખોરાક લીધોજ નથી. છ માસના ઉપવાસને અંતે અન્ન વહોરવા ગયેલા ત્યારે સંગમદેવે ખોરાકને દોષિત કરેલો તે જાણીને તેઓ ત્યાંથી પણ પાછા ફરેલા અને એષણા સમિતિના પાલન વડે ચરિત્ર કયારામાં શુદ્ધ અમીરસ છાંટેલો. આદાનભંડ મત્તનિક્ષેપણાસમિતિ એટલે પાત્રો પ્રમુખ ઉપકરણો જોઇને જયણાપૂર્વક ગ્રહણ કરે તેમ કરતાં જીવમાત્રને બાધા ન પહોંચાડે, પરન્તુ શ્રી વીર કરપાત્રનોજ ઉપયોગ કરતા હતા અને તેથી તેમને પાત્રો કે ઉપકરણોનો પ્રશ્ન સ્પર્શતોજ નથી. પારિષ્ઠાપનિકા સમિતિ એટલે સ્થંડીલ–માત્રુ વગેરે નિર્જીવ સ્થાનકે પરઠવવું (મૂકવું). શ્રી વીર મહાપુરૂષ હતા. તેમનો આહાર–વિહાર પણ ચરમ ચક્ષુથી અદૃશ્ય હતો. એટલે તેમના માટે તો પ્રશ્ન રહેતો જ નથી. પણ સાધુસાધ્વીઓને લાગુ પડે છે. ઉક્ત પાંચેય સમિતિમાં સદા જાગૃત તેમજ મન–વચન અને કાયાના દોષોથી નિર્મુક્ત શ્રી વીરે અષ્ટ પ્રવચનમાતાના સંપૂર્ણ આદર વડે એવો સિદ્ધાન્ત જીવતો કર્યો છે કે, ' આત્મા માટે શરીરને આત્માના અફાટ પ્રકાશ–જળમાં વહેતું મૂકી દેવું જોઇએ અને આત્મા વડે વિશ્વાત્માના વ્યાપક સંગીતસૂરમાં મળી જવું જોઇએ. '

સંસારીને ચાલવા માટે અનેક રાજમાર્ગો અને સડકો મોજુદ છે. સાધુજનોને ચાલવાનો માર્ગ ઘણોજ ઝીણો અને તંબૂરાના તાર જેવો સીધો છે. એક નટ જે રીતે દોરડા ઉપર એક નજરે સમતોલપણે કામ કરીને વિજય પામે છે, તેથી શતગણો આકરો માર્ગ છે, સાધુજનોના વિજયદુર્ગનો. નજર સામે મુક્તિના ધવલ બિન્દુને સ્થિત કરી, તાર

શા ઝીણા ચારિત્ર માર્ગે ધૈર્યપૂર્વક ડગ માંડતો મહાસાધુજ એની સફરમાં સફળ થઈ શકે. ચારિત્ર-તારપરથી ખસી જનાર કે ગબડી પડનારને ફરીથી એનો એ જ પ્રયોગ કરવો પડે છે. લક્ષ્યને પામવા કાજે પ્રત્યેક પ્રાણીએ તદનુરૂપ વિધિમાં પોતાના જીવનનો અમૂલ્ય સમય ખર્ચવો જોઇએ. પરન્તુ કૂવામાં તાકેલું તીર આકાશમાં ન જાય તેટલું ખ્યાલમાં રહેવું જોઇએ.

**ગુણદોષ:**—મન, બુદ્ધિ કે ઇન્દ્રિયોના વિષયને સ્પર્શતી ગુણદોષો જ્યાં માનવીની અંદરબહાર અસ્તિત્વ ધરાવતા હોય, ત્યાં સુધી તેના આત્માનો સ્નેહ વ્યાપક બનીને વિશ્વના સ્નેહસાગરમાં એકાકાર ન જ થઇ શકે. કારણ કે સ્નેહ એ આત્માની છેલ્લી અને આદિ ભૂમિકા છે, જયારે ગુણદોષ એ અસ્થાયી શરીરધર્મો છે. ગુણદોષના સર્વથા અભાવનું નામ જ 'કેવળજ્ઞાન.' ગુણદોષ મુખ્ય અઢાર પ્રકારના છેઃ

अन्नाण–कोह–मय–माण–लोह–माया–रई य अरई यः ।
निंद–सोय–अलियवयण–चोरिया–मच्छर–भया य ॥
पाणिवह–पेम–कीलापसंग–हासाइ जस्स इय दोसा ।
अट्ठारस वि पणट्ठा, नमामि देवाहिदेवं तं ॥

(પ્રવચન સારોદ્ધાર–દ્વાર એકતાલીસમું)

વિવરણઃ—**अज्ञान** એટલે સંશય, મૂઢપણું. વસ્તુના મૂળને પારખવાની અશક્તિ.

**कोह**—ક્રોધ કરવો, પિત્તને ગરમ કરવું, માનસિક સમતુલા ગુમાવી બેસવી.

**मय**—મદ, કુલ, બલ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યાદિકનો અહંકાર કરવો.

**माण**—માન ખાવું, કદાગ્રહ પકડવો, સીધી રીતે ન વર્તવું.

**लोह**—લોભ, આસક્તિ જડ પદાર્થમાં જકડાઇ જવું, આત્મત્વનો અનાદર.

**माया**—માયા, દંભ અથવા કપટ. ખોટા ખેલ કરવા, ભેદ રમવો.

**रई**—રતિ, મનગમતા પદાર્થોની પાછળ ફના થવું.

**अरई**—અનિષ્ટ પ્રસંગે દુઃખી થવું, દિલગીર થવું.

**निंद**—નિદ્રા, નિદ્રાધીન રહેવું, આત્માનો જાગૃતિ સ્વભાવ વીસરવો.

**सोय**—શોક, ઇષ્ટના વિયોગે આક્રંદાદિરૂપ.

**अलियवयण**—મૃષાવાદ, અસત્ય બોલવું.

**चोरिया**—પરદ્રવ્યનું હરણ કરવું, જેથી મન ચોરાય તે ચોરી.

**मच्छर**—બીજાની સંપત્તિને જોઇ ન શકવું.

**भया**—ભય, બીજાને ભય પમાડવો, ભય પામવું, ગભરાવું.

**पाणिवह**—પ્રાણવધ, હિંસા કરવી ( મનથી-વચનથી કે કાયાથી )

**पेम**—પ્રેમ, સ્થૂલ પદાર્થો પ્રત્યે આસક્તિ.

**कीलापसंग**—ક્રીડાપ્રસંગ, આત્માને ભૂલાવે તેવી અનર્થકારી રમતોમાં આનંદ માનીને સમય બરબાદ કરવો.

**हासाई**—હાસ્ય, હસવું તે, શરીર વડે આત્મા સામે હસવું.

ઉક્ત અઢારેય દોષોથી મુક્ત મહામાનવને જ 'દિવ્યદર્શન' લાધે અને તે જ પૂજ્ય ગણાય. જ્યાં સુધી ગુણદોષનું અસ્તિત્વ હોય, ત્યાં સુધી આત્માના સાહજિક પ્રકાશને સંપૂર્ણ રીતે પ્રગટ થવામાં તે ગુણદોષો આડા આવે જ. સારા અને માઠા ઉભયના અતાત્ત્વિક સ્પર્શથી પર વર્તતો મહાયોગી જ 'વિશ્વતારક' બની શકે અને તેજ જન્મ મૃત્યુનાં બંધનોથી પર બન્ને. ગુણદોષને ટાળવાનો મુખ્ય ઉપાય સમભાવ અને ધૈર્ય, જે જે થાય તે તે તરફ સમભાવે નજર ફેંકતાં જતે દહાડે આપણું માનસ સમતોલ બને. તે ન સારાને ચાહે,

કે ન બુરા તરફ દ્વેષ વર્ષાવે અને ચિત્ત જ્યારે રાગદ્વેષથી પર અને ત્યારે આત્માની વ્યાપકતા છતી થવા માંડે અને જીવમાત્ર પ્રત્યે આપણી આંખમાં સ્નેહ ઊભરાતો થાય. જે સ્નેહના અવલંબન વડે આપણું જીવન ધન્ય બને અને ભટકવાનો વારો ખતમ થાય.

શ્રી મહાવીર સમભાવી હતા. જે સ્નેહથી તેમણે ચંડકૌશિકનાગને બૂઝવ્યો હતો, એ સ્નેહ આજે આપણામાં જાગૃત થાય તો જગતના જીવમાત્રનાં સુખદુઃખનું નિદાન આપણને હાથ લાગે. શત્રુમિત્ર પ્રત્યેની સમદૃષ્ટિના અભ્યાસે જ આત્મધર્મ પ્રગટ થઇ શકે તેમ છે. સારા માઠાના ભેદભાવની કાતિલ અસર તળે આત્માનું સુમંજુલ સંગીત દબાય છે અને તેનો વિકાસ સ્થગિત થઈ જાય છે.

ત્યાગધર્મ:—દુનિયાના અન્ય ધર્મોની અપેક્ષાએ મહાન ગણાતો જૈન ધર્મ ખાસ કરીને ત્યાગને મહત્ત્વ આપે છે. આલમના અન્ય ધર્મો ત્યાગને માને છે, પ્રમાણે છે; પરંતુ તે એટલા દરજ્જા સુધી નહિ, જેટલા દરજ્જે જૈનોએ ત્યાગને અપનાવ્યો છે. જૈનધર્મમાં ત્યાગનાં સૂક્ષ્મ તત્ત્વો ભળેલાં છે એટલે જ તે આજની પરિગ્રહવાદના જમાનામાં પણ ટકી રહ્યો છે જ્યારે સ્થૂલ ત્યાગને પ્રમાણનારા કેટલાય ધર્મો આજે નહિવત બની રહ્યા છે અને કેટલાક ઉપર ખ્રિસ્તીધર્મની છાયા ફરી વળી છે.

ત્યાગ વડેજ દુનિયા તરાય:—જેમ કેડ ઉપર બોજો વધારે તેમ પન્થ કાપવો કઠિન પડે, તે રીતે જેમ સાંસારિક બંધનોનો સ્વીકાર તેમ મુક્તિ મંદિરનો મિનારો દૂર. ત્યાગ એટલે ત્યજવું ને દીક્ષા લે તેનું નામ સંસારત્યાગ. સંસારત્યાગ્યો એટલે શરીર ત્યાગ્યું, દુનિયાની મારામારી ત્યાગી. લક્ષ્મીનો મોહ ત્યાગ્યો, માતા-પિતા પુત્ર-પત્ની ભગિનીનો સંબંધ ત્યાગ્યો. સર્વ પ્રકારનાં જૂહાણાં ત્યાગ્યાં. આ ત્યાગ મન-વચન અને કાયાથી કરવાનો, નહિ કે દેખાવ પૂરતો શરી-

રથી જૈનસાધુ જેટલો ત્યાગ વડે ઝળહળે છે, તેટલો અન્ય સંપ્રદાયનો કોઈ મહાત્મા ઝળકતો જણાતો નથી. કારણ કે જેમ ત્યાગનો પ્રકાર ઉચ્ચ, તેમ આત્માને સાંપડનારી આત્મવિભૂતિ પણ શ્રેષ્ઠ અને નિર્મળ.

વેદાંતે ત્યાગધર્મને માન્યો છે, પણ તે ઘર ત્યજીને જંગલમાં જવા પૂરતો. જંગલમાં જઈને કુટિર બાંધનારા સાધુને વેદાંતે અસાધુ નથી કહ્યો. ખ્રિસ્તિધર્મે માનવસેવાને નામે નિર્બળતા જ ફેલાવી છે. તેણે માનવસેવાની બાંગ પોકારી, પણ દાનવોને માનવતાને માર્ગે આવવાનો સરળ રાહ ન દર્શાવ્યો અને પરિણામે દાનવોને હાથે માનવો માર્યા ગયા.

જૈનધર્મમાં સાધુ–સાધ્વી ઉપરાંત શ્રાવકોને પણ ત્યાગધર્મ લાગુ પાડયો છે. સંસારમાં ખાતા, કમાતા પ્રત્યેક વીરબાલને ' પરિગ્રહ પરિમાણવ્રત ' લેવાની શાસ્ત્રકાર મહાત્માએ ફરજ પાડી છે. ઘણા ધન્યાત્માઓ તે વ્રતનું આજે ય પાલન કરે છે. પરિગ્રહ પરિમાણ વ્રત એટલે અમુક વસ્તુનો સંચય અમુક પ્રમાણ કરતાં વધારે ન રાખવો. કેટલું સરસ વ્રત ગણાય. એના મૂળમાં સંતોષ અને પ્રેમની સરવાણીઓ સિવાય બીજું શું હોઈ શકે ?

**એક ક્ષત્રિય રાજકુમારઃ**—જેણે કદી તડકોછાંયો અનુભવ્યો નથી, ઘરની આરસ દિવાલોની બહાર ડોકાવ્યું નથી; સુખની સૂરીલી સરણાઈના સૂર સિવાય કાંઈ સાંભળ્યું નથી, અમૃતમીઠાં ફળ સિવાય અન્ય પદાર્થો આરોગ્યા નથી, તે જ્યારે સઘળું જતું કરીને ખુલ્લે પગે અને ઉઘાડા શરીરે, ખાન પાન કે શયનની ચિંતા વિના એકજ સત્યની દિશામાં પગલાં ઉપાડવા તત્પર થયો હશે તે ધર્મના ત્યાગની કેટલી મહત્તા કલ્પી શકાય ? દુનિયાની આંખે સુખીમાં સુખી વંચાનારા સંસારીને ત્યાગધર્મની અપેક્ષાએ દુઃખીમાં દુઃખી માની શકાય. અને તેથી જ દુનિયાના સર્વ વૈભવોમાં મ્હાલતા, જૈનધર્મ–

પ્રેમી નરેશોએ અને શ્રીમંતોએ સાચાં સુખ માટે ક્ષણિક સુખ વૈભવોનો ત્યાગ કરેલો.

વૈભવો ક્ષણિક છે, તમે તેને ત્યાગો કે ન ત્યાગો, સમય પૂરો થયે એ તો તમને છોડીને ચાલ્યા જ જવાના. તમે ભલે તે વૈભવોને તમારા પોતાના માનતા હો, પણ એ કયારે હાથતાળી દઇને ચાલ્યા જશે તે તમે સમજી પણ નહિ શકો. એટલા માટે પ્રારંભથી જ અંતરમાં ત્યાગધર્મનું બીજ વાવી દેવું જોઈએ. જે સંસારના સારા મીઠા પ્રસંગોની અસરથી પોષાઇને પલ્લવિત થઈ શકે.

માનવજગત ત્યાગ ધર્મ પાળે તેમાં તો શી નવાઇ ! કુદરતના એક એક બળમાં ત્યાગધર્મની સુરભિ મ્હેકી રહી છે. કુસુમને જઇને પૂછો, તારો ધર્મ શું ? કહેશે કે પરિમલ આપીને માટીમાં માટીરૂપે મળી જવું. ફૂલ જયારે સ્વેચ્છાએ પરિમલનો ત્યાગ કરે છે ત્યારે જ તે પરિમલમાંથી મીઠી સુગંધ પ્રસરે છે. જો તેની પાસે બળપૂર્વક સુગંધી માગવામાં આવે તો તેમાંથી કડવી બદબો આવે. એટલે કે ત્યાગધર્મની મહત્તાને પ્રમાણતા વનસ્પતિકાયના ભવ્ય જીવો પણ તેનો યથાશકિત આદર કરે છે. એજ રીતે વાદળનું. કાદવ ખાઇને તે અમૃત વરસાવે ને પોતાની જાતને મીટાવી દે. સરિતા પોતે મળ-મૂત્ર પ્રક્ષાલે અને બદલામાં નિર્મળ સલિલ વડે માનવ અને ધરિત્રીને પોંખે. ચંદનવૃક્ષ, આપ ઘસાય ને અન્યને સુગંધી આપે; આપ જળે ને અન્યને ઠારે. આપણે પણ આત્માનો ચંદન ઝરો પ્રગટાવવા શરીરના ચંદન કાષ્ઠની ચિંતા ન કરવી જોઇએ.

[ જુઓ ભાગ બીજો ]

# તમારા ધંધાની જાહેરાત

આ ગ્રંથાવલીનાં પુસ્તકો દર બબ્બે મહિને પ્રગટ થાય છે. તેમાં જા. ખ. આપવાથી તમને કાયમી લાભ થાય છે. કારણ રોજીંદા કે અઠવાડિક છાપાંઓ તો વાંચકો વાંચીને ફેંકી દે છે જ્યારે પુસ્તકો તો કાયમ વાંચવાનાં રહે છે અને એ રીતે અનેક વખત વાચકોનાં ધ્યાન ઉપર જાxખ આવે છે.

જાxખ ના ભાવ નીચે મુજબ

| | |
|---|---|
| આખું પાનું | રૂા. ૨૫–૦–૦ |
| અર્ધું પાનું | " ૧૫–૦–૦ |
| | ( એક પુસ્તક દીઠ ) |

**નોંધ**—કેટલા પુસ્તકમાં જાxખ ચાલુ રાખવી છે તે જણાવશો. એક વર્ષ જાxખ ચાલુ રાખનારને ૧૦%વટાવ.

---

## સમ્રાટ પ્રિયદર્શીન ઉર્ફે ભૂલથી મનાયલા સમ્રાટ અશોક

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૪૬૦, ચિત્રો ૪૦ સિક્કા ૧૫ અને ૧૫ નકશા સહિત,

આ ગ્રંથ ઇતિહાસના વિષયમાં મહાન ક્રાન્તિ ફેલાવનારો પુરવાર થયો છે. કિંમત રૂ. ૬-૦–૦

---